૨૯૮

# યોગસાર

વિવેચક :

પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ

# -: વંદના :-

ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય, ગુજરાતના મહાન જ્યોતિર્ધર સરસ્વતીલબ્ધપ્રસાદ, સિદ્ધકવિ, ષટ્દર્શનનિષ્ણાત, ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, છન્દ, તત્વજ્ઞાન, કથા, આચારોપદેશ, અધ્યાત્મ, યોગ આદિ વિભિન્ન, વિષયો ઉપર સંખ્યાબંધ ગ્રન્થો રચનાર, અદ્‌ભૂત વ્યક્તિત્વશાલી

પૂજ્યપાદ પ્રાત:સ્મરણીય

## ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના

ચરણ કમલમાં વંદના.



| : જન્મ : | : સ્મૃતિ-દિવસ : | : સ્વર્ગવાસ : |
|---|---|---|
| કનોડા (ગુજરાત) | માગસર સુદ-૧૧ | ડભોઇ (ગુજરાત) |

-: સૌજન્ય :-

**ઉપા. શ્રી યશોવિજયજી સંસ્કાર સદન - નવસારી**
**ઉપા. શ્રી યશોવિજયજી જૈન સેવા સદન - ડભોઇ**
**ઉપા. શ્રી યશોવિજયજી સંસ્કાર સદન - માલેગામ**

ઠે: કલા-પ્રકાશ/ ટીલક રોડ,

**મુ.માલેગામ (મહારાષ્ટ્ર) પિન : ૪૨૩ ૨૦૩**



પુણ્યવંતા મહાવિદેહક્ષેત્રના તપઃસ્વાધ્યાયનિરત, મહાસંયમી મુનિવરોના સાર્થમાંથી ન જાણે ભૂલા પડીને વિખૂટા પડેલા આ ભરતક્ષેત્રમાં આવી ચડેલા આ છે :–સિદ્ધાંતમહોદધિ, સુવિશુદ્ધ સંયમમૂર્તિ, વાત્સલ્યમહોદધિ
કર્મશાસ્ત્રનિપુણમતિ, સ્વ. આચાર્ય ભગવંત

## શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબ

અગણિત ઉપકારોના ઋણભાર નીચે દબાયેલા અમારા
આપના ચરણોમાં કોટાનકોટિ વંદના......

**લિ. પ્રતાપરાય તથા પ્રવિણકુમાર દલીચંદ તથા**
**અ. સૌ. મધુકાન્તા પ્રતાપરાય તથા હસુમતિ પ્રવિણકુમાર**

# કમલ પ્રકાશન ટ્રસ્ટના માનવંતા દાતાઓ

સ્વ. શ્રી કપૂરચંદ એન.
સુતરીયા...મદ્રાસ



લિ. રમેશચંદ્ર—દિલીપકુમાર
તથા ભરતકુમાર

સ્વ. શ્રી
જીવતલાલ પ્રતાપશીભાઈ



લિ. કુટુંબીજનો વતી
વસંતલાલ જીવતલાલ

સ્વ. શ્રી લાલજીભાઈ પદમશી
ઝવેરી . ...ચૂડા



સુરેશ લાલજીભાઈ ઝવેરી

સ્વ. શ્રી કાન્તિલાલ પ્રતાપશી
મુંબઈ



હા. પ્રફુલ્લ કાન્તિલાલ દલાલ, મુંબઈ

સ્વ. દાનવીર, ધર્માનુરાગી શેઠશ્રી રામજીભાઈ વિરાણીએ સ્થાપેલ "શ્રી રામજી શામજી વિરાણી અને શ્રીમતી સમરત રામજી વિરાણી ટ્રસ્ટ રાજકોટ" તરફથી સ્વ. શેઠશ્રી રામજીભાઈની પુણ્યતિથિપ્રસંગે રૂા. ૧૧૦૦૧ 'કમલ પ્રકાશન ટ્રસ્ટ'ને અર્પણ થયેલ છે.

હા. મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી નગીનભાઈ રામજીભાઈ વિરાણી

નિશ્ચયનયની દષ્ટિથી જીવ અને જાતનું આબેહૂબ દર્શન કરાવતું;
આંખો ઉઘાડી દેવા માટે કડવી ભાષામાં રજૂઆત કરવામાં જરાય
પીછેહઠ ન કરતું, અવર્ણનીય રીતે અતિ સુંદર,
અનામી પૂર્વાચાર્યકૃત આધ્યાત્મિક પુસ્તક......

# યોગસાર

વિવેચનકાર

પં. ચન્દ્રશેખરવિજયજી

૨૯૮

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિભવન
૨૭૭૭, નિશા પોળ, રિલીફરોડ, અમદાવાદ.
ફોન : ૫૩૫૫૮૨૩
C/o ૫૩૫૬૦૩૩

**લેખક-પરિચય :**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત
શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજા સાહેબના વિનેય
**પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

**પ્રથમ સંસ્કરણ : નકલ ૨૦૦૦**
**વિ. સં. : ૨૦૫૩, તા. ૧-૧૨-૧૯૯૬**
**મૂલ્ય : રૂ. ૨૫/-**

**લેસર કંપોઝ :**

**ટાઈપોગ્રાફર્સ**
૧૪૦, સ્પેક્ટ્રમ કોમ. સેન્ટર
રિલીફ રોડ, અમદાવાદ.
(R) 415524

## બે બોલ....

પીસ્તાલીસ વર્ષના સંયમજીવનના સ્વાધ્યાયકાળમાં ક્યારે ય જોવા ન મળ્યું તેવું આ પુસ્તક **યોગસાર.**

ગ્રંથકારીએ પોતાનું નામ ક્યાંય રજૂ કર્યું નથી. ખેર.... જે હોય તે મહાત્મા. પણ તેમને લાખ લાખ વંદન; આવું અદભૂત પુસ્તક લખવા બદલ.

જે વિચારમાં જે સત્ય ઠોસ ધરબાએલું હોય તેને તેમણે ભારે ફટકાબાજી કરવા પૂર્વક રજૂ કરીને તો કમાલ કરી નાંખી છે. વધુ તો શું લખું ?દરેક આત્માર્થી આત્માએ આ ગ્રન્થ - આખો ય - કંઠસ્થ કરવો જોઈએ. જો અર્થ ચિંતનપૂર્વક નિત્ય સ્વાધ્યાય કરશે તો અપૂર્વ આત્મ-મસ્તી જામશે; હિલોળે ચડશે. આ ગ્રંથના વિવેચનમાં કોઈ શાસ્ત્ર વિરુદ્ધ પ્રરુપણાદિક થયા હોય તો તેની અંતઃકરણથી ક્ષમા માગું છું.

તપોવન સંસ્કારપીઠ
૨૦૫૩, કા. વ. ૨૪
તા. ૨૭-૧૧-૯૬

લિ.
ગુરુ પાદપદ્મરેણુ
પં. **ચન્દ્રશેખરવિજયજી**

# અનુક્રમણિકા


૧. પ્રથમ પ્રસ્તાવ [શ્લોક : ૪૬]

प्रणम्य परमात्मानं रागद्वेषविवर्जितम् ।
योगसारं प्रवक्ष्यामि गम्भीरार्थं समासतः ॥ १ ॥ ૧

૨. બીજો પ્રસ્તાવ [શ્લોક : ૩૮]

सर्वेऽपि साम्प्रतं लोकाः प्रायस्तत्त्वपराङ्मुखाः ।
क्लिश्यन्ते स्वाग्रहग्रस्ता दृष्टिरागेण मोहिताः ॥ ४७ ॥ ૭૭

૩. ત્રીજો પ્રસ્તાવ [શ્લોક : ૩૧]

सहजानन्दसाम्यस्य विमुखा मूढबुद्धयः ।
इच्छन्ति दुःखदं दुःखोत्पाद्यं वैषयिकं सुखम् ॥ ८५ ॥ ૧૩૦

૪. ચોથો પ્રસ્તાવ [શ્લોક : ૪૨]

त्यक्त्वा रजस्तमोभावौ सत्त्वे चित्तं स्थिरीकुरु ।
न हि धर्माधिकारोऽस्ति हीनसत्त्वस्य देहिनः ॥ ११६ ॥ ૧૭૧

૫. પાંચમો પ્રસ્તાવ [શ્લોક : ૪૬]

कायेन मनसा वाचा यत्कर्म कुरुते यदा ।
सावधानस्तदा तत्त्वधर्मान्वेषी मुनिर्भवेत् ॥ १५८ ॥
इष्टानिष्टेषु भावेषु सदा व्यग्रं मनो मुनिः ।
सम्यङ् निश्चयतत्त्वज्ञः स्थिरीकुर्वीत सात्त्विकः ॥ १५९ ॥ ૨૨૪

**તપોવન નં. ૧ નવસારી પાસે**
**સરનામું - મુ. ધારાગિરિ પો. કબીલપોર**
**નવસારી પાસે - (જિ. વલસાડ) ગુજરાત.**

## તપોવનના રવિવારોની સંસ્કરણસર્જક અલપઝલપ

સાતમા વર્ષના આરંભથી જ તપોવન સંસ્કારધામ નવી પેઢીના સંસ્કરણના પોતાના સ્વપ્નને ધરતી ઉપર અવતરણ આપીને સફળતાપૂર્વક વિકાસની ગતિ પકડી ચૂક્યું છે.

સંસ્કારધામનું સંસ્કરણ ધર્મના સ્પ્રિંગ-બોર્ડને આધારિત છે. ધર્મ વિના - ભાષણો કે લેખનોથી - કાંઈ સંસ્કરણ ન થાય. એથી તો માહિતીનું શિક્ષણ મળે. આર્યાવર્તનાં ઋષિદત્ત ગૌરવવંતાં મૂલ્યોનું સંરક્ષણ અને સંવર્ધન [એ જ સંસ્કરણ]તો ધર્મના માધ્યમથી જ થઈ શકે. આથી જ તપોવનમાં હંમેશ તમામ બાળકો સવારે જિનશાસન વંદના અને ગુરુવંદન, બે ઘડીની અષ્ટપ્રકારી પૂજા, બપોરે બે ઘડીનું સમૂહ સામાયિક [એકાંતરે વાચના અને ગાથાપાઠ], સાંજે સંગીતમય આરતી તથા રાત્રે પ્રાર્થના કરતાં હોય છે.

પણ આ ઉપરાંત તપોવનનો દરેક રવિવાર તો સંસ્કરણની અનોખી ભાત સાથે તપોવનમાં પ્રવેશ કરતો હોય છે. દરેક માસના ચાર રવિવારની અલપ - ઝલપો નીચે મુજબ છે :

**સાંભળો એ મજાની વાતો :**

એક રવિવારે તપોવનની ચાલીસ એકર જમીનને વિવિધ ભાગોમાં વહેંચી લઈને લગાતાર દોઢ કલાક સુધી તમામ બાળકો સફાઈ-કાર્યક્રમ કરે છે. આને

[૧] **શ્રમપ્રેમ** નામ આપવામાં આવ્યું છે.

બીજા રવિવારે નજીકનાં ગામડાંઓમાંથી એકાદ ગામડે જઈને ત્યાંની ગરીબ પ્રજા સાથે પ્રેમ કરે છે. એટલે કે તેમને નાસ્તો, કપડાં, માણિભદ્રદાદાની સુખડીની શેષ ઘેર-ઘેર જઈને, તેમનામાં રહેલા આત્માને - ભગવાનને - પ્રણામ કરીને શિસ્તબદ્ધ રીતે હાથમાં આપે છે. આના દ્વારા તેઓ ઝૂંપડાંઓની કાળી ગરીબીનું સાક્ષાત્ દર્શન કરે છે. ભૂખમરો, વસ્ત્રહીનતા, શરીરની દુર્બળતા, માંદગીનાં બિછાનાં વગેરેને જોઈને તેમનાં અંતર રડી પડે છે. ગુરુદેવની વારંવારની યાદ, 'બાળકો ! મોટાં થાઓ ત્યારે ફેશનો - વ્યસનોનો સર્વથા બહિષ્કાર કરજો; સાદગી અપનાવજો. એથી ફાજલ પડતી તમારી સંપત્તિનો ઉપયોગ આવાં ભૂખ્યાં જનોનો પ્રેમ કરવામાં પણ કરજો' - એ શબ્દો હૈયે સદા માટે લખાઈ જાય છે. આને [૨] **માનવપ્રેમ** કહેવામાં આવે છે.

ત્રીજા રવિવારે બાળકો તપોવનની ગૌશાળામાં જઈને ત્યાં રહેલાં ત્રીસ વાછડા - વાછડીઓ સાથે બે ઘડી પ્રેમ કરે છે. તેમને સ્નાન કરાવીને; દાણ, ઘાસ અને ગોળ ખવડાવીને તેમની સાથે સ્નેહ કરે છે. અબોલ પ્રાણીઓ પ્રત્યેની કરુણાનો પાઠ આ રીતે એકદમ જીવંત બની જાય છે. પશુબાળો અને માનવબાળોનું એ બે ઘડીનું સ્નેહમિલન ખરેખર અત્યન્ત હૃદયસ્પર્શી હોય છે. આને [૩] **પશુપ્રેમ** કહેવામાં આવે છે.

ચોથા રવિવારે બાળકો કાયમ માટે પોતાના નક્કી થયેલા છોડને પ્રેમ કરે છે. તેને પાણી પાય છે, ખાતર આપે છે; અનેક પ્રકારની માવજત કરે છે. વનસ્પતિનાં બધાં અંગોમાં જીવ છે એ વાતની એમને તે વખતે જીવંત પ્રતીતિ થતાં તેઓ તેમના પ્રત્યેની કરુણાથી આર્દ્ર બની જાય છે. આને [૪] **પ્રાણીપ્રેમ** કહેવામાં આવે છે.

ચાર રવિવારના આ ચાર પ્રેમ દ્વારા તપોવની બાળકોનાં અંતરમાં કરુણાનું જે ઝરણું પ્રગટ થાય છે, તે બારેય માસ વહેતું રહેશે. પશુ આદિને પ્રેમ કરતાં બાળકો, ભવિષ્યમાં પોતાનાં બા-બાપુજી, નોકરો, મિત્રો, અરે ! કોઈ બની ગયેલા દુશ્મનોને પણ પ્રેમ કરતાં થઈ જશે તે નક્કી વાત છે. આવાં બાળકો લગ્નજીવનમાં પોતાની પત્ની ઉપર હાથ ઉગામવાની કે તેને ત્રાસ આપવાની કલ્પના પણ શી રીતે કરી શકશે? કોઈ પણ સંયોગમાં

ગર્ભપાતનો તો વિચાર પણ શી રીતે કરશે ? માતાપિતાને ત્રાસ આપવાની વાત તો તેમને અત્યન્ત હાસ્યાસ્પદ લાગશે.

આ ચાર રવિવારોમાં બીજી બે સૌથી મહત્ત્વની ઘટનાઓ ઉમેરાય છે.

તપોવની બાળકોને તારક જિનેશ્વરદેવની [૫] **આંગી** કરવામાં જેટલો આનંદ આવે છે તેટલો આનંદ ક્રિકેટમેચમાં ય નથી આવતો.

જ્યારે આંગીનો કાર્યક્રમ જાહેર થાય છે ત્યારે બાળકોનો હર્ષ હૈયે સમાતો નથી. પ્રભાવના-સ્ટોરમાંથી સેંકડો રૂપિયાની તેમને મળતી રહેતી ઈનામી રકમો દ્વારા તેઓ આંગીનો પુષ્કળ સામાન ખરીદી લે છે.

સાઈઠ નાનકડા ભગવાન, ત્રણસો બાળકો - જિનાલયના વિરાટ રંગમંડપમાં સર્વત્ર ગોઠવાયેલાં પાંચ પાંચની ટુકડીમાં બાળકો ! સર્વત્ર પ્રગટી ગયેલા દીપકો ! અરે ! આ દશ્ય દેવોને પણ દુર્લભ બને છે. મહાપુણ્યશાલીને જ આ દશ્ય જોવા મળે.

૯ થી ૧૧।। સુધીમાં આંગી પૂરી થયા બાદ તેમનાં આઠ ઈનામો જાહેરથાય છે.

દર રવિવારે બપોરે [૬] **પ્રભાવના-સંસદ** બેસે છે. પૂજ્યશ્રીની નિશ્રામાં તમામ બાળકો એકઠાં થાય છે. અઠવાડિયા દરમ્યાન જે જે બાબતોની જે જે પ્રભાવના મળી હોય તેની ચુકવણી તે વખતે થાય છે. બાળકો તે રકમો મેળવીને 'સ્ટોર' ઉપર ધસી જતાં હોય છે. પૂરતા પ્રમાણમાં પોતાની જરૂરિયાતોને મેળવી લે છે.

અને દર રવિવારે રાત્રે જિનાલયમાં [૭] **ભવ્યભાવના** તથા [૮] **ભવ્ય આરતી** પણ થાય છે.

આ થયું ધર્મના માધ્યમથી તપોવની બાળકોના સંસ્કરણનું જીવંત-દર્શન. સહુને કોક રવિવારે તપોવન પધારવાનું ભાવભર્યું આમંત્રણ.

**લિ.સંચાલક મંડળ-તપોવન**

(નવસારી)

## સાબરમતી પાસે ઊભું થયેલ બીજું તપોવન

(૧) ધો. ૫, ૬ અને ૭ નો જૂન '૯૪થી આરંભ.
(૨) દરેક ધો. માં પચાસ બાળકો.
(૩) પ્રવેશ ફી : વાર્ષિક દસ હજાર રૂપિયા (બાળકની વિશિષ્ટ તેજસ્વિતા હશે તો આ રકમ ઘટાડી શકાશે.) ફી બે હપ્તે આપવાની રહેશે.
(૪) છેલ્લી પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૫% માર્કસ.
(૫) Enterance Exam. (45 મિનિટ)માં ઉતીર્ણ થાય તેને જ પ્રવેશ.
(૬) ગુજરાતી માધ્યમની આ શાળા છતાં બાળકોના અંગ્રેજીના વિષયમાં ખૂબ વિશેષ લક્ષ.
(૭) દસ રૂ. ભરીને પ્રવેશ ફૉર્મ તથા નીતિ-નિયમાવલી નીચેના સરનામેથી મેળવો. ફૉર્મ ભરીને પરત કરો. પછી જ્યારે Enterance Exam. આપવા માટે તમને બોલાવવામાં આવે ત્યારે હાજર થવું.

**સરનામું : જી.પ્ર. સંસ્કૃતિ ભવન,**
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રિલીફરોડ, અમદાવાદ-૧
ફોન : ૫૩૫૫૮૨૩, ૫૩૫૬૦૩૩

# પ્રથમ પ્રસ્તાવ

## [શ્લોક : ૪૯]

**प्रणम्य परमात्मानं रागद्वेषविवर्जितम् ।**
**योगसारं प्रवक्ष्यामि गम्भीरार्थं समासतः ॥ १ ॥**

ઓ, રાગ અને દ્વેષ નામના બે મૂળભૂત દોષોના વિજેતા દેવાધિદેવ !

**આપના ચરણોમાં મારા કોટિ કોટિ વંદન.**

**જે યોગગ્રન્થોનો સાર છે તેને હું અહીં રજૂ કરું છું.**

**હા. સંક્ષેપમાં કહીશ.**

**કહેવા માટેના શબ્દો સામાન્ય હશે; પરન્તુ તેનો અર્થ અત્યન્ત ગંભીર હશે.**

નોંધ : સારા કામમાં સો વિઘન ! એ ન્યાયે આ ભાવાનુવાદનું કાર્ય કરવામાં ઘણાં વિઘ્નોની શક્યતા ખરી,

પરન્તુ દીવાની હાજરીમાં તિમિર ઊભું રહી શકતું નથી. એમ પરમાત્મનમસ્કારનું મંગલ થતાં હવે વિઘ્નોની કોઈ શક્યતા રહેવાની નથી.

**यदा ध्यायति यद् योगी याति तन्मयतां तदा ।**
**ध्यातव्यो वीतरागस्तद् नित्यमात्मविशुद्धये ॥ २ ॥**

જેના મન-વચન-કાયાના યોગો એકમાત્ર 'મોક્ષ' સાથે જોડાઈ ગયા છે તે યોગી.

બધા બાહ્ય વિકલ્પો- તેના ઉપશાન્ત થયા હોય એટલે જ્યારે પણ તે યોગી જેનું ધ્યાન ધરે ત્યારે તેમાં તે તન્મય થઈ જાય. પરમાણુનું ધ્યાન ધરે તો પરમાણુમાં અને સમયનું ધ્યાન ધરે તો સમયમાં લીન થઈ જાય.

તો પછી શા માટે યોગીએ વીતરાગ પરમાત્માનું જ ધ્યાન ધરવું ન જોઈએ ? આત્મામાં પડેલા રાગ-દ્વેષનાં ગાઢ અશુદ્ધ પરિણામો અને કર્મોનાં અનંત જાળાંઓને સર્વથા ખતમ કરી નાંખવાનું કામ વીતરાગનું ધ્યાન જ કરી શકે છે.

જેને અશુદ્ધિ ખતમ કરવી છે; જેને અશુદ્ધિનો સર્વથા મોક્ષ જોઈએ છે તે યોગીએ; હંમેશ તેના અમોઘ સાધનરૂપ વીતરાગ-ધ્યાન જ કરવું જોઈએ.

નોંધ : કવિઓના જગતમાં ઈલિકા-ભ્રમરી ન્યાય પ્રસિદ્ધ છે. ભમરી પોતાને મારી નાંખશે તેવી કલ્પનાથી ફફડતી ઈયળો-ભમરીના ભીતિ પ્રયુકત ધ્યાનથી - ભમરી બની જાય છે. જો આ રીતે ભમરીનું ધ્યાન ધરવાથી ભમરી બની જવાતું હોય તો પ્રીતિથી પરમાત્માનું ધ્યાન ધરીને શા માટે પરમાત્મા ન બનવું ? રામનું સતત ધ્યાન ધરતી સીતાને આ ન્યાય યાદ આવતાં ફફડાટ થઈ ગયો હતો. તેને લાગ્યું કે પોતે જેનું ધ્યાન સતત ધરે છે તે 'રામ'

બની જશે. સીતાને સ્વામી-સેવક ભાવમાં જ આનંદ થતો હતો. એટલે તે આ કલ્પનાથી ગભરાઈ ગઈ હતી.

પરમાત્માના પરમ ભકત ધનપાલ પંડિતને પણ આ જ ચિન્તા થઈ પડી હતી. ઋષભપંચાશિકામાં આ ચિન્તા વ્યકત કરતાં તેણે કહ્યું છે કે, ''પરમાત્માની સેવાથી સંસારક્ષય થાય એ ખૂબ આનંદની વાત કહેવાય; પરન્તુ તે પછી જે મોક્ષ થાય કે જયાં ધનપાલ અને વિશ્વપાલ (પરમાત્મા) બે સમાન બની જાય તે મોક્ષ શી રીતે પસંદ પડે?''

**ધનપાલને સ્વામીભાવમાં નહિ, સેવકભાવમાં જ આનંદ છે.**

ગમે તે હો, આત્માનો સર્વ દોષોથી સર્વથા અને સર્વદા મોક્ષ તો થવો જ જોઈએ. દોષોનો ત્રાસ અસહ્ય છે. એનાથી વહેલામાં વહેલી તકે છુટકારો થવો જરૂરી છે. આ માટેનું રામબાણ ઔષધ આત્માનું **પરમાત્મા સાથે અભેદ-મિલન છે. જીવનની તે જ પળો ધન્ય છે : સાર્થક છે, જેમાં પરમાત્મા સાથે અભેદ સંબંધ ઘટમાન બને છે.**

દાસભાવ કે સખ્યભાવ- પ્રચંડ પુણ્યનો કારક છે. સર્વથા શુદ્ધિનો કારક તો માત્ર અભેદભાવ છે. હા. જ્યાં શુદ્ધિ છે ત્યાં તેના by - product તરીકે પુણ્યબંધ જરૂર છે. ભલે હો.

શુદ્ધિ મારા ખાતે જમા થાય.

પુણ્ય જગત ખાતે જમા થાય.

કારમા દુઃખોથી, ભારે ઉદ્વેગથી, તીવ્ર પીડાઓથી, અસીમ વેદનાઓથી, આખું જગત્ પીડાઈ રહ્યું છે. જગતના સર્વ જીવો દુઃખોથી કણસી રહ્યા છે. મારું અભેદભક્તિનું પુણ્ય જ તેમને પહોંચી શકે. તેમને પીડામુક્ત કરી શકે. મારે મારી ખાતર જ નહિ, તે

સર્વજીવોના સુખ ખાતર અભેદભાવે પરમાત્મ ભક્તિ હંમેશ કરવી જોઈએ.

અભેદભાવની અરિહંતભક્તિ બે સ્થળે ગાબડાં પાડે.

(૧) આત્માના મોહનીય કર્મના દુર્ભેદ્ય આવરણમાં.

(૨) મલિન દેવ-દેવતાઓથી ખીચોખીચ ભરેલા આકાશમાં.

પહેલું ગાબડું પડતાં તે આત્મા મહાત્મા બને. પરમાત્મા બનવા તરફ દોટ લગાવે. વિપુલ પુણ્યાનુબંધી પુણ્યકર્મનો સંગ્રહ કરે.

આવા શુદ્ધિમાન્ અને પુણ્યવાન્ આત્માને જ સમ્યગ્દષ્ટિ દેવો સહાય કરે. તેઓ આવા આત્માની શોધમાં છે. વર્તમાનમાં પ્રવર્તતી અતિ ભયાનક પરિસ્થિતિ-ધર્મનાશ, સંસ્કૃતિનાશ, જીવનાશ-માં તેઓ શક્ય તેટલા વધુ સહાયક બનવા માગે છે. જો તેઓ આ ધરતી ઉપર ધસી આવે - એકાદ પણ વિશિષ્ટ દેવ દોડી આવે તો વિષમ પરિસ્થિતિમાં રાતોરાત પલટો આવી જાય. સર્વત્ર હાશકારો વ્યાપી જાય.

જો કોઈ યોગી બને, અરિહંતદેવનું અભેદભાવે પ્રણિધાન કરે તો તે આત્માને દેવો સહાયક બને.

પણ સબૂર ! - વૈમાનિક દેવોને આ ધરતી ઉપર આવવાનું કામ સહેલું નથી.

આખું ગગન મલિન દેવોથી ઊભરાયેલું છે, કીડીયારાની જેમ.

તેમને ખસેડીને નીકળવાનું કામ દેવો માટે અત્યન્ત મુશ્કેલ છે. હલકા દેવોની હલકી, ગંદી અને બિભત્સ રીતોની સામે મોટા દેવો તેવા હલકા, ગંદા વગેરે થઈ શકે નહિ.

વિષ્ઠા ખસેડવાનું કામ સત્પુરુષો કરી શકતા નથી.

એટલે આ કીડિયારામાં ય ગાબડું પાડવું જરૂરી છે.

જે આત્માઓ અરિહંતની સાથે ધ્યાન દ્વારા તન્મય થાય તે આત્માઓ મલિન તત્ત્વોથી ભરેલા આકાશમાં પણ ગાબડું પાડી દે છે. આમ થતાં ઉચ્ચ કક્ષાના દેવો આ ધરતી ઉપર સહેલાઈથી દોડી આવે, તે અરિહંત-ભકતને સહાયક બને.

અરિહંતભક્તની જે કરુણા વગેરે ભાવનાઓ હોય તેને તેઓ સાર્થક કરે.

ધર્મ, સંસ્કૃતિ, પ્રજા, રાષ્ટ્ર વગેરેને છેલ્લાં ત્રણસો વર્ષોમાં જે નુકસાન કરાયું છે તેને એક હજાર વર્ષની જહેમતથી પણ ભરપાઈ કરી શકાય તેમ નથી.

પરન્તુ ઉચ્ચ દૈવીતત્ત્વો માટે એ કામ માત્ર એક કલાકમાં નીપટી જાય તેમ છે. તેમની શક્તિ અપાર છે.

ના.... આથી તેમને આરાધવાની જરૂર નથી. તેમની કોઈ ઉપાસના આવશ્યક નથી. તેઓ અરિહંતના દાસ છે. અરિહંતના દાસના પણ દાસ છે.

અરિહંતનો સાચો દાસ તે છે જે અરિહંત સાથે આત્માનો અભેદ સાધે છે, મિનિટો સુધી, કલાકો સુધી....

આવી સમાધિલીનતા આવશ્યક છે. એ પ્રાપ્ત થયા પછી દૈવીતત્ત્વોનું આગમન અને સચરાચર સૃષ્ટિમાં સાનુકૂળ પરિવર્તન થતાં જરા ય વાર લાગવાની નથી.

માનવીય પુરુષાર્થથી હવે કશું થઈ શકે તેમ નથી.

આધ્યાત્મિક બળોને જાગ્રત કરીએ. એ માટે અરિહંતનું અભેદ-

પ્રણિધાન સાધીએ. દેવો તો આપમેળે સીધા-સડસડાટ - તેની પાસે તૈનાત થઈને જ રહેવાના છે.

મર્ત્યલોકની ધરતી ઉપર પરંપરાગત મૂલ્યોને ફરી પ્રતિષ્ઠિત કરવા હોય તો તેનો ઉપાય જો કોઈ હોય તો આ જ છે. આ એક જ છે. તેમાં સફળતા ન મળે તો કાયમ માટે નાહી નાંખવાનું છે.

**शुद्धस्फटिकसंकाशो निष्कलश्चात्मनाऽऽत्मनि ।**
**परमात्मेति स ज्ञातः प्रदत्ते परमं पदम् ॥ ३ ॥**

**''આ આત્મા પોતે જ પરમાત્મા છે. એ શુદ્ધ સફેદ સ્ફટિક જેવો છે. સાવ નિર્મળ છે. એને કોઈ ઉપાધિ વળગી જ નથી.'' આવા પ્રકારનું આત્મા અંગે જ્ઞાન જેને પોતાના આત્મા વડે, આત્મામાં થાય તે જ્ઞાનદશા તેને પરમાત્માનું પરમ પદ આપે.**

**નોંધ :** સ્ફટિક અસલમાં શુદ્ધ છે, શ્વેત છે. પરન્તુ તેની પાછળ લાલ રંગનો કાગળ (ઉપાધિ) મૂક્યો હોય તો સ્ફટિક લાલ જ દેખાય. જેને જ્ઞાનદશાથી એમ લાગે કે લાલ રંગ તે બહારની વસ્તુ છે, સ્ફટિકના સ્વરૂપમાં તે વસ્તુ છે જ નહિ તેને સ્ફટિકનું સાચું ભાન થાય.

આત્મામાં પણ આવી વાત છે. કર્મોની ઉપાધિને લીધે આત્મા અનેક પ્રકારના સ્વરૂપે દેખાયા કરે છે. શુદ્ધ નિશ્ચયનયની જ્ઞાનદશાથી યોગીઓ આત્માના તે ઔપાધિક ભાવોને આત્મામાં જોતા નથી. તેમને તો આત્મામાં આત્માનું જે શુદ્ધ સ્વરૂપ છે તેનું જ જ્ઞાન થયા કરે છે. એમને આત્મા એ પરમાત્મા જણાયા કરે છે. તેઓ તેવા પરમાત્મભાવને અનુભવે છે. પરમાત્મભાવનો આનંદ માણે છે.

જ્ઞાનયોગ એ સર્વોત્કૃષ્ટ યોગ છે. જો ભક્તિયોગ (દાસત્વભાવનો) સરળ ગણાય તો જ્ઞાનયોગ (અભેદભાવનો) શ્રેષ્ઠ ગણાય. ભક્તિયોગ, 'તું સ્વામી, હું સેવક' એવા ભેદ ઉપર પ્રસ્થાપિત થયો છે. જ્ઞાનયોગ, "તું તે જ હું". - "હું તે તું".... એવા અભેદ ઉપર પ્રસ્થાપિત થયો છે.

ભક્તિયોગથી થતા કર્મક્ષય અને આનંદની અનુભૂતિથી અનંત-ગુણતા જ્ઞાનયોગના કર્મક્ષયમાં અને આનંદાનુભૂતિમાં હોય છે.

એટલે જ જ્ઞાનયોગીને ગીતામાં પ્રભુનો શ્રેષ્ઠ ભકત કહ્યો છે.

આત્મામાં આત્મા વડે પરમાત્મભાવનું દર્શન એ કોઈ સહેલી વસ્તુ નથી. આ સ્થિતિને પામવા પૂર્વે બે સ્થિતિઓમાંથી પસાર થવું જોઈએ.

(૧) મૂર્તિમાં પરમાત્મભાવનું દર્શન.

(૨) જીવરાશિમાં પરમાત્મભાવનું દર્શન.

મૂર્તિમાં પરમાત્મા દેખાવવા હજી સહેલા છે, કેમ કે મૂર્તિમાં કોઈ દોષ દેખાતો નથી. તે વીતરાગ જણાય છે. પરન્તુ જે જીવો ઘણા બધા દોષોથી ભરેલા છે તેમાં 'ભગવાન' જોવો એ ઘણું કપરું કામ છે.

પૌહારિ બાબાને કૂતરામાં, રામકૃષ્ણને વેશ્યામાં અને દુશ્મનોમાં 'ભગવાન' દેખાયા હતા. આ ઘણી ઊંચી સ્થિતિ કહેવાય. પરગુણદર્શન સાધ્યા વિના આ સ્થિતિ આવી શકે નહિ.

આ પછી જાતમાં-આત્મામાં 'ભગવાન' દેખાવવા લાગે. આનંદઘનજી, જનકવિદેહી, રામકૃષ્ણ પોતાને, પોતાના ફોટાને વંદન કરતા હતા.

આત્મામાં પરમાત્મતત્ત્વનું દર્શન એટલે સ્વરૂપરમણતા.

આધ્યાત્મિક સાધનાની ઉત્કૃષ્ટ ભૂમિકા.

**किन्तु न ज्ञायते तावद् यावद् मालिन्यमात्मनः ।**
**जाते साम्येन नैर्मल्ये स स्फुटः प्रतिभासते ॥ ४ ॥**

**જ્યાં સુધી આત્મામાં દોષમળ, અને કર્મમળ પડેલો છે ત્યાં સુધી આત્મામાં પરમાત્મા દેખાતા નથી. જ્યારે એ મળોનો વિગમ થઈને, તેમાં નિર્મળતાનું આધાન થાય ત્યારે જ આત્મામાં પરમાત્મા દેખાવવા લાગે છે.**

**નોંધ :** અહીં મોટી મૂંઝવણ ઊભી થાય છે.

શું દોષમળ દૂર થાય પછી પરમાત્મદર્શન થાય ? કે પરમાત્મદર્શન થવાથી દોષમળ દૂર થાય ? આરીસાને વિચારીએ તો ત્યાં એવી સ્થિતિ જોવા મળે છે કે આરીસા ઉપર લાગેલા ડાઘાડૂઘી દૂર થાય પછી જ મોં સ્વચ્છ સ્વરૂપે દેખાય.

પરન્તુ દીવાના દૃષ્ટાન્તમાં એવું જોવા મળે છે કે દીવો આવે પછી જ અંધારું જાય. (અંધારું ગયા પછી દીવો આવે તેવું નથી.)

પ્રસ્તુતમાં શું સમજવું ? રાગાદિ મળોને પહેલા દૂર કરવા ? કે પહેલું પરમાત્મદર્શન કરવું ?

ખરેખર તો અહીં અન્યોન્યાશ્રય દોષ ઊભો થતો લાગે છે,

રાગાદિમળો જાય પછી આત્મામાં પરમાત્મા દેખાય.

પણ જ્યાં સુધી આત્મામાં પરમાત્મા ન દેખાય ત્યાં સુધી રાગાદિ મળો જાય શી રીતે ? આ જ મૂંઝવણને બીજી રીતે મૂકી શકાય કે, જો બ્રહ્મ એ સત્ય છે એવું થાય તો જગત એ મિથ્યા છે એવું બરોબર ભાસે. પણ જ્યાં સુધી જગત મિથ્યા ન ભાસે ત્યાં સુધી બ્રહ્મ એ સત્ય છે એવું શી રીતે ભાસે ?

પેલા ઓટોમેટીક બંધ થતાં તાળાં જેવો અન્યોન્યાશ્રય થયો.

ચાવી રૂમની અંદર રહી છે. અને તાળું મરાઈ ગયું છે. હવે શી રીતે રૂમ ખૂલે ?

જો તાળું ખૂલે તો ચાવી મળે. પણ ચાવી મળે તો જ તાળું ખૂલે. (છેવટે તાળું તોડવું પડે.)

પ્રસ્તુતમાં જીવદ્રવ્ય અને તેની કાળલબ્ધિથી સમાધાન કરી શકાય.

કેટલાક જીવોની તાસીર (પૂર્વજન્મોના સંસ્કાર) એવી હોય છે કે તેમને બ્રહ્મમાં સત્યત્વ સહેલાઈથી ભાસિત થાય. એટલું થાય એટલે આપોઆપ જગત મિથ્યા લાગે. કેટલાક જીવોની તાસીર એવી હોય છે કે તેમને જગત્ મિથ્યા સહેલાઈથી અનુભવાદિ દ્વારા-સમજાઈ જાય. આટલું થતાં બ્રહ્મને સત્ય સમજવું સાવ સહેલ બની જાય.

આત્મામાં પરમાત્માને દેખતાંની સાથે રાગાદિ મળો ભાગી છૂટે - વનમાં મોરલાના આવતાંની સાથે જ સર્પો નાસી જાય તેમ- એવી તાસીરના કેટલાક જીવો હોય છે. તો કેટલાક જીવોની તાસીર એવી હોય છે કે તેમના રાગાદિ મળો દૂર થાય નહિ ત્યાં સુધી આત્મામાં પરમાત્મદર્શન થાય નહિ - કચરાના ઢગથી અટકી પડેલા પાણીના પ્રવાહની જેમ.

જેના જેવા સંસ્કારો !

જેની જેવી કાળલબ્ધિ !

જેની જેવી નિયતિ !

મીરાને પ્રભુ વહાલા લાગ્યા તેથી કામ, ક્રોધાદિ દોષો દવલા થયા.

અખાને સંસાર દવલો લાગ્યો તેથી પ્રભુ વહાલા થઈ ગયા.

આ બધું છતાં સામાન્યતઃ સાધનાનો રાજમાર્ગ એવો જણાય છે કે દોષોનું દમન કે દહન કરવું અને નિર્મળ બનેલા આત્મામાં પરમાત્માનું ભાન (જ્ઞાન) કરવું. દોષોથી યુકત સ્થિતિમાં પરમાત્મભાન થવું લગભગ મુશ્કેલ છે. ઊલટું જે આત્મામાં પુષ્કળ દોષો હોય છે તે આત્માને તે દોષોનું અસ્તિત્વ અને પ્રભુત્વ ખૂબ નબળો : સત્ત્વહીન બનાવે છે. દોષો પણ નવા નવા દોષોને ખેંચી લાવે છે. કર્મોના સ્કંધો ઉદય પામીને-પાપાનુબંધ દ્વારા-નવા કાર્મણ સ્કંધોને તાણી લાવે છે.

શિથીલ આત્માઓ વધુ ને વધુ શિથીલ થતાં જવાની સંભાવના વિશેષ રહે છે.

જ્યારે જેની કાળલબ્ધિ થાય : જેનો કાળપરિપાક થાય ત્યારે તે આત્માને સત્સંગ થાય. સત્સંગ દ્વારા દોષવિગમ થાય. દોષવિગમ થતાં - દોષોની તાકાત ઢીલી પડી જતાં આત્મા અન્તરાત્મા બને; અને પોતાનામાં રહેલા પરમાત્માનું દર્શન કરવા માટે અભિમુખ બને.

ઉપમિતિ ભવપ્રપંચાકથાકાર શ્રી સિદ્ધર્ષિ મહારાજે આત્માના વિકાસક્રમમાં સૌપ્રથમ વિકાસ અવ્યવહારરાશિની સૂક્ષ્મ નિગોદ સ્વરૂપ વનસ્પતિમાંથી નીકળવારૂપે જણાવેલ છે. જ્યારે કોઈ આત્મા સિદ્ધપદ પામે, તે વખતે જે જીવની (૧) જન્મમરણાદિનું ખૂબ દુઃખ સહન કરવા દ્વારા વિશિષ્ટ પ્રકારની કર્મલઘુતા થઈ હોય (૨) ત્યાંથી

બહાર નીકળવાની નિયતિ તૈયાર થઈ હોય તે જીવ વ્યવહારરાશિમાં પ્રવેશ કરી શકે છે.

આ પછી તેનું વિકાસનું અભિયાન શરૂ થાય છે. કાળ નદીના પ્રવાહમાં ઢસડાતો કુટાતો, ટીચાતો આ જીવરૂપી અષ્ટખૂણિયો પથ્થર કશા ય પુરુષાર્થ વિના, સત્સંગ વિના ગોળમટોળ બને છે. હા, હવે કોઈ સદ્ગુરુરૂપી શિલ્પી ત્યાં ટાંચણું લગાવીને તેમાંથી સુંદર મૂર્તિનું સર્જન કરી શકે ખરો.

પણ તે પહેલાં 'કાંઈક' બને છે. તે આ પ્રમાણે : જીવ અનંત આવર્ત્તો પસાર કરતો કરતો છેલ્લા ચરમ-આવર્ત્તમાં પ્રવેશ કરે છે. ઉપમિતિકારે આ વાત આ રીતે રજૂ કરી છે કે જે કાળપુરુષ આજ સુધી જિનશાસનરૂપી રાજમહેલમાં જીવને પ્રવેશ કરવા દેતો ન હતો : મારી ઠોકીને ભગાડી દેતો હતો. તેણે હવે જીવને પ્રવેશ કરવા દીધો.

અનંત આવર્ત્તો ! દરેક આવર્ત્તમાં અનંતા ભવો ! તે પૂરા થાય. હવે અનંત ભવોનું બનેલું જે ચરમ આવર્ત્ત છે તેમાં જીવનો પ્રવેશ થાય એટલે જાણે કે જીવના ગગનમાં સૂર્યોદય થવા પૂર્વેનો પ્હો ફાટવાની ક્રિયા થઈ.

મોક્ષ પ્રત્યે રાગ, સંસાર પ્રત્યે નફરત, વિરતિધર્મની પ્રાપ્તિ, અપ્રમત્તભાવની આરાધના, શ્રેણી ઉપર આરોહણ, વીતરાગદશા, કૈવલ્યની પ્રાપ્તિ, અયોગી કેવલીપણું; મોક્ષ-આ બધું ચરમ આવર્ત્તમાં જ સંભવે.

ચરમાવર્ત્તમાં પ્રવેશ થયા બાદ સિદ્ધ ભગવંત રૂપી સુસ્થિત મહારાજાની સ્મિત નજર (કૃપા) તે જીવ ઉપર પડે. એથી જ ધર્મ

બોધકર સ્વરૂપ ગુરુ તે જીવનો હાથ ઝાલે. તેમની દયા તેની ઉપર વરસે. પછી ગુરુદેવની દયાથી તેને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય.

જીવને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થઈ એટલે ગુરુનું કાર્ય પૂરું થયું એના પ્રભાવે જીવ ચારિત્રધર્મ પામીને ઠેઠ મોક્ષ પામે.

આ છે, ઉપમિતિ-ક્રમ.

પ્રસ્તુતમાં આત્મામાં પરમાત્મા રહેલો જાણવો, પરમાત્મભાવ અનુભવવો અને પરમાત્મપદ પ્રાપ્ત કરવું તે વાત બતાડી છે. તેની પૂર્વભૂમિકામાં શુદ્ધ સામ્યની પ્રાપ્તિ જરૂરી જણાવી છે. આ પ્રાપ્તિ તો જ થાય જો આત્મામાં પડેલી મલિનતાઓ - દોષમળ, કર્મમળ- દૂર થાય. જેટલા અંશે તે તે મળ દૂર થાય તેટલા અંશે આત્મામાં સામ્ય પ્રાપ્ત થાય અને તે શુદ્ધ બનતું જાય.

આ વિચાર ઉપરથી બે વાત નક્કી થાય છે :

(૧) આત્માનું અસલી સ્વરૂપ પરમાત્મ સ્વરૂપ છે.

(૨) મળયુકત આત્માનું વિકૃતસ્વરૂપ અધમાત્મસ્વરૂપ છે.

આત્માનું વિકૃત સ્વરૂપ પણ અનાદિકાલીન કુસંસ્કારોથી ઘડાયેલું હોવાથી અસલી સ્વરૂપ જેવું બની ગયું છે. આથી જ :

અક્રોધ આત્માને ક્રોધી કહેવાય છે.

અકામ આત્માને કામી કહેવાય છે.

અજન્મા જન્મેલો જાહેર થાય છે.

અમર મૃત કહેવાય છે.

અજર ઘરડો કહેવાય છે.

અરુજ રોગી કહેવાય છે.

વિકૃત સ્વરૂપની એટલી બધી બોલબાલા થઈ છે કે એવો કોઈ આત્મા પોતાને બ્રહ્મસ્વરૂપ, વીતરાગસ્વરૂપ કે અમર સ્વરૂપ કહેવા જાય તો જગતના ચોગાનમાં મશ્કરીને પાત્ર થાય.

તો હવે આપણે એક કામ કરીએ. ગ્રન્થકારશ્રીએ આત્મામાં 'પરમાત્મા' જોવાની જે વાત કરી છે ત્યાં પહોંચવા માટે આપણે પ્રથમ આત્મામાં 'અધમાત્મા' જોવા માટે તૈયાર થઈએ. પછી તેના વિકૃતસ્વરૂપોને કબૂલીએ. તેથી થયેલી તેની ખાનાખરાબીને ગંભીરપણે અને ઉદાસભાવે લક્ષમાં લઈએ.

જ્યારે આપણે આત્મામાં પરમાત્મસ્વરૂપ જોવું છે. અને તે માટે આત્મામાં રહેલા મળોને ખસેડવાના છે તો આત્મામાં રહેલા તે મળોને બરોબર જોવા જોઈએ; કબૂલવા જોઈએ. તેમની ભયાનકતા સમજવી જોઈએ. તેમને ખતમ કરવા માટે જરૂરી પુરુષાર્થ કરવા સજ્જ બનવું જોઈએ.

એટલે હવે ''હું ભગવાન છું.'' એ વાત પછી.

પ્રથમ તો ''હું હેવાન છું.'' એ જ વાત મુખ્ય બનાવીએ.

મળને મોળા પાડવાનો કે નિર્મૂળ કરવાનો સૌપ્રથમ રસ્તો તેના તરફનો ધિક્કારભાવ છે. કાતીલ અણગમો છે. [આને જૈન પરિભાષામાં સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.]

ઘરમાં પેઠેલા પારકાઓને આપણે જ પ્રેમથી ઘરમાં બોલાવ્યા છે. હવે કાઢવા હોય તો તેમને ધિક્કારવા જ પડે.

**तत्त्वनन्तानुबन्ध्यादिकषायविगमक्रमात् ।**

**आत्मनः शुद्धिकृत् साम्यं शुद्धं शुद्धतरं भवेत् ॥५॥**

**અનંતાનુબન્ધી વગેરે ચાર કષાયો - ક્રોધ, માન, માયા, લોભ - નો જેમ જેમ હ્રાસ થતો જાય તેમ તેમ આત્મામાં પડેલો સામ્ય (સમતા) ગુણ વધુ ને વધુ શુદ્ધ થતો જાય. તે સામ્ય જેમ જેમ શુદ્ધ થતું જાય તેમ તેમ આત્મા વધુ ને વધુ શુદ્ધ થતો જાય. શુદ્ધ સામ્ય દ્વારા મળોનો વિગમ જોરદાર થતાં આત્મા શુદ્ધ, શુદ્ધતર થવા લાગે.**

**નોંધ :** જે અનન્ત ભવો વધારી મૂકવાની તાકાત ધરાવે છે તે મળોના રાજા-અનન્તાનુબન્ધી ક્રોધાદિ ચાર કષાયો છે. જીવ સમ્યગ્દર્શન જેવી ઊંચી અવસ્થા પ્રાપ્ત કરે ત્યાર પછી તેનું મિથ્યાત્વભાવમાં જે પતન થાય છે તેમાં મુખ્ય ભાગ અનન્તાનુબન્ધી કષાયો ભજવે છે. સમ્યગ્દષ્ટિ જીવમાં આ કષાય જાગ્રત થાય છે. તેથી તે તરત મિથ્યાત્વભાવમાં ગબડી પડે છે.

આ અપેક્ષાએ મિથ્યાત્વ કરતાં ય ભયંકર આ અનન્તાનુબન્ધી કષાયોને કહી શકાય.

જેણે આત્મામાં ભગવાન જોવો હોય તેણે પ્રથમ તો આ ચાર કષાયોને કાબૂમાં લેવા જોઈએ : આ મળોને મોળા પાડી દેવા જોઈએ.

આ ચાર કષાયોના કુલ સોળ પ્રકાર થાય છે.

અનન્તાનુબન્ધી ક્રોધ, માન, માયા, લોભ.

અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા, લોભ.

પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા, લોભ.

સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ.

અનન્તાનુબન્ધી ચાર કષાયોનો મળ જોરમાં હોય ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યગ્દર્શન - ગુણની પ્રાપ્તિ ન થાય. અપ્રત્યાખ્યાનાવરણીય ચાર કષાયોનો મળ જોરમાં હોય ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જીવને દેશવિરતિપણું (શ્રાવકપણું) પ્રાપ્ત ન થાય.

પ્રત્યાખ્યાનાવરણીય ચાર કષાયોના પ્રાબલ્ય વખતે શ્રાવકને સર્વવિરતિપણું (સાધુત્વ) પ્રાપ્ત ન થાય. સંજ્વલન ચાર કષાયોના જોરમાં સાધુને વીતરાગપણું પ્રાપ્ત ન થાય.

મિથ્યાત્વાદિને આ કષાયો ટકાવી રાખે.

કષાયોને જોરમાં લાવવાનું કામ છ નોકષાયો કરે. હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા. ભલે એ કષાયો જેટલા ઉગ્ર મળ ન હોય પણ ચોરના ભાઈ ઘંટીચોર જેવા તે હોય છે. જે જીવ હાસ્યાદિ નોકષાયોને કાબૂમાં રાખે તેને ક્રોધાદિ કષાયો કાબૂમાં રાખવાનું કામ સરળ થઈ જાય.

વળી, sexની લાગણીને ઉત્તેજિત કરે છે, ત્રણ વેદો. પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ.

ટૂંકમાં મોહનીય કર્મ આખુંય ભયંકર મળ છે. એની પેટાપ્રકૃતિઓ ૨૮ છે. જેમાં ઉપર્યુક્ત ૧૬ કષાયો, ૯ નોકષાયો અને ૩ વેદો છે. તથા મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યકત્વ નામના ૩ દર્શનમોહનીય છે.

આઠ કર્મોમાં સૌથી વધુ ખતરનાક મોહનીય કર્મ છે. આ કર્મ સુખ કે દુઃખ દેવાને બદલે ગુણ કે દોષ આપે છે. એના ઉદયમાં કાતીલ દોષો જાગ્રત થાય. એના હ્રાસમાં ગુણોનો આવિર્ભાવ થાય.

આત્મામાં પરમાત્માને જોવો હોય; અનુભવવો હોય, તત્સ્વરૂપ બની જવું હોય તો મોહનીય કર્મના ૨૮ મળોનો ખાતમો બોલાવ્યે જ છૂટકો છે.

**साम्यशुद्धिक्रमेणैव स विशुद्धयते आत्मनः ।**
**सम्यक्त्वादिगुणेषु स्यात् स्फुटः स्फुटतरः प्रभुः ॥ ६ ॥**

**આત્મામાં જેમ જેમ દોષવિગમ થતાં સામ્યભાવની વધુ ને વધુ શુદ્ધિ થતી જાય તેમ તેમ તે આત્મા વધુ ને વધુ શુદ્ધ થતો જાય. આમ થતાં તેનામાં રહેલા સમ્યગ્દર્શન વગેરે ગુણો પ્રગટ થતા જાય. આ ગુણોની અવસ્થિતિમાં આત્મા વધુ ને વધુ સ્પષ્ટ રૂપે પરમાત્મસ્વરૂપે દેખાવવા લાગે.**

**નોંધ :** આત્માનું સર્વગુણ-પ્રાગટ્ય એ જ તેનું પરમાત્મપણું છે. પૂર્ણ પરમાત્મસ્વરૂપ તો તે પ્રાગટ્ય વખતે જ જોવા-માણવા મળે, પરન્તુ જેટલા અંશે દોષો હટતાં જાય અને ગુણો બહાર આવતા જાય તેટલા અંશે આત્માનું પરમાત્મસ્વરૂપ (પ્રભુત્વ) જોવા-માણવા મળે. એવી અલ્પાંશ અનુભૂતિ એવા પ્રકૃષ્ટ આનંદને આપે જેથી તે આત્મા પરમાત્મભાવના પૂર્ણ સ્વરૂપને જોવા માટે ખૂબ તત્પર બને.

માત્ર સમ્યગ્દર્શન ગુણના આવિર્ભાવમાં જો અપૂર્વ આત્માનંદ અનુભવાતો હોય તો વિરતિભાવ, અપ્રમત્તભાવ, વીતરાગભાવના ઉત્તરોત્તર વર્ધમાન આત્માનંદની તો શી વાત કરવી ? જેમ જેમ એ આત્માનંદ વધતો જાય તેમ તેમ ભોગાનંદ આપમેળે ફિક્કો થવા લાગે.

અંદરનો રસ માણ્યા વિના બહારનો રસ લગીર પણ સુકાઈ શકતો નથી.

પેલા ઈસરદાન ચારણ જ્યાં સુધી હરિરસનું પાન કરતા હતા ત્યાં સુધી ભાભી દાળમાં સબરસ (મીઠું) જાણીને નાંખતી ન હતી

તો ય તેનો તેમને ખયાલ આવ્યો ન હતો. જે દી હરિરસ બંધ પડ્યો કે તરત 'સબરસ' નો ખ્યાલ કૂદી પડ્યો.

જ્યાં આત્માનંદ છે ત્યાં ભોગાનંદ સંભવતો નથી. જ્યાં ભોગાનંદ ખૂબ જોરમાં છે ત્યાં આત્માનંદની શક્યતા નથી.

ભોગાનંદના મળને કેમે કરીને ખસેડવો રહ્યો. એવી સિદ્ધિ સત્સંગ કે પ્રભુભજન વિના શકય નથી.

તુલસીદાસજીએ એક વાર ભગવાન રામને પ્રાર્થના કરી હતી કે, ''હે પ્રભુ ! રાવણ નહોતો ઇચ્છતો કે તમે લંકામાં પ્રવેશ કરો. પરન્તુ આપે બળજબરીથી લંકામાં પ્રવેશ કર્યો અને રાવણને ખતમ કર્યો. મારા વહાલા પ્રભુ ! હવે મારી પ્રાર્થના છે કે મારા અંતરમાં રહેલા દોષો જરાય ઇચ્છતા નથી કે આપ મારા અંતરમાં પ્રવેશ કરો. પણ હું કહું છું કે આપ બળજબરીથી મારા અંતરમાં પ્રવેશી જાઓ અને મારા દોષોને ખતમ કરી નાંખો.''

દોષોના પ્રાબલ્યમાં ભોગાનંદ બની રહેશે. પછી આત્માનંદ સંભવશે નહિ.

સત્સંગ કે પ્રભુભજન દ્વારા જ ભોગાનંદને મોળો પાડીએ. પછી તરત આત્માનંદ વર્ધમાન બનતો ઉત્કૃષ્ટતાને પામી જશે.

આવી અધ્યાત્મની વાતો જેને ગમે છે તેણે નિશ્ચિતપણે માનવું કે તેનો ચરમાવર્ત્તકાળમાં પ્રવેશ થઈ ગયો છે.

આ વાતો સાંભળીને જેને સદાચારો પ્રત્યે પક્ષપાત જાગે છે. તેણે નિશ્ચિત માનવું કે તેની ઉપર સુસ્થિત મહારાજા સ્વરૂપ પરમાત્માની કૃપાદૃષ્ટિ [સ્મિત નજર] થઈ ચૂકી છે.

બસ.... હવે કોઈ ધર્મબોધકર ગુરુ હાથ ઝાલે ત્યાં અટક્યું છે. જો તે કામ થઈ જાય તો તેમની કૃપાથી આત્મામાં પરમાત્મા જોવાની સ્થિતિ ઝાઝી દૂર રહે નહિ.

આધ્યાત્મિક વિશ્વનું એક સુખ છે કે તેમાં પ્રાપ્ત થયેલી વસ્તુમાં up-down થાય તોપણ વિકાસની કૂચ વણથંભી ચાલુ રહે છે.

ચરમાવર્ત્તકાળમાં પ્રવેશેલો જીવ અચરમાવર્ત્તકાળમાં કદી પાછો જતો નથી.

સમ્યગ્દર્શન ગુમાવેલો જીવ સમ્યગ્દર્શનાદિ પુનઃ પ્રાપ્ત કર્યા વિના રહેતો જ નથી.

મોક્ષ પામેલો જીવ ફરી સંસારના બંધનમાં આવતો જ નથી.

ભૌતિક જગતની વાત સાવ ઊંધી છે. કરોડપતિને નવા ભવોમાં ભિખારી પણ બનવું પડે. ભણેલાને ફરીથી એકડેએકથી શીખવું પડે. બધું ય નવેસરથી કરવું પડે.

**सर्वमोहक्षयात् साम्ये सर्वशुद्धे सयोगिनः ।**
**सर्वशुद्धात्मनस्त्वेष प्रभुः सर्वस्फुटीभवेत् ॥ ७ ॥**

**મોહનીયકર્મના મળનો જ્યારે પૂરો ખાતમો બોલાઈ જાય ત્યારે શુદ્ધ બનેલા સામ્યના કારણે સયોગી કેવલી એવા આત્માને પોતાનામાં પરમાત્મા એકદમ સ્પષ્ટ દેખાવવા લાગે છે.**

**નોંધ :** આઠ કર્મો ! તેમાં ચાર ઘાતી કર્મ અને ચાર અઘાતી કર્મ.

આત્માને પરમાત્મા બનાવવા માટે ચાર ઘાતી કર્મોમાં માત્ર મોહનીય કર્મ ઉપર જ જીવે હુમલો કરવાનો હોય છે. આ કર્મની ૨૮ પેટા પ્રકૃતિઓને શ્રેણિના ધ્યાન દ્વારા જીવ ખતમ કરે એટલે આત્મા વીતરાગ બને; સર્વજ્ઞ બને.

ચાર ઘાતીકર્મોમાંનું મોહનીય કર્મ ખતમ થઈ જાય એટલે એની સાથે જ બાકીના ત્રણ ઘાતી કર્મો ખતમ થાય જ. આ પછી જે ચાર

અઘાતી કર્મો ઊભા રહે તેમનામાં કોઈ દમ ન રહે. તે બહુ ઓછા પુરુષાર્થે ખતમ થઈ જાય.

જીવને વીતરાગ બનવા માટે જ બધી મહેનત કરવાની છે. તે માટે મોહનીય કર્મને જ ખતમ કરવાનું લક્ષ રાખવાનું હોય છે. વીતરાગ થયા બાદ સર્વજ્ઞપણું અન્તર્મુહૂર્તમાં મળી જાય છે. જાણે કે વીતરાગ બન્યા બદલ ધર્મમહાસત્તાએ જીવને સર્વજ્ઞપણાની ભેટ કરી ! કાશ ! અનન્ત આત્માઓએ ભૂતકાળમાં પોતાનામાં પરમાત્માને જોયો. આપણે રહી ગયા. ક્યારે પરમાત્મા દેખાશે ? તેની ખબર પણ પડતી નથી.

**कषाया अपसर्पन्ति यावत् क्षान्त्यादिताडिताः ।**
**तावदात्मैव शुद्धोऽयं भजते परमात्मताम् ॥ ८ ॥**

**अपसर्पन्ति ते यावत् प्रबलीभूय देहिषु ।**
**स तावन्मलिनीभूतो जहाति परमात्मताम् ॥ ९ ॥**

અનાદિકાળમાં પસાર થયેલા અનંતા ભવો !

જીવે અનંતીવાર એકેકો દોષ - કામ, ક્રોધ, સ્વાર્થ, અહંકાર હિંસા - સેવ્યો. તે વખતે તેના ગાઢ સંસ્કારો પડી ગયા, જેને અનુબંધ કહેવાય છે.

ક્રોધ કર્યો અને તેનાથી કર્મબંધ થયો. તે કર્મનો ઉદય થયો. તે વખતે દુઃખ ભોગવ્યું.

આ બધું તો ઠીક.

પરન્તુ ક્રોધ કરતાં ક્રોધનો જે સંસ્કાર આત્મામાં પડી ગયો. તેનાથી ક્રોધનો અનુબંધ તૈયાર થયો. જ્યારે જીવને દુઃખ આવ્યું કે

સુખ આવ્યું ત્યારે આ અનુબંધ જાગ્રત થયો. તેણે જીવમાં ક્રોધ-દોષ જીવંત કરી દીધો.

આ રીતે વારંવાર દોષો જીવતા થતા રહે અને તેથી નવા નવા કર્મબંધ થતા રહે એટલે સંસારનો અંત આવે શી રીતે ?

જેણે સંસારનો અન્ત લાવી દેવો હોય તેણે સુખ કે દુઃખ દેનારા બંધની ચિન્તા નહિ કરતાં - તેમને ક્રમશઃ વિરાગથી અને સમાધિથી ભોગવી લઈને ગુણ કે દોષને ઉત્પન્ન કરતાં અનુબંધની ચિન્તા કરવી જોઈએ.

પહેલાં અશુભ અનુબન્ધોને - પાપાનુબન્ધોને ખતમ કરો. અને શુભ અનુબન્ધોને - પુણ્યાનુબંધોને તગડા કરો.

પાપના અનુબન્ધો તૂટી જશે તો અશુભ બન્ધો બહુ જોર બતાવી શકશે નહિ.

પુણ્યના અનુબન્ધો તગડા થઈ જશે તો જીવનમાં ગમે તેવી સ્થિતિમાં ગુણોનો આવિર્ભાવ થતો રહેશે.

મોક્ષ પામવા માટે અનુબન્ધની સમજણ મેળવવી જરૂરી છે.

જ્યાં સુધી દોષો જોરમાં રહે છે ત્યાં સુધી આત્મા પોતાના પરમાત્મસ્વરૂપને વધુ ને વધુ તિરોહિત કરે છે. પણ જો ક્ષમાદિ ગુણોનું સેવન કરવા દ્વારા ક્રોધાદિ દોષોને ભગાડી દેવામાં આવે તો આત્મા પોતાના પરમાત્મા - સ્વરૂપની વધુ ને વધુ નજીક સરકતો જાય છે.

એટલે હવે મુખ્ય વાત એ રહી કે ક્ષમાદિ ગુણોને જીવનમાં વિકસાવવા જોઈએ. આ વિકાસ સ્વતઃ થવો ઘણો મુશ્કેલ છે. એટલે કોઈ સાચા ગુરુ પ્રાપ્ત કરીને તેમની સેવા કરવા દ્વારા કૃપા મેળવવી જોઈએ. આ સત્સંગથી જ અધ્યાત્મનું પ્રવેશ દ્વાર ઊઘડે છે.

'ગુરુ વિના જ્ઞાન નહિ' આ વાત સર્વ શાસ્ત્રોએ સ્વીકારી છે.

**कषायास्तन्निहन्तव्यास्तथा तत्सहचारिणः ।**

**नोकषायाः शिवद्वारार्गलीभूता मुमुक्षुभिः ॥ १० ॥**

**ક્રોધાદિ કષાયોને તો ખતમ કરવા જ જોઈએ, પણ તેમના સહચારી એવા નોકષાયો- હાસ્યાદિ- ને પણ ખતમ કરવા જોઈએ. તેઓ મોક્ષપુરીના પ્રવેશદ્વારે લોખંડી સાંકળ જેવા છે.**

**નોંધ :** જે જીવ અનંતકાળથી સંસારની ચાર ગતિઓમાં ચાલી ચાલીને થાકી ગયો છે; જનમ લઈ લઈને કંટાળી ગયો છે; વારંવાર મોત પામીને - કર્યું કરાવ્યું ધૂળ થતાં- હેરાન થઈ ગયો છે. હવે જેને ક્યાંક સદા માટે બેસી જવું છે. ક્યાંય જનમવું જ નથી; કદી મરવું નથી; મોત દ્વારા વિસર્જન થાય એવું કશાયનું સર્જન કરીને મૂરખ બનવું નથી એ આત્મા સિદ્ધશિલાને સતત ઝંખતો રહે તેમાં શી નવાઈ છે ?

એક વાર ત્યાં પહોંચી જવાય પછી કેટલી બધી નિરાંત ! કેટલી શાન્તિ ? કેવો વર્ણનાતીત આત્માનંદ !

પછી નહિ જનમ, નહિ મરણ; નહિ રોગ, શોક; નહિ આધિ, વ્યાધિ, ઉપાધિ; નહિ તાપ, સંતાપ-આવા તમામ 'માઇનસ'નું જ્યાં શૂન્ય છે અને આત્માના પોતીકા આનંદનું; દર્શન, જ્ઞાન અને ચારિત્રનું જ્યાં એકલું અસ્તિત્વ છે.

કેવું અપૂર્વ હશે, એ મોક્ષનું ધામ ! જે જીવ ઝંખે છે, માત્ર છુટકારો; સંસારથી વિરહ અને સિદ્ધશિલાનું મિલન. તેણે ક્રોધાદિ ચાર કષાયોને કાબૂમાં લેવા જ રહ્યા. આ કષાયો-થોડાક પણ વિશ્વાસ કરવા લાયક નથી. એનો ક્યારે મોટો ભડકો થાય એ કહી ન શકાય.

કષાયો ઝેરી સાપ કરતાં ભૂંડા છે.

કષાયો તાલપુટ વિષ કરતાં ભૂંડા છે.

કષાયો ભડકે બળતી આગ કરતાં ભૂંડા છે.

પણ સબૂર ! નોકષાયો પણ કાંઈ ઓછા ખતરનાક નથી. એ જ કષાયોને જાગ્રત થવા માટે કાંકરીચાળો કરતા હોય છે.

હાસ્ય, રતિ વગેરેમાંથી ક્રોધાદિને સફાળા બેઠા થઈ જતાં પળની ય વાર લાગતી નથી.

પૂર્વે જણાવ્યું તેમ સમ્યકત્વ પામેલા આત્માને મિથ્યાત્વની ખીણમાં ફેંકી દેવાનું કામ અનન્તાનુબન્ધીના ઘરના ક્રોધાદિ ચાર કષાયો કરે છે, પણ તેમને જાગ્રત હાસ્યાદિ ભાવો બહુધા કરતા હોય છે.

**हन्तव्यः क्षमया क्रोधो मानो मार्दवयोगतः ।**
**माया चार्जवभावेन लोभः संतोषपोषतः ॥ ११ ॥**
**हर्षः शोको जुगुप्सा च भयं रत्यरती तथा ।**
**वेदत्रयं च हन्तव्यं तत्वज्ञैर्दृढधैर्यतः ॥ १२ ॥**

**ક્ષમા દ્વારા ક્રોધને, નમ્રતા દ્વારા માનને, સરળતા દ્વારા માયાને અને સંતોષ દ્વારા આસક્તિને ખતમ કરવા જોઈએ.**

**વળી હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સારૂપી છ નોકષાયોને અને પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ રૂપી ત્રણ વેદને દઢ-ધૈર્ય રાખીને ખતમ કરવા જોઈએ.**

**નોંધ :** ના... ક્રોધ ખતમ થયો તેનું નામ ક્ષમા નથી. એટલે કે ક્રોધનો અભાવ તે ક્ષમા નથી; પરન્તુ ક્રોધ ઉત્પન્ન કરનાર કર્મ (ક્રોધ મોહનીય કર્મ)નું આવરણ દૂર થતાં આત્મામાં સહજ રીતે રહેલો ક્ષમા નામનો ગુણ પ્રગટ થાય છે. જ્યારે જીવ સર્વકર્મનો ક્ષય કરે છે ત્યારે જીવમાં રહેલા ક્ષમા વગેરે અનન્ત ગુણો પ્રગટ થાય છે. ના. ઉત્પન્ન થતા નથી પણ જે હતા તે પ્રગટ થાય છે.

સ્ફટિકની પાછળ લાલ કાગળ રાખ્યો હોય તો સ્ફટિક લાલ રંગવાળો લાગે છે. લાલ કાગળ દૂર કરાય તો સ્ફટિક સફેદ દેખાય છે. આ સફેદાઈ, લાલ કાગળના અભાવરૂપ નથી કે સ્ફટિકમાં ઉત્પન્ન થઈ પણ નથી તે પહેલેથી હતી; પરન્તુ પ્રગટ ન હતી. લાલ કાગળનો અભાવ થવાથી તે સફેદાઈ પ્રગટ થઈ.

આવું આત્માના ગુણ-દોષોનો વિષયમાં સમજવું.

જો ક્રોધ વગેરે દોષોનો અભાવ જ આત્માનો મોક્ષ હોય તો આત્મા ગુણશૂન્ય હોય. એવી ગુણશૂન્ય દશાનો મોક્ષ પામવાથી શું વળે ?

જ્યારે દોષાભાવ થવાથી અનન્ત ગુણોનું આત્મામાં પ્રાગટ્ય થાય અને તે જ આત્માની મોક્ષ અવસ્થા છે. ત્યારે જ તેવો ગુણમય અને આનંદમય મોક્ષ પામવાનું સ્વપ્ન સુયોગ્ય ઠરે.

પ્રસ્તુત પ્રથમ શ્લોકમાં ગુણ હાંસલ કરવા દ્વારા દોષને ખસેડવાની-ખતમ કરવાની પ્રક્રિયા બતાડી છે.

ઘોર અંધારું છે. તેને તમારે ખસેડવું છે તો તે કાંઈ અંધારાને ધક્કા દેવાથી ન ખસેડાય. પરન્તુ દીવો લાવીને મૂકવો પડે.

જેવો દીવો આવ્યો કે અંધારું ગયું.

જેવો મોરલો આવ્યો કે બાવનાચંદનના વનમાં રહેલા હજારો સાપ ભાગ્યા.

જેવું ટેપ ઉપર સરસ મજાનું ભજન ચડ્યું કે તેમાં પૂર્વવર્તી સિને-ગીત ખતમ.

અહીં બીજું પણ એક કામ કરવાનું છે, જે વીસરાઈ જાય તો દોષમુક્તિ ન થાય.

ક્ષમા-ગુણ લાવવાથી ક્રોધ-દોષ જાય તે સાચા અર્થમાં ત્યારે જ જાય જ્યારે જીવને તેની તરફ તીવ્ર નફરત પેદા થઈ હોય. આવી નફરત વિનાનો દોષ ત્યાગ ઝાઝું ટકતો નથી.

એ દોષ જલદી પાછો આવે છે.

સિનેમા તરફની નફરત વિનાનો - અરે ! તે તરફ કૂણી લાગણીવાળો - સિનેમાત્યાગ લાંબો સમય ટકી શકે નહિ.

એટલે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે ક્રોધાદિ દોષોને બરોબર ખતમ કરવા હોય તો તેમના કટુવિપાકોની ભાવનાથી ભાવિત થવું જોઈએ. જો તેવું કશું ય ન હોય તો નવકારમન્ત્રનો જપ વગેરે ક્રોધાદિ દોષોને દૂર કરી શકતા નથી.

એટલે હવે બે વાત નક્કી થઈ. ક્ષમાને પ્રવેશ આપો અને ક્રોધ તરફ તીવ્રતા સાથેની નફરત કરો.

પ્રસ્તુત બે શ્લોકોમાં મોહનીય કર્મમાં જે ચારિત્ર મોહનીય કર્મ છે તેની તમામ - પચ્ચીસ-પ્રકૃતિઓને સમાવી લેવાઈ છે.

૧૬ કષાયો
૬ નોકષાયો
૩ વેદ

**रागद्वेषमयेष्वेषु हतेष्वान्तरवैरिषु ।**
**साम्ये सुनिश्चले यायादात्मैव परमात्मताम् ॥ १३ ॥**

**રાગ અને દ્વેષ સ્વરૂપ આન્તરશત્રુઓ ખતમ થાય ત્યારે જ સુનિશ્ચલ સામ્યની પ્રાપ્તિ થાય. એમ થતાં જ આત્મા પરમાત્મપણાને પામી જાય.**

નોંધ : અજૈન મતાનુસાર બે પરમાત્મા છે. એક નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ અને બીજા સગુણ બ્રહ્મસ્વરૂપ પરમાત્મા. એમના મતે જે મુખ્ય પરમાત્મા છે તે કોઈથી થઈ શકાય નહિ.

આ વાતને જૈન દર્શન સ્વીકારતું નથી.

એ કહે છે, આપણો પોતાના દરેકનો આત્મા એ જ પરમાત્મા છે.

કર્મયુક્ત જીવ તે આત્મા.

કર્મમુક્ત જીવ તે પરમાત્મા

કોઈ પણ આત્મા પુરુષાર્થ કરીને કર્મમુક્તિ પ્રાપ્ત કરે એટલે તે પરમાત્મા બને.

જે અભવ્ય જીવો કદી મોક્ષ પામનાર નથી. તેમનો પણ આત્મા અસલમાં તો પરમાત્મા જ છે. કમનસીબી એટલી કે તેનું તે અસલ સ્વરૂપ ક્યારે ય પ્રગટ થવાનું નથી. તેનું જીવદ્રવ્ય જ એવું છે.

ગાય વગેરેના દૂધમાંથી દહીં બની શકે પણ ઊંટડીના દૂધમાંથી - લાખ પ્રયત્ને પણ દહીં બની ન શકે. બેય દૂધ તરીકે સરખાં હોવા છતાં આ ફરક રહે છે.

બીજા મગ સીઝે; પણ કોરડું મગ ન જ સીઝે. એમાં કોઈ કર્મદોષ નથી; પણ તે દ્રવ્ય જ એવું હોય છે.

જે આત્મા ભવિષ્યમાં ક્યારેક પણ પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કરવાનો છે તે નિશ્ચિતપણે કયારેક પણ એવો પુરુષાર્થ કરશે જેનાથી તેના આન્તરશત્રુ રાગ, દ્વેષ વગેરે ખતમ થશે. એમ થતાં તેને નિશ્ચલ સમતા પ્રાપ્ત થશે. પહેલાં એ સમતા ક્ષયોપશમ ભાવની હોય પણ પછી તે ક્ષાયિકભાવની થાય.

આ સમત્વ પ્રાપ્ત થતાં જ આત્મા સ્વયં પરમાત્મા બને છે.

વંટોળિયો પોતે જ વાયુ છે. પરન્તુ તેનામાં જ્યાં સુધી આંટી પડેલી છે ત્યાં સુધી તે પોતાના અસલ સ્વરૂપ-વાયુ-ને જોઈ શકતો નથી. બિચારો, ડૂંટીમાં કસ્તૂરી છતાં જગતમાં શોધવા નીકળેલા હરણિયાની જેમ 'વાયુ'ને જોવા બહાર ભટકે છે.

જો તે પોતાની આંટી કાઢી નાંખે કે તરત તે પોતે જ 'વાયુ' છે તેવું તેને ભાન થાય.

દોષોની આંટી નીકળી જતાંની સાથે જ આત્માને પોતાનામાં જ પરમાત્મા દેખાય.

આવી કાંઈ ઝાંખી આનંદઘનજી મહારાજને થઈ હતી. એટલે એવી પળોમાં તેમણે ગાયું, ''અહો ! અહો ! હું મને નમું.... મને નમું.''

સમાધિની અવસ્થામાં લીન બનેલા રામકૃષ્ણ પરમહંસના ફોટાને રામકૃષ્ણ પરમહંસ વંદન કરતા. કોઈ પૂછે તો કહેતા કે હું બ્રહ્મલીન રામકૃષ્ણને-મને-વંદન કરું છું. આવી જ વાત જનકવિદેહીના-સંબંધમાં કહેવાઈ છે.

જે અરિહંત પરમાત્મા છે; સિદ્ધ પરમાત્મા છે.

તેમનું આલંબન એટલા માટે લેવાનું છે કે તેઓ કર્મમુક્તિ કરાવીને આપણને તેમના જ જેવા પરમાત્મા બનાવે છે.

આપણા સ્વામી એવા મહાન છે કે તે પોતાના સેવકને સદા માટે સેવક રાખવા માગતા નથી. પોતાના જેવા જ સ્વામી બનાવવા માગે છે.

જગતમાં આવા શેઠ કેટલા હશે? જે નોકરને શેઠ જ બનાવવામાં રાજી હોય? પેલો સદાને નોકર રહે તે વાત જેમને જરા ય ગમતી ન હોય?

કેવી કમાલ છે સેવકોની? કે તેમને સદા પ્રભુના સેવક જ રહેવું છે! અને કેવી કમાલ છે; સ્વામીની કે તે સેવકને સદા માટે પોતાના જેવો જ સ્વામી બનાવીને જંપે છે!

**स तावद् देहिनां भिन्नः सम्यग्यावन्न लक्ष्यते ।**
**लक्षितस्तु भजत्यैक्यं रागाद्यञ्जनमार्जनात् ॥ १४ ॥**

**તે પરમાત્મા ત્યાં સુધી જ જીવોને પોતાનાથી ભિન્ન ભાસે છે. જ્યાં સુધી તે સાચી રીતે જોવાયા નથી. જ્યારે જીવોના રાગાદિ મળોનો નાશ થાય છે. ત્યારે, તેમને તે પરમાત્મા પોતાની સાથે એકરૂપે જ જોવા મળે છે.**

**નોંધ :** આ જગતમાં જીવતત્ત્વના ત્રણ પ્રકાર છે. હું, તું અને તે.

હું એ મારો આત્મા છે.

તું એ પર આત્મા છે.

તે એ પરમ આત્મા છે.

મારો જીવ કર્મયુકત છે.

પારકા જીવો કર્મયુકત છે.

પરમાત્મા કર્મમુકત છે.

જીવને જ્યાં સુધી એ સવાલ છે કે 'હું કર્મયુકત છું.' ત્યાં સુધી તે પોતે અને પરમાત્મા - બે-એક જ છે તેવો ખ્યાલ આવતો નથી. પણ જ્યારે જ્ઞાનદશાથી તે પોતાનું કર્મમુક્ત એવું અસલ સ્વરૂપ જુએ છે અથવા તો સાધના દ્વારા પોતાનાં કર્મોનો ક્ષય કરે છે ત્યારે તેને પોતાનો આત્મા અને પરમાત્મા વચ્ચે કશો ફરક દેખાતો નથી. બે એકસ્વરૂપ લાગે છે.

ટૂંકમાં સ્વ-જીવનનાં બે સ્વરૂપ છે.

એક : કર્મયુકત જીવસ્વરૂપ.

બે : કર્મમુકત જીવસ્વરૂપ.

સ્વ-જીવ કર્મયુકત ભાસે તો તે જીવ કહેવાય. દસ દ્રવ્ય- પ્રાણો [પાંચ ઇન્દ્રિયો, ત્રણ યોગ, શ્વાસોચ્છ્‌વાસ અને આયુષ્યકર્મ]થી તે જીવે છે માટે. સ્વ-જીવ જો કર્મમુકત ભાસે તો તે શિવ કહેવાય.

અજ્ઞાનદશાથી જીવમાં જીવ દેખાય.

જ્ઞાનદશાથી જીવમાં શિવ દેખાય.

**यादृशोऽनन्तवीर्यादिगुणोऽतिविमलः प्रभुः ।**
**तादृशास्तेऽपि जायन्ते कर्ममालिन्यशोधनात् ॥ १५ ॥**

**જેવા અનન્ત વીર્ય, જ્ઞાન, દર્શન અને સુખવાળા પરમાત્મા છે. તેવા જ આપણે જીવો પણ કર્મમળને ખતમ કરીએ તો થઈ શકીએ.**

**નોંધ :** કર્મમળનો નાશ થાય એટલે સંસારવર્તી જીવ અને મોક્ષવર્તી શિવમાં કશો ફરક રહેતો નથી.

એટલું જ નહિ, સંસારવર્તી તીર્થંકરદેવ પણ અઘાતીકર્મોનો ક્ષય થયા બાદ સિદ્ધસ્વરૂપ બનીને સકળ સિદ્ધ પરમાત્માની સાથે અભેદ સ્વરૂપ બને છે.

સંસારવર્તી જીવ કર્મયુક્ત છે, દેહયુક્ત છે અને દોષયુક્ત છે.

તે જીવ જયારે 'શિવ' બને છે ત્યારે કર્મમુક્ત બને છે; દેહમુક્ત બને છે, અને દોષમુક્ત બને છે:

સંસારવર્તી જીવ જ્યારે ઘાતીકર્મોથી મુક્ત બને છે ત્યારે તે સદેહમુક્ત ભગવાન કહેવાય છે. જયારે તે અઘાતી-કર્મોથી પણ મુક્ત બને છે ત્યારે તે વિદેહમુકત ભગવાન કહેવાય છે.

સદેહમુક્ત ભગવાન એટલે કાં તીર્થંકરદેવ કાં સામાન્ય કેવળી.

વિદેહમુક્ત ભગવાન એટલે સિદ્ધ ભગવાન.

**आत्मानो देहिनो भिन्नाः कर्मपङ्ककलङ्किताः ।**
**अदेहः कर्मनिर्मुक्तः परमात्मा न भिद्यते ॥ १६ ॥**

**સંસારવર્તી જીવો કર્મના કાદવથી ખરડાયેલા છે માટે જ તેઓ પરસ્પરને ભિન્ન જુએ છે. પરન્તુ જો તેઓ કર્મમુક્ત અને દેહમુકત બની જાય; અથવા તે તમામ જ્ઞાનદશાથી પોતાને કર્મમુકત અને દેહમુક્ત સ્વરૂપે જુએ તો તે બધા 'પરમાત્મા' સ્વરૂપે એક જ છે.**

નોંધ : જૈન દર્શનમાં બે પ્રકારના સામાન્ય કહ્યા છે : ઊર્ધ્વતા-સામાન્ય અને તિર્યક્- સામાન્ય.

ઊર્ધ્વતા-સામાન્યથી ઊર્ધ્વમાં રહેલા સર્વ સિદ્ધ જીવો અને આપણો પોતાનો જીવ એક સ્વરૂપ છે : એક જ છે.

સામાન્ય એટલે જાતિ. ઊર્ધ્વતા - સામાન્ય એટલે સિદ્ધભગવંતોમાં રહેલી શિવત્વ જાતિ.

તિર્યક્ એટલે તીરછું.

આપણા જીવની ચારે બાજુ કર્મયુક્ત જીવો રહેલા છે. એમનામાં જીવત્વ જાતિ છે. આ જ જીવત્વ જાતિ આપણા પોતાના જીવમાં છે.

મારા જીવની કર્મયુકત અવસ્થા જોતાં તેનામાં જીવત્વ જાતિ છે. તેની કર્મમુક્ત અવસ્થા જોતાં તેનામાં શિવત્વ જાતિ છે.

ઊર્ધ્વમાં રહેલા સિદ્ધોમાં શિવત્વ જાતિ છે. તે અને હું - કર્મમુકત હોવાથી-અમે બે 'શિવ' છીએ. શિવસ્વરૂપે એક જ છીએ.

મારી તિરછામાં રહેલા જીવોમાં જીવત્વ જાતિ છે. તે અને હું - કર્મયુકત હોવાથી-અમે બધા જીવ તરીકે 'એક' છીએ.

હું શિવ છું.

હું જીવ છું.

હું શિવ હોઈને સકળ સિદ્ધો સાથે એકભાવે છું.

હું જીવ હોઈને સકળ જીવોની સાથે એકભાવે છું.

વળી, સકળ જીવો અસલમાં શિવ છે માટે શિવસ્વરૂપે અમે બધા એક છીએ.

હું શિવ.

તું શિવ.

તે શિવ.

અથવા

હું જીવ.

તું જીવ.

આ વિભાવનામાંથી વ્યવહારમાં એક વાત અમલમાં મૂકવા જેવી છે કે જ્યારે હું કર્મયુકત જીવ છું. અને બીજા પણ બધા કર્મયુકત જીવ છે ત્યારે કોણ કોના દોષ જુએ ! કોણ કોને ઠપકો આપે ? બધા ય જ્યારે કાચના ઘરમાં રહેલા છે ત્યારે કો'કના કાચના ઘર ઉપર શી રીતે પથ્થર મરાય ?

''મારી જેમ બધા સંસારી જીવો કર્મથી યુકત છે; દોષથી ભરેલા છે,'' એવું ભાન જીવંત રહે તો બીજા જીવોના દોષો ઉપર ધિક્કાર ન થાય; તેમની ભૂલોને માફી આપવાનું મન થાય.

સામાન્ય રીતે જીવને પોતાના દોષો દેખાતા નથી; પોતાનાં દુઃખો દેખાય છે અને બીજાના દોષો દેખાય છે. આ સ્થિતિમાં જો બીજા

જીવોની કર્મયુક્તતા વિચારાય તો તેમના દોષોને ક્ષમા આપવાનું મન સહજ રીતે થાય.

આ શ્લોકમાં 'પરમાત્મા'ને અદેહ કહ્યો છે. અ-ધન, અ-સ્ત્રી, અ-કુટુંબ ન કહેતાં અ-દેહ કહ્યો કેમ કે જે દેહ વિનાનો હોય તે બધા - ધન, સ્ત્રી, કુટુંબ વગેરે – વિનાનો હોય જ એવું આપોઆપ સમજાઈ જાય. બધા સંબંધો દેહવાનને હોય. જેણે દેહ છોડ્યો તેણે બધું છોડ્યું.

આસક્તિ છોડીને માણસ થવાય.

ઘર છોડીને સાધુ થવાય.

મન છોડીને શિષ્ય થવાય.

દેહ છોડીને શિવ થવાય.

**संख्ययाऽनेकरूपोऽपि गुणतस्त्वेक एव सः ।**
**अनन्तदर्शनज्ञानवीर्यानन्दगुणात्मकः ॥ १७ ॥**
**जातरूपं यथा जात्यं बहुरूपमपि स्थितम् ।**
**सर्वत्रापि तदेवैकं परमात्मा तथा प्रभुः ॥ १८ ॥**

**તે પરમાત્મા સંખ્યાથી પુછાય તો 'અનેક' કહેવા પડે પરન્તુ ગુણોથી તો 'એક' જ છે.**

**જેમ સોનું અનેક આભૂષણોમાં રહેલું હોઈને 'અનેક' કહેવાય તો પણ સુવર્ણ તરીકે તે એક જ છે તેમ.**

**નોંધ :** કુંભારને ત્યાં પડેલા ઘડાને જુદા જુદા ગણવામાં આવે તો ધારો કે તે એકસો છે પણ તે બધામાં રહેલી ઘટત્વ નામની જાતિ

(ધર્મ) તો એક જ છે. એ ઘટત્વ જાતિની અપેક્ષાથી બધા ઘડા એક કહેવાય.

સુવર્ણના સો આભૂષણો - હાર, વીંટી વગેરેમાં સુવર્ણ જુદું જુદું સ્વરૂપ ધરાવે છે છતાં સુવર્ણ 'સામાન્ય' તરીકે તો સુવર્ણ એક જ બધા વિશેષોમાં છે.

આ રીતે દરેક પરમાત્મા તેમના તે તે વિશેષ સ્વરૂપે જુદા હોવા છતાં તે બધામાં પરમાત્મ-તત્ત્વ એક હોવાથી તે 'એક' ગણાય.

ઘઉંના ઘણા બધા દાણા છતાં તેનો ઢગલો 'એક' કહેવાય છે ને?

**आकाशवदरूपोऽसौ चिद्रूपो नीरुजः शिवः ।**
**सिद्धिक्षेत्रगतोऽनन्तो नित्यः शं परमश्नुते ॥ १९ ॥**

**પરમાત્મા આકાશની જેમ અરૂપી છે. (રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ વિનાના છે) જ્ઞાન સ્વરૂપી છે. (જ્ઞાનમય છે.) નીરોગી છે. (દ્રવ્ય, ભાવ-કોઈ - રોગ તેમને નથી). મંગલ સ્વરૂપ છે. સિદ્ધશિલાની ઉપર રહેલા છે. અનંત અને નિત્ય એવા આનંદને એ સદા અનુભવે છે.**

**નોંધ :** વેદાન્તમાં આત્માના સુખનું વર્ણન 'નેતિ'ની પદ્ધતિથી કર્યું છે.

જે પરમ-આત્મા બન્યા છે તે આત્માને જન્મનું દુઃખ છે ? ના.

મરણનું દુઃખ છે ? ના.

રોગ છે ? ના.

શોક છે ? ના.

સંસારની બધી બાબતોનું ત્યાં શૂન્ય છે. ત્યાં તે બાબતોની જરૂર પણ નથી. કેમ કે તે આત્માઓને તેમની ઇચ્છા જ નથી. ઇચ્છા એ ચળ છે. ચળ ઊપડે તો તે ખણવા માટે કશુંક સાધન-નખ, સળી વગેરેની જરૂર પડે.

આ જગતનું સૌથી મોટું દુઃખ ઇચ્છા છે. પરમાત્માને કોઈ વાતની ઇચ્છા નથી. એથી એ ખૂબ સુખી છે. ભોગની બધી ઇચ્છાઓના મૂળમાં 'શરીર' કારણ છે. એ ભોગોને ભોગવવા માટેનું ઘર (ભોગાયતન) છે. તે શરીર સિદ્ધ પરમાત્માને નથી. આથી ભોગો નથી. ભોગો ભોગવવાની ઇચ્છા પણ નથી.

ઇચ્છાનો અભાવ થતાં આત્મામાં સહજ રૂપે રહેલો આનંદ બહાર આવે છે. આનંદ તો આત્મામાં સ્વયંભૂ રીતે પડેલો જ છે; પણ ઇચ્છા વગેરેના કારણે તે રૂંધાય છે.

આપણા દૈનિક જીવનમાં આત્માનંદને આપણે વારંવાર અનુભવતા હોઈએ છીએ.

કોઈ માણસને કેરી ખાવાની ઇચ્છા થઈ. ઇચ્છા થઈ એટલે તે અસ્વસ્થ થયો. તેનું મન, 'કેરી, કેરી, કેરી' કરવા લાગ્યું. તેનો આત્મા શાન્તિથી આત્મામાં-સ્વરૂપમાં-બેઠો હતો તે અશાન્ત થયો. તે કેરીમાં જઈને-પારકે ઘેર જઈને - બેઠો.

એ માણસને ચાર કેરી ખાવાની ઇચ્છા છે. તેને કકડીને ભૂખ પણ લાગી છે. આ ભૂખનું દુઃખ, કેરીની ઇચ્છા(ચળ)નું દુઃખ-આવાં બધાં દુઃખ ભેગાં થયાં છે.

હવે તેને ચાર કેરી ખાવા મળે છે. (આમાં પુણ્યકર્મના ઉદયનો

સહારો મળે તો જ કામ થાય. તે સહારો ન મળે તો કેરીની ઈચ્છા તીવ્ર બનતી જાય; મન હેરાન હેરાન થઈ જાય.)

માણસે એક કેરી ખાધી. એટલે ચાર કેરી ખાવાના દુઃખમાંથી ચોથા ભાગનું દુઃખ ગયું. પછી જ્યારે તેણે બીજી કેરી ખાધી એટલે હવે અડધું દુઃખ ઓછું થયું. જેમ જેમ જેટલી જેટલી તૃપ્તિ થતી જાય તેટલો તેટલો આનંદ આવતો જાય.

જ્યારે તેણે ચાર કેરી ખાધી. હવે તેને કેરી ખાવાની લગીરે ઈચ્છા રહી નથી. હવે તે એકદમ તૃપ્ત થયો છે. ત્યારે તેનો આનંદ અપૂર્વ ઊભરાય છે. આ આનંદ તે આત્માની વસ્તુ છે. આવો આનંદ સંસારી જીવો, તે તે તૃપ્તિની પળે રોજ - વારંવાર અનુભવતા હોય છે.

પણ આ રીતે મળતો આત્માનંદ એટલા માટે ઈચ્છવા જેવો નથી કે તે વારંવાર જતો રહે છે.

છ કલાક પછી સંડાસ જઈ આવ્યા બાદ ભૂખ ઉત્પન્ન થતાં તે માણસને ફરીથી કેરી વગેરે ખાવાની ઈચ્છા સળવળે છે. આ ઈચ્છા એ અતૃપ્તિ છે. એ ચળ છે. એ દુઃખ છે. એ ત્રાસ છે.

હવે જ્યાં સુધી એ માણસ ફરીથી કેરી વગેરે ખાઈને તૃપ્ત નહિ થાય ત્યાં સુધી તો બેચેન રહેશે. તે દુઃખી રહેશે. તેનો આત્મા સ્વઘર છોડીને કેરીના પરઘરમાં ચાલ્યો જશે.

ના...... પરઘરમાં આત્માનું અવસ્થાન એ સુખ નથી જ. એ વખતે સુખ જણાતું હોય તો તે સુખાભાસ છે. સુખની ભ્રાન્તિ છે. સ્વઘરમાં આવીને આત્માનું પાછા ફરવાનું થવું એ જ વાસ્તવિક સુખ છે. આત્માનો આનંદ છે.

બેશક; કેરી ખાવા દ્વારા મળતી તૃપ્તિ એ આત્માનો આનંદ છે. પરન્તુ તે ઈચ્છવા જેવો નથી કેમ કે તેમાં કેરી વગેરે(ઉપાધિ)ની જરૂર પડે છે. વારંવાર પરઘરમાં જવાનું અને પછી સ્વઘરમાં થોડીક પળો માટે આવવાનું એ બરોબર નથી.

પહેલાં ભૂખ ઊભી કરો. પછી તેનાથી હેરાન થાઓ. પછી પુણ્યોદયે કેરી પામો. ખાઓ. તૃપ્ત થાઓ.

ફરી ભૂખ, ફરી આ બધી રામાયણ પછી તૃપ્તિ.

આ તૃપ્તિ જ ઈચ્છનીય છે. આ તૃપ્તિ એ જ આત્માનંદની અનુભૂતિ છે. પણ આવી રીતે મળતી તૃપ્તિ ઈચ્છવા જેવી નથી.

મોક્ષ પામેલો આત્મા સદાનો તૃપ્ત છે. એને કેરી વગેરે કોઈ પણ પદાર્થની જરૂર પડતી નથી. એ સ્વયં, સફળ રીતે તૃપ્ત હોય છે : તૃપ્તિનો આનંદ સદા માટે અનુભવે છે. એને કેરી ખાવાની ઈચ્છા જ થતી નથી. એટલે એ બધી રામાયણ ઊભી થતી નથી.

સંસારમાં કેટલાક માણસોને કેરી જરા ય ભાવતી નથી. તે માણસોને કેરીની જરૂર પડતી નથી. કેટલાક માણસોને સ્ત્રીની વાસના થતી નથી તો તેને સ્ત્રીની જરૂર પડતી જ નથી.

સિદ્ધભગવંતોને તમામેતમામ પરપદાર્થની ઈચ્છા નથી. માટે તમામેતમામ પરપદાર્થોની તેમને જરૂર નથી. પરપદાર્થોનો ભોગ કર્યા પછી મળતી ક્ષણિક તૃપ્તિ એમને તો તે ભોગ કર્યા વિના સદા માટે હોય છે.

દુ:ખનો અભાવ થવો એ આનંદ નથી પરન્તુ આનંદ પામવામાં સહાયક તત્ત્વ છે. દુ:ખનો અભાવ થતાં જ આત્મામાં જે આનંદ છે તે પ્રગટ થાય છે. દુ:ખથી દબાયેલો આનંદ, દુ:ખનું આવરણ દૂર

થતાં પ્રગટ થાય છે.

આ આનંદ સંસારમાં પણ તૃપ્તિની પળોમાં અનુભવાય છે. પણ તે ક્ષણજીવી હોવાથી, પરપદાર્થને સાપેક્ષ હોવાથી, કર્મોની અનુકૂળતાનો અર્થી હોવાથી જરા ય ઈચ્છનીય નથી.

કેટલાક કહે છે કે, ''કેરી, સ્ત્રી વગેરે વિનાના મોક્ષમાં આનંદ શી રીતે હોઈ શકે ?'' આ પ્રશ્ન હવે ઊભો થશે નહિ.

એમને એ વાત પણ કહેવી જોઈએ કે, ''જ્યારે તમે ઘસઘસાટ ઊંઘતા હોય છે તે અવસ્થામાં આનંદ હોય છે કે નહીં ! જવાબ હકારમાં હોય છે. એટલું જ નહિ પણ એ આનંદની અનુભૂતિ એટલી સુંદર હોય છે કે તે માણસને સવારે કોઈ ઉઠાડે તો ઊઠવા-પ્રિયતમ ચા પીવા પણ - તૈયાર હોતો નથી.

આ ઊંઘમાં જે આનંદની અનુભૂતિ છે. તે કેરી વગેરે કયા પરપદાર્થને સાપેક્ષ છે ? એકે ય પરપદાર્થની અનુભૂતિ વિના તે આનંદ અનુભવાતો હોય છે.

તો હવે એ સવાલ ઊભો થઈ શકે નહિ કે કેરી, સ્ત્રી વગેરે વિના આનંદાનુભૂતિ મોક્ષમાં શી રીતે થતી હશે ?

વળી, સંસારત્યાગી સાચા શ્રમણો મોક્ષના જ આનંદની ઝાંખી કરતા જ હોય છે. તેઓ કેરી, સ્ત્રી વગેરેની સહાયથી આનંદિત નથી. કાંઈ પણ સંસારી જીવના ઉત્કૃષ્ટ કક્ષાના ભોગાનંદ કરતાં અનંતગુણ આનંદ તે મહાત્માઓ અનુભવે છે. એકદમ પ્રતિકૂળ ગણાતા સંયોગોની વચ્ચે પણ તેઓ કલાકો સુધી જે ચિત્તપ્રસન્નતા ફાટ ફાટ અનુભવતા હોય છે તે નકરો મોક્ષાનંદ છે.

પણ સબૂર ! આ પણ આનંદ સંસારી જીવોના કેરીની તૃપ્તિના આનંદ જેવો અ-શાશ્વત છે. છેવટે મૃત્યુ દ્વારા તે આનંદમાં ભંગ પડે

જ છે. આથી જ આત્માનંદનો આસ્વાદ લઈ ચૂકેલા એ મહાત્માઓ સદાતન આત્માનંદના મોક્ષને ઝંખતા હોય છે.

અનાદિકાળથી જીવ ભોગસામગ્રીની સહાયથી જ તૃપ્તિનો આત્માનંદ અનુભવે છે એટલે તે એ વાતની કલ્પના પણ કરી શકતો નથી કે ભોગસામગ્રીના અભાવવાળી સિદ્ધશિલામાં જીવને આનંદ મળી શકે.

આ જ કારણે સંસારરસી જીવો મોક્ષ ઈચ્છતા નથી. તેમને અસાંયોગિક સુખવાળા મોક્ષનું અસ્તિત્વ જ કબૂલ નથી.

જેને મોક્ષ પ્રામવાની ઈચ્છા ન થાય તે ગમે તેટલો ધર્મ કરે તો ય તેનાથી મોક્ષ કદાપિ મળી શકે પણ નહિ.

બાકી જો તૃપ્તિના ક્ષણિક આનંદની અનુભૂતિ કર્યા બાદ તે આનંદ શાશ્વતકાળ માટે મેળવવાની ભાવના જાગી જાય તો તે આત્માએ સાધુ થવું જોઈએ. સાધુ-જીવનની સાધના શીઘ્ર કર્મક્ષયકારિણી હોવાથી મોક્ષપ્રાપ્તિ શીઘ્ર થાય છે. ગજસુકુમાળને એક જ ભવમાં મોક્ષ પામવો હતો તો એક જ ભવમાં મોક્ષ આપતી સાધના કરીને તેમણે મોક્ષ પ્રાપ્ત કરી લીધો.

સાધુ જીવન બાહ્ય રીતે કષ્ટમય છે. પરન્તુ સમ્યગ્જ્ઞાનદશાને લીધે તે કષ્ટમય જીવન આનંદમય બને છે. શૂળીની સજાઓ સોયમાં પતતી હોય ત્યાં સોયનું દુઃખ આનંદરૂપ જ બને ને ?

એક વાર આ કષ્ટરૂપ દેખાતી સાધના થઈ જાય તો પછી કાયમની કેવી નિરાંત ! અજર, અમર, અવ્યાબાધ, અનંત એવો આનંદ સદા માટે મળ્યા જ કરે.

**येनैवाराधितो भावात् तस्यासौ कुरुते शिवम् ।**
**सर्वजन्तुसमस्यास्य न परात्मविभागिता ॥ २० ॥**

**પરમાત્માને, "આ મારો છે; આ પારકો છે." એવો ભેદભાવ હોતો નથી. તેમને તો સર્વ જીવો એકસરખા છે. એટલે જે જીવ તેમનું ભાવથી આરાધન કરે છે તેનું તે અવશ્ય કલ્યાણ કરે છે.**

**નોંધ :** વરસાદ બધે સરખો પડે છે : ઝૂંપડા ઉપર કે રાજમહેલ ઉપર.

પરમાત્માને મારા-તારાનો કોઈ ભેદભાવ નથી. જે આત્મા પરમાત્માની આરાધના કરે તે આત્મા બધી રીતે સુખી થાય. જે પરમાત્માને આરાધે નહિ તે બધી રીતે દુઃખી થાય. ના.... પણ તેથી એમ ન કહેવાય કે ભગવાને તે જીવને સુખી કર્યો કે દુઃખી કર્યો.

અજૈન દર્શનોની ઈશ્વર અંગેની જે માન્યતા છે તેનો અહીં પ્રતિવાદ કરવામાં આવ્યો છે. ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે, "હું ભક્તોના લાભ માટે અને મારા શત્રુઓના વિનાશ માટે ધરતી ઉપર ફરી ફરીને જન્મ લેતો હોઉં છું."

ભગવાનને વળી ભક્ત કેવો ? અને શત્રુ કેવો ?

જ્યારે પરમાત્મા મહાવીરદેવની નિર્વાણની પળ સાવ નજીક આવી ગઈ ત્યારે ઇન્દ્રે જ્ઞાનબળથી જાણ્યું કે 'નિર્વાણની પળ વીતી ગયા બાદ - તરત - ભસ્મગ્રહ ઉદય પામવાનો છે. જો પ્રભુ એક પળનું પોતાનું આયુષ્ય વધારે તો તેમની અસ્તિત્વરૂપ નજરથી તે ગ્રહની આસુરી તાકાત તૂટી જાય.'

ઇન્દ્રે પરમાત્માને વિનંતી કરી. પ્રભુએ તેમ કરવાનું અશક્ય

જણાવીને કહ્યું, ''દેવેન્દ્ર ! જે કાળે જે બનવાનું હશે તે બનીને જ રહેશે. તે નિયતિ છે. તેને હું પણ મિથ્યા કરી શકું તેમ નથી.'' આટલો તફાવત છે, સ્વ-પર ધર્મોના પ્રણેતાઓ વચ્ચે.

જો પ્રભુ વીર, કૃષ્ણાદિ જેવા હોત તો ભક્ત શ્રેણિકને નરકે જવા ન દેત, અને દુષ્ટ ગોશાલકને સ્વર્ગે જવા ન દેત.

વીતરાગ તે વીતરાગ !

સરાગ તે સરાગ !

પરમાત્માને તો 'મારો-તારો' વિભાગ હોય જ નહિ પરન્તુ એમના ચીંધ્યા રત્નત્રયીના માર્ગે ચાલતાં મહામુનિઓના અંતરમાં ય 'મારો-તારો' વિભાગ હોતો નથી. આથીસ્તો તેમને 'ક્ષમાશ્રમણ' કહેવામાં આવે છે.

**कृतकृत्योऽयमाराद्धः स्यादाज्ञापालनात् पुनः ।**
**आज्ञा तु निर्मलं चित्तं कर्त्तव्यं स्फटिकोपमम् ॥ २१ ॥**
**ज्ञानदर्शनशीलानि पोषणीयानि सर्वदा ।**
**रागद्वेषादयो दोषा हन्तव्याश्च क्षणे क्षणे ॥ २२ ॥**
**एतावत्येव तस्याज्ञा कर्मद्रुमकुठारिका ।**
**समस्तद्वादशांगार्थसारभूताऽतिदुर्लभा ॥ २३ ॥**

કૃતકૃત્ય બનેલા આ પરમાત્માની આરાધના (પૂજા) કરવી હોય તો તેમની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવું જોઈએ.

ભગવાનની મુખ્ય એક જ આજ્ઞા છે કે, 'હે જીવ !

(૧) તું તારું ચિત્ત સ્ફટિક જેટલું નિર્મળ રાખ;

**(૨) આવી સિદ્ધિ પામવા માટે તું સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપી રત્નત્રયીને તારા જીવનમાં આત્મસાત્ કર.**

**(૩) તે માટે તું તારા રાગાદિ દોષોને પ્રત્યેક પળે ખતમ કરતો રહે."**

**ભગવાનની આટલી જ આજ્ઞા છે.**

**આજ્ઞા કર્મરૂપી વૃક્ષને જડમૂળથી ઉખેડી નાંખતી કુહાડી છે.**

**સમસ્ત દ્વાદશાંગીનો આ સાર છે.**

**ભવચક્રમાં જીવને ક્વચિત જ આજ્ઞાપાલનની સૌભાગ્યવંતી તક પ્રાપ્ત થતી હોય છે.**

**નોંધ :** ભગવાનની આરાધના કરવી હોય (વ્યવહાર ભાષામાં) તો ભગવાનની આજ્ઞાનું પાલન કરવું જોઈએ.

આજ્ઞાનું પાલન એ જ ભગવાનની સાચી અને શ્રેષ્ઠ ભક્તિ છે.

ભગવાનની આજ્ઞા એક જ છે, "તું તારા ચિત્તને એકદમ નિર્મળ કર."

આપણને ભગવાન વહાલા છે.

ભગવાનને જીવો વહાલા છે.

પણ તેથી ય વધુ વહાલી તો ભગવાનને આત્મશુદ્ધિ છે.

"દરેક આત્મા દોષોના મળને અને કર્મોનાં જાળાંને તમામ પ્રદેશો ઉપરથી ઉખેડી નાંખે." આવી એક જ ભગવાનની આજ્ઞા છે.

ભગવાનનો તારક આત્મા જ્યારે વીતરાગ થયો અને પછી તરત સર્વજ્ઞ થયો ત્યારે તેમણે સકળ જીવોના તમામ દુ:ખોનું મૂળ

જોયું. તે હતું, આત્માની અશુદ્ધ અવસ્થા.

આત્માના અસંખ્ય પ્રદેશો અનંત કાર્મણવર્ગણાઓથી દબાવાયેલા છે, અને અનંત દોષોથી ઘેરાયેલા છે, આના કારણે અનાદિકાળથી આનંદસ્વરૂપ આત્મા શોકમગ્ન છે. સુખમય આત્મા દુઃખી બન્યો છે. અજન્મા, અજર, અમર, અરૂપ પોતાના તે તે સ્વરૂપોને ખોઈ બેઠો છે.

આ તમામ સ્થિતિમાંથી તમામ જીવોને બહાર લાવવાની પૂર્વના ત્રીજા ભવની એ તારક આત્માની કરુણા ભાવના હતી. તેના કારણે તેણે તીર્થંકર નામકર્મ બાંધ્યું. જ્યારે તે કાર્યાન્વિત (ઉદય-પ્રાપ્ત) થયું ત્યારે પ્રભુએ જગતના જીવોને દેશના આપી. તેમની મુખ્ય વાત એક જ હતી, ''તમે શુદ્ધ થાઓ. બધા પ્રશ્નોનો ઉકેલ આ શુદ્ધિમાં પડેલો છે.''

પ્રભુ આ જ આજ્ઞાને વિસ્તારીને આગળ કહે છે કે, ''જો તારે શુદ્ધિ પામવી હોય તો રત્નત્રયીની આરાધના કર. અને જો તારે તે આરાધનાને સફળ કરવી હોય તો તારા રાગાદિસ્વરૂપ આન્તર-શત્રુઓ તરફ લાલ આંખ કર.''

સૌપ્રથમ લાલ આંખ કર, પછી આરાધના કર. તને નિશ્ચિતપણે શુદ્ધિ પ્રાપ્ત થશે.'' અભવી વગેરે જીવો લાલ આંખ કરતા નહિ હોવાથી તેમની રત્નત્રયીની આરાધના સફળ થતી નથી. તેથી તેમને શુદ્ધિ મળતી નથી.

ભગવાનને વહાલા જીવો છે. આપણને જીવો ક્યારે વહાલા થશે ?

ભગવાનને એથી પણ વધુ વહાલી શુદ્ધિ છે. આપણને શુદ્ધિ ક્યારે વહાલી થશે ?

જેને ભગવાન વહાલા હોય અને ભગવાનની આજ્ઞા - ચિત્તશુદ્ધિ પામવાની - વહાલી ન હોય તેને વસ્તુતઃ ભગવાન વહાલા છે એમ ન કહેવાય.

ભગવાન અને ભગવાનની આજ્ઞાનો અભેદ છે. જેના હૈયે આજ્ઞા છે એના હૈયે ભગવાન છે. આજ્ઞા વહાલી લાગવા સિવાય ભગવાન વહાલા લાગવા એ ભ્રમ છે. એવા જીવે આ બાબતમાં ઊંડું ચિંતન કરીને તે ભ્રમ દૂર કરવો જોઈએ.

વળી, જેને ચિત્તશુદ્ધિ વહાલી બને તેને તેનું સાધન રત્નત્રયીની આરાધના વહાલી બને જ. અને તેમાં વિઘ્ન ઊભા કરતાં રાગાદિ દોષો દવલા બને જ. એમની તરફ તેને ધિક્કારભાવ સતત રહ્યા કરે.

નિશ્ચયનયની દૃષ્ટિએ ચિત્તશુદ્ધિ એ જ પરમાત્માની આજ્ઞા છે. પણ વ્યવહારનયની દૃષ્ટિએ રત્નત્રયીની આરાધના છે, કેમ કે રત્નત્રયીની આરાધના વિના ચિત્તશુદ્ધિ સંભવિત નથી. એ આરાધનાઓનું સંયોજન એવા પ્રકારનું છે કે તેનાથી વિરાધનાઓને સો ગાઉનું છેટું પડી જાય છે. અશુભ નિમિત્તો નજરમાં આવતા નથી.

એટલે જેણે ચિત્તશુદ્ધિ કરવાની વહાલા પ્રભુની આજ્ઞા પાળવી હોય તેણે રત્નત્રયીની આરાધના સ્વીકારવી જોઈએ. હા... અહીં પણ હજી એક તત્ત્વ ઉમેરવાનું છે. તેના વિનાની રત્નત્રયીની આરાધના ચિત્તશુદ્ધિની આજ્ઞાની પાલક બની શકતી નથી. એ તત્ત્વ છે, રાગાદિ દોષો પ્રત્યે તીવ્ર ધિક્કારભાવ.

આરાધનાઓથી વિરાધનાઓ હટે. પરન્તુ વિરાધકભાવો તો આરાધકભાવથી જ હટે. રાગાદિ દોષો પ્રત્યેનો ધિક્કારભાવ એ પાયાનો આરાધકભાવ છે.

**विश्वस्य वत्सलेनापि त्रैलोक्यप्रभुणाऽपि च ।**
**साक्षाद् विहरमाणेन श्रीवीरेण तदा किल ॥ २४ ॥**

**त एव रक्षिता दुःखभैरवाद् भवसागरात् ।**
**इयं यैः स्वीकृता भक्तिनिर्भरैरभयादिभिः ॥ २५ ॥**

**यैस्तु पापभराक्रान्तैः कालशौरिकादिभिः ।**
**न स्वीकृता भवाम्भोधौ ते भ्रमिष्यन्ति दुःखिताः ॥ २६ ॥**

જ્યારે વિશ્વવત્સલ ત્રિલોકનાથ પરમાત્મા મહાવીરદેવ આ ધરતી ઉપર વિચરતા હતા ત્યારે દુઃખોના અસ્તિત્વથી ભયાનક બનેલા આ ભવસાગરમાંથી તે પ્રભુભકત અભયકુમારાદિ જ ઊગરી ગયા જેમણે પરમાત્માની આજ્ઞાને શિરસાવંદ્ય કરી.

પુષ્કળ પાપનાં પોટલાં બાંધી ચૂકેલા કાલસૌરિક કસાઈ વગેરે જે લોકોએ પરમાત્માની આજ્ઞાને સ્વીકારી નહિ તે બિચારાઓ આ ભવસાગરમાં અત્યન્ત દુઃખી થઈને ભટકતા રહેવાના છે.

નોંધ : ભગવાન વિશ્વમાત્રના સર્વ જીવો ઉપર-ના.... માત્ર ભવ્ય જીવો નહિ; અભવ્ય જીવો ઉપર પણ - કરુણાર્ત્ત છે. સર્વ જીવોને તારવાની ભાવનાથી ભાવિત છે. તેઓને કોઈ જીવ પોતાનો દુશ્મન નથી. સર્વ જીવો એકસરખા મિત્ર છે. આથી જ પોતાને ત્રાસ દેવામાં લગીરે કચાશ નહિ રાખનારા સંગમક જેવા અભવી જીવના પણ અતિ ભયાનક ભાવિને નજરમાં લાવતાં ધ્રૂજી ગયા હતા.

એમની આંખો એના પ્રત્યેની દયાથી પ્રેરાઈને છલકાઈ ગઈ હતી.

સૂર્ય સર્વત્ર પ્રકાશ પાથરે છે. પણ જે ઘુવડ આંખો બંધ રાખીને બેસે છે તેને તે પ્રકાશનો લાભ મળતો નથી. જો તે પણ આંખ ઉઘાડીને રહે તો તેને પણ સૂર્ય પ્રકાશનો બધો લાભ આપવા તૈયાર જ બેઠો છે.

બારી બંધ કરે તેના ખંડમાં પવન શી રીતે પ્રવેશ કરે ? બાકી પવન તો ત્યાં ય પેસી જવા માટે સજ્જ બનીને રહેલો છે. જો બારી ઊઘડી તો પવન પેઠો જ છે.

ભગવાનની કમાલ તો એ છે કે એમને કોઈ ઇચ્છા પણ કરવી પડતી નથી કે હું તેને તારું. હું તેને સુખી કરું, હું તેને રોગમુક્ત કે દુઃખમુક્ત કરું.

ભગવાનનું ભગવાન તરીકેનું અસ્તિત્વ જ એવું જબરું છે કે જે તેની અભિમુખ થાય તે તરી જાય, સુખી થાય, દુઃખાદિથી મુકત થઈ જાય.

સૂર્ય કદી એવી ઇચ્છા કરતો નથી કે મારા ઉદય દ્વારા હું જગતના જીવોની આળસ ખંખેરું, તેમને પ્રકાશનું દાન કરું.

અગ્નિ કદી એવી ઇચ્છા કરતો નથી કે કડકડતી ઠંડીમાં હું બીજાની ટાઢ ઉડાડું.

જે આંખ ઉઘાડે તેને સૂર્ય પ્રકાશ દે.

જે અગ્નિ પાસે વિધિસર બેસે તેને અગ્નિ ગરમી દે જ.

ભલા ! જે સંત પુરુષની દુવાથી જ શરણાગતનું દુઃખ દૂર થતું

હોય તેણે દવા દેવાની જરૂર રહે ખરી ?

બારણું ઠોકતાં જ ઊઘડી જતું હોય ત્યાં બારણું ખોલવા માટે માણસની જરૂર ખરી ?

આથી જ પરમાત્માને જગતના જીવોના હિત કાજે, અહિત નિવારણ કાજે ધરતી ઉપર અવતાર લેવાની જરૂર રહેતી નથી.

જૈન દર્શનને અવતારવાદ માન્ય નથી. જાણે કે ભગવાન કહે છે, ''તમારા આત્માનું એકાન્તે હિત સાધી આપતી મારી વાતોને- મારા ઉપદેશને - મારી આજ્ઞા સમજીને તમે ભાવપૂર્વક પાળો. તમારો બેડો પાર થઈ જશે. મારે કશું કરવાનું રહેતું નથી.''

ભગવાન કહે છે, ''કાલસૌરિક કસાઈ, સંગમક દેવ, ગોશાળો વગેરે બધા મારા પરમ મિત્રો છે. મને કોઈ પ્રત્યે લેશ પણ દ્વેષ થતો જ નથી. તેઓ પણ જો આજ્ઞાની આરાધના કરે તો તેમનોય બેડો પાર થઈ જાય. એ બધા આત્માઓ અસલમાં મારા જેવા જ પરમાત્મા છે. મારા પ્રગટ થયેલા અનંત જ્ઞાનાદિ ગુણો તેમનામાં તે જ સ્વરૂપે તિરોહિતભાવે રહેલા છે.

ના..... અભયકુમાર; ઇન્દ્રભૂતિ, ગૌતમ, ચંદનબાળા વગેરે કરતાં તેમનામાં જરાક પણ ફરક મન્ને જણાયો નથી. આ આત્માઓએ આજ્ઞા પાળી એટલે જ તેમનું હિત થયું. પણ આમાં મેં કોઈ પક્ષપાત કર્યો નથી. જો તેઓ પણ આજ્ઞા પાળે તો તેમનું ય નિશ્ચિતપણે હિત થાય.

**सर्वजन्तुहिताऽऽज्ञैवाज्ञैव मोक्षैकपद्धतिः ।**
**चरिताऽऽज्ञैव चारित्रमाज्ञैव भवभञ्जनी ॥ २७ ॥**

**આજ્ઞા જ સર્વજીવોનું હિત કરનારી છે. આજ્ઞા જ મોક્ષનો એકમાત્ર માર્ગ છે. આચરણમાં મૂકેલી આજ્ઞા જ ચારિત્ર-ધર્મ છે. આજ્ઞા જ ભવભ્રમણને ખતમ કરનારી છે.**

**નોંધ :** પરમાત્માની જે આજ્ઞા છે તે સર્વ જીવોનું હિત કરનારી છે. ભગવાન કહે છે કે "કોઈ પણ જીવનું તમે કોઈ પણ પ્રકારનું અહિત ન કરો. તેની કોઈ પણ પ્રકારની હિંસા ન કરો. તેમના પ્રત્યે ઉત્કૃષ્ટ કોટિનો કરુણાભાવ રાખો."

આવી આજ્ઞાના પાલનથી જગતના સર્વ જીવોને અભયદાન મળે. આ કેટલું મોટું વિશ્વહિત કહેવાય !

વળી, પોતાનું પણ એકાન્તે હિત થાય. જે જીવ ભગવાનની આજ્ઞા પાળે એની કદી દુર્ગતિ થાય નહિ; એ કદી દુઃખી થાય નહિ. એને નિકટના કાળમાં મોક્ષની પ્રાપ્તિ થાય.

ભગવાનની આજ્ઞાનું પાલન એ જ ચારિત્ર ધર્મ છે. આજ્ઞા બાહ્ય એવું ઊંચામાં ઊંચું આચરણ પણ ચારિત્રધર્મ કહેવાય નહિ.

જ્યાં ભગવાનની આજ્ઞા જોડાતી નથી તે ધ્યાન, તપ, સ્વાધ્યાય વગેરે તમામ મોક્ષપ્રાપક બની શકતા નથી.

ભગવાન, વૈદ્ય જેવા છે. વૈદ્ય બધાને રોગમુક્ત કરવાની તીવ્ર ભાવનાવાળા હોય. તેમને જે દુશ્મન માનતો હોય તેને પણ રોગમુક્ત કરવાની ભાવનાવાળા હોય.

પણ સબૂર ! વિધિસર દવા તો લેવી જ પડે.

પછી દુશ્મન હોય તો ય તે સારો થઈ જાય. અને દવા ન લે તો દોસ્ત પણ સારો ન થાય.

**इयं तु ध्यानयोगेन भावसारस्तुतिस्तवैः ।**
**पूजादिभिः सुचारित्रचर्यया पालिता भवेत् ॥ २८ ॥**

ભગવંતની આજ્ઞાનું પાલન અનેક રીતે થાય છે. નીચેના ક્રમથી તે તે આજ્ઞાપાલન વધુ ને વધુ ઉચ્ચ પ્રકારનું બને છે.

(૧)વહાલા બનેલા ભગવંતની ભાવપ્રધાન સ્તુતિ કરવી. સ્તવનો બોલવા.

(૨)તેમનું ભાવપૂર્વક અષ્ટપ્રકારી પૂજન કરવું.

(૩)તેમણે બતાડેલા સર્વવિરતિ માર્ગે વિશુદ્ધ રીતે ચાલવું.

(૪)અપ્રમત્તભાવની (સાતમા ગુણસ્થાનની) સ્પર્શના વખતોવખત કરવી.

પરમાત્માની સાથે એકતાન થવાનો સૌથી સરળ ઉપાય તેમના સ્તવન-કીર્તન વગેરે છે. શક્ય હોય તો રાગ સાથે ગાવાથી તે સ્તવનાઓમાં ભાવવિભોર બનાય છે.

આના કરતાં ચડિયાતું પરમાત્માનું અષ્ટપ્રકારી પૂજન છે. પૂજનની તે તે પ્રક્ષાલ વગેરે સ્વરૂપ ક્રિયાઓ કરતાં ભાવવૃદ્ધિ સહજ રીતે થવા લાગે છે.

એથી ચડિયાતો આરાધનાનો માર્ગ તે રત્નત્રયીનો સ્વીકાર અને તેનું પાલન છે. એ પાલન કરતાં કરતાં જે અપ્રમાદ અવસ્થાની પ્રાપ્તિ થાય તે આરાધનાનો સર્વોત્કૃષ્ટ પ્રકાર છે.

**आराधितोऽस्त्वसौ भावस्तवेन व्रतचर्यया ।**

**तस्य पूजादिना द्रव्यस्तवेन तु सरागता ॥ २९ ॥**

**સર્વવિરતિ-ધર્મનો સ્વીકાર એ ભાવસ્તવ છે. તેના વડે પરમાત્માની આરાધના થાય છે. અને અષ્ટપ્રકારી પૂજન એ દ્રવ્યસ્તવ છે. તેના વડે પરમાત્માની ભક્તિ થાય છે.**

**નોંધ :** પરમાત્માનું ગૃહસ્થ દ્વારા થતું અષ્ટ પ્રકારી પૂજન એ પ્રાથમિક કક્ષાની પ્રભુભક્તિ છે. એને દ્રવ્યસ્તવ કહેવાય છે. એમાં સાવદ્યતા છે. પરમાત્માની ઉત્કૃષ્ટકક્ષાની ભક્તિ એ પરમાત્માનું આજ્ઞાપાલન છે. તે સર્વવિરતિધર્મના સ્વીકાર સ્વરૂપ છે. તે ભાવસ્તવ કહેવાય છે. તેમાં નિરવદ્યતા હોય છે.

ભાવસ્તવરૂપી પ્રભુભક્તિ કરતા આત્માને સાવદ્ય એવી દ્રવ્યસ્તવરૂપી ભક્તિ કરવાની હોતી નથી. ગૃહસ્થ પણ જો પૌષધવ્રત રૂપી વિરતિમાં કાયમ રહે તો તેને દ્રવ્યસ્તવરૂપ અષ્ટપ્રકારી પૂજનસ્વરૂપ ભક્તિ આવશ્યક રહેતી નથી.

ગૃહસ્થના ધર્મી જીવનમાં દ્રવ્યસ્તવ વિશેષ હોય છે, ભાવસ્તવ અલ્પ હોય છે. જાણે કે સોનાની આંખોવાળો ચાંદીનો હાથી.

સાધુના સર્વવિરતિ જીવનમાં ભાવસ્તવ પ્રધાનપણે હોય છે, દ્રવ્યસ્તવ અલ્પ હોય છે. જાણે કે ચાંદીની આંખોવાળો સોનાનો હાથી.

ભાવસ્તવની પાસે દ્રવ્યસ્તવ બહુ નાની ભક્તિ કહેવાય. રૂપિયાની સામે એક પૈસો.

ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવરૂપ પ્રભુભક્તિ દાખવીને ઇન્દ્રે દશાર્ણભદ્રની પ્રભુભક્તિને હેઠ કરી દીધી હતી. પણ રાજા દશાર્ણભદ્રે ભાવસ્તવ રૂપ સર્વવિરતિ ધર્મના સ્વીકાર રૂપ પ્રભુભક્તિ પ્રગટ કરીને ઇન્દ્રને ઝુકાવી દીધો હતો.

**चिन्तामण्यादिकल्पस्य स्वयं तस्य प्रभावतः ।**
**कृतो द्रव्यस्तवोऽपि स्यात् कल्याणाय तदर्थिनाम् ॥ ३० ॥**

**દ્રવ્યસ્તવ પણ ચિન્તામણિ રત્નસમો છે. તેના પ્રભાવથી મોક્ષાર્થી પૂજકોને મોક્ષ પ્રાપ્ત થાય છે.**

**નોંધ :** દ્રવ્યસ્તવ એ ભાવસ્તવની અપેક્ષાએ બહુ નાનકડો હોવા છતાં તેનો પ્રભાવ જરા ય ઓછો આંકવો નહિ. જે તેને સેવે છે તેને અચિન્ત્ય ફળોની પ્રાપ્તિ થાય છે. મોક્ષપ્રાપ્તિ જેવું સર્વોત્કૃષ્ટ ફળ તે આપી શકે છે. જ્યાં સુધી તે ન મળે ત્યાં સુધી સંસારના ઉત્કૃષ્ટ ભોગસુખો-અનાસક્તિની સાથે-આપવાનું તેનું અપ્રતિહત સામર્થ્ય છે.

ગૃહસ્થો દ્વારા થતા દ્રવ્યસ્તવના લાભો પ્રાપ્ત કરવા માટે સાધુઓ તેની અનુમોદના કરે છે. એ માટે 'અરિહંતચેઈઆણં'નો એક નવકારનો કાઉસગ્ગ કરે છે.

અનેક દોષોની સંભાવનાને લીધે સાધુઓને સ્નાન નિષિદ્ધ છે. સ્નાન વિના તેઓ દ્રવ્યસ્તવ કરી શકતા નથી. પરન્તુ તે દ્રવ્યસ્તવનો બધો લાભ લેવા માટે અનુમોદના અવશ્ય કરે છે. હા. દ્રવ્યસ્તવ અન્તર્ગત નિરવદ્ય અંશોની અનુમોદના જ કરે, સાવદ્ય અંશોની નહિ.

**स्वर्गापवर्गदो द्रव्यस्तवोऽत्रापि सुखावहः ।**

**हेतुश्चित्तप्रसत्तेस्तत् कर्तव्यो गृहिणा सदा ॥ ३१ ॥**

**દ્રવ્યસ્તવ પરલોકમાં સ્વર્ગ- મોક્ષ આપે છે એટલું જ નથી. આ લોકમાં પણ તે આરાધનારને ચિત્તની અફાટ પ્રસન્નતા આપે છે. આથી જ ગૃહસ્થોએ તેનું નિત્ય સેવન કરવું જોઈએ.**

નોંધ : દ્રવ્યસ્તવ સદ્ગતિ ઉપર સદ્ગતિની પ્રાપ્તિની પરંપરા ખડી કરે. અન્તે મુક્તિ આપે.

પણ આ તો મરણ પછીની વાત થાય. આ ભવમાં તાત્કાલિક તે ચિત્ત પ્રસન્નતા આપે.

પુણ્યના ભંડાર એવા પરમાત્માનું સ્તવ કરવાથી આત્મા પુણ્યવાન્ બને.

વિશુદ્ધિના ભંડાર એવા પરમાત્માનું સ્તવ કરવાથી આત્મા વિશુદ્ધિમાન્ બને.

આ પુણ્ય અને શુદ્ધિની જોડલી ઉત્તરોત્તર વર્ધમાન બનતી જઈને અન્તે જીવને મોક્ષ આપે.

વળી, સકળ અશુભ આચારો, વિચારો અને ઉચ્ચારોથી દ્રવ્યસ્તવની પળો મુકત હોય છે. અશુભ નિમિત્તો પણ દૂર થયા હોય છે. જીવને ચિત્તમાં સંકલેશ પેદા કરનારાં આ બે તત્ત્વો છે. તે દૂર થતાં અને સાથોસાથ શુભ ક્રિયાદિ અને શુભ નિમિત્તો સાથે મનનું જોડાણ થતાં તે સહજ રીતે પ્રસન્ન બને છે. જીવ હળવાશ પામે છે.

જેનું ચિત્ત પ્રસન્ન થાય તેને જ દ્રવ્યસ્તવનું ફળ મળે.

ચિત્તપ્રસન્નતામાંથી સમાધિ, સદ્ગતિ અને મુક્તિની પ્રાપ્તિ થાય.

આવા અનુપમ લાભોનું દાન કરતાં દ્રવ્યસ્તવને સમજુ ગૃહસ્થ કદી વેગળું કરતો નથી.

અઢળક પ્રકારની પુણ્યાઈઓ પ્રાપ્ત થાય : ધન, વૈભવ વગેરે બધું મળે પણ તેમાં ચિત્તપ્રસન્નતા ન મળે તો ? એ પામવા માટે પ્રભુભક્તિ શ્રેષ્ઠ ઉપાય છે.

જેનું ચિત્ત પ્રસન્નતાથી છલકાય છે. તે રોડપતિ પણ કરોડપતિ છે. તે રંક પણ રાય છે. તે દુનિયાનો બેતાજ બાદશાહ છે.

**भवेद् विरतिरप्यस्य यथाशक्ति पुनर्यदि ।**
**ततः प्रक्षरितः सिंहः कर्मनिर्मथनं प्रति ॥ ३२ ॥**

**જો દ્રવ્યસ્તવ કરતાં ગૃહસ્થને સર્વવિરતિરૂપ ભાવસ્તવ પણ પ્રાપ્ત થઈ જાય તો તો કમાલ થઈ ગઈ !**

**તે ગૃહસ્થ કર્મોનો ઘાત કરવા માટે વિફરેલો સિંહ બની જાય.**

નોંધ : દ્રવ્યસ્તવરૂપ ભક્તિથી ચારિત્ર મોહનીય કર્મનો જબરજસ્ત હ્રાસ થાય. તેમ થતાં તે ગૃહસ્થને સર્વવિરતિ ધર્મ પ્રાપ્ત થાય.

ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમ થવા સાથે જે ચારિત્રધર્મની પ્રાપ્તિ થાય તે જ સાચું ચારિત્ર કહેવાય.

જેને ચારિત્ર લેવું છે, પરન્તુ પ્રાપ્ત થતું નથી તેવા મુમુક્ષુએ ગૃહસ્થ જીવનમાં રોજ બેથી ત્રણ કલાકની ભાવભરી પ્રભુભક્તિ

કરવી જોઈએ.

બનતા સુધી આજ ભવે ચારિત્ર ઉદયવર્તી બનશે, નહિ તો છેવટે ગૂર્જરેશ્વર કુમારપાળની જેમ આવતા ભવોમાં તો નિશ્ચિતપણે ચારિત્ર-ધર્મની પ્રાપ્તિ થશે.

દ્રવ્યસ્તવ પ્રધાન સમ્યગ્દર્શન મળે.

ભાવસ્તવ પ્રધાન ચારિત્ર મળે.

પછી મુક્તિને હાથવેંત જેટલું છેટું રહે.

**श्रावको बहुकर्माऽपि पूजाद्यैः शुभभावतः ।**
**दलयित्वाऽखिलं कर्म शिवमाप्नोति सत्वरम् ॥ ३३ ॥**

**અઢળક અશુભ કર્મો કરવાં પડે છે છતાં દેશ-વિરતિધર શ્રાવક દેવાધિદેવની દ્રવ્યસ્તવરૂપી ભક્તિના શુભ ભાવથી સકળ કર્મોને ક્ષય કરીને સત્વર મોક્ષ પામી શકે છે.**

**નોંધ :** ભાવસ્તવથી સાક્ષાત્ મોક્ષ મળે, કિન્તુ દ્રવ્યસ્તવથી પણ મોક્ષ મળે. દ્રવ્યસ્તવ એ ભલે ભાવસ્તવની અપેક્ષાથી હેઠ ગણાતું હોય પણ તેની તાકાત જરા ય ઓછી નથી. ખરેખર તો ભાવસ્તવ રૂપી સર્વવિરતિ ચારિત્રની પ્રાપ્તિ માટે જે ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમની જરૂર પડે છે તેની પ્રાપ્તિ દ્રવ્યસ્તવથી સહેલાઈથી થાય છે. આ પ્રાપ્તિ ન કરીને જેઓ ચારિત્રનો વેષ ધારણ કરે છે તેઓ સાચા અર્થમાં ચારિત્રધર્મનું પાલન કરી શકતા નથી. તેમના એશારામી જીવનને જોતાં એવું કહેવાનું મન થઈ જાય કે એ આત્માઓ સંસારમાં જે શાતા વેદનીય કર્મના ઉદયથી મળતું સુખ

ભોગવી ન શકે તે સુખ સાધુ વેષ ધારણ કરીને ભોગવતા હોય છે.

શાતાવેદનીય કર્મના ઉદયથી પ્રાપ્ત થતા સુખવાળા ઔદયિક ભાવનો આનંદ માણતા ચારિત્રધર્મના વેષની કોઈ કિંમત નથી. ચારિત્રધર્મ તો મોહનીયકર્મના ક્ષયોપશમભાવથી પ્રયુક્ત હોવો જોઈએ. એથી જ સાચા ચારિત્ર ધર્મનું પાલન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. આવી ધન્યસ્થિતિની ભૂમિકામાં મિથ્યાત્વ-મોહનીય કર્મનો ક્ષયોપશમ થતાં પ્રાપ્ત થતું સમ્યગ્દર્શન હોય છે.

સમ્યગ્દષ્ટિ આત્મા જે પરમાત્મપૂજનરૂપી દ્રવ્યસ્તવ કરે એનાથી ચારિત્ર મોહનીય કર્મનો ભૂકો બોલાઈ જાય છે. તેમ થતાં આ ભવે કે આગામી ભવે ચારિત્ર ધર્મની સુંદર પ્રાપ્તિ થાય છે.

વસ્તુત : દ્રવ્યસ્તવનું આરાધન કરતો શ્રાવક એક બાજુ સમકિતી છે એટલે દેવગુરુનો પરમ ભકત છે. વળી, તે ચારિત્ર ધર્મનો અત્યન્ત રાગી હોય છે. આ મનઃસ્થિતિમાં ચારિત્ર મોહનીય કર્મનો તીવ્ર ક્ષયોપશમ થયા વિના રહેતો નથી.

વળી, સમ્યગ્દર્શનના પ્રભાવે દેશવિરતિધર શ્રાવક ગૃહસ્થ જીવન જીવવાને કારણે જે કેટલાંક પાપો કરે છે તે પણ તીવ્ર વૈરાગ્ય દશાથી : હેયબુદ્ધિથી કરે છે. આથી તેને એવો ચીકણો પાપકર્મબંધ થતો નથી જેને નિર્મૂળ કરવાનું ભારે પડી જાય. ઉપરથી કેટલીક વાર તો પાપની ક્રિયાઓ પ્રત્યે પણ તેના અંતરમાં એટલી બધી નફરત પેદા થાય છે કે તેનાથી તે જેટલા અશુભ કર્મોને નવા બાંધે તેનાથી ઘણા વધુ અશુભ બાંધેલાં કર્મોનો નાશ કરી નાંખે.

વળી, અરિહંતનો ભકત એવો આ ગૃહસ્થ પોતાનાં દુષ્કૃતોની તીવ્રભાવે ગર્હા કરવાની સાથે ઉત્તમ જનો - સાધુ વગેરે-ના ગુણોની

હાર્દિક અનુમોદના કર્યા વિના રહેતો નથી. આથી તે પૂર્વના અશુભ કર્મોના તગડા અનુબંધોને સાવ નબળા પાડે છે. શુભ કર્મોના નબળા અનુબંધોને તગડા કરી દે છે.

આવી અનુબંધની તોડ-જોડની વાત તેની એવી સાધના બની રહે છે કે તેને મોક્ષ પામવો સાવ સહેલ બને છે.

શ્રીપાળ, મયણા, કુમારપાળ, પુણીઓ, સુલસા, અનુપમા, નાગિલા, પેથડ વગેરે ઉત્તમ કક્ષાના અને નિકટમાં જ મોક્ષગામી શ્રાવકો અને શ્રાવિકાઓ હતા.

**येनाज्ञा यावदाराद्धा स तावल्लभते सुखम् ।**
**यावद् विराधिता येन तावद् दुःखं लभेत सः ॥ ३४ ॥**

**જે જીવે જેટલું આજ્ઞા-પાલન આરાધ્યું તે જીવ તેટલું સુખ પામે. જેટલી તેણે આજ્ઞાને વિરાધી તેટલું તે દુઃખ પામે.**

નોંધ : નિશ્ચયનયથી ભગવાન સુખ કે દુઃખ દેતા નથી. ભગવાનની આજ્ઞાનું આરાધન અને વિરાધન સુખ કે દુઃખ આપે છે.

આમ છતાં વ્યવહારનયથી તો એમ કહી શકાય કે જો આપણે આજ્ઞાને આરાધીશું તો ભગવાન આપણને સુખ આપશે; નહિ આરાધીએ તો દુઃખ આપશે. આ વાત શાસ્ત્રવાર્તા સમુચ્ચયમાં એ રીતે કરી છે કે ભગવાન જ આપણને સ્વર્ગ કે નરક આપે છે.

''ભગવાન કાંઈ આપતા નથી.'' એવો નિશ્ચયનયનો વિચાર

જો આપણને ભગવાન પ્રત્યે રાગ પ્રગટ થતો અટકાવે તો આપણે વ્યવહારનયના વિચારને જ પુષ્ટ કરવો જોઈએ. આપણે વ્યવહારમાં એમ જ બોલતા હોઈએ છીએ.

કોઈ अ માણસે દસ હજાર રૂપિયા ધંધો કરવા આપ્યા. ब માણસે પોતાની બુદ્ધિ-ચાતુરી વાપરીને ધંધો કર્યો. તે પાંચ હજાર રૂપિયા કમાયો.

આ માણસ કૃતજ્ઞતા ગુણની રૂએ દુનિયામાં કહેતો ફરે છે કે अ માણસે મને સુખી કર્યો. મારી ઉપર જબરો ઉપકાર કર્યો.

આ વ્યવહારનયની ભાષા છે. નિશ્ચયનય તો એમ જ કહે કે अ માણસે કશો ઉપકાર કર્યો નથી. આપણે બુદ્ધિ વાપરી, પુરુષાર્થ કર્યો તો કમાયા. તેમાં अ નો શું ઉપકાર ?

પણ નિશ્ચયનયની વાત વ્યવહારની ભૂમિકામાં ચાલી શકતી નથી. વ્યવહારની ભૂમિકાનું જીવન જીવનાર માણસે વ્યવહારનયના પદાર્થોને જ માનવા જોઈએ. નિશ્ચયનયની દૃષ્ટિથી अ અને ब બન્ને સ્ત્રી છે. પણ જ્યારે વ્યવહારનયની નજરથી अ એ માતા છે અને ब એ પત્ની છે ત્યારે વ્યવહારની ભૂમિકા ઉપર જીવન જીવનારે તે જ વાત સ્વીકારીને તેમના પ્રત્યે અલગ અલગ વ્યવહાર કરવો પડે. બન્નેને એકસરખી સ્ત્રી માનીને કોઈ પણ એક વ્યવહાર કરી શકાય નહિ. નિશ્ચયનયથી એવું કહી શકાય ખરું કે, ''દૂધ મેં વિધિસર પીધું માટે લોહી થયું છે. જો મેં દૂધ પીધું ન હોત તો દૂધથી લોહી ન થાત.''

અથવા ''હું રસ્તે ચાલ્યો તેમાં સૂર્ય-પ્રકાશ કારણ નથી પણ મેં

આંખો ઉઘાડી રાખી તે કારણ છે.''

વ્યવહારનય કહે છે, ''ભલા ! દૂધથી જ લોહી થાય છે. તારી પીવાની ક્રિયાનો અહંકાર ન કર.''

કુંભાર ઘડો બનાવે છે એમ જ કહેવાય. ''ચક્રની ગતિ થઈ ન હોત તો કુંભાર શી રીતે ઘડો બનાવત ? માટે ચક્ર ગતિથી જ ઘડો થયો છે.'' આવું ન કહેવાય.

વ્યવહારનયનું જીવન જીવવું, ચિન્તન કરવું અને નિશ્ચયનયના ભાવોને લક્ષમાં રાખવા. આ નયોનો સાર છે.

જો આ જગતમાં કોઈ પરમાત્મા થયું જ ન હોત તો આપણે કોને નમસ્કાર કરત ? નમસ્કાર વિના શી રીતે આપણાં કર્મ ખપત ? કર્મ ન ખપત તો શી રીતે મોક્ષ થાત ?

માટે જ આપણા મોક્ષમાં મૂળભૂત કારણ પરમાત્મા છે. પરમાત્મા જ છે.

આમ છતાં, જો નિશ્ચયનયનો વિચાર વ્યવહારમાં પ્રધાન કરાશે તો માબાપનો અને ધર્મગુરુનો ઉપકાર પણ અમાન્ય થઈ જશે. પછી કૃતજ્ઞતા-ગુણ ખતમ થશે. અહંકાર પ્રગટ થશે. પ્રગટેલો અહંકાર શેષ સકળ ગુણોનો ખાતમો બોલાવશે.

શું નિશ્ચયનય મોક્ષ પામવામાં પ્રતિબંધક તત્ત્વ છે ? જરા ય નહિ.

દરેક નય પોતપોતાના સ્થાને જ સત્ય છે. પરસ્થાને તે મિથ્યા બની જાય છે.

**सदा तत्पालने लीनैः परमात्मात्मनात्मनि ।**
**सम्यक् स ज्ञायते ज्ञातो मोक्षं च कुरुते प्रभुः ॥ ३५ ॥**

જે આત્માઓ ભગવાનની આજ્ઞાઓને બરોબર પાળે છે : જેઓ આજ્ઞામય બની ગયા છે તેઓ પોતાનામાં પરમાત્માને ખૂબ સારી રીતે નિહાળી શકે છે. આ પરમાત્મદર્શન તે આત્માને મોક્ષ આપે છે.

નોંધ : પરમાત્માની આજ્ઞાનું પાલન એ સકળ કર્મમળને, દોષમળને દૂર કરે. તેથી આત્મામાં તિરોહિત રહેલા પરમાત્મા પ્રગટ થાય.

જો આત્માએ પરમાત્મા બનવું હોય તો તેણે પરમાત્માની આજ્ઞાઓનું અણિશુદ્ધ પાલન કરવું જોઈએ.

ભાવરોગોને દૂર કરનારું આ એક જ અમોઘ ઔષધ છે.

આ બધું વિચારતાં એમ કહી શકાય કે આજ્ઞા એ જ ભગવાન છે.

ભગવાનનું બીજું નામ આજ્ઞા છે.

**बुद्धो वा यदि वा विष्णुर्यद्वा ब्रह्माथवेश्वरः ।**
**उच्यतां स जिनेन्द्रो वा नार्थभेदस्तथापि हि ॥ ३६ ॥**

તે આત્મા નામથી ગમે તે હોય, બુદ્ધ, વિષ્ણુ, બ્રહ્મા કે ઈશ્વર : પરન્તુ તે ભગવાન જિનેશ્વરદેવ જ કહેવાય; કેમકે શબ્દભેદ હોવા છતાં ત્યાં અર્થભેદ બિલકુલ નથી.

**નોંધ :** જો કોઈ આત્મા ખરેખર સર્વથા વીતરાગ સ્વરૂપ હોય અને તેથી સર્વજ્ઞ હોય તો તેમને 'જિન' કહેવા જ જોઈએ. તેમનું નામ ગમે તે હોય પરન્તુ જ્યારે જેવા ભગવાન જિન છે તેવા જ તે હોય તો અર્થભેદ નહિ થવાથી શબ્દભેદની ગણના કરવી જોઈએ નહિ.

જે તરસ છીપાવે છે તેને કોઈ પાણી કહે છે, કોઈ જલ કહે છે. કોઈ 'વૉટર' કહે છે. આ બધા શબ્દભેદ હોય તેથી જે પદાર્થ છે તે તો એક જ છે. તેમાં કશો ફરક પડતો નથી.

જૈનદર્શનમાં વલ્કલચીરી વગેરે ભગવા વસ્ત્રધારી આત્માને વીતરાગ બનીને સિદ્ધ ભગવંત બનેલા કહ્યા છે. તે એટલા જ વંદનીય છે જેટલા દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવ છે. કેમ કે વલ્કલચીરી અને વીર એ નામભેદ છે. જ્યારે અર્થ તરીકે બન્ને એકસરખા 'વીતરાગ' છે.

કલિકાલસર્વજ્ઞ ભગવંત હેમચન્દ્રાચાર્યજીએ મહાદેવજીના શિવલિંગની સમક્ષ હાથ જોડીને ઊભા રહીને જે સ્તુતિ કરી હતી તેમાં એ જણાવ્યું હતું કે, 'જેમના રાગાદિ દોષો સર્વથા ક્ષય પામી ગયા છે તે નામથી બ્રહ્મા વગેરે ગમે તે હો; મારા તેમને ભાવભર્યા નમસ્કાર છે.''

બેશક, આ વાત નિશ્ચયનયથી છે. વ્યવહારનયથી ઉપર્યુક્ત રીતે મહાદેવજીને ભગવાન માનીને ભાવભર્યો નમસ્કાર થઈ શકે નહિ. કેમ કે તેમ કરવાથી મુગ્ધ લોકો તે રીતે મિથ્યા-માર્ગ તરફ દોરવાઈ જાય. પણ સબૂર ! વ્યવહારનયનો અતિરેક થવો

ન જોઈએ. એનું આલંબન લઈને બીજા દેવોને અ-દેવ કહીને વખોડી નાંખવા તે પણ બરોબર નથી.

જો મહાદેવભક્તને આપણે પૂછીએ કે "તું જે મહાદેવને 'દેવ' તરીકે માને છે તેમનું સ્વરૂપ કેવું ધારે છે ? શું તે રાગાદિ-દોષોવાળા હોઈ શકે ખરા ? કે પછી રાગાદિ દોષોનો સર્વથા ક્ષય કરનારા હોય ? જો રાગાદિ દોષવાળો આત્મા પણ ભગવાન કહેવાતો હોય તો આપણે પણ શા માટે આપણને ભગવાન ન કહીએ ? એટલે તારા મહાદેવજીને તારે સર્વથા વીતરાગ સ્વરૂપ પરમાત્મા જ માનવા જોઈએ."

આ આપણી વાત મહાદેવ-ભકત ભાઈ અક્ષરશઃ સ્વીકારે અને એ જ રીતનું મહાદેવનું સ્વરૂપ કલ્પીને તેમની ઉપાસના કરે તો આપણે તેનો વાંધો લઈ શકીએ નહિ. કેમ કે હવે મહાવીરદેવ અને મહાદેવ એ નામભેદ જ રહ્યો છે, અર્થભેદ રહ્યો નથી.

અહીં કોઈ કહે કે, "તે મહાદેવ-ભક્તને મહાવીરભકત જ શા માટે બનાવી ન દેવો ? મહાદેવના મંદિરને બદલે મહાવીરદેવના દેરાસરે જ કેમ જતો ન કરવો ?"

આ વાતનો જવાબ એ છે કે, "હા એવું થઈ શકે ખરું. પરન્તુ તે જીવની તેવી ગુણવત્તા જોઈને થઈ શકે; અન્યથા નહિ. એવું કરવા જતાં તે બેય તરફની શ્રદ્ધા અને ઉપાસના ગુમાવી બેસે તો મોટું અહિત થાય. એટલે સાવચેતીથી કામ લેવું જોઈએ.

જ્ઞાનીઓએ ચારિસંજીવનીચાર ન્યાય બતાડ્યો છે. અજૈન દર્શનમાં શ્રદ્ધા ધરાવતા બાળકક્ષાના જીવોને ધીમે ધીમે, સન્માર્ગે લાવવાનું જણાવતો આ ન્યાય છે. ઉતાવળ કરવાથી ક્યારેક કાચું કપાય.

યોગની તે તે ઓઘ દૃષ્ટિમાં વર્તમાન જીવો પોતપોતાના ઈષ્ટદેવોને જ જ્યારે ભગવાન માનતા હોય છે ત્યારે તેમનો આત્મવિકાસ કરવા માટે શરૂઆતમાં તેમની તેવી તેવી દેવશ્રદ્ધા તોડાવાય નહિ; બલ્કે પુષ્ટ કરાય. તેમને એવી રીતે વાત કરવી જોઈએ કે, ''તમારા ભગવાન રામ (કે કૃષ્ણ, કે બુદ્ધ કે શંકર) સદાચારનું પાલન કરવાનું કેવું સરસ કહે છે ? તમે કેમ તે પાલન કરતા નથી.'' વગેરે. પછી તેમને 'ભગવાન' કોને કહેવાય ? રામ કે કૃષ્ણ પણ ભગવાન છે તો તેમનું સ્વરૂપ કેવું માનવું જોઈએ ? વગેરે વાતો ધીમે ધીમે સમજાવીને તે જ નામે રામ કે કૃષ્ણ વગેરેને 'ભગવાન' તરીકે મનાવીને આત્મવિકાસના માર્ગે આગળ ધપાવવા જોઈએ.

બાળજીવોની બાળકક્ષાને વીસરીને જો ઉચ્ચકક્ષાના જીવોને હાંકવાની લાકડીએ જ તેમને હંકાશે તો સાચું પણ કહેવા જતાં મોટો ગેરલાભ થશે.

તે તે કક્ષાએ ધર્મપ્રરુપણાઓના શબ્દો બદલાતા હોય છે.

**ममैव देवो देवः स्यात् तव नैवेति केवलम् ।**
**मत्सरस्फूर्जितं सर्वमज्ञानानां विजृम्भितम् ॥ ३७ ॥**

**"મારા જ દેવ તે દેવ છે, તારા દેવ, દેવ નથી જ." આ બધું અજ્ઞાનતાનું તોફાન છે. ઈર્ષ્યાથી નીકળેલું વચન છે.**

''મારી જ બા તે બા છે. તારી બા તે બા નથી જ, ડાકણ છે.'' એવું શી રીતે કહેવાય ? એ વાત કબૂલ છે કે બીજાની બા એ મારી બા નથી જ પરન્તુ બીજાની બા એ, બીજાની અપેક્ષાએ તો બા છે જ. જેમ એ મારી બા નથી તેમ એ ડાકણ પણ નથી. છેવટે એ મારી માસી છે. કોઈની બા ને 'બા' ન કહેવી; આગળ વધીને ડાકણ કહેવી એ કેટલું બધું અનુચિત કહેવાય ?

પોતાની બાને 'બા' જરૂર કહેવાય. બીજાની બાને પોતાની બા ન જ કહેવાય. પણ બીજાની બાને તેની બીજાની 'બા' તો કહેવી જ જોઈએ. તેનો ઈન્કાર કોઈ પણ હાલતમાં થઈ શકે નહિ.

પોતાના મહાવીરદેવ એ મારા પરમાત્મા છે; એમ જરૂર કહેવાય. હું મારા ભગવાનને જ મારી અપેક્ષાએ ભગવાન માનું તે ય બરોબર છે. પણ પેલો બ્રાહ્મણ પોતાના મહાદેવને ભગવાન માને તેનો નિષેધ કેમ કરી શકાય ? જૈન મહાદેવને 'મારા ભગવાન' એમ ન કહે પણ ''મહાદેવ એ તારા બ્રાહ્મણના ભગવાન છે.'' એમ તો કહેવું જ પડે.

''મારા ય ભગવાન નહિ અને તારા ય ભગવાન નહિ.'' એવું ન કહી શકાય.

બીજી વાત એ છે કે જે નયવાક્ય હોય છે તે પોતાની વાતને

જકારપૂર્વક કહી શકે છે. વળી, બીજાની વાતનો ઇન્કાર પણ કરી શકે છે. પરન્તુ બીજાની વાતનું ખંડન તે પોતાની વાતના મંડન માટે જ હોવું જોઈએ. બીજાની વાતના ખંડન માટે જ બીજાની વાતનું જો ખંડન કરાય તો તે નય, નય મટીને દુર્નય બની જાય.

પ્રસ્તુતમાં ''મહાવીરને જ હું પરમાત્મા માનું છું. મહાદેવને નહિ.'' એવા વાકયમાં જો મહાદેવનું પરમાત્મા તરીકેનું ખંડન એ પોતાના મહાવીરદેવના પરમાત્મા તરીકેના આગ્રહને વધુ મજબૂત કરવા પૂરતું જ હોય તો તેમાં જરા ય વાંધો નહિ. પરન્તુ, ''તારા મહાદેવ એ પરમાત્મા નથી જ.'' એ વાતમાં જો મહાદેવનું પરમાત્મા હોવામાં ધિક્કારભર્યું વલણ હોય તો તે વાક્ય દુર્નય બની જાય. જૈનદર્શનની રીતે તે વાક્ય મૃષાવાક્ય કહેવાય.

બીજાના મહાદેવ ગુરુ કે ધર્મ પોતાના સત્ય મહાવીરદેવાદિની અપેક્ષાએ મિથ્યા છે; તો બીજાની દૃષ્ટિએ મહાવીરદેવ આદિ પણ મિથ્યા છે. સહુ પોતાની વાતને 'સત્ય' માનતા હોય છે. આમાં વાંધો ય નથી, કેમ કે કોઈની શ્રદ્ધાને ઠેસ પહોંચાડવાનો આપણને કોઈ અધિકાર નથી. હા તત્ત્વચર્ચા કરવી અને કોઈ નિષ્કર્ષ ઉપર આવવું તે જુદી વાત છે. પરન્તુ તેમાં ય બીજાની 'મિથ્યા' બાબતો ઉપર પણ ધિક્કારભાવ તો થઈ શકે જ નહિ.

જૈનદર્શનની આ જ શૈલી છે. કમનસીબે આજે વાતવાતમાં જેને તેને મિથ્યાત્વી દેવો કહીને ધિક્કારાય છે. તેમની અપેક્ષાએ તેમને દેવાદિ કહેવામાં પણ વાંધો લેવાય છે. હાલતાંચાલતાં ગુરુને કુગુરુ કહી દેવાય છે. સુગુરુને પણ મિથ્યાત્વી કે અનન્ત સંસારી-ઉઘાડેછોગ-ધિક્કારપૂર્વક કહેતાં જરાક પણ સંકોચ રખાતો નથી.

**यथावस्थित विज्ञाततत्त्वरूपास्तु किं क्वचित् ।**
**विवदन्ते महात्मानस्तत्वविश्रान्तदृष्टयः ॥ ३८ ॥**

**જેમણે પરમાત્માનું વાસ્તવિક સ્વરૂપ બરોબર જાણ્યું છે; જેમની દૃષ્ટિ હવે 'તત્ત્વ' માં જ સ્થિર થઈ છે તેવા મહાત્માઓ શું ક્યારે ય આ વિષયમાં વિવાદ કરે ખરા ?**

**નોંધ :** જે મહાત્માઓને તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે તેઓ તત્ત્વના વિષયમાં વિચારણા જરૂર કરે : તેથી બોધ પ્રાપ્ત કરે. આને વાદ કહેવાય છે. પરન્તુ તેઓ કદી વિવાદ તો ન જ કરે. પોતાની સમજણમાં જે સાચું લાગ્યું તેને રજૂ કરે. તે અંગે જો મતભેદ પડતો હોય તો ઝઘડો નહિ ઊભો કરતાં એટલું જ કહે કે, ''ભાઈ ! આ અંગેનું અંતિમ સત્ય કેવલી ભગવંત જાણે. અમારો કોઈ વાતે એકાન્તે આગ્રહ નથી. ''અમે જ સાચા છીએ.'' એવો અમારો દાવો નથી. ભિન્ન મત ધરાવતા લોકોને 'જુઠા' કહેવાની અમારી તૈયારી નથી.

ઉચ્ચ કક્ષાના સજ્જનો અને મહાત્માઓને વિવાદ અને વિતંડામાં લગી રે રસ હોતો નથી. એવું કાંઈક થવાની શક્યતા જણાતાં જ તેઓ મૌન પકડી લેવાનું પસંદ કરે છે.

આવા આત્માઓ પોતે સમાધિસ્થ હોય છે. પરન્તુ તેની સાથે બીજાઓને અસમાધિ કે સંક્લેશ ઉત્પન્ન થવામાં કદી નિમિત્ત બનતા નથી.

**स्वरूपं वीतरागत्वं पुनस्तस्य न रागिता ।**
**रागो यद्यत्र तत्रान्ये दोषा द्वेषादयो ध्रुवम् ॥ ३९ ॥**

**પરમાત્માનું જે સ્વ-રૂપ છે તે વીતરાગતા છે. જે પરમાત્મા હોય તે સરાગ હોઈ શકે નહિ. વળી, જેનામાં રાગ હોય તેનામાં દ્વેષ વગેરે દોષો નિશ્ચિતપણે હોય.**

**નોંધ :** પરમાત્માનું સ્વરૂપ નક્કી કરવામાં ઝઘડાને કોઈ અવકાશ નથી.

તોલવાનો કાંટો ! વસ્તુનું જે વજન જણાવે તે સહુએ સ્વીકારવું પડે. તેમાં વિવાદ શેનો ?

ભગવાન આપણા જેવા રાગી, દ્વેષી તો ન જ હોય. અન્યથા આપણે પણ આપણને 'ભગવાન' કેમ જાહેર ન કરીએ ?

જે ભગવાન છે તે નિશ્ચિતપણે આપણા રાગ, દ્વેષાદિ તમામ દોષોથી સર્વથા અને સર્વદા પર હોય : વીતરાગ હોય.

ભગવાનનું અસલી સ્વરૂપ વીતરાગતા હોય એટલે ભગવાનનું વ્યાવહારિક સ્વરૂપ પણ વૈરાગ્યથી ભરપૂર હોય ત્યાં પણ રાગાદિની ચેષ્ટાઓ (લીલાઓ) ન જ હોવી જોઈએ.

આવા જે હોય તે ભગવાન.

આવા જે ન હોય તે ભગવાન નહિ.

આ બહુ સીધી સાદી વાત છે. અહીં વિવાદને કોઈ અવકાશ નથી.

સરાગ પણ જો ભગવાન કહેવાય તો તો હદ થઈ ગઈ ! પછી કોણ ભગવાન નહિ ? બધા ભગવાન !

**तैर्दोषैर्दूषितो देवः कथं भवितुमर्हति ।**
**इत्थं माध्यथ्यमास्थाय तत्त्वबुद्ध्याऽवधार्यताम् ॥ ४० ॥**

દોષોથી દૂષિત આત્માને પરમાત્મા કહી શકાય નહિ. માધ્યસ્થ્યભાવ ધારણ કરીને આ વાત તત્ત્વબુદ્ધિથી સહુએ વિચારવી જોઈએ.

**નોંધ :** બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરેને 'દેવ' તરીકે અજૈન લોકોએ સ્વીકાર્યા છે. તેમને આપણો સવાલ છે કે જો તેઓ સર્વથા વીતરાગ ન હોયઃ તેમના જીવનમાં કે આત્મામાં રાગાદિ દોષો દેખાતા હોય તો તેમને 'દેવ' માનવા ન જોઈએ.

હા. જો તેમને સર્વથા વીતરાગ સ્વરૂપ મનાય તો બેશક 'પરમાત્મા' માનવા જોઈએ. પૂર્વે જણાવ્યું તેમ નામભેદનો કોઈ સવાલ આડો આવતો નથી.

આ. દેવશ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ કહ્યું છે કે, ''મને કોઈ વીર પ્રત્યે પક્ષપાત નથી અને કપીલ વગેરે પ્રત્યે દ્વેષ પણ નથી. મારી વાત એટલી જ છે કે જેનું પણ વચન બધી રીતે યુક્તિસંગત હોય તેનું વચન સ્વીકારવું.

ભાર તોલવાના કાંટાને જ વજન બોલવા દો. તે જ કહે તે પ્રમાણ. આપણે વચ્ચે વિક્ષેપ કરવાની જરૂર નથી.

**यद्वा रागादिभिर्दोषैः सर्वसंक्लेशकारकैः ।**
**दूषितेन शुभेनाऽपि देवेनैव हि तेन किम् ॥ ४१ ॥**

**સકળ સંક્લેશના મૂળરૂપ રાગાદિ દોષોથી જેમનો આત્મા દૂષિત બનેલો હોય તે 'દેવ' (અન્ય રીતે) સારા હોય તો પણ તેમને 'દેવ' તો શી રીતે મનાય ?**

નોંધ : એક વાત નક્કી છે કે ભગવાન તો તેને જ કહેવાય જે સર્વથા વીતરાગ હોય. જેનામાં આનાથી સહેજ પણ ઓછાશ હોય તેને ભગવાન તો ન જ કહેવાય.

જે હજી વીતરાગ બન્યા નથી એવા કેટલાક આત્માઓ ઘણી ઊંચી આધ્યાત્મિક દશાને પામેલા હોય તો તેમને 'યોગી' કે 'સંત' જરૂર કહી શકાય. અથવા તેમને 'મહાન્' કહી શકાય. અરે ! જો માનવીય ગુણોથી તે ઊભરાયેલા હોય તો તેમને 'ઇન્સાન' કહી શકાય. પરન્તુ તે આત્માઓને ભગવાન તો ન જ કહેવાય. એવા મહાન આત્માઓને કોઈ તેમનો ભકત 'ભગવાન' કહે તો ય તે વાતને સ્વીકારવાની તે જ ના પાડે. તે સામેથી કહે કે, ''મારામાં હજી તો એવી કોઈ મોટી વિશેષતાઓ પ્રગટ થઈ નથી. તમે મને 'ભગવાન' ન કહો.''

કેટલીકવાર ભકતો એવા ઘેલા બને છે કે પોતાના ઉપકારી ગુરુને, 'વીતરાગસ્વરૂપ ભગવાન' કહીને સંબોધે છે. આ બરોબર ન કહેવાય.

જેમ અ-ભક્તિ સારી નથી, તેમ અતિભક્તિ પણ સારી નથી. આવું કરવાથી તે ભકતો તેમના 'પૂજય'નું જગતમાં લાઘવ કરવાનું

કામ કરી બેસે છે.

પરમાર્હત્ કવિ ધનપાલને ભોજરાજાએ પૂજાની સામગ્રી આપીને પ્રભુ-પૂજા કરી આવવા કહ્યું, ત્યારે તેણે પરમાત્મા આદિનાથની જ પૂજા કરી. રાજાએ કારણ પૂછતાં તેણે પરમાત્માના વીતરાગસ્વરૂપનું દર્શન માત્ર આદિનાથ ભગવંતમાં થયાનું જણાવ્યું હતું.

**वीतरागं यतो ध्यायन् वीतरागो भवेद् भवी ।**
**इलिका भ्रमरीभीता ध्यायन्ती भ्रमरीं यथा ॥ ४२ ॥**

વીતરાગ સ્વરૂપનું ધ્યાન ધરતો ભવ્યાત્મા વીતરાગ બને.

ભીતિથી ભ્રમરીનું ધ્યાન કરતી ઈયળ ભમરી થાય છે તેમ.

જે જેનું ધ્યાન ધરે તે તેવો થાય.

ડંખ મારીને બેભાન કરીને ઊંચકી લાવેલી ઈયળોને ભમરી માટીના દરોમાં નાંખે છે. પછી બધા કાણાં પૂરી દઈને તેની ચારે બાજુ ઘૂમતી ગુંજન કરે છે. જ્યારે ઈયળો ભાનમાં આવીને ભમરીનો અવાજ સાંભળે છે એટલે ખૂબ ગભરાય છે. તેમને એવું લાગે છે કે "હવે ભમરી અમને મારી નાંખશે."

આમ, ભીતિથી ભમરીના ધ્યાનમાં તન્મય થયેલી બધી ઈયળો અન્તે ભમરી બની જાય છે.

આ કવિજગતની કલ્પના નથી, પરન્તુ શાસ્ત્રમાન્ય હકીકત છે.

આ ન્યાયને યાદ કરીને લંકાસ્થિત સીતાને પણ - તે સતત

રામનું ધ્યાન કરતી હતી એટલે - રામ થઈ જવાનો ભય લાગ્યો હતો. સીતાને રામ બનવું ન હતું, સદા રામની અર્ધાંગિની સીતા જ રહેવું હતું.

જો આપણી સામે વીતરાગસ્વરૂપ હશે (નામથી તે ગમે તે હોય; એક વાર તે ચાલશે.) તો જ તેનું ધ્યાન ધરવા દ્વારા આપણે વીતરાગ સ્વરૂપ બની શકશું.

રાગીનું ધ્યાન ધરવાથી વીતરાગ કદી બની શકાય નહિ.

શ્રીકૃષ્ણ અંગે તેમના જ અનુયાયીઓમાં બે મત પ્રવર્તે છે. કોઈ કહે છે કે તે ભગવાન હતા : અવતારી પુરુષ હતા. બુદ્ધિજીવી લોકો કહે છે કે ''તેમને ભગવાન શી રીતે કહેવાય ? કેમ કે મહાભારતના યુદ્ધ દરમિયાન તેમણે જે કાંઈ ધૂર્તતા, છલ-કપટ, મૃષાવાદ વગેરે કર્યા હતા તે બધું ભગવાનને કદી ન છાજે તેવું હતું. રાજકારણી તરીકેના રોલમાં તેમને માટે આ બધું ક્ષન્તવ્ય ગણી શકાય પણ ભગવાન તરીકેના સ્વરૂપમાં તો આ ઘટનાઓ ઘણાબધા સવાલો પેદા કરે.''

જૈનદર્શનના મતે શ્રીકૃષ્ણ ભગવાન ન હતા. હા. જરૂર તેઓ ત્રીજા નંબરના સમ્યગ્દષ્ટિ નામના યોગી જરૂર હતા. વળી, આગામી ભવમાં તેઓ ભગવાન - અમમ નામના તીર્થંકર - થશે.

શ્રીકૃષ્ણને મહાન્ રાજકારણી, યોગી, કરુણાસાગર જરૂર કહી શકાય, પણ ભગવાનના સ્વરૂપે તે ન કહી શકાય.

એ વાત સાચી છે કે જે ખરેખર ભગવાન નથી એમનામાં પણ વીતરાગસ્વરૂપનું આરોપણ કરીને ધ્યાન કરાય તો તે ધ્યાતા ખરેખર ભગવાન બની જાય. અન્તે તો ધ્યાતાનો ભાવ મુખ્ય છે.

એકલવ્યે પોતાના તરફ નફરત કરતાં દ્રોણાચાર્યમાં ગુરુતત્ત્વની સ્થાપના કરી અને અપૂર્વ કૃતજ્ઞતા દાખવી તો ભાવનિક્ષેપાના ગુરુ દ્રોણ પોતાના વિકાસમાં પ્રતિકૂળ હોવા છતાં એકલવ્ય તેમનું આલંબન લઈને સવાઈ અર્જુન બની ગયો.

વળી, સ્થાપના નિક્ષેપાએ જ જે ભગવાન છે : જે ભાવનિક્ષેપાથી ભગવાન (સાક્ષાત્ ભગવાન) નથી એવી પણ ભગવાનની મૂર્તિમાં ભકતજન સાચા ભગવંતનું આરોપણ કરે છે તો તે સ્વયં ભાવનિક્ષેપે ભગવાન બનવા તરફનો વિકાસ અચૂક સાધે છે.

આ પ્રક્રિયામાં પણ ધ્યાન તો વીતરાગ સ્વરૂપનું જ કરવાનું છે. તે સિવાય તો વીતરાગ બની શકાય જ નહિ. સામા લક્ષ્યને રાગસ્વરૂપ કલ્પીને તો કોઈ આત્મા વીતરાગ બની શકે જ નહિ.

**रागादिदूषितं ध्यायन् रागादिविवशो भवेत् ।**
**कामुकः कामिनीं ध्यायन् यथा कामैकविह्वलः ॥ ४३ ॥**

**રાગાદિ દોષોથી જે આત્મા દૂષિત છે તેનું જો ધ્યાન ધરાય તો ધ્યાતાને પણ રાગાદિ દોષો જાગ્રત થાય.**

**સ્ત્રીનું ધ્યાન કરતાં કામુક માણસ કામવિહ્વલ જ થાય ને ?**

**નોંધ :** દેવ વીતરાગ જ હોવા જોઈએ; કેમકે તેનું ધ્યાન ધરવા દ્વારા ધ્યાતાને વીતરાગ બનવું હોય છે.

ગુરુ બ્રહ્મચારી જ હોવા જોઈએ. કેમકે તેમને પોતાનો આદર્શ બનાવીને પોતે શીલવાન બનવાનું છે.

ધર્મ કરુણામૂલક હોવો જોઈએ. કેમકે જીવમાત્ર પ્રત્યે કરુણા સાધ્યા વિના ક્રિયાકાંડ સ્વરૂપ ધર્મ મોક્ષ આપી શકતો નથી.

આ ધરતી ઉપર એટલા બધા ભગવાનો પેદા થયા છે, જે સરાગ છે : કેટલાક કામુક છે : કેટલાક ક્રોધથી લાલચોળ છે. આવાઓને ભજનારા ભકતજનોમાં કામ અને ક્રોધનું જ સંક્રમણ થતું હોય છે. એ રીતે અત્યન્ત વિષયાન્ધ કેટલાક ગુરુઓ હોય જેમની વાસનાઓ જ શિષ્યગણમાં સંક્રાન્ત થઈને જ રહે છે.

આ ભયના કારણે જ આ શ્લોકમાં એવાઓનું ધ્યાન કરવાથી થતું નુકસાન બતાડ્યું છે.

**रागादयस्तु पाप्मानो भवभ्रमणकारणम् ।**
**न विवादोऽत्र कोऽप्यस्ति सर्वथा सर्वसंमतः ॥ ४४ ॥**

**"દુષ્ટ એવા રાગાદિ-દોષોના સેવનથી જ જીવનું અનંત ભવભ્રમણ થાય છે : તે ચાલુ જ રહે છે." આ વાતમાં સર્વ દાર્શનિકોની એકમતી છે. અહીં કોઈ વિવાદ નથી.**

**નોંધ :** ભારતનો કોઈ પણ ધર્મ મોક્ષને પોતાનું લક્ષ માને છે. તે મોક્ષ પામવો હોય તો સંસારભ્રમણ કે જે અનાદિકાળથી ચાલુ છે તેનો અન્ત લાવવો પડે. જો આ કાર્ય કરવું હોય તો એ ભ્રમણને ચાલુ રાખનાર જે તત્ત્વ છે, રાગાદિ દોષો..... તેમને ખતમ કરવા જ જોઈએ.

જો રાગાદિ દોષોને ખતમ કરવા હોય તો જેના એ દોષો ખતમ થઈ ચૂક્યા છે તેવા 'વીતરાગ'નું જ ધ્યાન કરવું જોઈએ. સરાગના ધ્યાનથી રાજમાર્ગે રાગાદિદોષો ખતમ થઈ શકતા નથી.

વીતરાગ બનવા માટે તારક તીર્થંકરદેવોના આત્માઓએ ઘોર

અને ઉગ્ર પુરુષાર્થ કર્યો છે. આવો પુરુષાર્થ કરીને વીતરાગ બનવાનું સામર્થ્ય વિરલ આત્માઓમાં જ સંભવે.

વીતરાગ બનવાની સરળ રીત વીતરાગનું ધ્યાન છે. વીતરાગમય બનતી પ્રત્યેક પળોમાં ધ્યાતા અનંત કર્મોનો કચ્ચરઘાણ બોલાવી શકે છે. જો આ સરળ માર્ગ આપણી પાસે ન હોત તો 'વીતરાગ' બનવાની વાત ભાવનાઓમાં જ રહી જાત. ઘણી મોટી સંખ્યાના આત્માઓ વીતરાગ બની શકત નહિ.

વીતરાગ-પરમાત્મા બનેલા આત્માઓનો આ જ આપણી ઉપર અસાધારણ ઉપકાર થયો છે કે તેમણે તેમના જેવો ઘોર પુરુષાર્થ કરવામાંથી આપણને મુક્તિ આપીને માત્ર તેમના ધ્યાન દ્વારા તેમના જેવા બનવાની સરળ રીત બતાડી છે.

પોતાનો આત્મ-દીપ પ્રગટાવવામાં તેમને ઘણી મહેનત પડી. આપણો આત્મદીપ પ્રગટાવવા માટે આપણે કશું નહિ કરવાનું. માત્ર તેમને ધ્યાનરૂપે હાર્દિક સ્પર્શ કરવાનો. બુઝાયેલા કરોડો, અબજો દીવાઓ ધડાધડ પ્રગટતા જાય.

કેવી પરમાત્માની-માની-કરુણા... એ કહે છે, ''ભૂલકાંઓ ! સવારે ચાર વાગે ઊઠીને દળણું હું દળીશ. સગડીએ શેકાઈને રોટલા હું ઘડીશ. તમારે તો માત્ર જમવા જ બેસી જવાનું.''

વીતરાગ પરમાત્માએ પોતાનું આવું અસ્તિત્વ તૈયાર કર્યું ન હોત તો આપણે કોની અભિમુખ થાત ? કોને નમસ્કાર કરત ? શી રીતે આપણાં કર્મો ખપત ?

અન્યત્ર કહ્યું છે કે, ''આ વીતરાગ ભગવાન છે જ એવા : એમની એવી જ કોઈ શક્તિ છે કે એમને જે મનમાં લાવે - તન્મય

બને - એને સ્વર્ગ અને મોક્ષ સુધીનું બધું મળે જ. ના. એ માટે એને કાંઈ જ કરવું ન પડે : ધરતી ઉપર અવતાર પણ લેવો ન પડે. એ શક્તિ જ એની મેળે કાર્યાન્વિત થાય.

પવન વાઈ જ રહ્યો છે. જેવી કોઈ બારી ખોલે છે અને એ ઘરમાં સર્વત્ર પ્રસરી જ જાય છે. પવનને એ માટે કશું વિચારવાનું નથી : કશું કરવાનું પણ નથી.

**वीतरागमतो ध्यायन् वीतरागो विमुच्यते ।**
**रागादिमोहितं ध्यायन् सरागो बध्यते स्फुटम् ॥ ४५ ॥**

**વીતરાગ-દેવનું ધ્યાન કરતો આત્મા વીતરાગ બને છે. તે સંસારવાસથી મુક્ત થાય છે.**

**સરાગનું ધ્યાન કરતો આત્મા સરાગ બને છે. સંસારમાં વધુ ફસાય છે.**

નોંધ : બેશક, સરાગમાં પણ 'વીતરાગ'ની કલ્પના કરનારો આત્મા વીતરાગ બની શકે છે ખરો. પરંતુ આ વાત સહેલી નથી. કોઈ વિરલ આત્મામાં જ આવી સિદ્ધિ શક્ય છે. બાકી તો જો દેવ કે ગુરુ સરાગ હોય તો તેમની તેવી રાગાદિની ચેષ્ટાઓ જોઈને બાળજીવો તેવા સરાગ બનીને જ રહે.

વર્તમાનમાં હિન્દુત્વવિરોધી લોકો રામ કરતાં કૃષ્ણને વધુ આગળ કરે છે, તેમના ભક્ત બને છે તેનું કારણ એ જ લાગે છે કે રામમાં મહામાનવના સદાચારો જીવંતરૂપે જોવા મળે છે; જયારે કૃષ્ણના ભીતરમાં અનાસક્તિ હોય તો પણ જીવનમાં રાગની પ્રવૃત્તિ પુષ્કળ જોવા મળે છે. ગોપીઓ કૃષ્ણની પાછળ પાગલ બની છે. કૃષ્ણ તેમનાં

વસ્ત્રાહરણ વગેરે કરે છે. રાધા અને કૃષ્ણની વિરહની વેદનાઓ દેખાડાય છે. આ બધું હિન્દુપ્રજાને કુશીલ બનાવવા માટે જોરદાર મસાલો બની રહે છે. છેવટે તો પ્રજામાં 'બાળપણું' જ હોય છે. બાળ હંમેશ વડીલોના આચરણને જુએ અને તે જ પ્રમાણે ચાલે.

આથી જ 'પરમાત્મા' સ્વરૂપમાં અને જીવનમાં વીતરાગ સ્વરૂપ હોય તે જ યોગ્ય લાગે છે.

જો કે જૈનોના તીર્થંકરોના તારક આત્માઓ પણ યશોદા આદિ સાથે પરણ્યા છે. તેમનાથી અનેક સંતાનો થયાં છે. તેમણે રાજ કર્યું છે. યુદ્ધો કર્યાં છે, તોપણ તેમની તે બધી પ્રવૃત્તિમાં સર્વત્ર વિરાગ ધબકતો જોવા મળે છે. તેમને તે બધું હેય જણાયાનું ઠેર ઠેર બતાડાયું છે. વળી, જ્યારે તેઓ ખરેખર 'સાધુ' થયા ત્યારે તો સાક્ષાત્ વીતરાગ જેવા જણાયા છે. તેઓ ભગવાન કહેવાયા ત્યારે તેમની વીતરાગતા સોળે કળાએ ખીલી ઊઠી છે. અહીં તેમની તેવી કોઈ એવી પ્રવૃત્તિ જોવા મળતી નથી કે જેના સમાધાન માટે તેની ઉપર 'લીલા'ના પડદા ઢાંકવા પડે અને તે રીતે તેમને દોષમુકત કહેવા પડે.

**य एव वीतरागः स देवो निश्चीयतां ततः ।**
**भविनां भवदम्भोलिः स्वतुल्यपदवीप्रदः ॥ ४६ ॥**

**એટલે હવે એ વાતનો નિશ્ચય કરવો જોઈએ કે જે વીતરાગ છે તે જ દેવ છે. ભવ્યજીવોના સંસારરૂપી પર્વતને ખતમ કરતા વજ્રસમા છે. પોતાના જેવી જ પદવીના દાતા છે.**

**નોંધ :** ''વીતરાગ જ ભગવાન છે'' એવો નિશ્ચય કરી લેવાનો આગ્રહ ગ્રન્થકારશ્રી એટલા માટે રાખે છે કે જો અહીં કોઈ ગરબડ

થશે તો ભવભ્રમણ વધી જશે તેવો તેમનો ખ્યાલ છે.

જો કોઈ જીવ સરાગને પણ દેવ માની લેશે તો તે પોતે વધુ સરાગ બનશે, વીતરાગ કદાપિ બની શકશે નહિ.

સરાગને જોઈને વીતરાગ બનવાનું મન શી રીતે થાય ?

જો જીવે ભ્રમણ મટાડવું હોય તો તેણે આ ત્રણ ભ્રમણામાંથી વહેલી તકે મુકત થઈ જવું જોઈએ કે....

(૧) સરાગ પણ દેવ હોઈ શકે.

(૨) ઘરબારી પણ ગુરુ હોઈ શકે.

(૩) દયાહીન પણ ધર્મ હોઈ શકે.

ધ્યેય જો દોષદુષ્ટ હશે તો ધ્યાન અને ધ્યાતા દોષમુકત થઈ શકશે નહિ.

દેવને 'સરાગ' માનવા તરફ અજૈન દર્શનો એટલા માટે દોરવાયા લાગે છે કે તે રાગી હોય તો જ ભક્તો ઉપર રીઝે; અને ભકતોના શત્રુઓને સજા કરે. ભકતો જે દેવ-ભક્તિ કરે છે તેમાં તેમની એવી અપેક્ષા હોય છે કે અમારા ભગવાન અમને ઈચ્છા મુજબનું સુખ આપે; અમારું દુઃખ હરે.

જૈનદર્શન કહે છે કે આ માટે કાંઈ દેવને સરાગ માનવાની જરૂર નથી. દેવ ખરેખરા વીતરાગ હોય તો ય તેમના આલંબનથી આ બધું આપમેળે થઈ શકે છે. વીતરાગ એવા દેવની શક્તિ જ એવી અચિન્ત્ય અને અપરિમિત છે કે તેનું આલંબન લેનારાનો બેડો પાર થઈ જ જાય. ના... દેવ તેવું ન ઈચ્છે : તેવો રાગ ભકત ઉપર ન કરે તો ય.

ના.... એ દેવ ભક્તોના શત્રુને ખતમ કરતો દ્વેષ ન જ કરે. દેવ તો શત્રુનું પણ હિત ચિંતવવાનું કહે. તેનો નાશ કરવાની કલ્પના પણ ન થાય.

અલબત્ત, દેવ પાસે દેવ બનવાની જ વાત માગવી જોઈએ. સંસારની ભોગસામગ્રીના સ્વામી થવાની વાત નહિ કરવી જોઈએ. કેમકે વણમાંગ્યે પણ તે એટલું બધું ભોગસુખ દેવાને સમર્થ છે કે જેની કલ્પના પણ કરી ન શકાય.

વળી, વણમાંગ્યે મળેલું ભોગસુખ આસક્તિ જન્માવતું નથી, પાપી કરતું નથી, દુર્ગતિ તરફ ધકેલતું નથી. આ 'વણમાગ્યા'ની બહુ મોટી વિશેષતા છે.

દેવ પાસે માગીને મેળવેલું સુખ આસક્તિઓ અને તેનાં પાપોને અને દુઃખોને પેદા કર્યા વિના રહેતું નથી.

માંગીને મેળવેલો દીકરો મોટો થઈને બાપાની ગળચી દબાવશે. વણમાગ્યે-મોક્ષ માગતાં - મળી ગયેલો દીકરો મોટો થઈને રોજ બાપાના પગ દબાવશે.

જો દેવ વીતરાગ હોય તો આ બધા લાભોની પ્રાપ્તિ થાય છે.

પ્રથમ પ્રસ્તાવ અહીં સમાપ્ત થાય છે.

વીતરાગને જ 'દેવ' માનવાના દઢ સંકલ્પ કરીને આપણે દ્વિતીય પ્રસ્તાવમાં પ્રવેશ કરીએ.

# દ્વિતીય પ્રસ્તાવ

[શ્લોક : ૩૮]

**सर्वेऽपि साम्प्रतं लोकाः प्रायस्तत्वपराङ्मुखाः ।**
**क्लिश्यन्ते स्वाग्रहग्रस्ता दृष्टिरागेण मोहिताः ॥ ४७ ॥**

વર્તમાનકાળમાં લગભગ બધા જીવો તત્ત્વથી પરાઙ્મુખ બનેલા છે. દષ્ટિરાગથી ગાંડા બનેલા કદાગ્રહથી પીડિત તે લોકો ખૂબ સંકલેશમાં રહે છે.

**નોંધ :** કામરાગ, સ્નેહરાગ અને દષ્ટિરાગ.

આ ત્રણ રાગો ખરાબ છે, તેમાંય દષ્ટિરાગ તો ખતરનાક છે.

જાતીય વાસના એ કામરાગ છે.

બાળકાદિનો માતા વગેરે ઉપર સ્નેહભાવ તે સ્નેહરાગ છે.

જ્યારે પોતાના દર્શન તરફનો આંધળો કદાગ્રહ તે દષ્ટિરાગ છે.

[કિટલાક લોકો ગુરુ આદિ વ્યક્તિ પ્રત્યેના રાગને દષ્ટિરાગ કહે છે તે બરોબર નથી.]

હજી કામરાગ અને સ્નેહરાગ થોડીક મુશ્કેલીથી પણ નિવારી શકાય; પરન્તુ દષ્ટિરાગ તો સજ્જનોને અને ચિંતકોને પણ દૂર કરવો

ભારે પડી જાય તેવું છે.

બહુ મોટી સંખ્યાના જીવો-આ ગ્રન્થકારશ્રીના જણાવ્યા પ્રમાણે તો - લગભગ બધા જીવો દષ્ટિરાગે આંધળા બનેલા છે. પોતાના ધર્મની માન્યતાને અત્યન્ત જડપણે, કદાગ્રહપૂર્વક - તેઓ વળગી રહ્યા છે. આમાં કેટલાક લોકો જે તે ક્ષેત્રોના માહેર હોય છે. એમની બુદ્ધિનું કૌશલ્ય દુનિયામાં ગવાયું હોય છે. એમની વ્યાવહારિક સૂઝ ઉત્કૃષ્ટ કોટિની હોય છે. તેઓ રોજના એક લાખ રૂપિયાની ફી લેનારા પ્રકાંડ વકીલો વગેરે હોય છે. પણ આમાંના ઘણાબધા લોકો પોતાના દર્શનની માન્યતા - કે જે પાયામાંથી સાચી નથી - તેને કદાગ્રહપૂર્વક વળગી રહ્યા હોય છે.

દા.ત., ઈશ્વરનું કર્તૃત્વ જે રીતે અજૈન લોકોમાં પ્રમાણિત થયું છે તે કોઈ પણ હાલતમાં પ્રમાણભૂત ઠરી શકે તેમ નથી.

અથવા દિગંબર સંપ્રદાયની મુક્તિમાં બાધક ગણાતાં વસ્ત્રોની માન્યતા કે જે યુક્તિથી બિલકુલ ટકી શકતી નથી. ટૂંકમાં તે તે આત્માની નિત્યતા વગેરે સંબંધિત એકાન્તવાદ, બૌદ્ધોની આત્માના નિર્વાણની કલ્પના, વૈદિકોનો ઈશ્વર- અવતારવાદ; વગેરે બાબતો - તર્કસંગત બનતી નથી. આમ છતાં, તે તે બાબતો ઉપરની તે તે લોકોની શ્રદ્ધા એટલી બધી અકાટ્ય હોય છે કે તેને ફેરવી શકાતી નથી.

મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન એ મિથ્યા આચરણના કારક છે. મિથ્યા આચરણ કરનારાનો ભવચ્છેદ થતો નથી.

જૈન દર્શનની જે માન્યતાઓ છે તેના અમલ અંગે પણ કદાગ્રહ ન હોવો જોઈએ. દા.ત., કોઈ પિતા રાત્રિભોજનના ત્યાગનું જે

પરમાત્માએ ફરમાવેલું સત્ય છે તેને દીકરા પાસે અમલમાં મુકાવવા માટે જીદ ઉપર ચડે, મોટો ઝઘડો કરી બેસે તો તે બિલકુલ ઉચિત ન ગણાય.

જૈનદર્શનની જે માન્યતાઓ છે તેને એક જૈન ચુસ્તપણે સ્વીકારતો હોય ત્યાં સુધી તે બરોબર છે. પરન્તુ તે માન્યતાને સાચી ઠરાવવામાં વધુ પડતો આગ્રહી બનીને કોઈ અજૈનની સાથે ઝઘડી પડે તો તે પોતાના જૈનદર્શનનો દષ્ટિરાગ કહેવાય.

સત્ય તો સુંદર હોય; સમાધિજનક હોય. એ કદાગ્રહમાં પરિણમે અને તેથી ભયંકર સંઘર્ષ પેદા થાય તો તેને શાસ્ત્રકારો માન્યતા આપતા નથી. એવા વખતે ઉપેક્ષા, કાલક્ષેપ વગેરેનું શરણ લેવું જોઈએ. બીજાઓમાં અસમાધિ પેદા થવા ન દેવાય. તીવ્ર અસમાધિનું જનક કદાગ્રહપ્રેરિત સત્ય એ દષ્ટિરાગ છે.

**दृष्टिरागो महामोहो दृष्टिरागो महाभवः ।**
**दृष्टिरागो महामारो दृष्टिरागो महाज्वरः ॥ ४८ ॥**

**દષ્ટિરાગ એ ભયંકર અજ્ઞાન છે. તે સંસારભ્રમણનું અમોઘ કારણ છે. એ ભયંકર યમરાજ છે. એ ભયંકર કોટિનો જ્વર છે.**

નોંધ : ભૂતકાળમાં તે તે વૈદિક વગેરે ધર્મોએ પોતાના ધર્મ પ્રત્યેના તીવ્ર કદાગ્રહને આધીન થઈને ખૂબ મોટા વિવાદો કર્યા છે. અને તેમાં મારામારી (વિતંડા) પણ થયેલ છે. ખૂનખરાબા પણ ઓછા થયા નથી.

પોતાના દર્શનની માન્યતાની સત્યતાને ચકાસવા માટે વાદ જરૂર

કરી શકાય. પરન્તુ તે વાદ વિવાદમાં પરિણમવો ન જોઈએ. વાદમાં તત્ત્વબોધ પામવાની એક માત્ર શુભેચ્છા હોય.

વિવાદમાં હાર-જીતની ઉગ્રતા હોય.

વિતંડામાં મારામારી, ખૂનખરાબા હોય.

ના..... વિવાદ અને વિતંડા સારા નથી. જૈનદર્શનની સ્યાદ્વાદ શૈલી સાવ નોખી અને અનોખી છે. એ નયદૃષ્ટિથી કોઈ પણ તત્ત્વને મૂલવે છે; તેમાં સમાધાન શોધે છે; તેને સાચું ઠરાવવા યત્ન કરે છે. પોતાના મતને જ એકાન્તે સાચો માનીને, પરમતનું એકાન્તે ખંડન તે કરતું નથી.

ઈશ્વરકર્તૃત્વના વિચારને પણ તે ઉપચરિતનયથી સ્વીકારે છે. તેના એકાન્તનું જ તે ખંડન કરે છે.

દિગંબરોની વસ્ત્રવિહીન અવસ્થાની વાતને પણ જિનકલ્પની સાધનામાં તે સ્વીકારે છે.

ઋજુસૂત્ર નયથી તે બૌદ્ધોને સાચા કહે છે.

સંગ્રહનયથી તે વેદાન્તીને સાચા કહે છે.

નૈગમનયથી તે સાંખ્યોને સાચા કહે છે.

તેણે છ દર્શનોને જિનેશ્વરદેવના વિવિધ અંગો તરીકે સ્વીકારી લીધાં છે. અરે, તેમાંના નાસ્તિક દર્શનને પણ જિનેશ્વરદેવના પેટનું સ્થાન આપીને અપેક્ષાવિશેષથી સત્કાર્યું છે.

તે કહે છે, તમારી વાત કબૂલ પણ એકાન્ત નાકબૂલ. તમારો કદાગ્રહ (એકાન્ત) તમે છોડો પછી આપણે બે એક.

આવો સ્યાદ્વાદ બીજાં દર્શનો પાસે નથી. ત્યાં એકાન્તવાદરૂપ કદાગ્રહ છે. એનાં કારણે જ પોતાના દર્શનની માન્યતાઓને

આંધળાભીંત બનીને વળગી રહે છે. તે માટે મોટા ઝઘડાઓ કરી બેસે છે.

જૈન દાર્શનિકોની વાત સાવ જુદી છે. તેઓ સ્યાદ્વાદપ્રયુકત સમન્વયને જ ઇચ્છે છે. સમાધાન જ તેમને પસંદ છે.

દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવે ઇન્દ્રભૂતિ વગેરે બ્રાહ્મણોની આત્માના નિત્યત્વ વગેરે અંગેની વિરોધાભાસી વેદપંકિતઓ મળતાં, ઊભી થયેલી મૂંઝવણોને દૂર કરવા માટે તે તે વેદપંકિતઓ દ્વારા જ સમન્વય કરી આપ્યો હતો; પણ તે પંક્તિઓને અસત્ય જાહેર કરી ન હતી.

અજૈન દર્શનો એકાન્તથી ખરડાયેલા હોવાથી દષ્ટિરાગનો ભોગ બની જતાં ત્યાં વાર લાગતી નથી.

કામરાગ, સ્નેહરાગ અને દષ્ટિરાગથી અલગ ચોથો રાગ છે; જેનું નામ છે- વ્યક્તિરાગ.

પોતાના ગુરુ, પિતા વગેરે ઉપરની અતિશ્રદ્ધામાંથી આ વ્યકિતરાગ પેદા થાય છે.

ઉપકારી વ્યક્તિઓ પ્રત્યે રાગ હોવો જ જોઈએ; પરન્તુ જ્યારે તે આંધળો બનીને અન્ય વ્યક્તિઓના ગુણોને જોવા માટે જરા ય તૈયાર થતો નથી ત્યારે તે હેયકક્ષાનો વ્યક્તિરાગ બને છે.

વર્તમાનમાં આ વ્યક્તિરાગનું ખૂબ જોર છે. તે ઉપકારી જણાતી વ્યક્તિઓ પણ પોતાના આશ્રિતોમાં વ્યક્તિરાગનું ઝેર પ્રસરાવતી હોય છે. બીજે ક્યાંય નહિ જવાનું; કોઈને શિર નહિ ઝુકાવવાનું, કોઈના ગુણો નહિ ગાવાનું આગ્રહપૂર્વક ઠસાવતી હોય છે.

આ વ્યક્તિરાગ પણ ક્યારેક દષ્ટિરાગ જેટલો જ કાતીલ બનતો હોય છે.

**पतितव्यं जनैः सर्वैः प्रायः कालानुभावतः ।**
**पापो मत्सरहेतुस्तद् निर्मितोऽसौ सतामपि ॥ ४९ ॥**

**કાળનો જ કોઈ એવો પ્રભાવ છે કે તેનાથી સર્વ જીવોના પતનની શક્યતા ઘણી વધુ છે. આથી જ સજ્જનો પણ દૃષ્ટિરાગનો ભોગ બને છે. અને તેથી બીજાઓ પ્રત્યે ઈર્ષ્યા-નિંદા કરે છે.**

**નોંધ :** ભરતક્ષેત્રમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી વારાફરતી આવ્યા કરે. અવસર્પિણીનો કાળ ઉત્સર્પિણીના કાળથી ઘણી રીતે નબળો કહેવાય. એમાં હાલ જે અપસર્પિણી કાળ ચાલે છે તે વધુ પડતો ખરાબ છે. આથી જ્ઞાનીઓએ આ કાળને હૂંડા (ભૂંડા) અવસર્પિણી કાળ કહ્યો છે.

અવસર્પિણી કાળનો ચોથો આરો તો તારક ચોવીસ તીર્થંકર દેવોથી સંપન્ન હોઈને મહાન્ બન્યો છે. આપણો તો પંચમ આરો ચાલે છે, જેમાં એક પણ વિશિષ્ટ આત્માઓની હાજરી નથી. એમાં ય વળી 'ભસ્મગ્રહ' ના અઢી હજાર વર્ષનો આ સમય ગણી શકાય. ભસ્મગ્રહે જૈનધર્મની સ્થિતિને રાખ (ભસ્મ) જેવી કરી નાંખી છે. આમાં પણ વળી યુગપ્રધાન મહાપુરુષોનો ય વિરહકાળ ચાલે છે.

આવા અત્યન્ત વિષમ કાળમાં દુર્ભાગી આત્માઓ જ મનુષ્યભવ પામે એવું ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં કહે છે.

એવું સાંભળવા મળ્યું છે કે વર્તમાનકાળના ઘણાબધા ધર્મી દેખાતા જીવો પણ મિથ્યાદૃષ્ટિ છે. એમની આંતરિક સ્થિતિ જરા ય સારી નથી.

મનુષ્યભવ કે મુનિજીવન પામવા છતાં આત્માની ગુણવત્તા ઊંચી ન મળે તે કેટલી દુઃખદ બાબત ગણાય ?

એવું સાંભળવા મળ્યું છે કે પૂર્વ ભવોમાં જે આત્માઓએ રત્નત્રયી કે તત્ત્વત્રયીની કે તેમાંના કોઈ પણ એકાદ પદાર્થની તીવ્ર વિરાધના કરી હોય અને ગમે તે કારણસર તેનું સાચું પ્રાયશ્ચિત્ત થયું ન હોય તો તેવા આત્માઓ ભરતક્ષેત્રમાં આ નબળા સમયમાં જન્મ પામે છે. મુનિવેષ પણ પ્રાપ્ત કરે છે. પરન્તુ પેલો વિરાધકભાવ તેમને છોડતો નથી. તેમનામાં વિવિધ દોષોનું ઉત્થાન કરવા દ્વારા તેમને પાપમય બનાવી નાંખે છે.

આ વાત હાલમાં એકદમ સાચી જણાય છે.

આવા વિરાધકભાવવાળા આત્માઓ દૃષ્ટિરાગના વમળમાં ફસાઈ જાય છે. તેમનું માનસ સંઘર્ષપ્રિય અને કદાગ્રહી બને છે. તેથી વિપક્ષની સાથે તેઓ કટ્ટરતા સાથે લડવા તૈયાર થઈ જાય છે.

જો આવો દૃષ્ટિરાગ પેદા ન થાય તો અન્ય દોષોનો તેઓ ભોગ બને છે. કામ, ક્રોધ, સ્વાર્થ વગેરે કોઈ પણ દોષ તેમને મળેલા મૂલ્યવાન માનવભવનો કચરો કરી નાંખે છે. જો તેમને મુનિવેષ પ્રાપ્ત થયો હોય તો તેને પણ તેઓ ખરડી નાંખે છે. જ્યાં સુધી પેલો પૂર્વભવીય વિરાધકભાવ મોળો ન પડે ત્યાં સુધી તે આત્મા આ રીતે દોષોથી પરેશાન થતો રહે છે.

હાય ! હૂંડા અવસર્પિણીના આ કાળમાં માનવદેહ મળે કે મુનિવેષ પણ મળે તો ય તેને સફળ કરવાનું કામ લગભગ બધા જીવો માટે મુશ્કેલ છે.

જેમની પાસે માનવતાના ગુણો છે, જેઓ ઔચિત્યના સેવી છે, જેમનામાં ગંભીરતા, સહિષ્ણુતા, દયાળુતા વગેરે ગુણોની ઠીકઠીક પ્રમાણમાં ખિલવટ થઈ છે તેવા સજ્જનો પણ દૃષ્ટિરાગના આંધળા

રાગમાં પટકાઈને પોતાની હઠમાંથી બહાર નીકળી શકતા નથી. આવા કદાગ્રહી આત્માઓ ગમે તેટલા સારા માણસ હોય તોય તેમને સત્યની પ્રાપ્તિ થતી નથી.

કદાગ્રહને અને સત્યપ્રાપ્તિને સદા માટે ઉંદર-બિલાડી જેવું વેર હોય છે.

જીવનમાં કાંઈ પણ સમ્યગ્જ્ઞાન પામવામાં કદાગ્રહ આડી ઊભેલી મોટી દીવાલ છે.

**मोहोपहतचित्तास्ते मैत्र्यादिभिरसंस्कृताः ।**
**स्वयं नष्टा जनं मुग्धं नाशयन्ति धिग् हहा ॥ ५० ॥**

**દૃષ્ટિરાગરૂપ કદાગ્રહથી જે લોકોનું ચિત્ત અત્યન્ત કલુષિત થયું છે; જેમના ચિત્તમાં મૈત્રી આદિ ભાવનાઓનો કોઈ સંસ્કાર નથી તેઓ સ્વયં સંસારમાં રખડી પડેલા છે. પણ બીજાઓને ય રખડાવી મારે છે. ધિક્કાર છે, તેવા લોકોને.**

**નોંધ :** અનાગ્રહ, પૂર્વગ્રહ અને કદાગ્રહ એ બધા ય અજ્ઞાન (મોહ)ના પ્રકારો છે. એમાં પોતાના દર્શનનો કદાગ્રહ સૌથી ખરાબ છે. જ્યાં આ કદાગ્રહ છે ત્યાં જડ અને ચેતન પદાર્થોના સંબંધમાં સમ્યગ્જ્ઞાન થતું નથી. કદાગ્રહી જીવો પોતાનું ભવભ્રમણ તો વધારતા જ હોય છે પણ અન્ય ભોળા જીવોને ભરમાવીને તેમનું ય ભવભ્રમણ વધારી દેતા હોય છે.

આ જીવોને વિપક્ષમાં ગણાતા જીવો પ્રત્યે મૈત્રીભાવ જામતો નથી. ઊલટો તેમના પ્રત્યે દ્વેષભાવ, ઈર્ષ્યાભાવ વગેરે જોર મારતા હોય છે.

જ્યાં સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવને બદલે દ્રોહભાવ છે ત્યાં આત્મગુણોનું સંસ્કરણ બિલકુલ સંભવિત નથી.

આવા જીવો પોતાના ધાર્મિક ઝનૂનથી બીજા સરળ જીવોને ઉશ્કેરી મૂકે છે. એમને પણ પોતાની સાથે સંસારભ્રમણના ચક્કરમાં દીર્ઘકાળ માટે ફસાવી દે છે.

કોઈ જીવ પોતાના પાપે પોતે મરતો હોય તો એ એટલું ખરાબ નથી; જેટલું ખરાબ બીજાઓને પણ દુર્ગતિના ખાડામાં ઝીંકી દેવાનું છે. આવા જીવો જરાય દયાને પાત્ર નથી. તેઓ ધિક્કારને લાયક છે.

**परे हितमतिर्मैत्री, मुदिता गुणमोदनम् ।**
**उपेक्षा दोषमाध्यस्थ्यं, करुणा दुःखमोक्षधीः ॥ ५१ ॥**

પોતાનાથી બીજા - એટલે સર્વ જીવોનું હિત થાય તેવી ભાવના એ મૈત્રી ભાવના છે.

જે જીવોમાં કોઈ ને કોઈ શક્તિની, લબ્ધિની, પુણ્યાઈની કે સમજણ વગેરેની વિશેષતા પડી છે તે જોઈને આનંદ પામવો તે મુદિતા (પ્રમોદ)ભાવના છે.

અન્ય દુઃખી જીવોને જોઈને દુઃખી થઈ જવું એ કરુણાભાવના છે.

અન્ય પાપી જીવોને જોઈને તેમની ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ્ય ભાવના છે.

નોંધ : આપણી ભાવના એવી હોય કે, ''સહુ સુખી થાય : સહુનું હિત થાય તો સારું.'' આને મૈત્રી ભાવના કહેવાય. અરિહંત

પરમાત્માની ભાવના એવી હોય કે, ''હું જ બધાને સુખી કરું : સહુનું હિત કરું.'' આ ભાવના કરુણાભાવના કહેવાય. જગતમાં બે તત્ત્વો ખૂબ અશુભ છે. એક કરતાં બીજું વધારે અશુભ.

એક : દુઃખો.

બે : દોષો.

બીજાનાં દુઃખો જોઈને આપણા હૈયે કરુણા જાગ્રત થાય. તેમનાં દુઃખોને દૂર કરવાની વૃત્તિ જાગે, યથાશક્ય પ્રવૃત્તિ પણ થાય.

બીજાના દોષો જોઈને, તે દૂર કરવાનું આપણું સામર્થ્ય હોય તો જુદી વાત. અન્યથા તે તરફ ધિક્કાર તો ન જ થવો જોઈએ. હા. તેમના દોષો તરફ માધ્યસ્થ્ય ભાવ : નહિ રાગ, નહિ દ્વેષ, થવો જોઈએ. આવા માધ્યસ્થભાવનું બીજું નામ છે, ઉપેક્ષા ભાવના.

સામાન્યતઃ જડ પદાર્થો પ્રત્યે આપણને રાગ થતો હોય છે અને જીવ-તત્ત્વ તરફ દ્વેષ થતો હોય છે.

વસ્તુતઃ જડ પ્રત્યે વૈરાગ્ય થવો જોઈએ અને જીવમાત્ર પ્રત્યે રાગ (સ્નેહ પરિણામ) થવો જોઈએ.

જડ પ્રત્યે વૈરાગ્યભાવ ઉત્પન્ન કરવા માટે અનિત્ય, અશરણ વગેરે બાર ભાવનાઓનું ચિંતન કરવું જોઈએ.

જીવ પ્રત્યે સ્નેહભાવ : અદ્રોહભાવ પેદા કરવા માટે મૈત્રી વગેરે ચાર ભાવનાઓનું ચિંતન કરવું જોઈએ.

જો આવું ચિંતન આત્મસાત્ ન થાય તો જીવ મોક્ષ પામી શકે નહિ.

જડરાગ અને જીવદ્વેષ ભવભ્રમણનું મુખ્ય કારણ છે.

શાન્તસુધારસ, ભવભાવના વગેરે ગ્રન્થોના પરિશીલનથી આ ચિંતન આત્મસાત્ કરી શકાય ખરું.

**मैत्री निखिलसत्त्वेषु प्रमोदो गुणशालिषु ।**
**माध्यस्थ्यमविनेयेषु करुणा दुःखदेहिषु ॥ ५२ ॥**

**धर्मकल्पद्रुमस्यैता मूलं मैत्र्यादिभावनाः ।**
**यैर्न ज्ञाता न चाभ्यस्ताः स तेषामतिदुर्लभः ॥ ५३ ॥**

સર્વ જીવો પ્રત્યે મૈત્રી, ગુણીજનો પ્રત્યે પ્રમોદ, દુઃખિતો પ્રત્યે કરુણા અને ઉદ્ધતાઈ વગેરે દોષવાળા જીવો પ્રત્યે માધ્યસ્થ્ય ભાવના રાખવી જોઈએ.

ધર્મરૂપી કલ્પવૃક્ષનું આ ભાવનાઓ મૂળ છે. જેમણે તેને જાણી નથી, કે જીવનમાં ઉતારી નથી તેમને ધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ બની રહે છે.

નોંધ : સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવ જોઈએ. કટૂભાવ ક્યાંય નહિ. એમાં જે ગુણીયલ હોય તેમના પ્રત્યે પ્રમોદ (આનંદની અભિવ્યક્તિ) થવો જોઈએ. ઈર્ષ્યા કદાપિ નહિ. દુખિતો પ્રત્યે કરુણા થવી જોઈએ, કઠોરતા નહિ.

દોષયુક્ત જીવો પ્રત્યે ઉપેક્ષા થાય; ધિક્કાર નહિ.

આ ચાર ભાવનાઓ ધર્મનું મૂળ છે. એના અભ્યાસ વિના જીવ ધર્મને નિકટના ભવોમાં પણ પામી શકતો નથી.

જીવ પ્રત્યેનો સ્નેહભાવ એ તેમના પ્રત્યેનો મધુરપરિણામ છે. 'સામાયિક' શબ્દનો અર્થ મધુર પરિણામ છે.

આજ સુધી જીવનું ભવભ્રમણ ચાલુ રહ્યું છે. તેનું મુખ્ય કારણ જીવો પ્રત્યેનાં કટૂપરિણામ છે. નિગોદમાં સાંકડી જગામાં અનંત

જીવોની કચડાકચડીને લીધે તે જીવોને પરસ્પર પ્રત્યે જે કડવાશ પેદા થઈ, અને અનંતકાળ સુધી રહી. વળી, તેથી જે કટૂતાનો સંસ્કાર પડ્યો તે નિગોદમાંથી બહાર નીકળ્યા પછી પણ જીવંત રહ્યો. માનવભવ સુધી જીવ આવી ગયો, મુનિવેષ પણ મળી ગયો તો ય ઘણાબધા જીવોનો અન્ય જીવો પ્રત્યેનો કટૂ-પરિણામ દૂર ન થયો. જે જીવ પોતાને અનુકૂળ થાય તેના જ પ્રત્યે જીવમાં મીઠાશ હોય છે. બાકી સર્વત્ર તે કડવાશ ઓકતો હોય છે. આંખેથી અગ્નિવર્ષા કરતો હોય છે.

બધા જીવોમાં શિવ-તત્ત્વ પડ્યું છે. તે ન જોતાં, તેમના દોષો જોવા કે પોતાના કોઈ હિતનો ભંગ થવો તેથી તે જીવો તરફ તિરસ્કાર થાય તો તે તિરસ્કાર તેમનામાં રહેલા શિવ-તત્ત્વનો તિરસ્કાર છે. તેમની ભીતરમાં જે 'સત્યં, શિવં, સુન્દરમ્' છે તેનો તિરસ્કાર છે. આવા તિરસ્કારભાવ યુક્ત જીવને ધર્મની પ્રાપ્તિ ન થાય.

જો મૈત્રી ભાવના ન આવે ? તો બાકીની ત્રણ ભાવના પણ ન આવે, કેમ કે સર્વત્ર સ્નેહભાવ રૂપી મૈત્રી પરિણામ જીવંત બને તો જ તેમના ગુણીજનો પ્રત્યે પ્રમોદભાવ, દુઃખીજનો પ્રત્યે કરુણાભાવ અને પાપીજનો પ્રત્યે માધ્યસ્થભાવ આવી શકે.

ભૂતકાળમાં જે આત્માઓ શિવપદને પામ્યા છે તે બધાએ- પોતાનું હલાહલ અહિત કરનારા, મરણાન્ત કષ્ટ આપનારા જીવો પ્રત્યે પણ - સ્નેહપરિણામ જ કેળવ્યો છે. તેવા હિતશત્રુઓને પોતાના પરમમિત્ર, પરમબન્ધુ, પરમોપકારી તરીકે જ જોયા છે.

જો કે શિવસ્વરૂપ એવા પરમાત્મામાં 'શિવ'નું દર્શન કરવું એ સહેલું છે. પરંતુ અધમ એવા તમામ જીવોમાં 'ભગવાન' જોવો તે

અતિકઠિન કાર્ય છે. પરંતુ તેમ થયા વિના ધર્મપ્રાપ્તિ થઈ શકતી નથી.

સર્વ જીવો પ્રત્યે સ્નેહપરિણામ (માધુર્ય) એ ધર્મનો પાયો છે. આના વિનાની કોઈ પણ ધર્મક્રિયા એ ધર્મ બની શકતી નથી. એ ધર્મક્રિયા જ રહે છે.

ધર્મક્રિયા સ્વર્ગાદિ જ આપી શકે, મુક્તિ તો ધર્મ કરવાથી જ મળે.

જેનામાં સર્વ જીવો પ્રત્યે સ્નેહપરિણામ નથી, તેનામાં અન્ય જીવોના ગુણ, પુણ્યાઈ, શક્તિ વગેરે જોઈને ઈર્ષ્યા થયા વિના રહેવાની નથી.

સ્નેહ પરિણામ વિનાનું હૃદય દુઃખિતો પ્રત્યે કઠોર બનશે જ.

સ્નેહ પરિણામ વિનાનું હૃદય પાપીઓનાં પાપ પ્રત્યે ધિક્કાર વરસાવશે જ. ધર્મ પામવા ચાર ભાવનાઓથી ભાવિત થાઓ,. તેમાં ય ખાસ કરીને મૈત્રી ભાવનાને મજબૂત બનાવો.

**अहो विचित्रं मोहान्ध्यं, तदन्धैरिह यज्ञनैः ।**
**दोषा असन्तोऽपीक्ष्यन्ते परे सन्तोऽपि नात्मनि ॥ ५४ ॥**

**અરે, મોહદશાનો આ અન્ધાપો કેવો છે કે તેવા માણસો બીજાઓમાં ન હોય તેવા દોષોને જુએ છે. અને પોતાનામાં રહેલા દોષોને જોતા નથી.**

નોંધ : મોહ એટલે અજ્ઞાન.

અજ્ઞાન એટલે જ્ઞાનદશાનું દેવાળું.

અજ્ઞાન એટલે છતી આંખે અંધાપો. બધા દોષોનું જન્મસ્થાન આ અંધાપો છે.

બધા દોષોમાં સર્વોત્કૃષ્ટ દોષ છે, પરદોષદર્શન અને સ્વગુણદર્શન.

મોહાન્ધ માણસો કાગડાથી ય ભૂંડા છે. કેમ કે કાગડો તો જ્યાં ખરેખર વિષ્ઠા પડેલી છે ત્યાં ચાંચ મારે છે. આ લોકો તો દોષરૂપી વિષ્ઠા ન હોય ત્યાં ય દોષનું ઉદ્ભાવન કરીને ચાંચ મારે છે. વળી, તેમને પોતાના દોષો તો દેખાતા જ નથી.

બીજાના અણુ જેટલા દોષોને મેરુ બનાવીને ભાંડવાની કલામાં આ લોકો પાવરધા હોય છે.

પોતાના મેરુ જેટલા મસમોટા દોષોને સાવ મામૂલી ગણાવી દઈને, માથું ઊંચકીને આ લોકો ફરતા હોય છે. એમને પોતાના મામૂલી કક્ષાના ગુણો પણ ખૂબ મોટા લાગે છે. તેને લોકોમાં ખૂબ ગાવાની તેમને ટેવ પડી હોય છે.

પરદોષદર્શન કરનારા નિન્દક હોય છે અને પરગુણદર્શન થાય તો તે પરગુણ સહન નહિ થતાં ઈર્ષ્યાળુ બને છે.

સ્વગુણદર્શનમાં જ ઓતપ્રોત રહેવાને લીધે પોતાની પ્રશંસાની તેમને કારમી ભૂખ હોય છે.

પરનિન્દા, સ્વપ્રશંસા અને ઈર્ષ્યાળુતા એકદમ નીચ કક્ષાના દોષો છે.

મોહાન્ધ માણસો આ બધા દોષોનો ભોગ બને છે.

જોકે કામાન્ધ, ક્રોધાન્ધ, લોભાન્ધ વગેરે માણસો પણ ખરાબ છે. પણ તે બધાનું જે મૂળ છે : મોહ (અજ્ઞાનતા); તેનાથી અન્ધ બની ગયેલા માણસો તો અતિ ખરાબ છે. આ જીવોનું માનવજીવન અને મુનિવેષ - બન્ને-સદંતર- 'ફેઈલ' થતા હોય છે.

અજ્ઞાનના જે વિવિધ સ્વરૂપો છે - સત્યનો અનાગ્રહ, વ્યક્તિ પ્રત્યેનો પૂર્વગ્રહ, અયોગ્ય દેશ-કાળ કે વ્યક્તિએ સત્યાગ્રહ અને સ્વમતનો કદાગ્રહ-એમાં સૌથી વધુ ખતરનાક કદાગ્રહ છે.

કદાગ્રહ માણસને પક્ષપરસ્ત બનાવે છે. રાષ્ટ્રવાદને સ્થાને જો પક્ષવાદ આવે તો જેમ તે રાષ્ટ્રને મોટું નુકસાન કરે તેમ ધર્મવાદને બદલે જો પક્ષ (સ્વમત) વાદ (કદાગ્રહ) આવે તો તે ધર્મતત્ત્વને મોટું નુકસાન કરે. પોતે સત્ય પામી ન શકે અને જગતમાં જે સત્યો છે તેની અસ્મિતાને તે હણી નાંખે.

કોઈ પણ સત્ય જ્યારે સાપેક્ષ રીતે સત્ય છે ત્યારે તે સત્યને નિરપેક્ષ સત્ય બનાવી દેવું અને પછી તેના અંગેની જે તે અપેક્ષાઓના સત્યની સામે ટકરાવવું એ ઉચિત ન ગણાય.

**मदीयं दर्शनं मुख्यं पाखण्डान्यपराणि तु ।**
**मदीय आगमः सारः परकीयास्त्वसारकाः ॥ ५५ ॥**

**तात्त्विका वयमेवान्ये भ्रान्ताः सर्वेऽप्यतात्त्विकाः ।**
**इति मत्सरिणो दूरोत्सारितास्तत्त्वसारतः ॥ ५६ ॥**

**મારું જ દર્શન (મત) શ્રેષ્ઠ છે, અને બીજાં દર્શનો પાખંડ છે.**

**મારું જ શાસ્ત્ર સારભૂત છે, અને બીજાનાં શાસ્ત્રો અસાર છે.**

**અમે જ તત્ત્વવેત્તા છીએ બીજા તમામ બોઘાઓ છે; તત્ત્વના અજાણ છે એવું માનનારા લોકો બીજા મતો પ્રત્યેની ઈર્ષ્યાથી ઊભરાયેલા છે અને તત્ત્વના સારથી ક્યાંય દૂર પડેલા છે.**

**નોંધ :** જ્યારે વર્તમાનકાલીન કેટલાક જૈનધર્મના ઠેકેદાર મહાપુરુષો સ્વધર્મના જ મહાપુરુષોને મિથ્યાત્વી, અનન્તસંસારી, કુગુરુ વગેરે શબ્દોથી વાતવાતમાં ધિક્કારી રહ્યા છે. ત્યારે તેવા લોકોના કરકમલમાં આ બે શ્લોકો સાદર સમર્પણ થાઓ.

આ ધર્મ-ઝનૂની પક્ષના આવા પ્રલાપોના કારણે પરધર્મી લોકો સાથેની સહિષ્ણુતા વિચારી પણ શકાય તેવી રહી નથી. ઘરમાં જ મોટો વિખવાદ પેદા થયો હોય; સંઘર્ષ છેડાયો હોય, સંકલેશમાં સહુ ગળાબૂડ પડેલા હોય ત્યાં વિશાળ ફલક ઉપર કાંઈ પણ વિચારવાને અવકાશ જ ક્યાં રહ્યો ?

'આપણે પાંચ નહિ પણ એકસો પાંચ.' એ યુધિષ્ઠિર-ન્યાયને અમલમાં મૂકવામાં જેટલી મિનિટો મોડું થાય છે તેટલું વધુ ને વધુ નુકસાન જૈન સંઘને થઈ રહ્યું છે. ઈસ્લામીઓ દ્વારા હતપ્રહત કરાયેલા તમામ ધર્મોને હવે જયારે ખ્રિસ્તીઓ નામશેષ કરી દેવાના જીવલેણ વ્યૂહોને ગોઠવીને ભીંસમાં લઈ ચૂક્યા હોય ત્યારે પરધર્મી એવા તમામ લોકો સાથે એકસંપી કરવા માટે ઉતાવળા થવાને બદલે સ્વધર્મી લોકો સાથે ઘોર સંગ્રામ ખેલવો એ કેવું ગાંડપણભર્યું કૃત્ય ગણાય ?

નાનકડા સત્યોની રક્ષા કરવા માટે જેહાદની ભાષામાં વાત કરનારાઓ શું સમસ્ત આર્યધર્મોના અસ્તિત્વને ખતમ કરી નાંખવા માટે જંગે ચડેલા લોકોની ઉપેક્ષા કરવા માંગે છે ? શું તેમ થતાં ધર્મનું અસ્તિત્વ જ હચમચી નહિ ઊઠે ?

અરે, અત્યારે જ એ અનાર્ય લોકોની ભેદી વ્યૂહજાળમાં નવી પેઢીના હજારો સંતાનો ફસાઈને ખતમ થઈ પણ ગયા છે.

અહા ! છતાં યાદવી ચાલુ છે. ખૂનખાર જંગ ખેલાઈ રહ્યો છે.

દુકાનને આગ લગાડવા માટે સળગેલા કાકડા તૈયાર કરીને ઊભા રહેલા દેખાતા નથી, ખરાબ લાગતા નથી. અને બાજરાની ગુણ

કોઈ પાછલે બારણેથી ખેંચી રહ્યો છે તે ભૂંડો લાગ્યો છે. તેને મારવા સહુ ધસી ગયા છે. સગો ભાઈ દવલો બન્યો છે. તેને ધોલધપાટ થવા લાગી છે.

હાલ તો સ્વધર્મના ગચ્છો, પક્ષો, પંથો કે સંપ્રદાયોના ભેદોને ગૌણ બનાવીને તેનાં સત્યોને સંઘર્ષમાં ખેંચી લાવવાની વાતને શાન્ત પાડીને, વૈદિક શીખ વગેરે ધર્મવાળાઓની સાથે પણ એકસંપી કરી દેવાની તાત્કાલિક જરૂર છે, તેમ કરીને 'એકસો પાંચ' બનીને ખ્રિસ્તી અને મુસ્લિમ લોકોની ક્રુસેડ અને જેહાદની યુદ્ધનીતિની સામે પડવાની જરૂર છે.

વિધર્મીઓના અને સ્વધર્મીઓના મતભેદોને મોટું કે ઉગ્ર સ્વરૂપ આપવામાં આવશે અને તેથી જો યાદવી રચાશે તો ધર્મનો સર્વનાશ જોતજોતામાં થઈ જશે.

પરમાત્મા મહાવીરદેવે ઈન્દ્રભૂતિ વગેરેની સાથે વેદપંક્તિઓના વિરોધાભાસોને ટાળવા માટે સમન્વયનો જે અભિગમ વાપર્યો છે. તેને આપણે ભૂલવો ન જોઈએ.

આનંદઘનજી મહારાજે લોકાયતિક(ચાર્વાક-નાસ્તિક-દર્શન)ને ભગવાન જિનેશ્વર દેવના અંગમાં કૂખ (પેટ)નું સ્થાન દઈને જે સાપેક્ષ ગૌરવ કર્યું છે તેને આપણે માત્ર સ્તવનમાં કે બોલવામાં ન રાખીએ.

વિધર્મીઓની બાબતમાં પૂજ્ય હેમચન્દ્રસૂરિજી મહારાજાએ જ ઉદાર-સમન્વયી વલણ અપનાવ્યું છે. તેનો આપણે સાદર સ્વીકાર કરીએ.

એક હાથી અને સાત અન્ધજનોની શાસ્ત્રોક્ત વાતો શું શાસ્ત્રમાં જ બાંધી રાખવા માટે છે ?

જો કદાગ્રહનો ભોગ બનાશે તો યાદવી જિનધર્મને નામશેષ કરી નાંખશે.

**यथाऽऽहतानि भाण्डानि विनश्यन्ति परस्परं ।**

**तथा मत्सरिणोऽन्योन्यं हि दोषग्रहणाद् हताः ॥ ५७ ॥**

પરસ્પર અથડાઈને જેમ માટીના ઘડા ફૂટી જાય છે તેમ દૃષ્ટિરાગી ઈર્ષ્યાળુ જીવો એકબીજાના દોષોને ભાંડીને નબળા પડી જાય છે.

નોંધ : જે આત્માઓ પાસે વિશિષ્ટ પ્રકારની શક્તિ કે પુણ્યાઈ છે તેઓ જો પરસ્પરના દોષોને જોવામાં પડી જાય તો એમની શક્તિઓ એવી ટકરાય કે બે ય પક્ષ લડી મરીને ખતમ થાય. જો તેઓ દોષદર્શન ન કરે તો તે જ શક્તિઓ અનેક લોકોને ઉપકારક બને.

પરદોષદર્શનની સાથે સ્વગુણદર્શન અવશ્ય રહે છે. જેનામાં અહંકાર છે તેનામાં જ આ બે દોષ પરસ્પર વળગીને રહે છે.

અભિમાની માણસ પોતાના ઉત્કર્ષમાં અને બીજાના અપકર્ષમાં ખૂબ રાજી હોય છે. પોતાના પ્રતિસ્પર્ધીના દુઃખમાં એ સુખી હોય છે અને તેના સુખમાં એ દુઃખી દુઃખી થાય છે. એ વખતે એને ખાવું ભાવતું નથી ઊંઘ આવતી નથી; કશું ગમતું નથી. આવો માણસ હાથે કરીને હેરાન થતો હોય છે. એની ઈર્ષ્યાવૃત્તિને લીધે એ બીજાના સુખે એવો સળગી જાય છે કે એનું પોતાનું સુખ રાખ થઈ જાય છે.

ઈર્ષ્યા અને નિન્દાની સાથે ક્રોધ અવશ્ય રહેતો હોવાથી પરદોષદ્રષ્ટા જીવ વાતે વાતે સામી વ્યક્તિ સાથે સંઘર્ષ કરી બેસે છે. જે શક્તિઓ ભેગી થાત તો કોઈ સુંદર રચનાત્મક કાર્ય કરત, તે જ શક્તિઓ હવે એકબીજાને ખતમ કરવાની પેરવીમાં સતત રહ્યા કરે છે.

**परं पतन्तं पश्यन्ति न तु स्वं मोहमोहिताः ।**
**कुर्वन्तः परदोषाणां ग्रहणं भवकारणम् ॥ ५८ ॥**

**મોહદશાથી અન્ધ બનેલા જીવો બીજાને દોષોથી બરબાદ થતો જોઈ શકે છે. પણ પોતાની તેવી બરબાદીને જોતો નથી. બીજાના દોષોને જોવામાં એ બિચારો સંસારભ્રમણ વધારી મૂકે છે.**

**નોંધ :** પોતે જ કાચના ઘરમાં રહેલો છે, કોઈ પથ્થર મારશે તો ઘર ભાંગી પડશે. આવી પોતાની સ્થિતિ હોવા છતાં જીવ પારકાના કાચના ઘર ઉપર પથ્થરમારો કરે છે.

બિચારો ! અનેક દોષોથી ઘેરાયેલો તો છે જ; પણ તે બધા દોષોથી ચડી જાય તેવો પરદોષદર્શન નામનો તેનો દોષ છે.

એક નિયમ છે કે તમે બીજામાં જે જુઓ તે તમારામાં આવે. જો તમે બીજાના ગુણો જુઓ તો તે ગુણો તમારામાં ઊતરે; જો તમે બીજાના દોષો જુઓ તો તે દોષો તમારામાં ઊતરે.

જીવ બીજાના ગુણ કે દોષ- જેનું ધ્યાન કરશે તે સ્વરૂપ- ગુણવાન્ કે દોષવાન્ - તે બનશે.

અહંકારી માણસ પરગુણદર્શન કરી શકતો નથી કેમકે તેમ કરતાં તેના અભિમાનને ઠેસ પહોંચે છે. વળી, તે સ્વદોષદર્શન પણ કરી શકતો નથી; કેમકે તેમાં અભિમાન આડું આવે છે.

પરદોષદર્શન જેવો અધમ કોઈ અવગુણ નથી.

સ્વદોષદર્શન જેવો ઉત્તમ કોઈ ગુણ નથી. જીવનમાંથી દોષોને ખતમ કરવા હોય તો તેનો એક જ રસ્તો છે; તે દોષોને ધિક્કારવાનો. આવી સ્થિતિ લાવવા માટે પહેલાં સ્વદોષદર્શન થવું જોઈએ.

જે આત્મા પરદોષદર્શન કરે છે તે આત્મા કદાપિ સ્વદોષદર્શન કરી શકતો નથી.

જે સ્વદોષદર્શન કરે છે તેને પરદોષદર્શન કરવાનું સ્વપ્ને પણ સંભવિત નથી.

જો પરદોષો જોવાથી બધા પરદોષો આપણામાં સંક્રાન્ત થતા હોય અને જો પરગુણો જોવાથી બધા પરગુણો આપણામાં સંક્રાન્ત થતા હોય તો આપણે શું કરવું જોઈએ ? અલબત્ત, પરગુણદર્શન.

ગુણિયલ બનવાનો આ સરળમાં સરળ રસ્તો છે કે તમે પરગુણદર્શન કરો, પરગુણોની વાહ વાહ કરો.

ગુણીજન સાથે તેનું ગુણદર્શન કરવા દ્વારા સંબંધ સાધવાથી - પરોપજીવી વનસ્પતિની જેમ - આપણામાં તે બધા ગુણો ઊતરી આવે છે.

**यथा परस्य पश्यन्ति दोषान् यद्यात्मनस्तथा ।**
**सैवाजरामरत्वाय रससिद्धिस्तदा नृणाम् ॥ ५९ ॥**

**જે રીતે જીવ બીજાના દોષોને જુએ છે તે રીતે જો તે પોતાના દોષો જુએ તો ઘણાબધા જીવોને મોક્ષપદ પામવા માટેની તે દૃષ્ટિ રસસિદ્ધિ બની જાય.**

**નોંધ :** જેટલું મારક પરદોષદર્શન છે તેટલું જ તારક સ્વદોષદર્શન છે.

દોષદર્શન કરવાની જો અનાદિકાળથી જીવને ટેવ જ પડી છે તો તે ટેવ ભલે રહો, પરન્તુ હવે તે દોષદર્શન પરનું નહિ; સ્વનું બની રહો.

જો પરનું જ કાંઈક કરવું હોય તો ય તે પરનું દોષદર્શન ન કરતાં પરનું દુઃખદર્શન કરો અને બેચેન બની જાઓ.

પરમાત્માની દેશનાઓનો સાર એ છે કે, "હે જીવ ! તું બીજાનાં દુઃખો તરફ નજર કર; તેમના દોષ જોવાનો તને કોઈ અધિકાર નથી. તારે જોવા જ છે તો તારા દોષોને તું જો. તારા દુઃખોને જ આજ સુધી તેં જોયા છે અને તેમને કાઢવાનો પ્રયત્ન કર્યો છે. હવે બીજાનાં દુઃખોને અને તારા દોષોને જોઈને, તેમને કાઢવાનો પ્રયત્ન કર.

શાન્તિથી વિચાર કરાશે તો દરેક જીવને એવો ભાસ થશે કે બીજા કોઈ પણ જીવના દોષો કરતાં મારા જ દોષો વધુ છે, અને ખતરનાક છે. આવી સ્થિતિમાં મને બીજાના દોષો જોવાનો કોઈ અધિકાર નથી. જો હું મારા દોષોને જોઉં, અને તેમને ધિક્કારું, તેમને કાઢવાનો યત્ન કરું તો મોક્ષ પામવાનું મારા માટે જરા ય મુશ્કેલ નહિ રહે.

પોતાના પ્રત્યેક નાનકડા દોષને પણ મોટો દૈત કરીને જોવો, જેથી તેને કાઢવા માટે જરૂરી ગંભીરતા પ્રાપ્ત થાય. તેને ચલાવી લેવાનું દિલ ન થાય.

બીજાના મોટા પણ દોષને નાનકડો ગણી લેવો, જેથી તે જીવ પ્રત્યે લેશ પણ તિરસ્કાર થવાની ભૂલ થઈ ન જાય. ઉપરથી તે દરેક આત્મામાં રહેલા પરમાત્માને જોવો. તેના સચ્ચિદાનન્દ સ્વરૂપને નિહાળવું, અને તેને વંદના કરવી. આમ થતાં પર તરફ જરૂરી સદ્‌ભાવના પ્રાપ્ત થશે. પોતાના તરફ જરૂરી લઘુતા પ્રાપ્ત થશે.

અહંકાર વિના પરદોષદર્શન થતું નથી. જો સ્વદોષદર્શન કરવાનો પ્રયત્ન કરાય તો અહંકાર તૂટવા લાગે. પોતાના દોષો બરોબર

જોનારો માણસ ઢીલો ઘેંસ થઈ જાય. અપરાધી તરીકે પોતાને જોનાર માણસમાં માથું ઊંચકાવતો અહંકાર શી રીતે ટકી શકે ?

આપણામાં દોષો હોય તે સારું તો નહિ જ; પરન્તુ પછી સ્વદોષોનું દર્શન થવાથી અહંકારભાવના ચૂરેચૂરા થાય એ તો ખૂબ સારું.

જો જીવ પોતાનામાં રહેલા ઢગલાબંધ દોષોને જોઈ લે, તેમની ભયાનકતાને બરોબર જાણી લે તો તે તીખી ચીસ પાડી ઊઠે. તેને તે દોષોને ખતમ કરવાનું મન થઈ જાય. આ પછીની તેની સ્થિતિ અભિમાન - શૂન્ય બની જાય. અહંકારથી માથું ઊંચકીને ફરવાની વાત સદા માટે બંધ પડી જાય.

અહંકાર ઘટી જાય તો તેના દ્વારા સંભવિત અનેક ગુણોનો નાશ અટકી જાય.

**रागद्वेषविनाभूतं साम्यं तत्त्वं यदुच्यते ।**
**स्वशंसिनां क्व तत् तेषां परदूषणदायिनाम् ॥ ६० ॥**

**રાગદ્વેષના અભાવમાં જે સમત્વ પ્રગટ થાય છે તે સ્વપ્રશંસા અને પરનિન્દા કરનારા જીવોમાં તો સંભવે જ ક્યાંથી ?**

**નોંધ :** જીવ રાગમાં કે દ્વેષમાં પડે એટલે તેનામાં વિષમતા આવી કહેવાય. તે બન્નેથી આઘો રહે તે તેની સમતા કહેવાય.

સમતા વિના વીતરાગતાની પ્રાપ્તિ અપવાદરૂપે (અચ્છેરારૂપે) પણ સંભવિત નથી.

કેટલાય આત્માઓ (ભરતચક્રી વગેરે) જૈની સાધુવેષ (શ્રમણલિંગ) વિના વીતરાગતા પામ્યા છે. પરન્તુ સમતા પામ્યા વિના કદી કોઈ આત્મા, વીતરાગ બન્યો નથી.

અજૈન દેખાતા, ભગવાં વસ્ત્રધારી આત્માઓ પણ જે વીતરાગતા પામી શક્યા છે તેના મૂળમાં તેમણે પ્રાપ્ત કરેલી ઉત્કૃષ્ટ સમતા છે.

જે મુનિવેષ છે; જે ધર્મની ક્રિયાઓ છે; જે વ્યવહારમાર્ગ છે; જે શાસ્ત્રાજ્ઞાઓનું પાલન છે તે બધા સમતાને પ્રાપ્ત કરવા માટે છે. જો તેમનાથી સમતા પ્રાપ્ત ન થાય (અભવી વગેરે જીવોની જેમ) તો તેમનું આ બધું તેમના માટે નિષ્ફળ ગયું કહેવાય. તેનાથી તેમને સ્વર્ગાદિની સદ્ગતિ મળી શકે; પણ મુક્તિ કદાપિ ન મળે.

સમતા વિના વીતરાગતા નથી.

વીતરાગતા વિના મુક્તિ શક્ય નથી. આવી સમતાની પરિણતિને પરદોષદર્શન અને સ્વગુણદર્શન રૂંધી નાંખે છે. પરદોષદર્શન કરનારો નિન્દક અને ઈર્ષ્યાળુ બને છે. સ્વગુણદર્શન કરનારો અત્યન્ત અભિમાની બને છે.

આ પરનિન્દા અને સ્વપ્રસંશાને લીધે જ અનન્તી વાર ઊંચામાં ઊંચું દ્રવ્યચારિત્ર પાળવા છતાં નવમા ગ્રૈવેયકનું ભોગસુખ મળ્યું પણ 'મોક્ષ' તો ન જ પ્રાપ્ત થયો.

સમતાની મસ્તીને જો જરીક પણ અનુભવાય તો પરનિન્દા અને સ્વપ્રશંસાનો આનંદ અત્યન્ત તુચ્છ અને ત્યાજ્ય લાગી જાય. તે આનંદ વિષ્ઠાને ચૂંથતા ભૂંડના આનંદ જેવો હલકો ભાસે.

સમતાને સાધનારા મુનિઓ એવા અપૂર્વ આત્માનંદની અનુભૂતિ કરતા હોય છે કે તેમને દૂર રહેલા સ્વર્ગના અને અતિ દૂર રહેલા મોક્ષના આનંદને આસ્વાદવાની ઇચ્છા રહેતી નથી.

કામ, ક્રોધ, ઉદ્ધતાઈ જેવા જાલીમ દોષોનો તો પળવારમાં આ સમતા-પરિણતિ ખાતમો બોલાવી શકે છે.

**मानेऽपमाने निन्दायां स्तुतौ वा लोष्ठुकाञ्चने ।**
**जीविते मरणे लाभालाभे रङ्के महर्धिके ॥ ६१ ॥**

**शत्रौ मित्रे सुखे दुःखे हृषीकार्थे शुभाशुभे ।**
**सर्वत्रापि यदेकत्वं तत्त्वं तद् भेद्यतां परम् ॥ ६२ ॥**

**માનમાં કે અપમાનની સ્થિતિમાં, સ્વનિન્દા કે સ્વપ્રશંસામાં, માટી કે સોનાના દર્શનમાં, જીવન કે મરણની સ્થિતિમાં લાભ કે નુકસાનમાં, ગરીબ કે શ્રીમંતના આગમનમાં, શત્રુ કે મિત્રમાં, સુખમાં કે દુઃખમાં, ઈન્દ્રિયોના ઈષ્ટ કે અનિષ્ટની પ્રાપ્તિમાં - સર્વત્ર જે સમ-ચિત્તતા તે જ સાધનાના સાર છે. બાકી બધો અસાર છે.**

**નોંધ :** લોકોમાં જે અનિષ્ટ ગણાય કે ઈષ્ટ ગણાય તે બધી વાતોમાં સમતા રાખવી એ જ સકળ સાધનાનો સાર છે.

સુખે રાગ ન થાય, દુઃખે દ્વેષ ન થાય તેનું નામ સમતા.

સુખમાં છકાય નહિ, દુઃખમાં ડગાય નહિ તેનું નામ સમતા.

સુખે લીનતા નહિ, દુઃખે દીનતા નહિ તેનું નામ સમતા.

શરીરને કોઈ છરીથી છોલી નાંખે કે બીજો કોઈ ચંદનથી લેપી નાંખે ત્યારે બે ય પ્રત્યે એકસરખો સ્નેહ પરિણામ તેનું નામ સમતા.

પ્રભુ વીરને ચંડકૌશિક પ્રત્યે દ્વેષ ન થયો તો ચરણસ્પર્શ કરતા ઈન્દ્ર (કૌશિક) પ્રત્યે રાગ ન થયો તે પ્રભુની સમતાની પરાકાષ્ઠા કહેવાય.

ક્યાંક - ઈષ્ટમાં - રાગ (રુચિ-રતિ) ક્યાંક-અનિષ્ટમાં - દ્વેષ (અરુચિ, અરતિ) એ જીવની વિષમ ચિત્ત પરિણતિ છે.

વીતરાગતામાં આ વિષમતા બાધક છે; સમતા સાધક છે.

ઉત્તમ કોટિની સાધના કરતા આત્માઓ એકાએક વિષમતામાં ફસાઈ પડીને વીતરાગતાને પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય ખોઈ બેઠા છે.

કંડરિક મુનિ, સ્કંદકાચાર્ય, સુમંગલ આચાર્ય, સિંહગુફાવાસી મુનિ, સંભૂતિ મુનિ વગેરે આનાં દૃષ્ટાન્તો છે.

જ્ઞાની તે છે; જે સમદર્શી છે. જેને ઇષ્ટમાં રાગ થતો નથી; અનિષ્ટમાં દ્વેષ થતો નથી. સમતા ગુમાવી બેઠેલા રાજર્ષિ પ્રસન્નચન્દ્ર એક ક્ષણમાં સાતમી નારકના દળીયા ભેગા કરી બેઠા પણ બીજી જ ક્ષણે સ્વઘરમાં આવી જતાં તેને ખતમ કરીને, સમતાની ટોચ પામીને વીતરાગતાના ગગનમાં ઉડ્ડયન કરી દીધું. સિદ્ધત્વ દૂર છે. વીતરાગત્વ પણ દૂર છે. હાલ તો સમત્વને સાધીએ. તેમાં બાધક બનતાં તત્ત્વો-પરનિન્દા, સ્વપ્રશંસા-ને કાંડી લગાડીએ.

**अष्टाङ्गस्यापि योगस्य सारभूतमिदं खलु ।**
**यतो यमादिव्यासोऽस्मिन् सर्वोऽप्यस्यैव हेतवे ॥ ६३ ॥**

**क्रियते दधिसाराय दधिमन्थो यथा किल ।**
**तथैव साम्यसाराय योगाभ्यासो यमादिकः ॥ ६४ ॥**

અષ્ટાંગ યોગનો સાર સમતા છે. કેમકે યમ, નિયમ વગેરે જે આઠ યોગો સાધવાના છે તે સમતાને સિદ્ધ કરવા માટે જ છે.

દહીંનું મંથન જેમ માખણ (દધિસાર) પામવા માટે હોય છે તેમ યમ વગેરે યોગોનો અભ્યાસ સમતારૂપી સાર પામવા માટે છે.

નોંધ : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા

ધ્યાન અને સમાધિ એ યોગના આઠ અંગ છે. ગ્રન્થકારશ્રી કહે છે કે યમ વગેરેની સાધના સમતાને સિદ્ધ કરવા માટે છે. જો એ સાધના કરવા છતાં સમતા સિદ્ધ થતી ન હોય તો સમજી લેવું કે સાધનામાં ક્યાંક ખામી છે.

સાધનાની પ્રાથમિક ચિત્તભૂમિકામાં ચિત્તને રાગ અને દ્વેષ ઉપર જે અનાદિકાળથી 'રાગ' છે. તેનાથી મુક્તિ આપવાની છે.

રાગ ઉપર વિરાગ.

દ્વેષ ઉપર વિરાગ.

આ સ્થિતિમાં વસ્તુ ઉપર રાગ, દ્વેષનાં પરિણામો હોઈ શકે છે.

સાધનાના બીજા તબક્કામાં વસ્તુ ઉપરના રાગ, દ્વેષ દૂર કરવાના છે.

પુષ્પ વગેરે ઉપર રાગ નહિ.

કાંટા વગેરે ઉપર દ્વેષ નહિ.

આ થઈ, વસ્તુ ઉપરની વૈરાગ્યની અવસ્થા.

આ અવસ્થા વધુ પક્વ બને એટલે સમતાની સ્થિતિ આવી.

સુખ કે દુઃખ ઉપર રાગ, દ્વેષ નહિ. ઈષ્ટાનિષ્ટ વસ્તુ ઉપર રાગ-દ્વેષ નહિ.

મોક્ષ કે સંસાર ઉપર રાગ-દ્વેષ નહિ.

શરૂમાં મોક્ષ અને તેના સાધક પદાર્થો ઉપર પ્રશસ્ત રાગ હોઈ શકે. પછી તો તે પણ દૂર થાય.

મોક્ષ ઉપર રાગ ન રહે ત્યારે જ જીવને મોક્ષ પ્રાપ્ત થાય. (ભવે મોક્ષે સમો મુનિઃ)

અનાદિકાળમાં જીવ અનંતી વખત યમાદિ યોગોને સ્પર્શ્યો પણ તેનું ફળ સમતા તેને પ્રાપ્ત થયું નહિ. એ યોગો નિષ્ફળ ગયા. એમાં થયેલી વિરાધનાઓને લીધે એ યોગો સંસારવર્ધક બન્યા.

આવી સ્થિતિ હવે પછીની યોગસાધનામાં ન ઊભી થાય તે માટે બીજું કાંઈ નહિ તો સહુ પ્રથમ સમતાને લક્ષ્ય બનાવવું જોઈએ.

મારી યોગસાધનાથી મને સમતા પ્રાપ્ત થાઓ, લક્ષ્ય નક્કી થયા વિનાની યોગસાધના લક્ષ્ય પમાડી શકતી નથી. યોગ સાધતાં થતી વિરાધનામાં સૌથી મોટી વિરાધના લક્ષ્યહીનતા છે. અભવી જીવો યોગદશામાં કોઈ વિરાધના ન કરે તોપણ - સંપૂર્ણ તકેદારી સાથે આરાધના કરે તોપણ - એટલા માટે જ 'વીતરાગ' બની શકતા નથી કે તેમનું 'સમતા' તરફ લક્ષ્ય જ નથી; વીતરાગ બનવાની ઈચ્છા જ નથી.

લક્ષ્યહીન સંપૂર્ણ સાધના મોક્ષ ન આપી શકે.

લક્ષ્યયુકત અપૂર્ણ સાધના પણ મોક્ષ આપવાને સમર્થ બની શકે.

આરાધનાઓના કટ્ટર પક્ષ કરતાં સમતાનું લક્ષ વધુ મહત્ત્વનું છે. એકલો પક્ષ મોક્ષસાધક બની શકે નહિ.

સમતાનું લક્ષ તે જ પામી શકે; જેને રાગ-દ્વેષની પરિણતિઓમાં પડેલી વિષમતાઓની ખતરનાકતા દેખાય; સમજાય અને અનુભવાય.

જ્યાં સુધી વિષમતાઓ પ્રત્યે તિરસ્કાર પેદા ન થાય ત્યાં સુધી સમતા પ્રત્યે સ્નેહ ન જાગે. સમતાને સાધનાનું લક્ષ બનાવવાની વાત તો સ્વપ્નમાં ય અસંભવિત રહે.

અનાદિકાળથી જીવમાં રાગાદિપરિણતિઓનો સંસ્કાર એટલો બધો ગાઢ બનીને પડ્યો છે કે તેને તે વિભાવો જ અત્યન્ત વહાલા લાગે છે. તે મનોમન બોલે છે, ''રાગ કરવો જ જોઈએ. દ્વેષ કરવો જ જોઈએ.''

આવી વિષમતા સાથે એકરસ બનેલા જીવને તે પરિણતિઓ તરફ તિરસ્કાર પેદા થવો, એ કોઈ નાની સૂની બાબત નથી. તિરસ્કાર પેદા થયા વિના વિષમતા ટળતી નથી, સમતા સધાતી નથી.

**अद्य कल्येऽपि कैवल्यं साम्येनानेन नान्यथा ।**
**प्रमादः क्षणमप्यत्र ततः कर्तुं न साम्प्रतम् ॥ ६५ ॥**

**આજે કે કાલે - જ્યારે પણ જીવને કેવળજ્ઞાન પ્રાપ્ત થવાનું છે ત્યારે સમતા સાધ્યા પછી જ થવાનું છે. એટલે આજે જ સમતા સાધવાની બાબતમાં પ્રમાદ કરવો એ ઉચિત નથી.**

**નોંધ :** જો 'મોક્ષ' પામવાની ઇચ્છા તીવ્ર છે તો શા માટે તે વિલંબમાં પડે તેવું કામ કરવું?

વીતરાગતા અને સર્વજ્ઞતા વિના મોક્ષ ક્યારે પણ શક્ય નથી. આ બે, સમતા વિના શક્ય નથી.

ચાલો, અત્યારથી જ સમતાની સાધના શરૂ કરીએ. તમામ ઈષ્ટાનિષ્ટ પરપદાર્થો તરફના રાગ, દ્વેષના ફંદામાંથી મુકત થઈએ.

એ રાગ દ્વેષ કરવાથી આપણા જીવે કાંઈ ઓછા દુઃખ નથી ભોગવ્યા ! કાંઈ ઓછી દુર્ગતિઓ નથી પ્રાપ્ત કરી ! અનંતકાળ ! અનંતા ભવ ! અનંતી દુર્ગતિ ! અનંતાં દુઃખ !

સમતા ન સાધી તેનો જ આ અંજામ ! હવે જો એ ગોઝારા ભવભ્રમણથી ત્રાસી ગયા હોઈએ અને એમાંથી સર્વથા મુક્તિ પામવાની ભાવના એકદમ ઉત્કટ બની ગઈ હોય તો પાંચસો કે હજાર ભવ પછી મળનારા મોક્ષની ધીરજ શા માટે રાખવી ? શા માટે પાંચ-સાત ભવમાં જ મોક્ષ પામી ન લેવો ? જો આ વાત આમ જ હોય તો આ ક્ષણથી જ સમતાની આરાધના શરૂ કરીએ.

દુઃખે ક્યાંય કશો ય ઉદ્વેગ નહિ.

સુખે ક્યાંય કશી સ્પૃહા નહિ.

**किं बुद्धेन किमीशेन किं धात्रा किमु विष्णुना ।**
**किं जिनेन्द्रेण रागाद्यैर्यदि स्वं कलुषं मनः ॥ ६६ ॥**

**किं नाग्न्येन सितै रक्तैः किं पटैः किं जटाभरैः ।**
**किं मुण्डमुण्डनेनापि साम्यं सर्वत्र नो यदि ॥ ६७ ॥**

**किं व्रतैः किं व्रताचारैः किं तपोभिर्जपैश्च किम् ।**
**किं ध्यानै किं तथा ध्येयैर्न चित्तं यदि भास्वरम् ॥ ६८ ॥**

**किं क्लिष्टेन्द्रियरोधेन किं सदा पठनादिभिः ।**
**किं सर्वस्वप्रदानेन तत्त्वं नोन्मीलितं यदि ॥ ६९ ॥**

જો પોતાનું ચિત્ત રાગ-દ્વેષની પરિણતિઓથી કલુષિત રહેતું હોય તો :

ગૌતમ બુદ્ધને ય શું કરવાના ? મહાદેવને ભજવાનો ય શો અર્થ ? બ્રહ્મા, વિષ્ણુથી પણ શું ઊપજશે ? અરે, તીર્થંકર ભગવાન પણ શા કામના ?

જો ઇષ્ટાનિષ્ટ પદાર્થોમાં સમભાવની સિદ્ધિ ન થાય તો :

નગ્ન રહેવાથી શું ? કે ધોળા યા ભગવા કપડાં પહેરવાથી શું ?

જટા વધારવાથી શું ? માથું મૂંડાવવાથી ય શું ?

જો ચિત્ત નિર્મળ રહેતું ન હોય તો :

વ્રતો અને વ્રતોના આચારોથી શું ?

તપ, જપ, ધ્યાન અને ધ્યાનના આલંબનોથી પણ શું ?

જો સમત્વ નામનું તત્ત્વ આત્મામાં પ્રગટ્યું ન હોય તો :

**કષ્ટદાયી એવા ઈન્દ્રિયનિગ્રહથી શું ?**

**સતત જ્ઞાનાભ્યાસનો શો અર્થ ?**

**સર્વસ્વનું દાન કરી દેવાથી શો ફાયદો ?**

નોંધ : આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ થવી જોઈએ. માત્ર ગતિનો શો અર્થ ?

ઘાંચીનો બેલ આખા દિવસમાં દસ-વીસ કિલોમીટર ચાલતો હશે પણ રહે તો ઠેરનો ઠેર.

એક ડગલું પણ આગળ વધવારૂપ પ્રગતિ તે કરતો નથી. એકલી ગતિનો કાંઈ અર્થ નથી.

જીવ જો પરિધોમાં જ ગોળ ગોળ ચક્કર મારતો ગતિ કરે, પરન્તુ વર્તુળોના કેન્દ્રમાં કદી પહોંચે નહિ: તે પ્રગતિ કરે નહિ તો પરિધોના વર્તુળોમાં ચક્કરો મારવાનો શો અર્થ ?

ગતિમાંથી પ્રગતિ ત્યારે સર્જાય જયારે ઘસરકો લાગે.

બંગડીનું ચકરડું આંગળી ઉપર ફેરવાય તો તે ગોળ ગોળ ફરે : ગતિ કરે પરન્તુ આગળ વધવારૂપ પ્રગતિ તે ત્યારે જ કરે જ્યારે તે ચકરડાને જમીન સાથે ઘસરકો અપાય. તેમ થતાં તે એકદમ આગળ ધસી જાય. આનું નામ પ્રગતિ.

જીવ જ્યાં સુધી પોતાની રાગાદિ અશુભ પરિણતિઓને ઘસી નાંખે નહિ ત્યાં સુધી તે ભવભ્રમણની ગતિ કરશે; પણ મોક્ષપ્રાપ્તિની પ્રગતિ નહીં કરી શકે.

ધરતી સાથે ઘસારો પામે તો જ ચકરડું પ્રગતિ કરે.

જીવ રાગાદિ પરિણતિને ઘસારો પહોંચાડે તો જ તેની મોક્ષ

તરફ પ્રગતિ થાય.

જે કોઈ ધાર્મિક ક્રિયાકાંડો છે અથવા પરમાત્મા વગેરેના આલંબનો છે તે તમામ આત્માના શુદ્ધીકરણ માટે છે. જો તે થતું ન હોય તો આ બધું નકામું જ જાય.

સાધ્ય છે, સમતા. આ બધાં તેનાં સાધનો કહેવાય છે. સાધનો દ્વારા જ સાધ્ય પ્રાપ્ત થાય તેવો એકાંત નથી. સાધનો મળવા છતાં પણ સાધ્ય પ્રાપ્ત ન થાય તેવું બની શકે ખરું. અરે, ક્યારેક દેખીતું સાધન સાધ્યથી વધુ દૂર પણ કરી દે.

જે રજોહરણ મોક્ષ મેળવી આપે છે તે જ રજોહરણ લઈને કંડરિક વગેરે સાતમી નારકે ગયા છે.

જે હસ્તમિલાપની ક્રિયા સંસારવર્ધક ગણાય છે તેનાથી ગુણસાગર વીતરાગ દશા પામ્યા.

આથી જ કોઈ પણ સાધનમાં તે તે સાધ્ય મેળવી આપવાનો એકાન્ત નથી.

હા. તે તે સાધનો સામાન્યતઃ સારા કે નરસા કહી શકાય ખરા, પરન્તુ વ્યક્તિવિશેષે સારું એ નરસું બની જાય, અને નરસું સારું પણ બની જાય ખરું.

જે છરીથી શાક સમારાય છે એ જ છરીથી કોઈનું ખૂન પણ કરી શકાય છે.

જે ઓઘો જીવોની રક્ષા માટે છે તે જ ઓઘો બાળમુનિને મારવા માટે ગુરુએ ઉગામ્યો હતો.

એટલે નિશ્ચયનય કહે છે કે, ''બાહ્ય વ્યવહાર ધર્મને હું માનતો

નથી. મારી તો એક જ વાત છે કે જેણે સમતા સાધી તે નિશ્ચિતપણે વીતરાગતા પામશે, કૈવલ્ય પામશે અને મોક્ષે જશે.''

આ સમતાને સાધી આપવા માટે તે તે દાર્શનિકોને જે ઉપાયો યોગ્ય લાગ્યા તેને આલંબનરૂપે કે ક્રિયાકાંડરૂપે તેમણે જગતની સમક્ષ મૂક્યા.

સામાન્યતઃ એમ કહી શકાય કે જૈનદર્શને પ્રબોધેલો ક્રિયાકાંડ-માર્ગ અને આલંબનો સૌથી વધુ સારા સાધ્યના સાધકો છે.

પણ તેમ છતાં, જો અંતરમાં સમતા, વીતરાગતા અને સર્વજ્ઞતાને સાધવાનું લક્ષ જ ન હોય તો જૈનદર્શનનાં પણ સૂચિત માર્ગો નિષ્ફળ જાય.

પ્રસ્તુત શ્લોકોમાં જે વાત કરી છે તે નિશ્ચયનયથી સમજવાની છે. આ નય બાહ્ય વ્યવહારોમાં ધર્મ માનતો નથી.

કોઈ પણ નય જ્યારે પોતાની વાત રજૂ કરે ત્યારે તેને પુષ્ટ કરવા માટે જોરશોરથી વાત કરે; અરે, જકારનો પ્રયોગ કરીને વાત કરે. એટલું ખરું કે તે બધું પોતાની માન્યતાને એકદમ મજબૂત કરવા માટે રજૂ કરે, બીજા નયની વાતને ધિક્કારવા તરફ કે તેનું આડેધડ ખંડન કરી દેવા તરફ તેનું લક્ષ ન હોય. જો તેવું થાય તો તે સુનય, દુર્નય બની જાય.

જૈનદર્શન નયને માને છે. દુર્નયને નહિ. જે નિશ્ચયનય છે તે આત્માના અંતરંગ પરિણામોને જ સ્વીકારે છે. તેને તેના ઉત્પાદક કે વિધ્વંસક બાહ્ય સાધનો સાથે નિસ્બત નથી. આમ હોવાથી પ્રસ્તુત શ્લોકોમાં બુદ્ધ અને તીર્થંકર - બન્નેયને - સમાન લાકડીએ નિષેધી નાંખ્યા છે.

વ્યવહારનય બાહ્ય સાધનો વગેરેને આત્મકલ્યાણમાં અત્યન્ત આવશ્યક માને છે. તેમને દઢતાપૂર્વક વળગી રહેવાનું કહે છે. તેમાં કોઈ અપવાદ બને તો તેને નજરમાં નહિ લેવાનું તે જણાવે છે. તે કહે છે કે બહુધા જે વાત બનતી હોય તેને રાજમાર્ગ તરીકે : સિદ્ધાન્ત તરીકે સ્વીકારવી જોઈએ. આથી જ રજોહરણ વિના પણ ભરત ચક્રી વગેરેએ સમતા અને વીતરાગતાને સાધી તો ય આ નય એક જ વાત કરે છે કે રાજમાર્ગ તો રજોહરણ-સ્વીકારનો જ છે.

વ્યવહારનય કહે છે કે, ''ભલે અનંતા ઓઘા લેવા છતાં સમતા સધાઈ નથી; વીતરાગતા મળી નથી. પણ જ્યારે પણ સમતા અને વીતરાગતા હાંસલ થશે ત્યારે તે ઓઘાથી જ થશે માટે ઓઘો સતત લેતા જ રહેવો જોઈએ.''

બે નયનો સમન્વય આ રીતે કરી શકાય કે સમતા, વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત થવાના હાર્દિક લક્ષ સાથે જૈનદર્શનના ક્રિયાકાંડોને અને તેણે પ્રબોધેલા આલંબનોને ચુસ્તપણે આરાધવા. ભૂતકાળમાં આ રીતે જ અનંતા જીવો પોતાનું સાધ્ય સાધી શક્યા છે ત્યારે ભરતરાજ વગેરે જૂજ દૃષ્ટાન્તોને આગળ કરીને રાજમાર્ગને વખોડી શકાય નહિ.

કયારેક કો'ક દૂધ પીને મરી ગયો છે અને ઝેર ખાઈને જીવી ગયો છે તેથી તે પ્રમાણે અમલ કરાય નહિ. અમલમાં તો જે રાજમાર્ગ હોય તેને જ નજરમાં લેવો પડે.

દરેક સુ-નય પોતાની વાતને આગ્રહપૂર્વક રજૂ કરી શકે. પ્રતિસ્પર્ધી નયની વાતનું ખંડન પણ કરે પરન્તુ તેની વાતને ધિક્કારે તો નહિ જ.- એ ખંડન પણ પોતાની વાતને વધુ મજબૂત કરવા પૂરતું

જ હોય, બાકી એ મનોમન બોલતો હોય કે, ''તારી વાત તું જાણે. મને તેની સાથે કોઈ લેવાદેવા નથી. હું તો મારી વાતને પૂરી તાકાતથી રજૂ કરું.''

નિશ્ચયનય, ''સમતા પ્રાપ્ત ન થાય તો બધું નકામું જાય.'' એમ કહે. એની વાત જરા ય ખોટી નથી.

પણ વ્યવહારનય કહે છે કે, ''એ સમતાને પામવા માટેનો કોઈ રાજમાર્ગ તો માનવો જ પડે. અપવાદ જોવા મળે એટલે કાંઈ રાજમાર્ગને વખોડી શકાય નહિ.''

બન્નેની વાતનો સમન્વય એ રીતે થઈ શકે કે સમતા-પ્રાપ્તિને સાધ્ય-લક્ષ્ય બનાવીને તેને પ્રાપ્ત કરી આપતાં રાજમાર્ગ ઉપર ચાલવું.

નિશ્ચયનયથી વ્યવહારમાર્ગનું ખંડન થતું જોઈને વ્યવહારમાર્ગનો ત્યાગ ન કરાય. તેમ કરનાર માટે એવું કહી શકાય કે તે વ્યક્તિ નિશ્ચયનયને 'એકાન્ત'થી પકડે છે. આમ તે કરે તો તેનો નિશ્ચયનય તે દુર્નય બની જાય.

વસ્તુતઃ દરેક નય પોતાના સંબંધિત વિચારને ખૂબ સરસ રીતે પુષ્ટ કરતો હોય છે. એમ કરવા દ્વારા તે વિચારનું પરિપક્વ સ્વરૂપ આપણને પ્રાપ્ત કરી આપે છે. પ્રતિસ્પર્ધી નયને ધિક્કારવાની વાત તે નય પાસે હોતી જ નથી. તેમ કરે તો તેનું 'નય' તરીકેનું સ્વરૂપ ખતમ થાય. તે દુર્નય બની જાય.

નય તે સાપેક્ષ સત્ય વાક્ય છે.

દુર્નય તે મૃષા-વાક્ય છે.

બધી અપેક્ષાઓને સ્વીકારીને વાત કરવી તે પ્રમાણ વાક્ય છે.

**नाञ्चलो मुखवस्त्रं न, न राका न चतुर्दशी ।**
**न श्राद्धादिप्रतिष्ठा वा तत्त्वं किन्त्वमलं मनः ॥ ७० ॥**

વસ્ત્ર કે મુહપત્તિ, પૂનમ કે ચૌદશ, શ્રાદ્ધપ્રતિષ્ઠા કે સાધુ પ્રતિષ્ઠા એ કાંઈ તત્ત્વ નથી. તત્ત્વ એક જ છે; મનને નિર્મળ કરવું.

નોંધ : અંચલગચ્છના અનુયાયીઓ વસ્ત્રના છેડાને મહત્ત્વ આપે છે. (અંચલ = વસ્ત્રનો છેડો.) જ્યારે તપાગચ્છના લોકો મુહપત્તિને મહત્ત્વ આપે છે.

પુનમિયા ગચ્છના લોકો પૂનમની પક્ખી કરવા કહે છે તો અન્ય ગચ્છીય લોકો ચૌદશની પક્ખી આરાધવાનું કહે છે. કેટલાક કહે છે કે બિંબ પ્રતિષ્ઠાવિધિ સાધુઓ કરી શકે. કેટલાક કહે છે કે તે શ્રાવકોનું જ કાર્ય છે.

આ બધી વાતોમાં તત્ત્વ હોવાનો એકાન્ત ક્યાંય નથી.

મનને નિર્મળ બનાવવું એ જ તત્ત્વ છે. નિશ્ચયનયના મતે બાહ્ય ઉપકરણો કે દેશ-કાલિક આરાધનાઓ વગેરેનું કોઈ મહત્ત્વ નથી. એ કહે છે, ‘‘અન્તઃકરણનું જ મહત્ત્વ છે. ગમે તે રસ્તો પકડો. પણ અન્તઃકરણને એકદમ નિર્મળ બનાવો.’’ અન્તઃકરણને નિર્મળ કરવા માટે કોઈ અમુક રસ્તેથી પસાર થાય અને તેમાં સફળતા પામે; તો કોઈક બીજા રસ્તેથી પસાર થઈને તે નિર્મળતા પામે. પોતાને અનુકૂળતા કે સફળતા મળી હોય તેવા રસ્તાનો આગ્રહ રાખવાની ના નથી, પરન્તુ, ‘‘લક્ષ્યપ્રાપ્તિનો એ એક જ રસ્તો છે: બીજો કોઈ છે જ નહિ.’’ એવો કદાગ્રહ તો ન જ રાખવો જોઈએ.

નિશ્ચયનય કદાગ્રહનો વિરોધી છે. આગ્રહનો વિરોધી નથી. કોઈ પણ નય પોતાના મતનો આગ્રહી જ હોય. જો કદાગ્રહી બને તો તે દુર્નય બની જાય. પોતાના મતના આગ્રહી હોવું એ કોઈ ગુનો નથી. હા. બીજાના મતની તે ઉપેક્ષા કરે તે બરોબર તો નહિ જ; કેમ કે બીજાનો મત પણ તેની અપેક્ષાએ ખોટો નથી માટે તેનો ય સ્વીકાર કરવો જોઈએ. પણ જો કોઈ નય આવો ઉદાર બનવા જાય તો તે પ્રમાણ બની જાય. નય ન રહે.

નય એટલે બીજાની વાતને સપ્રેમ સ્વીકારે નહિ તો ધિક્કારે પણ નહિ.

સપ્રેમ સ્વીકારે તે નયવાક્ય પ્રમાણવાકય બને. ધિક્કારે તે નયવાક્ય દુર્નય બને.

**दृष्ट्वा श्रीगौतमं बुद्धैस्त्रिपञ्चशततापसैः ।**
**भरतप्रमुखैर्वापि क्व कृतो बाह्यकुग्रहः ? ॥ ७१ ॥**

શ્રી ગૌતમ ગણધર ભગવંતને જોઈને બોધ (કેવળજ્ઞાન) **પામેલા પંદરસો તાપસોએ અને ભરતચક્રી, ગુણસાગર; પૃથ્વીચન્દ્ર, મરુદેવા માતા વગેરેએ બાહ્ય વ્યવહાર ધર્મના પાલનનો કદાગ્રહ ક્યાં રાખ્યો હતો ? લિંગ કે ક્રિયાકાંડરૂપ આરાધનાઓ વિના જ તેઓ કેવળજ્ઞાન પામ્યા હતા.**

નોંધ : નિશ્ચયનય મનની જ સાધનાને સ્વીકારે છે. વ્યવહારનય મનની સાધનાને સિદ્ધ કરવા માટે તનની આરાધનાઓને જરૂરી માને છે. એક કહે છે, ‘‘મનની જીતે જીત છે, મનની હારે હાર છે.

બીજો કહે છે કે એ મનને જીતવા માટે તનની નિર્મળતાઓ અત્યન્ત જરૂરી છે.

જેની આંખોમાં વિકાર હશે, ભોજનમાં વિગઈઓ હશે તેના મનમાં વિકાર સિવાય કશું નહિ હોય. માટે મનને વશ કરવાનું ખરું. તેની ના નથી. પણ તે માટે તનને વશ કરવું જ રહ્યું. આમાં તનના વશીકરણ વિના કેટલાકને મનનું વશીકરણ થઈ ગયું તો તે અપવાદ કહેવાય. તેથી કાંઈ પેલો રાજમાર્ગ વગોવાય નહિ.

અબજો આત્માઓ વ્યવહારમાર્ગનું પાલન કરીને જ જ્યારે કૈવલ્ય પામ્યા હોય ત્યારે દર અબજે-એકાદ આત્મા વ્યવહારમાર્ગના અનુસરણ વિના કૈવલ્ય પામી જાય તેથી તેનું દૃષ્ટાન્ત ન લેવાય.

આ છે વ્યવહારમાર્ગનો બોધ.

નિશ્ચયનય કહે છે : ભલે... તમારી વાતને હું ધિક્કારતો નથી; પણ તમે લોકો તમારી વાતને વધુ પડતું જોર મારીને રજૂ કરો છો ત્યારે મારે મારી વાત કરવી પડે છે.

કોઈ સાધક આત્મા બાહ્ય પ્રતિક્રમણની વ્યવહારમાર્ગની ક્રિયાઓને જ પુષ્કળ મહત્ત્વ આપતો હોય; અને ચિત્તમાં સમતા પ્રાપ્ત કરવાના લક્ષની ધરાર ઉપેક્ષા કરતો હોય ત્યારે નિશ્ચયનય કહે છે કે, ''આવી ક્રિયાઓનો શો અર્થ ? કે જે સમતાને સાધી આપતી નથી ? સમતા તો સધાવવી જ જોઈએ. સમતા જ મુખ્ય છે. જો ક્રિયાઓને જ મુખ્ય (સાધ્ય) બનાવી દેવાય તો તે ન ચાલી શકે.''

બન્ને નયોની આ વાત જાણ્યા પછી આપણને સ્પષ્ટ સમજાશે કે તેઓ એકબીજાના પક્ષપાતી મિત્ર ભલે નથી પરન્તુ શત્રુ પણ

નથી. દરેકને પોતાની પુષ્ટિમાં જ રસ છે.

પ્રસ્તુત શ્લોકમાં પંદરસો તાપસો અને ભરતચક્રીનું જે દૃષ્ટાન્ત આપ્યું છે કે તેઓ બાહ્ય વેષ, ક્રિયા વગેરે વિના જ વીતરાગ બની ગયા હતા. બેશક, આ વાત સાચી છે પરન્તુ તે ભરત, ગુણસાગર વગેરે પણ બાહ્ય વેષ-ગ્રહણ વગેરેને દિલથી સ્વીકાર્ય માનતા હતા. તેમના હૈયે તો ''સસનેહી પ્યારા રે, સંયમ (વેષધારણ પૂર્વક સંયમ) કબ હી મીલે....'' એવી ભાવના સતત રમતી હતી. વર્તમાનકાલીન ભાષામાં એમ કહી શકાય કે, ''એમને લોટરી લાગી ગઈ.''

આથી જ નિશ્ચયનયની વાતો લક્ષમાં રાખવા માટે શ્રેષ્ઠ છે. પણ તેને આંબવા માટે વ્યવહારમાં- પાલનમાં- તો વ્યવહારનયની જ વાતોને આગ્રહપૂર્વક સ્વીકારવી જોઈએ.

**दृढप्रहारिवीरेण चिलातीपुत्रयोगिना ।**
**इलापुत्रादिभिश्चैव सेवितो योग उत्तमः ॥ ७२ ॥**

**येन केन प्रकारेण देवताराधनादिना ।**
**चित्तं चन्द्रोऽज्ज्वलं कार्यं किमन्यैर्ग्रहकुग्रहैः ॥ ७३ ॥**

**દઢ પ્રહારી જેવા વીરલા પુરુષે, ચિલાતી પુત્ર જેવા યોગી પુરુષે, ઈલાપુત્ર જેવા મહાત્માએ સમતાપ્રાપ્તિનો જ યોગ સેવ્યો હતો.**

**નોંધ :** લોહી ખરડાયેલા દેહની સ્થિતિમાં, કોઈ ધાર્મિક કહેવાતા ઉપકરણ વિના દઢપ્રહારી અને ચિલાતીપુત્ર ધ્યાનસ્થ બની ગયા. સમતા અને વીતરાગતા પામી ગયા.

ઈલાચીકુમાર વાંસડા ઉપર નટની સ્થિતિમાં હતો ત્યાં જ સમતા અને વીતરાગતા પામી ગયા.

આ દૃષ્ટાન્તો એમ કહે છે કે જે તે ધર્મોએ પોતાના અમુક જ પ્રકારના મોક્ષમાર્ગનો કદાગ્રહ નહિ કરવો જોઈએ.

કોઈ अ રસ્તેથી તો કોઈ ब રસ્તેથી કે કોઈ क રસ્તેથી સમતા પ્રાપ્ત કરે.

હા. સમતા તો બધા રસ્તાવાળાઓને પ્રાપ્ત કરવી જ પડે. તેના વિના કોઈને કદાપિ વીતરાગતા પ્રાપ્ત થઈ નથી. ભવિષ્યમાં તે પ્રાપ્ત થવાની પણ નથી.

આ નિશ્ચયનયનો મત છે. જેમાં કોઈને વિવાદ હોઈ શકે નહિ. વ્યવહારનયનો મત સમતા પામવા માટેના 'માર્ગ'ને સ્વીકારતો મત છે. દરેક મત પોતપોતાનો આગ્રહ રાખે તેમાં વાંધો લઈ શકાય પણ નહિ અન્યથા તે આગ્રહ કદાગ્રહ બની જાય.

ગ્રન્થકારશ્રી એટલું જ કહે છે કે તમને ઠીક પડે તે દેવતાનું આરાધન કરો પરન્તુ તેનાથી જ મોક્ષ છે તેવો કદાગ્રહ (એકાન્ત) ન સેવો. બીજા દેવતાદિના આલંબનથી પણ મોક્ષ થવાની વાતો કરનારા માણસો સાથે ઝઘડા ન કરો.

**तथा चिन्त्यं, तथा वाच्यं, चेष्टितव्यं तथा तथा**
**मलीमसं मनोऽत्यर्थं यथा निर्मलतां व्रजेत् ॥ ७४ ॥**

**તેવું વિચારો, તેવું બોલો, તેવું આચરો જેથી મલિન એવું મન ખૂબ નિર્મળ બનવા લાગે.**

નોંધ : ચિત્તને નિર્મળ કરવું તે આપણું લક્ષ. તે જે રીતે નિર્મળ થાય તે માટે જે કરવું પડે તે ધર્મ.

ધર્મ ઉપર કોઈની મહોરછાપ નહિ. કોઈનો ઠેકો નહિ.

જૈનદર્શનના જે પેટાધર્મો છે, સામાયિક; પૂજા, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, જપ, તપ વગેરે.... તેમાં ય કોઈ એવો કદાગ્રહ તો ન જ રાખી શકે કે, ''તપથી જ મોક્ષ છે. સ્વાધ્યાયથી કદાપિ નહિ'' વગેરે. મોક્ષ પામવાના અસંખ્ય યોગ છે. તેમાંના કોઈ પણ યોગના સેવનથી મોક્ષ થઈ શકે છે. હા. એટલું ખરું કે જે યોગનું સેવન કરીને મોક્ષ પામવાની ભાવના હોય તે યોગ સિવાયના યોગો ઉપર તિરસ્કારભાવ બિલકુલ હોવો ન જોઈએ. ઊલટું એવી લાગણી થવી જોઈએ કે, ''હું તપને પ્રધાન બનાવીને મોક્ષસાધના કરું છું તો બીજાઓ સ્વાધ્યાય કે વૈયાવચ્ચ વગેરેને મુખ્ય બનાવે છે. મારી તેમના યોગમાં અનુમોદના છે. તિરસ્કાર તો સ્વપ્ને પણ નથી.''

દરેક જીવ મોક્ષ પામે તે જ મહત્ત્વનું છે. તેના ઉપાયો અસંખ્ય છે. તેમાંના કો'ક ઉપાયથી જ મોક્ષ થવાની વાતનો કદાગ્રહ ન હોવો જોઈએ.

જેવું જૈનદર્શનના અન્તર્ગત અસંખ્ય યોગો પ્રત્યે જીવનું વલણ હોય તેવું અજૈન દર્શનો પ્રત્યે પણ હોવું જોઈએ કે, ''કોઈ રામ કે

કૃષ્ણનું રટણ કરીને કે તેમને ભજીને સમતા અને વીતરાગતા પ્રાપ્ત કરી લે તો આપણાથી તેમાં વાંધો શી રીતે લઈ શકાય ?''

અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે આવું વલણ આર્યધર્મોને માટે જ લઈ શકાય. મુસ્લિમ વગેરે અનાર્યધર્મો માટે લઈ શકાય નહિ. આર્યધર્મોમાં ય જેઓ અહિંસાને હાર્દિક રીતે માનતા હોય, અહિંસાના પાયા ઉપર જેમના ધર્મોની ઈમારત હોય તેઓના જ ધર્મોથી મોક્ષ પામવાની વાતનો તિરસ્કાર કરાય નહિ.

મુસ્લિમો બકરીને કાપે છે. એટલે એવું ન કહેવાય કે બકરી કાપવાનો ધર્મ કરીનેય સમતા અને વીતરાગતા પ્રાપ્ત કરી શકાય છે.

જીવહિંસા એ ધર્મ જ નથી. સમતા વગેરેની પ્રાપ્તિ ધર્મથી થાય, અધર્મથી કદાપિ નહિ.

**चञ्चलस्यास्य चित्तस्य सदैवोत्पथचारिणः ।**
**उपयोगपरैः स्थेयं योगिभिर्योगकाङ्क्षिभिः ॥ ७५ ॥**

**આ ચિત્ત એકદમ ચંચળ છે. સદા ખોટા રસ્તે દોડી જનારું છે. જેમને 'યોગ'ની ઇચ્છા છે તેવા યોગીઓએ સતત સાવધાન રહેવું જોઈએ.**

**નોંધ :** જે ક્ષણ ચિત્ત ઉપરની ચોકી વિનાની જાય તે કતલની ક્ષણ ગણાય. એ ક્ષણે ચિત્ત ગમે તે 'અશુભ'માં ધસી જાય. જીવ કાળાં કર્મો બાંધી નાંખે.

એક જ ક્ષણમાં પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ સાતમી નારકના દળીયા ભેગા કરી લીધા હતા.

થોડાક જ સમયમાં ગજસુકુમાલ મુનિએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું.

ક્રોડપૂર્વનું સંયમબળ મનના એક જ ક્ષણના તોફાને ખતમ થાય. મહાતપસ્વી મુનિએ ક્રોધની એક જ પળમાં ઉત્થાનમાંથી અધોગતિ તરફ પ્રયાણ શરૂ કરી દીધું હતું. સાક્ષાત્ પરમાત્મા મહાવીરદેવને જાનથી મારી નાંખવા માટે ઝેરની પિચકારીઓ - સાપ બનીને-મારી હતી.

વાળની લટના એક જ ક્ષણના સ્પર્શમાં સંભૂતિ મુનિના આત્માએ સાતમી નરકનું ગમન તીવ્ર વેગથી શરૂ કરી દીધું હતું. માત્ર સાત ક્ષણની સાધના ખૂટતાં કેટલાય આત્માઓએ મોક્ષપ્રાપ્તિ ગુમાવી છે. સર્વાર્થસિદ્ધ વિમાનના ભોગસુખ સાથે ભટકાઈ ગયા છે.

અનાદિકાલીન કુસંસ્કારોનું આત્મા ઉપર વધુ પડતું પ્રાબલ્ય હોવાને કારણે ચિત્ત ખૂબ તીવ્ર વેગથી 'અશુભ' તરફ ધસી જાય છે. એને અટકાવવા માટે મુનિઓએ સતત જાગ્રત રહેવું પડે; નહિ તો વર્ષોની જહેમત એક ક્ષણમાં પાણી ભેગી થાય.

**सुकरं मलधारित्वं, सुकरं दुस्तपं तपः ।**
**सुकरोऽक्षनिरोधश्च, दुष्करं चित्तशोधनम् ॥ ७६ ॥**

**શરીર, વસ્ત્ર વગેરેને મેલાંઘાણ રાખવાં હજી સહેલાં છે; ઘોર અને ઉગ્ર તપ કરવું હજી સહેલું છે. ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો સહેલ છે પણ ચિત્તને પવિત્ર રાખવાનું કાર્ય દુષ્કર દુષ્કર છે.**

**નોંધ :** આનંદઘનજી મહારાજે સત્તરમા કુંથુનાથ ભગવંતના સ્તવનમાં મનની ચંચળતાને આબેહૂબ વર્ણવી છે.

કુંથુનાથ પરમાત્માને તે કહે છે, ''ઓ, દેવાધિદેવ ! મારું મન કેમે કરીને સ્થિર રહેતું નથી. આ મન કેટલું બધું ચંચળ છે કે આગમધર જ્ઞાની મહાત્માઓના વશમાં તે આવતું નથી. મોક્ષના અભિલાષી સાધુઓ પણ તેને કાબૂમાં લાવી શકતા નથી.

''આ મન અમારી કોઈ સારી વાત સાંભળતું નથી. એ તો પોતાને ફાવે તેવાં કાળાં કામ કર્યે જ રાખે છે. એની તાકાત અપ્રતીમ જણાય છે. કોઈ કહે છે કે તેણે પોતાના મનને બરોબર વશ કરી લીધું છે. પણ આ વાત મારા માનવામાં આવતી નથી, કેમ કે એ અતિ ભારે કામ છે.''

છેલ્લે કવિરાજ કહે છે કે ''એવા પણ દુર્જેય મનને આપ દેવાધિદેવ કાબૂમાં લાવી શક્યા છો એ વાતની અમને આગમગ્રન્થો દ્વારા જાણ થઈ છે. હવે અમારી આપને નમ્રભાવે વિનંતી છે કે આપ અમારું મન કાબૂમાં આવી જાય એવી અમારી ઉપર કૃપા વરસાવો.''

ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે, ''મન પવન જેવું ચંચળ છે. એને વશ કરવાનું કામ અતિ મુશ્કેલ છે. છતાં તેને વશ કરવાના સતત અભ્યાસથી અને પરપદાર્થો પ્રત્યેના તીવ્ર વૈરાગ્યભાવથી વશ કરી શકાય છે ખરું.''

અનુભવ પણ એવો છે કે મન કાચી સેકંડમાં સાવ ગંદુ વિચારી નાંખે છે : છેલ્લી કક્ષાના ખરાબ એ વિચારો હોય છે. દાયકાઓની સંયમસાધનાની મન મશ્કરી કરતું હોય એ રીતે એ સાધનાને પળવારમાં પટકી નાંખે છે.

આથી ગ્રન્થકારશ્રી કહે છે કે તપ, ઇન્દ્રિયનિગ્રહ વગેરે બધા યોગોની આરાધના સહેલી છે પણ મનનું વશીકરણ અતિશય મુશ્કેલ છે.

હા.... એ મનને તે સહેલાઈથી વશ કરીને સદાનું પવિત્ર રાખી શકે છે જેની ઉપર કાં સદ્‌ગુરુની કૃપા છે, અથવા જે દેવનો પરમ ભક્ત છે.

**पापबुद्ध्या भवेत्पापं को मुग्धोऽपि न वेत्त्यदः ।**
**धर्मबुद्ध्या तु यत्पापं तच्चिन्त्यं निपुणैर्बुधैः ॥ ७७ ॥**

**પાપબુદ્ધિથી પાપ થાય છે આ વાત સામાન્ય માણસ પણ સમજી શકે છે. પરન્તુ ધર્મબુદ્ધિ હોય છતાં પાપ થાય તે વાત ચતુર પુરુષોએ વિચારવી જોઈએ.**

**નોંધ :** બુદ્ધિ પાપ કરવાની હોય અને પાપ થાય તે તો સાવ સાદી - સમજાય તેવી - વાત છે. ચોરી કરવાની પાપ-બુદ્ધિથી ચોરીનું પાપ કોઈ કરે તેમાં કોઈ નવાઈ નથી.

પણ બુદ્ધિમાં એવું લાગતું હોય કે પોતે ધર્મ કરી રહ્યો છે અને થઈ જતો હોય અધર્મ, આ વાત ખૂબ વિચારણીય છે.

અજૈન દર્શનમાં સંન્યાસીઓ ધર્મબુદ્ધિથી જે પંચાગ્નિ-તપ કરે છે; ઉપવાસમાં જે ફળાહાર કરે છે, કંદમૂળ ખાય છે, તામલી તાપસ તો છટ્ઠના પારણે સૂકવેલી લીલ (અનંતકાય) ખાતો હતો... આ બધું... ધર્મબુદ્ધિથી કરાતું પાપ છે. કેમ કે તેમાં પુષ્કળ જીવહિંસાદિ છે.

ધર્મ તો મોક્ષની જ કામનાથી થવો જોઈએ. છતાં સ્વર્ગાદિને

પામવાની કામનાથી જે યજ્ઞયાગાદિ ધર્મ કરાય છે તે વસ્તુતઃ ધર્મ નથી.

શત્રુના નાશ માટે કરાતો શ્યેનયાગ નામનો ધર્મ એ વસ્તુતઃ ધર્મ નથી.

અતિ કષ્ટદાયક જીવન જીવવામાં ધર્મ સમજીને સ્વીકારતા દિગંબરત્વમાં - વિકારજનકતા, ધર્મહીલના વગેરે હોવાથી ધર્મ શી રીતે કહી શકાય ?

વ્યાસ વગેરે મુનિઓની નિયોગની પ્રવૃત્તિને વ્યભિચાર કહેવાને બદલે ધર્મ કહેવાય છે તે શી રીતે યોગ્ય ગણાય ?

લગ્નની પહેલી રાતે નવોઢા ધર્મગુરુને સમર્પિત કરવાના ધર્મને શી રીતે ધર્મ કહેવાય ?

કાળકા વગેરે દેવીઓને બકરા વગેરેના બલિ ચડાવવાનો ધર્મ એ કોઈ પણ અપેક્ષાથી ધર્મ કહી શકાય નહિ.

કમળ-દાન(મસ્તક કાપીને મૂકવું)ની પ્રવૃત્તિ નકરું પાપ છે. એમાં ધર્મબુદ્ધિ શી રીતે ?

બીજાઓમાં અસમાધિ ઉત્પન્ન કરતી કે શાસનહીલના કરાવતી ધર્મપ્રવૃત્તિને ધર્મ કહી શકાય નહિ.

આ વાત સૂક્ષ્મબુદ્ધિથી જ સમજાય તેવી છે. અન્યથા ધર્મબુદ્ધિથી થતી પ્રવૃત્તિ ધર્મઘાત કરનારી બની જાય.

માંદા સાધુની સેવા કર્યા વિના મોંમાં અન્નપાણી નહિ નાંખવાની પ્રતિજ્ઞા હોય અને ક્યારેક એવું બને કે એક પણ સાધુ માંદો ન પડે તેથી પેલો પ્રતિજ્ઞાધારી પસ્તાવો કરે કે, ''આજે કેમ કોઈ માંદુ પડ્યું નથી ? કો'ક માંદો પડે તો સારું, જેથી મારી સેવા કરવાની પ્રતિજ્ઞા પૂરી થાય.''

આ ધર્મબુદ્ધિ એવી છે કે જેનાથી ધર્મનો ઘાત થાય છે.

**अणुमात्रा अपि गुणा दृश्यन्ते स्वधियाऽऽत्मनि ।**
**दोषास्तु पर्वतस्थूला अपि नैव कथञ्चन ॥ ७८ ॥**

**त एव वैपरीत्येन विज्ञातव्याः परं वचः ।**
**दिङ्मोह इव कोऽप्येष महामोहो महाबलः ॥ ७९ ॥**

**પોતાનામાં અણુ જેટલા ગુણો હોય તોય જીવને તે દેખાય છે અને પહાડ જેટલા મોટા દોષો દેખાતા જ નથી.**

**આ તો દિશામોહ થવા જેવો મહાબળવાન ભ્રમ છે.**

**ખરેખર તો આનાથી વિપરીત થવું જોઈએ. એમ આપ્ત વચન કહે છે.**

**નોંધ :** પારકાના દોષો જોવાને ટેવાયેલા જીવને પોતાના પહાડ જેવડા દોષો દેખાતા નથી, અને પારકાના ગુણો જોઈને બળી જનારા તેને પોતાના નાનકડા ગુણમાં ફૂલી જવાનું થાય છે.

ખરેખર તો પોતાના અણુ જેવડા દોષને પહાડ જેવડો કરીને જોવો જોઈએ, અને પોતાના પહાડ જેવડા ગુણોને પણ કદી ગાવા ન જોઈએ.

આવી સ્થિતિ તો જ આવી શકે જો જીવ અહંકારને મોળો પાડે. અભિમાની માણસને પોતાના અણુ જેટલા ય દોષ ન દેખાય તો તેને પહાડ જેવડા કરીને જોવાની વાત જ ક્યાં રહી ?

આવા માણસોને માયાવી જીવન (Duel charactor) જીવવાની ફરજ પડે છે. બિચારા ! દુનિયામાં 'સારા' દેખાવવા માગતા હોય અને હકીકતમાં 'સારા' હોય નહિ, ઊલટા

ખરાબીઓથી ભરેલા હોય. એ ખરાબીઓ એમને સતત છુપાવી રાખવી પડે. વળી, પોતે ખૂબ સારો માણસ છે તેવું ઠસાવવા માટે અનેક જાતની આપબડાશ હાંકતો હોય.

દોષોની આ તે કેવી પરેશાની? ભીતરમાં દુ:ખી લોકો, બહારથી જેમ સુખી દેખાડવાનો યત્ન કરે છે તેવું અહીં ભીતરમાં દોષી લોકો પોતાને ગુણી દેખાડવાનો દંભ કરતા હોય છે.

માણસ જેમ દિશા ભૂલી જાય : પૂર્વને બદલે ઉત્તરમાં ચાલ્યો જાય તેવું માનવજીવનમાં બને છે. દોષોના વધુ પડતાં બળને કારણે જીવ સદ્ગતિ તરફ ગમન કરવાને બદલે દુર્ગતિ તરફ ગમન કરી બેસે છે. માંડ હાથમાં આવેલું માનવજીવન બિચારો હારી જાય છે.

**धर्मस्य बहुधाऽध्वानो लोके विभ्रमहेतवः ।**
**तेषु बाह्यफटाटोपात्तत्वविभ्रान्तदृष्टयः ॥ ८० ॥**

**स्वस्वदर्शनरागेण विवदन्तो मिथो जनाः ।**
**सर्वथैवात्मनो धर्मं मन्यन्ते न परस्य तु ॥ ८१ ॥**

**મગજમાં ભ્રમણા ઉત્પન્ન કરી દે તેવા કહેવાતા ધર્મના અનેક રસ્તાઓ લોકમાં જોવા મળે છે. તેમાં જેમને 'તત્ત્વ' દેખાઈ ગયું તે તે માર્ગને પકડી લે છે અને તેમાં જ વાસ્તવિક ધર્મ છે એવો બાહ્ય માહોલ ઊભો કરી દે છે. તેઓ પોતપોતાના ધર્મને જ એકાન્તે ધર્મ કહીને પરસ્પર ઝઘડા કરે છે. પોતાના જ ધર્મને ધર્મ કહે છે. બીજાના ધર્મને સર્વથા અધર્મ કહેવાનું સાહસ કરે છે.**

નોંધ : દરેક દુકાનદાર પોતાના માલને જ શ્રેષ્ઠ કહે. એ તો

ઠીક.... પરન્તુ બીજાના માલને કનિષ્ઠ કહીને ધિક્કારવો એ વાત બરોબર ન કહેવાય. પોતાના કનિષ્ઠ માલને પણ સુંદર બારદાન લગાડીને તેને ઊંચી ગુણવત્તા ધરાવતો માલ કહેવો એ શી રીતે યોગ્ય ગણાય ? અરે, એ પણ ચલાવી લેવાય પરન્તુ બીજાના સારા માલને પણ હલકો કહેવો અને તે માલવાળાની સાથે ઝઘડા કરવા; મારામારી કે ગાળાગાળી કરવી એ તો જરાય ઉચિત ન કહેવાય.

ધર્મની હાટડી લગાડીને બેઠેલા જીવોની દશા આવી જ હોય છે. એમનામાં બીજા લોકોની વાતને કે તેમના ઉત્કર્ષને સહવાની તાકાત નહિ હોવાથી તેઓ સંઘર્ષનો માર્ગ અપનાવે છે.

જો માણસ ધર્મને સમજ્યો હોય તો તેનામાં પરધર્મોને સહન કરવાની કલા તો આવે જ. તે સંઘર્ષ કદી કરે નહિ. બીજાઓની જીવન-શૈલી કે વિચારસરણી અંગે તે વાતો કરે, વિચારણા કરે પરન્તુ ઝઘડો તો ન જ કરે. ઉપરથી વિરોધનો ઉપશમ કરે.

બધા ધર્મોને 'એક ધર્મ' માં સમાવી દેવાનું રાજા ભોજે સૂરાચાર્યજીને કહ્યું હતું. તેમણે તે વાત અસંભવિત જણાવતાં કહ્યું હતું કે, ‘‘જેમ બધા માણસોનો પહેરવેશ, ખોરાક, ભાષા વગેરે એક કરી શકાતાં નથી તેમ બધા ધર્મોને એક કરી શકાય નહિ. જેની જેમાં રુચિ હોય તેને તે પસંદ કરે. એમાં આપણાથી વિરોધ ન કરાય.

જેને ખાવું પીવું જ ગમે તે ચાર્વાક દર્શનને પસંદ કરે.

જેને કઠોર ત્યાગ-તપ ગમે તે જૈનધર્મને અનુસરે.

જેને યજ્ઞયાગાદિ ગમે તે વેદધર્મને પસંદ કરે.

જેને મધ્યમમાર્ગી જીવન ગમે તે બૌદ્ધધર્મને અનુસરે.

જેની જેવી રુચિ.

પોતાની પસંદગીને શ્રેષ્ઠ માનવાનો સહુને અધિકાર હોઈ શકે, પણ બીજાની પસંદગીને ધિક્કારવાનું તો સ્વપ્ને પણ વિચારી શકાય નહિ.

જૈનધર્મમાં ય આ વાત વિચારી શકાય.

તપસ્વીથી સ્વાધ્યાયીને કે સ્વાધ્યાયીથી તપસ્વીને ધિક્કારી શકાય નહિ. ઊલટું એકબીજાનો આદર કરવો જોઈએ.

ના. સર્વધર્મસમાનતાનો ભાવ ન હોઈ શકે, પરન્તુ સર્વધર્મ સહિષ્ણુતાનો ભાવ તો હોવો જ જોઈએ.

સર્વધર્મ સમભાવ બરોબર નથી. ગોળ અને ખોળમાં સમભાવ શી રીતે જોઈ શકાય ? સર્વધર્મ મમભાવ પણ બરોબર નથી.

મારી મા તો એક જ હોય. બીજાની બધી માતાઓ 'મારી' શી રીતે બની શકે ? સર્વધર્મસહિષ્ણુભાવ જ બરોબર છે. પરધર્મોના પ્રણેતાઓને પૂરતી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થઈ ન હોય તો તેમના દ્વારા મુકાયેલી વાતો ક્યારેક ક્ષતિયુક્ત પણ હોઈ શકે. એવા વખતે તેમની તે વાતોની હાંસી ન ઉડાડવી; તિરસ્કાર નહિ કરવો; ચૂપ રહેવું અને તે વાતને સહી લેવી. આવો સહિષ્ણુભાવ સહુમાં હોવો જોઈએ. એવા કોઈ એંગલો પકડવા જોઈએ કે જેનાથી તે વિચારોને પણ ન્યાય આપી શકાય.

માણસ પોતાના પક્ષનો આગ્રહ રાખી શકે. હમામ સાબુનો પ્રચારક પોતાના સાબુનો જ પ્રચાર કરશે. એ કાંઈ લક્સ સાબુ માટે સારું તો નહિ જ કહે. ના... એ એવું તો નહિ કહે કે, ''મિત્રો ! તમે મારો હમામ સાબુ ખરીદો અથવા તમને ઠીક લાગે તો તમે લક્સ પણ ખરીદો.''

એ પોતાના જ સાબુનાં વખાણ કરશે. વળી, પોતાનો સાબુ લક્સ કરતાં ગુણવત્તામાં ચડિયાતો છે; તે વાત પણ કરશે. પરન્તુ અન્ય

સાબુ પ્રત્યે ધિક્કાર તો તેણે નહીં જ દાખવવો જોઈએ. રસ્તામાં જ લક્સનો સેલ્સમેન મળી જાય તો તેની સાથે ચા પીવા તે તૈયાર હોય.

વિવિધ ધર્મોના સંબંધમાં પણ આ જ વાત છે. પોતાના ધર્મનું આગ્રહપૂર્વક નિરૂપણ કરવું તે જુદી વાત છે. પણ બીજાના ધર્મનું ધિક્કારપૂર્વક ખંડન કરવું એ તો કદાગ્રહ છે. કોઈ પણ ધર્મના અનુયાયીથી આવો કદાગ્રહ થઈ શકે જ નહિ.

સત્ય વાતનો પણ અતિ કે અસ્થાને આગ્રહ-સત્યાગ્રહ- પણ સંઘર્ષ પેદા કરનારો કદાગ્રહ બને તો તે પણ ચાલી શકે નહિ.

સત્યગ્રાહી બનો. કદાગ્રહની છાંટવાળા સત્યાગ્રહી નહિ. કેટલાક ધર્મી લોકો પોતાના ઘરના સભ્યો ઉપર કદાગ્રહયુક્ત સત્યાગ્રહ રાખતા હોય છે, જે બિલકુલ ઇચ્છનીય ન ગણાય.

**यत्र साम्यं स तत्रैव किमात्मपरचिन्तया ।**
**जानीत तद्विना हंहो ! नात्मनो न परस्य च ॥ ८२ ॥**

**જ્યાં સમતા છે ત્યાં જ ધર્મ છે. તે જ ખરો ધર્મ છે. પછી આ મારો ધર્મ છે અને આ તારો ધર્મ છે એવી નકામી વાતો કરવાથી શું ફાયદો ?**

**જ્યાં સમતા નથી ત્યાં ધર્મ જ નથી. પોતાનો ધર્મ નથી, પારકો ધર્મ પણ નથી.**

**નોંધ :** સમતા એટલે સ્વમાં સમાધિ.

સમાધિ એટલે મનની સમાધાન-દશા. જ્યાં કોઈ પણ વાતનું મનોમન સમાધાન કરી લેવાય : સમાધિ પામી જવાય ત્યાં સંઘર્ષને સ્થાન નથી. 'આ મારું, આ તારું' એ ભેદભાવયુકત વિચાર શક્ય નથી.

જે પોતે સમતામાં રહે તે બીજાને અસમાધિ થાય તેવું વર્તન તો ન જ કરે, પણ તેવો વિચાર સુધ્ધાં ન કરે.

પોતાનો ધર્મ કે પોતાની માન્યતા ઉપર બીજા ધર્મો કે માન્યતાઓ સાથે સંઘર્ષ કરવાથી અનેક જીવોમાં અસમાધિ ઉત્પન્ન થાય. જો એક વ્યક્તિમાં અસમાધિ પેદા ન કરાય તો ઘણાબધામાં અસમાધિ શી રીતે પેદા કરાય ? આખા પક્ષ-વિપક્ષને અસમાધિમાં શી રીતે હોમી દેવાય ?

આવા ઝનૂનપૂર્વકના વાદને પક્ષવાદ કહી શકાય, ધર્મવાદ કદાપિ નહિ. ધર્મવાદમાં ઝનૂનને સ્થાન નથી.

વર્તમાનકાળની પરિસ્થિતિ આ બાબતમાં ખૂબ વિષમ છે. ઝનૂનમાં આવીને પોતાના સત્યની પ્રતિષ્ઠા કરતો વર્ગ સર્વત્ર અસમાધિ પેદા કરવામાં નિમિત્ત બની ગયો છે.

**क्षान्त्यादिर्दशधा धर्मः सर्वधर्मशिरोमणिः ।**
**सोऽपि साम्यवतामेव मैत्र्यादिकृतकर्मणाम् ॥ ८३ ॥**

**साम्यं समस्तधर्माणां सारं ज्ञात्वा ततो बुधाः ।**
**बाह्यं दृष्टिग्रहं मुक्त्वा चित्तं कुरुत निर्मलम् ॥ ८४ ॥**

સર્વધર્મ શિરોમણિ છે; ક્ષમા વગેરે દસ પ્રકારના ધર્મો.

આ ધર્મોની પ્રાપ્તિ મૈત્રી આદિ ચાર ભાવનાથી ભાવિત થયેલા સમતાવાળા જીવોને જ થાય છે. હે વિદ્વાનો ! સમતા તે સર્વધર્મસાર છે એમ જાણીને બાહ્ય એવો ધર્મ-કદાગ્રહ છોડીને તમારા ચિત્તને તમે નિર્મળ કરો.

**નોંધ :** ગ્રન્થકારો મૈત્રી આદિ ચાર ભાવનાઓને સૌથી પ્રથમ જરૂરી કહી છે. તે પછી સમતાની પ્રાપ્તિ જણાવી છે. ત્યાર બાદ ક્ષમાદિ દસ પ્રકારનો ચારિત્રધર્મ બતાડ્યો છે.

સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ જામે તો તે જીવોના તે તે દર્શનોની કે માન્યતાઓની સામે તિરસ્કાર વ્યક્ત કરવાની વાત ઊભી જ ન રહે. ઉપરથી તે જીવોમાં પણ જેમનામાં જે ગુણ હોય તે જોઈને પ્રમોદભાવ થાય. દુઃખિતો પ્રત્યે કરુણા થાય અને પાપીઓ પ્રત્યે ઉપેક્ષાભાવ થાય. (ક્રોધભાવ નહિ.)

સમતાભાવની પૂર્વભૂમિકામાં મૈત્રી-વગેરે ચાર ભાવો છે.

સમતા પ્રાપ્ત થયા બાદ દસ ચારિત્રધર્મો આત્મામાં સ્થિરતા પામે. રાગ કે દ્વેષની પરિણતિના કાદવમાં જે જીવ આળોટતો હોય તેનામાં ક્ષમા, વગેરે દસ ધર્મોની કોઈ આશા રાખી શકાય નહિ.

દસ ચારિત્રધર્મોની આરાધનામાંથી અપ્રમત્તતા આવે. અને પછી વીતરાગતા પ્રાપ્ત થાય.

ગ્રન્થકારશ્રી કહે છે કે, ''વાદના સ્થાને વિવાદ કે વિતંડાને પેદા કરનારા વિદ્વાન લોકો જ સામાન્યતઃ હોય છે. એટલે તેમને ઉદ્દેશીને આ બીજા પ્રસ્તાવના છેલ્લા શ્લોકમાં તેઓ કહે છે કે, ''તમે તમારા કદાગ્રહને હવે તિલાંજલિ આપો. બધા આર્ય ધર્મોનો માર્ગ ગમે તે હોય પણ જ્યારે તેઓ સમતાને આંબવાના લક્ષ બાબતમાં એકમત છે ત્યારે તમે તમારા ચિત્તને સમતાયુક્ત બનાવીને રાગ-દ્વેષના મળોથી મુક્ત કરો.''

મહોપાધ્યાયજીએ અધ્યાત્મસાર ગ્રન્થમાં કદાગ્રહને સમ્યગ્દર્શન પામવાની આડે આવતી લોખંડી દીવાલ કહી છે. તેમણે તો કદાગ્રહી

માણસોની સાથે વાદ કે વાત કરવાની પણ ના કહી છે. તેવા ઉપર ધર્મ પમાડવાની કે સન્માર્ગે લાવવાની કરુણા પણ નહિ કરવાનું જણાવતાં તેમણે કહ્યું છે કે આ તો હડકાયી કૂતરીના શરીર ઉપર ચંદનના લેપની કરુણા કરવા જેવી હલાહલ મૂર્ખતા છે.

કદાગ્રહી માણસો જો પોતાની વાતમાં ફાવી જાય તો આપણી હારની ક્રૂરતાભરી મશ્કરી કરે. જો હારી જાય તો ખૂન કરવા સુધી જતાં તેને વાર ન લાગે. એટલે એવા માણસો સાથે વાદ પણ કરવો ન જોઈએ.

કાચા ઘડામાં પાણી ભરવાની કરુણા તે થતી હશે?

ગ્રન્થકારશ્રી કદાગ્રહનો ત્યાગ કરવા કહે છે પણ આગ્રહ રાખવાની ના કહેતા નથી. પોતાના દર્શનની માન્યતાને સારી માનવા છતાં જો તેમાં કદાગ્રહ નહિ હોય તો તેને સમજવા માટે બુદ્ધિનાં દ્વાર ખુલ્લાં રહેશે. આમ થતાં, સત્યને પામવામાં વાર નહિ લાગે. પણ જો આગ્રહ, કદાગ્રહમાં ફેરવાઈ જશે તો મુસીબત થશે.

ચાલો, આપણે કોઈ પણ વાતના કદાગ્રહમાં પડીને માનવભવને બરબાદ ન કરીએ.

# તૃતીય પ્રસ્તાવ
## [શ્લોક : ૩૧]

**सहजानन्दसाम्यस्य विमुखा मूढबुद्धयः ।**
**इच्छन्ति दुःखदं दुःखोत्पाद्यं वैषयिकं सुखम् ॥ ८५ ॥**

**સ્વાભાવિક રીતે આનંદ દેનારા સમતાભાવથી વિમુખ થયેલા મૂઢબુદ્ધિવાળા લોકો એવા ભોગસુખને ઇચ્છે છે જે દુઃખમાંથી ઉત્પન્ન થયું છે, અને દુઃખને દેનારું છે.**

**નોંધ :** સમતાભાવનું જે સુખ જીવ ભોગવે તે આત્માનું પોતાનું સ્વાભાવિક સુખ છે. એ પામવા માટે કાંઈ પુણ્યકર્મના ઉદયની જરૂર નથી કે કોઈ ભોગસામગ્રીની પણ અપેક્ષા રહેતી નથી. ટૂંકમાં એ આનંદ સ્વાધીન છે, સ્વચ્છ છે અને તેને માણવો હોય તો શાશ્વતકાળ સુધી [સિદ્ધાવસ્થામાં] માણી શકાય તેમ છે. આની સામે જે વિષય-સુખ છે. તે વિષયોને પરાધીન છે કેમ કે વિષયના સંયોગ વિના તે મળી શકતું નથી. વળી, પુણ્યકર્મના ઉદયને પણ આધીન છે. જેવો એ ઉદયકાળ બંધ પડે કે જીવ સુખાનુભૂતિ ન કરી શકે. વળી, આ વિષયસુખ બીજી ઘણી રીતે દુઃખથી મિશ્રિત

છે. એ સ્વચ્છ નથી. સુખ ભોગવતી વખતે પણ અલ્પસુખાનુભૂતિ થાય તો અતૃપ્તિનું દુઃખ તેમાં ભળે. કો'ક બીજાને તે વિષયસુખ વધુ મળ્યું હોય તો તેની ઈર્ષ્યાનું દુઃખ તેમાં ભળે. વળી, વિષયસુખ વિનાશી તો છે જ એટલે તે ચાલી જવાની ચિન્તાનું દુઃખ પણ તેમાં ભળેલું હોય. અને વધારામાં તેના ફળરૂપે જે દુઃખો આવી પડવાનાં છે તે જુદાં. વળી, વિષયસુખ દુઃખમાંથી ઉત્પન્ન થાય. જેણે ભોગસુખની તૃપ્તિનો આનંદ પામવો હોય તેણે પહેલાં દુઃખી થવું પડે.

પહેલાં તરસ લગાડો, પછી પાણી પીને તૃપ્તિનો આનંદ માણો. તરસ જેટલી વધુ તેટલો આનંદ વધુ. તરસ જરાય નહિ તો ઠંડા હિમ જેવા પાણીને પીવાનો આનંદ જરા ય નહિ.

પહેલાં ભૂખ લાગે તો જ ભોજનનું સુખ મણાય. રોગીને ભૂખ નથી; તો તેને અત્યન્ત પ્રિય દૂધપાક દીઠોય ગમતો નથી. પેટ ભરેલાને ભૂખ નથી તો પ્રિયતમ ભોજન સામે નફરત ચડે છે.

તરસ કે ભૂખનું દુઃખ ઊભું કર્યા વિના પાણી કે ભોજનનું સુખ મળી શકે નહિ.

ખણજનું દુઃખ ઊભું કર્યા પછી જ તેને ખંજવાળવાનો મીઠો આનંદ અનુભવવા મળે.

રોગદશા આવ્યા પછી જ આરોગ્યના આનંદની અનુભૂતિ થાય.

લાખ રૂપિયાનો હાર ચોરાયા પછી જ તે મળી જતાં તેની ઉપર મિત્રોને પાર્ટી આપવાનો આનંદ પામી શકાય.

સંસારનાં બધાં સુખો દુઃખ ઊભું કર્યા પછીનાં છે.

દુ:ખ ઊભું કરો.

દુ:ખને ધક્કો મારો.

સુખી થાઓ.

દુ:ખને ધક્કો મારવો તે સંસારસુખ છે. માટે જ આવા સુખને જ્ઞાનીઓ ઇચ્છતા નથી. નથી તે સ્વાધીન, નથી તે દુ:ખના ભેળ વિનાનું સ્વચ્છ, નથી તે શાશ્વત....

એ છે પરાધીન, દુ:ખમિશ્રિત અને વિનાશી. ભલેને આત્માના ઘરનું તૃપ્તિરૂપ સુખ હોય પરન્તુ આ દશામાં તેને શું કરવાનું ?

આ ભોગસુખ જેમ દુ:ખમાંથી ઉત્પન્ન થાય છે તેમ તે દુ:ખમાં વિલીન થાય છે.

વિષયસુખમાં આસક્તિ થયા વિના પ્રાય: રહેતી નથી. આ આસક્તિ જેટલી તીવ્ર તેટલો અશુભ કર્મોનો ચીંકણો બંધ. જ્યારે એ કર્મ ઉદયમાં આવે ત્યારે તે જીવ રાડ પાડી જાય તેટલું દુ:ખ તેની ઉપર તૂટી પડે.

જ્ઞાનીઓએ આ સુખને કિંપાકફળ કહ્યું છે. તે ખાવામાં અતિ મીઠું લાગે પણ તરત જ મોત ત્રાટકે.

અનન્ત આનંદસ્વરૂપ આત્માને દુ:ખ, દારિદ્ર, શોક, દુર્ગતિમાં અનંતકાળથી જો કોઈએ ઝીંકી દીધો હોય તો તે વિષયસુખો છે. તેમનો ભોગવટો જ અનાદિ ભ્રમણનો હજી અન્ત આવવા દેતું નથી.

સુખ ભોગવતી વખતે જીવ બિચારો બધું ભાન ભૂલી જાય છે. અન્તે પરેશાન થાય છે.

**कषाया विषया दुःखमिति वेत्ति जनः स्फुटम् ।**
**तथापि तन्मुखः कस्माद् धावतीति न बुद्ध्यते ॥ ८६ ॥**

**કષાયો અને વિષયો દુઃખનું કારણ છે, એવું સ્પષ્ટપણે જાણવા છતાં જીવ તેની તરફ કેમ દોડે છે ? તે સમજાતું નથી.**

નોંધ : કેટલાકને તો વિષયસુખના ભોગવટામાં એટલો બધો આનંદ આવે છે કે તે તેની પૂર્વાપરનાં દુઃખોને સાવ ભૂલી જાય છે.

પેલી ખરાબ લોહીને પીતી જળો, દરેક વખત તેને નિચોવાય છે. તે વખતે તે પણ રાડ પાડી બેસે છે છતાં જ્યારે ફરી લોહી પિવડાવાય છે ત્યારે બધું દુઃખ ભૂલીને મસ્ત બની જાય છે.

કેટલાકને વિષયસુખથી ચડિયાતા સુખની જગતમાં હસ્તી છે તેની કલ્પના જ નથી. 'જેવું તેવું પણ આ જ સુખ કહેવાય.' એમ માનીને તેના ભોગવટામાં જ મસ્ત રહે છે.

પેલા રબારીને રાબ જ ભાવતી હતી. એના શેઠે એને ઘેબર ખાવા કહ્યું તો ઘસીને ના પાડી દીધી. એને ઘેબરના સુખની કલ્પના જ ન હતી.

પેલા ભૂંડે નારદને સ્વર્ગમાં લઈ જવાની વાત સ્પષ્ટ ઇન્કારી દીધી. તેણે કહ્યું કે, ''અમે સપરિવાર તો જ તે તમારા કહેવાતા સ્વર્ગમાં આવીએ જો ત્યાં અમને અમારું મિષ્ટાન્ન ભોજન-વિષ્ઠા-મળે; અમને અમારો રાજમહેલ-ગટર-રહેવા માટે મળે. અને આ ભૂંડણ જેવી અપ્સરા મળે. જો તે બધું ત્યાં ન હોય તો એવા સ્વર્ગ ઉપર અમે લાખ લાખ વખત થૂંકીશું.''

સમતાના ઉત્કૃષ્ટ આનંદની જેને અનુભૂતિ જ ન હોય તે જીવની દશા આ ભૂંડ જેવી જ હોય.

વર્ષોથી જે માળી જૂના ખખડી ગયેલા પપૈયાનાં ચાર ઝાડ ઉપર જ અતિમુશ્કેલીથી જીવનગુજારો કરતો હતો તેને તેના મિત્રે તે ઝાડ જડમૂળથી દૂર કરીને તે ખેતરમાં ખેતી કરીને અનાજનો પાક લેવાની સુંદર સલાહ આપી. પેલાને એ વાત ન જચી. અનાજનો પાક થવાની બાબતમાં ઘણી શંકા કરી. પપૈયાનાં ઝાડ તોડી પાડ્યા પછીની પોતાની હાલત કલ્પતાં તે ધ્રૂજી ગયો. રડી પડ્યો.

છેવટે મિત્રે મધરાતે ઊઠીને તે વૃક્ષો ઉપર કુહાડો ઝીંકી દીધો. સવારે ઘણી રડારોળ તો થઈ પણ છેવટે પડોશીઓની સહાયથી અનાજનો પાક લીધો. પહેલા જ વર્ષે લીલાલહેર થઈ ગઈ.

સમતાનો આનંદ કોઈ આપે તો ખબર પડે કે તે કેવો અપૂર્વ છે ? એની સામે ભોગાનંદ કેટલો બધો નીરસ અને નકામો છે ?

વિષયોની આસક્તિ અને ક્રોધાદિ કષાયોમાં આનંદની શકયતા જ નથી. હકીકતમાં તો એ ખૂબ ત્રાસરૂપ છે. આસકત માણસની અતૃપ્તિ અને ઈર્ષ્યા એવી ભયાનક આગ છે કે તેમાં આસક્તિનું સુખ સાવ સળગીને રાખ થઈ જાય છે.

ક્રોધ, અહંકાર, માયાવિતા પણ કયાં સારા છે? તેનાથી આબરૂ, આરોગ્ય અને સંતાનોના સંસ્કરણ જેવી ત્રણ મહામૂલી વસ્તુઓ ખતમ થઈ જાય છે.

ક્રોધ લોહી બાળે છે.

કામ વીર્ય બાળે છે.

આરોગ્ય ખતમ થયા પછી સુખ શેનું ? બિચારો જીવ ! જાતે જ વિષય, કષાયોના સંગનાં દુઃખો જાણે છે પણ છતાં ય તેમાં જ સુખ કલ્પે છે, અને વધુ ને વધુ હેરાન થયા કરે છે.

**सर्वसङ्गपरित्यागः सुखमित्यपि वेत्ति सः ।**
**सम्मुखोऽपि भवेत् किं न तस्येत्यपि न बुद्ध्यते ॥ ८७ ॥**

**"સર્વ સંગોનો પરિત્યાગ એ જ સુખ છે." એવું જીવ જાણે છે તો પણ તે સુખની અભિમુખ તે કેમ નહિ થતો હોય ?**

નોંધ : જે જીવો અજ્ઞાનતાને લીધે ભોગસુખ ભોગવે તે ખૂબ દયાપાત્ર છે. પણ કેટલાક જીવોને તો એ વાતનું જ્ઞાન થાય છે કે ભોગસુખનો આનંદ - ઝાંઝવાના જળ જેવો - મિથ્યા છે. ક્ષણિક છે, વિપાકે કટૂ છે - છતાં તેઓ તે આનંદમાં આસક્તિ થવાથી ફસાઈ જાય છે.

બધી સમજ છતાં થતી ફસામણના મૂળમાં આસક્તિ કારણભૂત બને છે. તેવા જીવો સ્વયં કહેતા હોય છે કે, "અમને ખબર છે કે અમે ક્ષણિક આનંદને પકડી બેઠા છીએ. આનંદ તો સર્વસંગના ત્યાગથી જ પ્રાપ્ત થઈ શકે એ વાત પણ અમે બરોબર જાણીએ છીએ. પણ શું કરીએ ? અમારાથી ભોગાનન્દ છૂટતો નથી. અને સર્વસંગત્યાગનો આનંદ માણી શકાતો નથી.

એવું લાગે છે કે જીવને વિષય, કષાયના સંગનો સંસ્કાર પૂર્વના અગણિત ભવોથી પડેલો છે. વળી, તે સંસ્કાર અત્યન્ત ગાઢ બનેલો છે. આવા સંસ્કારનું જાણે કે જીવ ઉપર વશીકરણ થાય છે. આમ થતાં જીવને ધારે તે રીતે સંસ્કારો નચાવે છે. સંસ્કારોનું પ્રાબલ્ય એટલું બધું હોય છે કે એના એક જ ધક્કે જીવ 'અશુભ'માં ગબડી જાય છે. એની ઈચ્છા ન હોય તોપણ તે સંસ્કારોની તાણ આવતાં જ જે તે કામ કરી બેસે છે.

આમાં પણ જે જીવો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પામ્યા છે તેમને જ્યારે તેમના અશુભ સંસ્કારો પાપની ધરતી ઉપર પટકે છે ત્યારે તેમના મનોદુ:ખની કોઈ સીમા રહેતી નથી. તેવું ખોટું કરવાનું તેમનું મન સાફ ના પાડવા છતાં જ્યારે તેમને કર્મો અને સંસ્કારોની પછડાટથી તે કામ કરવું પડે છે ત્યારે તે જીવો અતિ વ્યથિત બની જાય છે. આવા જ્ઞાની જીવોને પણ જો અનાદિના કુસંસ્કારો પાપમાં રગદોળાવી શકતા હોય તો અજ્ઞાની જીવોની તો કેટલી ખરાબ હાલત થાય ? એમાંય હજી જેમનું ભવભ્રમણ ઘણું વધુ બાકી છે એવા જીવો તો વિષયની આસકિત અને ક્રોધાદિ કષાયોની પ્રબળતામાં કેટલા હેરાન થાય ? તેની કલ્પના પણ કરવી આપણા માટે મુશ્કેલ છે.

**सूक्ष्माः सूक्ष्मतरा भावा भेद्यन्ते सूक्ष्मबुद्धिभिः ।**
**एतद् द्वयं तु दुर्भेदं तेषामपि हि का गतिः ॥ ८८ ॥**

**જે સૂક્ષ્મ બુદ્ધિવાળા માણસો સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ વસ્તુઓને પણ જાણી શકે તેઓને પણ આ બે બાબતો ભારે મુશ્કેલીથી સમજાય છે. તો હવે કરવું શું ?**

**નોંધ :** દુનિયામાં જેઓ અતિ બુદ્ધિમાન કહેવાય તેવા વૈજ્ઞાનિકો, તત્ત્વવેત્તાઓ, ચિન્તકો, સંશોધકોને પણ ''વિષયો અને કષાયો ભૂંડા છે.'' એ વાત સમજવી ભારે પડી જાય છે. તેઓ જાતીય વાસનાઓમાં પૂરા રગદોળાયેલા જોવા મળે, કેટલાક દારૂના નશામાં પડી રહે, કેટલાકો અહંકાર, ક્રોધ વગેરે કષાયોથી ખરડાયેલા હોય,

એ કષાયોને ખૂબ સારા માનીને પોષે.

આ બધું શી રીતે બનતું હશે ? વિષયો અને કષાયોએ આખા જગતને બરબાદ કરી નાંખ્યું છે; ઘરઘરમાં હોળી સળગાવી છે; લાખો રોગો પેદા કર્યા છે; કેટલીય નારીનાં શીલ લૂંટાયાં છે, કેટલાય લોકોનાં ખૂન થયાં છે, યુદ્ધો થયાં છે, લાશોની થપ્પીઓ ખડકાઈ છે. આ બધું થવા છતાં અત્યન્ત બુદ્ધિમાન લોકોને વિષય કષાયોનું ભૂંડાપણું કેમ સમજાતું નહિ હોય ?

જો તેવા બુદ્ધિમાન લોકોને આ વાત ન સમજાય તો સામાન્ય કક્ષાના માણસોને તો આ વાત શી રીતે સમજાવી શકાય ?

ગ્રન્થકારશ્રી કહે છે આ વાત સમજવા માટે શાસ્ત્રો ભણવાની જરૂર નથી. લોકો પોતાના રોજિંદા અનુભવોમાં જ આ બધું જોતા-જાણતા હોય છે. પોતાના ઘરોમાં વિષય-કષાયોની ખતરનાક રમતો રમાયેલી જોતા હોય છે. શાસ્ત્રજ્ઞાન કરતાં ય અનુભવજ્ઞાન વધારે તીવ્રતાથી થતું હોય છે. તો તે જ વખતે તે લોકોને વિષય-કષાયથી ભરેલા સંસાર તરફ વૈરાગ્ય પેદા થવો જોઈએ ને ? તેમણે સર્વસંગ-ત્યાગ કરી દેવો જોઈએ ને ? તેમણે તે વાતો સહુને કરવી જોઈએ ને ?

કેમ આખો સંસાર એ વિષય-કષાયની પરિણતિઓમાં આનંદની અનુભૂતિ કરતો ત્યાં જ પડી રહેતો હશે ?

શા માટે માનવ જેવું બુદ્ધિમાન પ્રાણી આમ કરતું હશે ?

**अपराधाक्षमा क्रोधो मानो जात्याद्यहंकृतिः ।**
**लोभः पदार्थतृष्णा च माया कपटचेष्टितम् ॥ ८९ ॥**

**शब्दरूपरसस्पर्शगन्धाश्च मृगतृष्णिका ।**
**दुःखयन्ति जनं सर्वं सुखाभासविमोहितम् ॥ ९० ॥**

બીજાના અપરાધો પ્રત્યે અસહિષ્ણુ બનવું તે ક્રોધ છે. જાતિ વગેરેનો અહંકાર તે માન છે, કપટપૂર્વકની ચાલ તે માયા છે, પરપદાર્થની તૃષ્ણા (આસક્તિ) તે લોભ છે.

પાંચ ઈન્દ્રિયોના પાંચ વિષયો - શબ્દ, રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શનાં સુખ ઝાંઝવાનાં જળ જેવાં છે. કેમકે એ સુખ નથી સુખાભાસ છે. એનાથી જે જીવો મૂઢ બને છે તેને દુઃખ આપે છે.

નોંધ : ક્રોધાદિ ચાર કષાયો : હાસ્ય વગેરે છ નોકષાયો અને પાંચ ઈન્દ્રિયોના વિષયો જીવને સતત રમાડ્યા કરતા હોય છે. જીવ બિચારો, આ બધામાં ફસાતો રહે છે.

દુઃખ કરતાં દોષ વધુ ચિન્તાજનક છે.

દુઃખ જો ખરાબ વસ્તુ છે, તો દોષ એ ખતરનાક વસ્તુ છે.

કૅન્સરના દુઃખ કરતાં ક્રોધ નામના દોષનો ત્રાસ ખૂબ અસહ્ય છે.

કીડની ફેઈલ થવાથી જે દુઃખ ઉત્પન્ન થાય તે દુઃખ કામ દોષની જાતીય વાસનાઓના તરફડાટની સામે કોઈ વિસાતમાં નથી.

એઈડ્સના જીવલેણ રોગના દુ:ખ કરતાં અભિમાન-દોષ જીવને વધુ પરેશાન કરે છે.

ચાર કષાયો અને છ નોકષાયો દોષ છે. એમનું તોફાન માનવજીવનનો કચરો કરી નાંખે છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં કોઈ સુખ નથી; છતાં અનાદિકાળમાં કુસંસ્કારોને કારણે એમાં સુખ માનીને જીવ સતત એની પાછળ દોડતો રહે છે. બિચારો, દોડી દોડીને થાકે છે. છેવટે મરણ પામે છે.

આ બધા જીવને કેવો દુ:ખી કરે છે ? એ જો બરોબર સમજવું હોય તો જે મહાત્માઓએ આ દોષોને ત્યાગી દીધા છે તેમના આનંદમય જીવન તરફ નજર કરવી જોઈએ. એ મહાત્માઓ મોક્ષના પણ સુખની અનિચ્છા કરીને સમતારસના આનંદમાં લીન બની ગયા હોય છે.

ઓલા દોષોના હુમલાથી દુ:ખી બની ગયેલા સંસારી લોકોની વચમાં જ આ મહાત્માઓ રહે છે. પણ સંસારી લોકો તેમની સામે સરખી નજર કરે તો તેમના આનંદને પામવાનું મન થાય ને ?

દોષોના આગમનને પડકારવું જોઈએ. એમની તરફ ધિક્કાર-ભરેલી નજર કરવી જોઈએ.

પાંચ ઇન્દ્રિયોના વિષયો વિષકન્યા જેવા છે. એને ભેટનારનો એ જીવ લઈને જંપે છે. એકેકી ઇન્દ્રિય જીવલેણ છે. જે માણસો પાસે પાંચ ઇન્દ્રિયો છે તેમણે તેના પ્રલોભનોથી અત્યન્ત સાવચેત રહેવું જોઈએ.

**नोपेन्द्रस्य न चेन्द्रस्य तत् सुखं नैव चक्रिणः ।**
**साम्यामृतविनिर्मग्नो योगी प्राप्नोति यत्सुखम् ॥ ११ ॥**

**સમતારૂપી અમૃતમાં મગ્ન થયેલો યોગી જે આત્માનંદને પ્રાપ્ત કરે છે તે આનંદ નથી મળતો વિષ્ણુને, ઈન્દ્રને કે ચક્રવર્તીને.**

**નોંધ :** દેવોનો રાજા ઇન્દ્ર છે, નરોનો રાજા ચક્રવર્તી છે, બધા ભગવાનોમાં મોટા-વૈદિકમતે વિષ્ણુ છે.

આ ત્રણેય સર્વોચ્ચના જીવનમાં જે વિષયસુખ હોય તે ખૂબ જ ઊંચી કક્ષાનું હોય એવી લોકમાન્યતા છે. પણ ગ્રન્થકારશ્રી કહે છે કે તેમનાં સુખોને ક્યાંય દૂર મૂકી દે તેવું સુખ યોગી પુરુષો સમતાને અનુભવવા દ્વારા ભોગવે છે.

આનું મુખ્ય કારણ એ છે કે સમતાનું જે સુખ છે તે સીધું આત્મામાંથી ઉદ્ભવે છે. વૈષયિક સુખો પરપદાર્થની અપેક્ષા રાખતા હોવાથી; વળી, કર્મોની સહાયની તેમને અપેક્ષા હોવાથી એ પરાધીન છે.

સુખ મેળવવા માટે પારકાની સ્પૃહા કરવી પડે એ જ પહેલું દુઃખ છે. વળી, પારકી વસ્તુનો વિયોગ થાય ત્યારે વળી પાછું એ સુખની ચારે બાજુ દુઃખ ઘેરાય. આ ઉપરાન્ત વિષય, કષાયની જે ચળ હોય છે તે ખૂબ ત્રાસરૂપ હોય છે. તેના વિપાકો પણ ભયાનક હોય છે.

આથી જ એક જગાએ કહ્યું છે કે, ''જન્મ એ દુઃખ છે, ઘડપણ એ દુઃખ છે; રોગો અને મરણ દુઃખ છે. અરે, આ સંસાર દુઃખોથી ભરેલો છે. તેમાં રહેલા જીવો તેથી ખૂબ હેરાન થતા હોય છે.''

જો આ જીવો એક ક્ષણ માટે જ સમતાના સુખનો સ્વાદ લે તો તેને સંસારનાં સુખો તરફ નફરત થઈ જાય.

પણ વો દિન કહાં કી મિયાં કે પાઉં મેં જૂતિયાઁ.

**रागोऽभीष्टेषु सर्वेषु, द्वेषोऽनिष्टेषु वस्तुषु ।**
**क्रोधः कृतापराधेषु मानः परपराभवे ॥ १२ ॥**

**लोभः परार्थसंप्राप्तौ माया च परवञ्चने ।**
**गते मृते तथा शोको हर्षश्चागतजातयोः ॥ १३ ॥**

**अरतिर्विषयग्रामे याऽशुभे च शुभे रतिः ।**
**चौरादिभ्यो भयं चैव कुत्साकुत्सितवस्तुषु ॥ १४ ॥**

**वेदोदयश्च संभोगे व्यलीयेत मुनेर्यदा ।**
**अन्तःशुद्धिकरं साम्यामृतमुज्जृम्भते तदा ॥ १५ ॥**

જ્યારે મુનિના ચિત્તમાંથી નીચે જણાવેલી વસ્તુઓ નાશ પામે ત્યારે અન્તઃકરણની શુદ્ધિ કરતું સમતા નામનું અમૃત વિકાસ પામે છે.

૧. ઈષ્ટ વસ્તુઓમાંથી રાગ. ૨. અનિષ્ટ વસ્તુઓ તરફનો દ્વેષ. ૩. અપરાધીઓ ઉપર ક્રોધ. ૪. બીજા દ્વારા થતાં અપમાન વખતે અભિમાન. ૫ વસ્તુની પ્રાપ્તિમાં લોભ. ૬. બીજાને ઠગવામાં માયા. ૭. વસ્તુ જતાં કે મૃત્યુ થતાં શોક. ૮. વસ્તુ પ્રાપ્ત થતાં કે જન્મ થતાં આનંદ. ૯. અશુભ વિષયોમાં અરતિ. ૧૦. શુભ વિષયોમાં રતિ. ૧૧. ચોર વગેરેથી ભય. ૧૨. બીભત્સ વસ્તુઓમાં જુગુપ્સા. ૧૩. સંભોગ કરીને વેદનો ઉદય.

નોંધ : સ્વતઃ આવરણ દૂર કરો અને પ્રકાશ પામો. આ આધ્યાત્મિક જગતનો ન્યાય છે.

(૧) મોરલો લાવો અને સર્પોને ભગાડો.

(૨) નવું ગીત ટેપ કરો, જૂના ગીતને રદ કરો.

(૩) દીવો લાવો, અંધારું દૂર કરો.

આવા પણ ન્યાય હોઈ શકે છે. આમાં દેવ-ગુરુને હૈયે લાવીને દોષોને ભગાડવાની વાત છે. આમાંય સફળતા મળે ખરી.

કોઈ પણ ન્યાય લગાડો. વાત એક તો હોવી જ જોઈએ કે દોષો તરફ ધિક્કારભાવ.

જો તે ધિક્કાર હોય તો દેવ-ગુરુ હૈયે પધારે અને દોષો ભાગવા લાગે.

કહેવાય છે કે તુલસીદાસ ઉપર પ્રસન્ન થઈને રામે કાંક માગવા કહ્યું ત્યારે તેમણે કહ્યું કે, ''રાવણ ઈચ્છતો ન હતો કે આપ લંકામાં બળજબરીથી પ્રવેશ કરો અને તેનો વધ કરો. પણ પ્રભુ ! આપે તે બધું કર્યું.

આ રીતે મારા અંતરમાં જે દોષો છે તે એવું ક્યારેય ઈચ્છતા નથી કે આપ અંતરમાં બળજબરીથી પ્રવેશ કરો અને તેમનો નાશ કરો. ઓ પ્રભુ ! મારી આપને પ્રાર્થના છે કે આપ બળજબરીથી મારા અંતરમાં પ્રવેશ કરો અને મારા દોષોને ભગાડો.''

તુલસીદાસ દોષોને ધિક્કારતા હતા. એટલે તેમના હૈયે રામનો પ્રવેશ થાય તો દોષોને ભાગવું જ પડે.

કેટલાક જીવોના આધ્યાત્મિક વિકાસમાં આવું બને. કેટલાક જીવોના વિકાસમાં પહેલાં આવરણ હટે અને પછી પ્રકાશ બહાર આવે.... એ ન્યાય લાગુ થાય.

વાદળો હઠે છે અને સૂર્યપ્રકાશ બહાર આવે છે તેમ.

દેવ-ગુર્વાદિકના વિના પણ - પૂર્વભવગત સુસંસ્કારોને લીધે આવું પણ બની શકે ખરું.

ગમે તેમ હો..... સરળ વાત તો દેવ-ગુરુનું શરણ જ છે. તેમના દ્વારા જે દોષોનાં વાદળ હઠે તે સ્વપુરુષાર્થ દ્વારા હટાવવામાં ઘણી મહેનત પડે.

નાવડીના શરણથી સાગર તરવો અને બાવડાના બળથી સાગર તરવો. એ બે વાતમાં કેટલું અંતર છે ?

ગ્રન્થકારશ્રી તેર દોષોને દૂર કરવાની પ્રેરણા કરે છે.

જો આત્મશુદ્ધિ પામવી હોય તો ચિત્તમાં સમત્વભાવ હાંસલ કરવો પડે. સમત્વભાવમાં અવરોધરૂપ આ તેર દોષો છે. તેમને દૂર કર્યાથી જ સમતાની પ્રાપ્તિ થાય.

દોષોને દૂર કરીને મુનિ થવું અઘરું છે. મુનિજીવન એ દોષોને દૂર કરવા માટેની શાળા છે. શાળામાં અભણ બાળક પ્રવેશ કરે.

મુનિ-જીવનમાં દોષયુકત જીવો પ્રવેશ કરે.

મુનિને જે વેષ મળે છે તેનાથી તેને ત્રણ વસ્તુ સહેલાઈથી પ્રાપ્ત થાય છે.

(૧) બ્રહ્મચર્યનું પાલન.

(૨) જીવદયાનું સેવન

(૩) ગુરુની સેવા.

આ ત્રણ પદાર્થોના સેવનથી મુનિના દોષો નબળા પડવા લાગે છે.

વગર વેષે, સંસારમાં સહુની સાથે રહીને બ્રહ્મચર્યાદિનું પાલન મુશ્કેલ છે. એથી જ દોષોનો વિલય પણ મુશ્કેલ છે.

સંસારમાં ચિત્તના પરિણામો સહજ રીતે કઠોર બની જતા હોય છે. અબ્રહ્મસેવન, જીવહિંસા અને સ્વાર્થસેવાના કારણે જીવનાં પરિણામો કઠોર અને ક્રૂર બની શકે છે.

જો બ્રહ્મચર્યપાલન, જીવદયા અને ગુરુસેવા કરાય તો પરિણામો કોમલ બને. તેમ થતાં દોષોનો વિગમ થવા લાગે.

આ રીતે દોષવિગમ થાય એટલે આત્મામાં રહેલા સમત્વગુણનો ઉઘાડ થાય. તેનો પ્રકાશ બહાર આવે.

સમતા આવ્યા પછી વીતરાગતા અને સર્વજ્ઞતાને ઝાઝું છેટું રહેતું નથી.

**एतेषु येन केनापि कृष्णसर्पेण देहिनः ।**
**दष्टस्य नश्यति क्षिप्रं विवेकवरजीवितम् ॥ १६ ॥**

**આ દોષરૂપી કાળા નાગોમાંથી જો કોઈ પણ એક દોષરૂપી નાગ ડંખ મારે તો તે જીવનું વિવેકસ્વરૂપ શ્રેષ્ઠ જીવન તરત જ ખતમ થાય.**

**નોંધ :** આ જીવે અનંતકાળ સુધી ભવભ્રમણ કર્યું તેના મૂળ કારણમાં દેહમાં જ આત્મબુદ્ધિ હતી.

દેહ એ આત્મા નથી. આત્મા દેહથી જુદો છે.

દેહ વિનાશી છે. આત્મા અવિનાશી છે. તે બે એક શી રીતે હોઈ શકે ? પરન્તુ દેહ-પ્રત્યેના અતિરાગને કારણે જીવે દેહને જ આત્મા માનીને તેનાં લાલનપાલન કર્યાં.

હવે સદ્ગુરુના સંગે જો તેને એ મહાસત્યનું ભાન થયું હોય કે આત્મા એ દેહથી જુદી વસ્તુ છે. તે પરિણામી નિત્ય છે. પરલોકે તે

એકલો (દેહને છોડીને) જાય છે. તો તેનામાં 'વિવેક' આવ્યો કહેવાય.

આવો વિવેકભાવ કરોડો ભવોમાં પ્રાપ્ત થયો નહિ હોવાથી અતિ દુર્લભ છે. તેને કોઈ પણ હાલતમાં હવે ખોવો ન જોઈએ.

કઠિનાઈની વાત એ છે કે કોઈ પણ ક્રોધ વગેરે દોષમાં વિવેકને ખતમ કરી દેવાનું પ્રચંડ સામર્થ્ય પડેલું છે.

હરિભદ્રસૂરિજીને બૌદ્ધ સાધુઓ ઉપર જ્યારે ક્રોધ આવ્યો ત્યારે તે એટલું બધું આત્મભાન ભૂલી ગયા કે તેમણે તે ૧૪૪૪ સાધુઓને કડકડતા ગરમ તેલની કડાઈમાં જીવતા તળી નાંખવાની તૈયારીઓ કરી નાંખી !

નારીના વાળની લટના એક જ સેકંડના માસૂમ સ્પર્શમાં અનશની એવા સંભૂતિ મુનિએ તેવી સ્ત્રીમાં પોતાનો આખો આત્મા ઠાલવી દીધો. તેને પ્રાપ્ત કરવાનું નિયાણું કરી નાંખ્યું.

એવું જ સિંહગુફાવાસી મુનિના સંબંધમાં થયું. રૂપકોશાના એક જ સેકંડના રૂપદર્શનમાં તે બધું આત્મભાન ભૂલી ગયા અને તેની પાસે દેહસુખની માંગણી કરી બેઠા.

ઓલા સુમંગલ આચાર્ય, નાની ચીંદરડી જેવા પટ્ટામાં આસક્તિ કરી બેસીને આત્મભાન ભૂલ્યા. મ્લેચ્છને ત્યાં જન્મ લઈને માંસાહારી બન્યા.

મંગુ આચાર્ય વિષ્ઠામાં પરિણમનારા ભોજ્યપદાર્થોમાં ભાન ભૂલ્યા. ખાળનું ભૂત બન્યા.

લક્ષ્મણા સાધ્વી માયાનો ભોગ બની.

નંદિષેણ મુનિ અહંકારનો ભોગ બન્યા. સ્થૂલભદ્રજીને વિદ્યાનો ગર્વ થઈ ગયો. મરીચિ મુનિ દેહભાને સાધુ જીવનથી શિથિલ બન્યા.

દોષોનું આક્રમણ અતિ ભયાનક હોય છે. તેઓ દેહાધ્યાસમાં આત્માને ફસાવી દે છે. બિચારો, આત્મા ! અનંતકાળથી આ રીતે દોષોનો ભોગ બનતો આવ્યો છે.

જે ભૂતકાળમાં અનંતાનંત આત્માઓ મોક્ષપદને પામ્યા છે તે ભૂતકાળમાં આપણો આત્મા દોષોનો જ ભોગ બનતો રહીને કદી મોક્ષ પામી શક્યો નથી.

દેહ અને આત્માના ભેદજ્ઞાન ઉપર જ દોષો બોમ્બાર્ડિંગ કરે ત્યાં બીજી કયી આશા રાખી શકાય ?

કેવી દયનીય દશા થઈ છે, આપણા આત્માની ? કોણ ઉગારશે ?

**दुर्विजेया दुरुच्छेद्या एतेऽभ्यन्तरवैरिणः ।**
**उत्तिष्ठमाना एवातो हिंसनीयाः प्रयत्नतः ॥ १७ ॥**

**यद्यात्मा निर्जितोऽमीभिस्ततो दुःखागमो महान् ।**
**यद्यात्मना जिता एते महान् सौख्यागमस्तदा ॥ १८ ॥**

**રાગાદિ આંતરશત્રુઓ ઝટ જીતાય તેવા નથી. એમને ઊભા થતાં જ પ્રબળ પુરુષાર્થથી ખતમ કરી દેવા જોઈએ.**

**જો એમના દ્વારા આત્મા જીતાઈ ગયો તો મોટાં દુઃખોના આગમનનો એ સંકેત સમજવો. અને જો આત્માએ તે દોષો ઉપર વિજય મેળવી લીધો તો એને ભાવિમાં આવનારા સુખની નિશાની સમજવી.**

નોંધ : નારકાદિ દુર્ગતિનાં દુઃખોએ આત્માનું ભવભ્રમણ વધાર્યું

નથી. સ્વર્ગાદિ ગતિઓના કામ, ક્રોધાદિ દોષોએ આત્માને ખૂબ પરેશાન કર્યો છે.

આથી જ જીવે દુ:ખો તરફ લાલ આંખ કરવા કરતાં દોષો તરફ લાલ આંખ કરવી જોઈએ.

ઉત્તરાધ્યયન સૂત્રમાં જ્ઞાનીઓએ કહ્યું છે કે, ''ઓ જીવ ! તું બહારની દુનિયાનાં પ્રતિકૂળ તત્ત્વો સાથે લડવા-ઝઘડવાનું બંધ કર. હકીકતમાં તે તારા શત્રુઓ નથી. તે તો તને તારા દોષોથી મળતી સજામાં નિમિત્તમાત્ર છે. તું તારા આંતર-દોષોની સામે લડ. તેમને ખતમ કર. તે દોષો નાનકડા હોય તોપણ તેમનો ભરોસો કરીશ નહિ કે તેમને નગણ્ય સમજીશ નહિ. એ નાનકડું પણ દીવાસળીનું ગંધક છે. આત્માના અસંખ્ય પ્રદેશોમાં આગના ભડકા ફેલાવી દેવાની તેની અપ્રતીમ તાકાત છે. નાનકડો પણ દોષ એવું નાનકડું શલ્ય છે જે આત્માના એક ડગ જેટલા પણ વિકાસને થંભાવી નાંખે છે.

''ઓ, જીવ ! તારા સૂક્ષ્મ દોષોમાં મિથ્યાત્વ અને અવિરતિના દોષો છે. તારા સ્થૂલ દોષોમાં કામ, ક્રોધ, સ્વાર્થ અને અહંકાર છે. આ બધા ઉત્તરોત્તર વધુ ખૂંખાર છે. જો હવે તારે તારું ભવભ્રમણ ટૂંકાવી દેવું હોય તો આ દોષોની જ સામે યુદ્ધ કર. આ યુદ્ધ કરવાની પળ તને માત્ર માનવદેહમાં પ્રાપ્ત થઈ શકે છે. દોષ-વિરતિ તું અહીં જ પામી શકે છે. તો માનવજીવનમાં જ સુલભ બનતા યુદ્ધને તું શા માટે ખેલી લેતો નથી ?''

કામ, ક્રોધાદિ દોષો લીલાછમ ઝેરી સાપ કરતાં ભયંકર, ડાકણ કરતાં, તાલપુટ વિષ કરતાં અને ભયાનક રાક્ષસ કરતાં ય ભયાનક છે. અનંતાનંત જીવોના અસલી આનંદમય સ્વરૂપને અનંતકાળ

સુધી પ્રગટ થતું એમણે અટકાવ્યું છે.

આ દોષો ઉપર જરા ય કરુણા કરી શકાય નહિ. વિશ્વના સર્વ જીવો ઉપર કરુણાની વર્ષા કરનારા તારક તીર્થંકરદેવો દોષો પ્રત્યે ક્રૂરથી પણ વધુ ક્રૂર બનીને ત્રાટકયા છે. એમનો ખાત્મો બોલાવીને જ જંપ્યા છે.

આ દોષોનો ઉપશમભાવ નહિ કરવો જોઈએ. જો એમને દબાવી દેવામાં આવે તો તેમનો ફરી ભડકો થયા વિના રહેતો નથી. જેટલા આત્માઓ આ રીતે અગિયારમા ગુણસ્થાન સુધીનો જ્વલંત આત્મવિકાસ સાધી શક્યા છે તે તમામ- એક પણ અપવાદ સિવાય - પટકાયા છે.

હા. દબાવેલા દોષોએ ફરી બેઠા થઈ જઈને જીવને પટકી નાંખ્યો છે. આમાંના કેટલાક જીવો તો નિગોદ સુધીની અધમાધમ સ્થિતિ સુધી પટકાયા છે.

એટલે જ ગ્રન્થકારશ્રી કહે છે કે દોષોનો ઉપશમ નહિ પરન્તુ સર્વથા ક્ષય કરતાં કરતાં આગળ વધો.

મુત્સદ્દી રાજાઓ પોતાના શત્રુઓને ધડમાથાથી અલગ કરીને જ જંપતા. એમના વંશવારસોને પણ - બે વર્ષના બાળકને પણ- જીવતો છોડતા નહિ : દયા દાખવતા નહિ.

દુઃખો દયાને પાત્ર હોઈ શકે, દોષો તો ધિક્કારને જ પાત્ર છે. દોષોની અવગણના કરનારા - એ શું કરી નાંખવાના છે ? એવું વિચારનારા-તમામ જીવોને દોષોએ પળવારમાં ધૂળ ચાટતા કરી નાંખ્યા છે.

જ્ઞાનીઓ કહે છે કે જે દોષવિજેતા છે તે જ વિશ્વવિજેતા છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, ''દસ લાખ માણસોના સૈન્ય

ઉપર કોઈ સેનાપતિ વિજય મેળવે, તે વિજય કરતાંય બહુ મોટો વિજય એકાદ દોષ ઉપરનો વિજય છે.

એક દોષનું એક વાર તીવ્રતાથી સેવન થાય તો તે જીવને હજારોવાર જન્મ લઈને મરવું પડે. આવા તો કેટલી બધી વાર દોષસેવન થાય અને એ જ જીવના કેટલા બધા મરણો થાય.... દસ લાખથી તો ઘણા વધુ મોત.

જો એકેકા તીવ્ર દોષનો ભોગ બનેલા આત્માઓની થયેલી કારમી દુર્ગતિઓનો અને તેમની ઉપર તૂટી પડેલાં દુઃખોના વાવાઝોડાંનો વિચાર કરાય તો દોષસેવન થાય નહિ; અથવા દોષ સેવતાં જ ધ્રુજારી છૂટવા લાગે.

દુઃખોનું કારણ દોષો જ છે. અને સુખોનું કારણ ગુણો અને ધર્મક્રિયાઓ છે.

જીવે દુઃખી ન થવા માટે દોષો સેવવા ન જોઈએ. અને સુખી થવા માટે ગુણી થવું જોઈએ.

આપણા પરમાત્મા અરિને (દોષરૂપી શત્રુને) હણનારા છે. આપણે અરિહત છીએ; દોષોથી હણાયેલા છીએ.

ફરી એક વાત યાદ કરી લઈએ કે દોષોને હણવાની પૂર્વ ભૂમિકામાં દોષોને ધિક્કારવાના હોય છે.

ધિક્કારના ધોકા દોષોને મરણતોલ હાલતમાં મૂકી શકે છે. પછી તેમને ખતમ કરી નાંખવાનું કામ ઝાઝું મુશ્કેલ રહેતું નથી.

ધિક્કાર એ શરીરમાં વ્યાપેલા ઝેરને ડંખભાગે લાવી મૂકવાની ક્રિયા છે. આટલું કામ થાય પછી જ માન્ત્રિક એ ડંખભાગે સંગૃહિત થયેલું ઝેર ચૂસી શકતો હોય છે.

સત્કારવાથી પ્રવેશેલા દોષોને ધિક્કારવાથી જ કાઢી શકાશે.

**सहजानन्दता सेयं सैवात्मारामता मता ।**
**उन्मनीकरणं तद् यद् मुनेः शमरसे लयः ॥ ९९ ॥**

**साम्यं मानसभावेषु साम्यं वचनवीचिषु ।**
**साम्यं कायिकचेष्टासु साम्यं सर्वत्र सर्वदा ॥ १०० ॥**

**स्वपता जाग्रता रात्रौ दिवा चाखिलकर्मसु ।**
**कायेन मनसा वाचा साम्यं सेव्यं सुयोगिना ॥ १०१ ॥**

મુનિનો સમભાવરૂપી રસમાં જે લય થાય તે જ સહજાનન્દપણું છે. તે જ આત્મમગ્નતા છે. અને તે જ મનનો નાશ છે.

ઉત્તમ યોગીએ મનના વિચારોમાં, વચનના તરંગોમાં, કાયાની ચેષ્ટાઓમાં - દરેક સ્થળે, દરેક ક્ષણે- સૂતાં કે જાગતાં, રાતે કે દિવસે- બધા કાર્યોમાં મન, વચન અને કાયાથી સમતાનું સેવન કરવું જોઈએ.

નોંધ : આ ત્રણ શ્લોકમાં મુખ્યત્વે બે વાત કરી છે :

(૧) સર્વત્ર સમતાનું સેવન કરો.

(૨) મનના દોષોનો નાશ કરો.

બીજા શબ્દોમાં એમ કહી શકાય કે દોષોનો વિલય કરીને સમતામાં લય પ્રાપ્ત કરો.

આ જ માનવજીવનનું કર્તવ્ય છે. આના માટે જ મુનિવેષ ધારણ કરવાનો છે. અને તેની વિધિ-નિષેધરૂપ તમામ ક્રિયાઓ કરવાની છે.

જેઓ આ લય-વિલયને જીવનમાં પામી શકે નહિ તેમનું જીવન

એળે ગયું. તેમનો સાધુવેષ વિફળ થયો.

મન, નહિ રાગમાં, નહિ દ્વેષમાં : નહિ વિષયમાં કે નહિ કષાયમાં : એનું નામ મનનો સમતામાં લય.

ન કોઈ ઈષ્ટ, કે જેની પ્રાપ્તિથી સુખ થાય, ન કોઈ અનિષ્ટ કે જેની પ્રાપ્તિથી દુઃખ થાય. આવી સ્થિતિનું નામ મનનો સમભાવમાં લય.

દોષોના વિલય વિના આ લય શક્ય નથી.

દેવ-ગુરુની કૃપા વિના અને ધર્મની આરાધના વિના પણ આ લય શક્ય નથી.

જો દેવની ભક્તિમાં મન હિલોળે ચડતું હોય, જો સદ્ગુરુની કૃપા પામવા માટે તનમનના બધા પ્રયત્નો કરવાની તૈયારી હોય તો દેવગુરુનો પ્રભાવ પ્રાપ્ત થાય જ. એથી દોષવિલય અને સમતાલય નિશ્ચિતપણે મળે. હા. એ બેની પૂર્વભૂમિકામાં અત્યાવશ્યક એવો દોષધિક્કારભાવ પણ મળી જાય.

મળી ગયેલા માનવભવમાં અને મુનિજીવનમાં આ લય વિલયની પ્રાપ્તિ કરી જ લેવી જોઈએ. આ સિવાયનું બધુ બેકાર છે.

**यदि त्वं साम्यसंतुष्टो विश्वं तुष्टं सदा तव ।**
**तल्लोकस्यानुवृत्त्या किं स्वमेवैकं समं कुरु ॥ १०२ ॥**

**જો તું સમભાવથી તૃપ્ત થઈ ગયો હોય તો આખું વિશ્વ પણ તારાથી તૃપ્ત થશે. હવે લોકોને રીઝવવાથી તમને શું લાભ છે ? તું તને જ સમભાવવાળો કર.**

**નોંધ :** પતંજલ યોગમાં સૂત્ર છે; 'અહિંસાપ્રતિષ્ઠાયાં વૈરત્યાગઃ' જો જીવનમાં અહિંસા ગુણ સહજ બની જાય તો તે વ્યક્તિની નજીકમાં આવનાર કોળી, વાઘરી, ભીલ વગેરે તથા વાઘ, સિંહ, બિલાડી, સાપ વગેરે હિંસક જીવો તેના પ્રભાવે અહિંસક બની જાય.

શાસ્ત્રમાં તારક તીર્થંકરદેવોની તથા બળદેવ મુનિ, ધર્મદત્ત મુનિ વગેરેની આવી સિદ્ધિઓ વાંચવા મળે છે. પરધર્મમાં રમણ મહર્ષિ, સન્ત ફ્રાન્સીસ વગેરે માટે આવું સંભળાય છે.

જીવ જો પોતાનામાં ધર્મની પ્રતિષ્ઠા કરે તો તેના પ્રત્યાઘાત રૂપે અન્ય લોકોમાં તે ધર્મ સોંસરો ઊતરી જાય. તેના માટે તે મહાત્માને યત્ન કરવો પડે નહિ.

યોગગ્રન્થોમાં કહ્યું છે કે, **'सिद्धिः परार्थता'** અથવા **'सिद्धिरन्यार्थसाधनम्'**.

એક આત્માને પ્રાપ્ત થયેલી ગુણાત્મક સિદ્ધિ એ જ એ આત્માનો પરાર્થ છે. અન્ય આત્માને તે ગુણ સહજ રીતે પ્રાપ્ત થવામાં મહાત્માની સિદ્ધિ એ સાધન બની જાય છે.

જેણે પોતે બ્રહ્મચર્યગુણ સિદ્ધ કર્યો છે. એની નજીકમાં આવતાં કામીઓના કામ પ્રાયઃ શાન્ત પડી જાય છે.

આ ઉપરથી ગ્રન્થકારશ્રી કહે છે કે દુનિયાને ગુણોનું દાન કરવાની કોઈ જરૂર નથી. તમે જાતે જ ગુણોને આત્મસાત્ કરો. તેના પ્રત્યાઘાતરૂપે અનેક આત્માઓ ગુણસંપન્ન બની જશે.

મુનિઓની જીવદયાની ક્રિયાઓને સતત જોયા કરતો યુદ્ધનો ખૂંખાર હાથી જો સાવ અહિંસક બની ગયો હતો તો 'માણસ' માટે તો આ કેટલું બધું શક્ય છે ?

તારકોના આત્માઓ આખા વિશ્વનાં કલ્યાણની ભાવના સાથે પ્રવ્રજ્યા સ્વીકારે છે. પરન્તુ પછી તરત જગતમાં ધસી જવાને બદલે જ્યાં કોઈ નથી તેવા જંગલોમાં સાધના કરવા માટે ચાલી જાય છે.

સાવ એકલા પડીને સાધના કરે છે. 'સિદ્ધિ' પ્રાપ્ત કરે છે. એ સિદ્ધિ જ પછીથી સહજ રીતે પરકલ્યાણ કરે છે. તેઓ જે દેશનાઓ આપે છે તે પણ પરકલ્યાણ કરવાની ભાવનાથી નથી આપતા પરન્તુ પોતાના તીર્થંકરનામકર્મનો ક્ષય કરવા માટે આપે છે.

જૈનદર્શન સ્વકલ્યાણની પ્રવૃત્તિમાં એકાન્તે આરાધના જણાવે છે. પરકલ્યાણની પ્રવૃત્તિમાં સ્વકલ્યાણનો વિકલ્પ ગણાય. તે ન પણ થાય.

આથી જ દરેક મુમુક્ષુએ જીવન સ્વકલ્યાણલક્ષી બનાવવું જોઈએ. એમાં જો વિશિષ્ટ કોટિની શુદ્ધિ ઉત્પન્ન થઈ તો સ્વકલ્યાણ સિદ્ધ થયું અને જો સાથોસાથ વિશિષ્ટ કોટિની પુણ્યાઈ પેદા થઈ તો વ્યાપક પ્રમાણમાં પરકલ્યાણની શક્યતા પેદા થઈ. એવી પુણ્યાઈ પેદા ન થાય તેવા સાધકોએ લક્ષપૂર્વક પરકલ્યાણની વ્યાપક પ્રવૃત્તિમાં પડવું જોઈએ નહિ. આથી ગ્રન્થકારશ્રી કહે છે કે, ''તું તને સંભાળી લે. તારી સમતાને તું સાધી લે. પછી સૌ સારા વાનાં થશે.''

**श्रुतश्रामण्ययोगानां प्रपञ्चः साम्यहेतवे ।**
**तथापि तत्त्वतस्तस्माज्जनोऽयं प्लवते बहिः ॥ १०३ ॥**

શાસ્ત્રો, સાધુપણું અને યોગાભ્યાસનો વિસ્તાર સમભાવને સિદ્ધ કરવા માટે છે. આમ છતાં, તે લોકો તેનાથી સમભાવને પામી શકતા નથી; કેમ કે તેઓ બહિર્ભાવમાં જ કૂદકા મારતા હોય છે.

**નોંધ :** જે મુમુક્ષુ શાસ્ત્રો ભણે છે, સાધુપણું પાળે છે અને યોગાભ્યાસ કરે છે તે જો સમભાવને સિદ્ધ કરી શકતો ન હોય તો એવું માનવું જ પડે કે ભીતરમાં બહિર્મુખ છે. તેને સાધુવેષના લેબાશ નીચે બહિર્મુખતા જ પસંદ છે. આવી રીતે જેનું મન 'બહાર' કૂદાકૂદ કરે છે તેને લાંબા ગાળે પણ સમભાવની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

**स्वाधीनं स्वं परित्यज्य विषमं दोषमन्दिरम् ।**
**अस्वाधीनं परं मूढ ! समीकर्तुं किमाग्रहः ॥ १०४ ॥**

દોષોથી ભરેલા અને વિષયભાવવાળા છતાં સ્વાધીન તને પોતાને ત્યજીને હે મૂઢ આત્મન્ ! જે તારે આધીન નથી તેવાને સમભાવવાળા કરવા માટે કેમ આગ્રહ રાખે છે ?

**નોંધ :** બીજાઓને શિખામણ દેવામાં અને સુધારવામાં અહંકારનું પોષણ થતું હોવાથી સામાન્યતઃ જીવો બીજાને બોધ દેવાનું પસંદ કરે છે. પણ તેમણે એ વાત સમજવી જોઈએ કે બીજાને સુધારવાનું કામ અતિ કપરું છે. એમાં એક કારણ એ છે કે જીવોની

પરિણતિ સામાન્યતઃ ખૂબ વિચિત્ર હોય છે. અનાદિકાળના કુસંસ્કારોનું એટલું બધું જોર હોય છે કે તે જીવ તેમાંથી બહાર આવી શકતો નથી.

બીજું કારણ છે, પોતાની પુણ્યાઈ : આદેય નામકર્મનો ઉદય.

જો તે ન હોય તો પોતાની ખૂબ સાચી અને સારી પણ વાત બીજા જીવો સ્વીકારવા માટે તૈયાર થતા નથી.

વર્તમાનકાળમાં એવા ખૂબ વિદ્વાન્-શાસ્ત્રોના સમર્થ જાણકાર મહાત્માઓ જોવા મળે છે જેઓ અન્ય જીવોનું હિત કરવામાં પાછા પડે છે.

ખરેખર તો પોતાનું પણ હિતકરણ ઘણું મુશ્કેલ છે. આપણો જીવ પણ અનાદિકાલીન કુસંસ્કારોના ચક્કરમાં બરોબર ફસાયેલો છે. એનું હિત કરવાનું કામ સહેલું નથી.

આમ છતાં, હજી જાતને બોધ પમાડી શકાય તેમ છે. પણ બીજાઓને બોધ પમાડવાની પટલાઈ કરવા જેવી નથી.

હાલ જગત્-કલ્યાણ અને દેશ-કલ્યાણ શક્ય રહ્યા નથી, પરન્તુ કુટુંબ કલ્યાણ પણ વસમું થઈ ગયું છે. પતિ અને પત્ની પણ કે મા-દીકરો પણ એકબીજાના હિતની વાતને સમર્થન આપતા નથી. કોઈ એકબીજાનું સાંભળવા તૈયાર નથી. દરેકની સ્વતન્ત્ર દુનિયા છે. સહુના મનમાં સહુ સવાશેર છે. કોઈને બીજાની સલાહની જરૂર જણાતી નથી.

વળી, કાળદોષ ખૂબ જોરમાં છે. તેના પ્રભાવને લીધે આ કાળના જીવો ધર્મ પામે તે ખૂબ મુશ્કેલ છે. એમાં ય સર્વવિરતિ ધર્મ અને સમભાવની પ્રાપ્તિ તો અતિ અતિ મુશ્કેલ છે. તો શા

માટે પરહિતમાં ફાંફાં મારવા કરતાં સ્વહિતમાં જ લીન ન થવું ? જાત બચી તો ય ઘણું થઈ ગયું.

આપણે વ્યવહારમાં 'સારા' રહીએ, જીવનમાં 'શાન્તિ' પામીએ, મરણમાં 'સમાધિ' પામીએ, પરલોકે 'સદ્ગતિ' પામીએ, અન્તે 'મુક્તિ' પામીએ તો ય ભયો ભયો.

ટૂંકમાં એટલું જ કહેવાનું મન થાય છે કે, ''ઓ જીવ ! તું તને સંભાળી લે'' ''ઓ જીવ ! તું જ કેટલા બધા દોષોથી ઊભરાયેલો છે ? તારી જ તું શુદ્ધિ કર. પારકી પંચાત સદંતર બંધ કર.''

**वृक्षस्य च्छेद्यमानस्य भूष्यमाणस्य वाजिनः ।**
**यथा न रोषस्तोषश्च भवेद् योगी समस्तथा ॥ १०५ ॥**

**જેમ છેદાતા વૃક્ષને દ્વેષ થતો નથી અને શણગારાતા ઘોડાને રાગ થતો નથી તેવી સમતા યોગીએ રાખવી જોઈએ.**

**નોંધ :** છેદાતા વૃક્ષને દુઃખ તો પારાવાર થાય પરન્તુ ક્રોધ ન આવે, બિચારાને તેવી સમજ ક્યાં છે ?

દશેરાએ શણગારાતા, રાજસવારીમાં મલપતી ચાલે ચાલતા ઘોડાને તેનો સ્વતઃ કોઈ આનંદ ન થાય. (તેને તો આભૂષણો ભારરૂપ લાગે.)

દરિયામાં કેવી સમતા જોવા મળે છે ? એમાં ગમે તેટલી ઘોડાપૂર નદીઓ છલકાઈ તો ય તે હસુ-હસુ થતો નથી. અને ત્રણ દુકાળ લાગટ પડે ત્યારે કશું ય પાણી તેમાં ન ઉમેરાય તો રડું... રડું ય થતો નથી.

ઓલી આપણી જીભ ! દૂધપાક પીએ તો હસી પડતી નથી; આંબિલનું મગનું પાણી પીએ તો પોક દઈને રડતી નથી.

જે સાધુ સમતામાં મહાલે છે તેમની પણ આવી સ્થિતિ હોય છે.

સુખે તે લીન નથી.

દુઃખે તે દીન નથી.

ઈષ્ટમાં તેને રતિ નથી.

અનિષ્ટમાં તેને અરતિ નથી.

અનુકૂળતામાં તેને તોષ નથી.

પ્રતિકૂળતામાં તેને રોષ નથી.

સમભાવનો આનંદ એ આ ધરતી ઉપર ઊતરેલું સ્વર્ગ છે.

આવા મહાત્માના વિષય-કષાયોની પરિણતિ સાવ પાતળી પડી ગઈ હોય, તેના કર્મોનો રસ સુકાઈ ગયો હોય. તેના ગુણો પૂરબહારમાં ખીલી ઊઠ્યા હોય. કોટિ કોટિ વંદન, તે મહાત્માઓને.

**सूर्यो जनस्य तापाय, सोमः शीताय खिद्यते ।**
**तद् योगी सूर्यसोमाभः सहजानन्दतां भजेत् ॥ १०६ ॥**

**જેમ સૂર્ય લોકોને તાપ આપવા માટે શ્રમ કરે છે, અને ચન્દ્ર શીતળતા આપવા માટે શ્રમ કરે છે તેમ યોગીએ સહજાનન્દતાનો અનુભવ કરવા માટે પરિશ્રમ કરવો જોઈએ.**

**નોંધ :** ''જે કરવું પડે તે કરો, પણ સહજાનન્દી બનો.'' ગ્રન્થકારશ્રીનો આ શ્લોકગત બોધ છે. આખા જગતને ગરમી કે

ઠંડક દેવા માટે સૂર્ય ચન્દ્રનો બાર કલાકનો કેવો સતત પરિશ્રમ હોય છે ? બીજાને કાંઈક દેવું છે તો એ પામવું પડે.

સૂર્ય પાસે પ્રચંડ ગરમી છે તો એ જીવસૃષ્ટિને જીવવા માટે જરૂરી (મનુષ્યની અપેક્ષાએ ૯૮।। ડિગ્રી ફેરનહીટ) ગરમી આપી શકે.

ચન્દ્ર અગાધ ઠંડકનો સ્વામી છે તો જગતને ઠંડક આપી શકે છે.

આખું જગત્ વિષયકષાયની પરિણતિઓની કારમી વિષમતામાં ફસાયું છે. એથી તે દુઃખો અને દોષોની આગમાં સતત સળગે છે. આવા જગત્‌ને આનંદ : અને તે પણ સહજ આનંદ કોકે તો દેવો જ જોઈએ. જેનામાં જીવમાત્ર સાથે મૈત્રીભાવ હોય તે જ સહુને સહજાનન્દ દેવાની ભાવનાવાળો થાય. યોગી એવી ભાવનાવાળો જ હોય. ગ્રન્થકારશ્રી કહે છે કે તો પછી યોગીએ પોતાનામાં સહજ આનન્દનો ફુવારો સતત છૂટેલો રહે તેવી સ્થિતિનું નિર્માણ કરવું જોઈએ. આ માટે તેણે જે કાંઈ કરવું પડે તે બધું કરવું જોઈએ.

પામ્યા વિના પમાડી શકાય નહિ. જાતે પામવું એ જ પમાડવા માટેની પાત્રતા છે.

**यथा गुडादिदानेन यत्किञ्चित् त्याज्यते शिशुः ।**
**चलं चित्तं शुभध्यानेनाशुभं त्याज्यते तथा ॥ १०७ ॥**

**જેમ ગોળ વગેરે દઈને બાળક પાસેથી કોઈ (અશુભ) વસ્તુ છોડાવી શકાય છે તેમ શુભ ધ્યાન વડે ચંચળ ચિત્તમાંથી અશુભ ધ્યાન છોડાવી શકાય છે.**

**નોંધ :** બાળક એટલે નાદાન.

પોતાની પાસેની વસ્તુ પોતાને નુકસાન કરનારી હોય તો ય- સમજાવટ કરો તો ય - તેને છોડે નહિ. એ વસ્તુ છોડાવવા માટે એના વિકલ્પની કોઈ સારી ચીજ તેને આપવી પડે.

ધર્મના ક્ષેત્રમાં બાળકક્ષાના જીવની સ્થિતિ આવી હોય છે. એ પોતાનું ધન, સ્ત્રી, કુટુંબ વગેરે પ્રત્યેનું અશુભ ધ્યાન છોડી શકતો નથી. આ ધ્યાન છોડાવવા માટે તેને 'કાંઈક' સારું પકડાવવું પડે.

એ સારું એટલે શુભ ધ્યાન.

આત્માની શુદ્ધ સ્થિતિ પામવા માટે પ્રથમ તેની અશુભ સ્થિતિ નિવારવી જોઈએ.

અશુભ ભાવોનું નિવારણ શુભ એવા ભાવોથી કરી શકાય.

હા. તે માટે શુભ ક્રિયાઓની પણ જરૂર પડે, જેમનાથી અશુભ ક્રિયાઓનું નિવારણ થાય.

એ રીતે અશુભ ક્ષેત્રને પણ ત્યાગવું પડે તે માટે શુભક્ષેત્રમાં રહેવું પડે.

આ બધી બાહ્ય બાબતો એ વ્યવહાર માર્ગ છે. અભ્યન્તર પરિણામોની શુદ્ધિ કે શુભતા માટે આ વ્યવહાર માર્ગનું પાલન અત્યન્ત આવશ્યક છે. જેઓ અશુભ ક્ષેત્ર, ક્રિયા કે નિમિત્તને દૂર રાખતા નથી તેવો આંતર શુદ્ધતાને પામી શકતા નથી.

સારા ભાવો તો જ જાગે જો આલંબન વગેરે પ્રશસ્ત હોય. અપ્રશસ્ત આલંબનો વચ્ચે રહીને પ્રશસ્ત ભાવોનું જાગરણ સ્થૂલભદ્રજી જેવા કોક માટે જ સંભવિત ગણાય.

શરૂઆતમાં કુંભારને ચાક ચલાવવા માટે દંડનું આલંબન લેવું પડે. પછી એવી એક સ્થિતિ જરૂર આવે છે જેમાં દંડ વિના સહજ રીતે ચાક ચાલ્યા કરે.

**सर्वभूताविनाभूतं स्वं पश्यन् सर्वदा मुनिः ।**
**मैत्राद्यमृतसंमग्नः क्व क्लेशांशमपि स्पृशेत् ॥ १०८ ॥**

**મૈત્રી વગેરે ચાર ભાવનારૂપી અમૃતમાં એકદમ જે ઓતપ્રોત હોય અને સકળ જીવરાશિથી પોતાની જાતને જે અભિન્ન માનતો હોય એવો મુનિ સંક્લેશના અંશને પણ શી રીતે સ્પર્શે ?**

**નોંધ :** ચિત્ત સંકલેશનું મૂળ છે, જડ પદાર્થ પ્રત્યેનો રાગ અને જીવ-તત્ત્વ તરફ ક્યાંક ને ક્યાંક દ્વેષ.

અનિત્યત્વ વગેરે બાર ભાવનાઓ જડરાગને મોળો પાડે; મૈત્રી આદિ ચાર ભાવનાઓ જીવદ્વેષને મોળો પાડે.

બેશક; અનિષ્ટ એવા જડપદાર્થ પ્રત્યે દ્વેષ અને ઇષ્ટ એવા જીવો પ્રત્યે રાગ પણ જાગે છે ખરો. પરંતુ આની ગૌણતા હોય છે.

મૈત્રી આદિ ચાર ભાવનાઓ જીવરાશિ પ્રત્યે સ્નેહભાવ જગાડવા માટે યોજાય છે. આપણા સ્વાર્થભાવે જીવરાશિ પ્રત્યે દ્રોહભાવ જગાડયો છે. તેને ખતમ કરવા માટે આ સ્નેહભાવ છે.

જીવમાત્રમાં મૈત્રી કરતાં ય વધુ સદ્‌ભાવના તો પૂજ્યતાની રૂએ છે. તમામ જીવમાં શિવત્વ રહેલું છે. જો તેનું દર્શન થાય તો જીવો મિત્ર જ ન લાગે, પૂજય પણ લાગે. તેમના પ્રત્યે માત્ર સ્નેહભાવ ન રહે પરન્તુ પૂજ્યભાવ પણ વિકાસ પામે. પછી કીડીની જયણા કરતી વખતે તે 'બિચારી' ન દેખાય પણ 'ભગવતી' દેખાય. તેનામાં રહેલા સિદ્ધ ભગવંતને ભાવભર્યા પ્રણામ થઈ જ જાય.

એક તત્ત્વચિંતક પોતાના પ્રત્યેક પ્રવચનની પૂર્ણાહુતિ પછી ''તમારા સહુમાં રહેલા પરમાત્માને નમસ્કાર કરીને આ પ્રવચનનું સમાપન કરું છું.'' એમ કહેતા.

કેવી સરસ વાત છે !

જીવોમાં એકાદ પણ જીવ પ્રત્યેનો દ્રોહભાવ આપણા આત્માને સંક્લેશમાં મૂકે છે. જીવત્વના અને શિવત્વના સંબંધથી આપણે સહુ એક - અભિન્ન-છીએ. દ્રોહભાવમાં આ અભેદનો તિરસ્કાર છે. આ શિવતત્વની બહુ મોટી આશાતના છે. એથી જ ચિત્તવૃત્તિઓ સંક્લિષ્ટ રહે છે.

જો સદાના પ્રસન્ન રહેવું હોય તો સહુ પ્રત્યે સ્નેહભાવ રાખો. એકને પણ તેમાંથી બાકાત કરશો નહિ, અન્યથા તમારી પ્રસન્નતા નંદવાઈ જશે.

**यत्र विश्वं भवत्येकनीडम्** ની ઉપનિષદની ભાવનાને કાર્યાન્વિત કરીએ. આખું વિશ્વ આપણા જેવા તમામ પંખીઓનો હેતાળ માળો બની રહે.

આ બ્રહ્માણ્ડમાં ત્રણ પ્રકારનું ચેતન તત્વ છે :

હું, તું અને તે.

હું : મારી જાત છે.

તું : જીવસૃષ્ટિ છે.

તે : પરમાત્મા-તત્વ છે.

'હું' નું શ્રેય સાધવાનું છે. તે શ્રેય છે.

'તું' સાથે પ્રેમ કરવાનો છે. તે પ્રેય છે.

'તે' નું ધ્યાન કરવાનું છે. તે ધ્યેય છે.

ના. આ સિવાયનું આ ત્રણમાંનું કોઈ પણ બીજું સ્વરૂપ-ચિન્તન આધ્યાત્મિક જગતમાં જો થશે તો તે મોટો અપરાધ ગણાશે.

ચૈતન્ય સાથેના આ સંબંધો, જડપદાર્થો તરફના રાગના મલિનભાવોને સહેલાઈથી દૂર કરી આપે છે.

**नाज्ञानाद् बालको वेत्ति, शत्रुमित्रादिकं यथा ।**
**तथात्र चेष्टते ज्ञानी तदिहैव परं सुखम् ॥ १०९ ॥**

અજ્ઞાન-દશાને કારણે બાળક શત્રુ કે મિત્ર તરીકે કોઈને જાણતું નથી.

**જ્ઞાની પાસે જ્ઞાનદશા છે છતાં તે જ્ઞાનથી શત્રુ કે મિત્રને તેવા સ્વરૂપમાં જોતો નથી. આવી આત્મસ્થિતિના કારણે જ તે આ લોકમાં જ પરમસુખનો અનુભવ કરી શકે છે.**

નોંધ : કબીરને પુષ્કળ પરેશાન કરનારા લોકોમાં કબીરને 'શત્રુ' જોવા મળ્યો નથી. પોતાના તરફી લોકોમાં તેમને 'મિત્ર' જોવા મળ્યો નથી.

પૌહારી બાબાએ કૂતરામાં 'પશુ' ન જોતાં 'ભગવાન' જોયો હતો.

રામકૃષ્ણે નગ્ન સ્વરૂપ વેશ્યાઓમાં માત્ર 'મા'નું દર્શન કર્યું હતું.

રમણ મહર્ષિને ચોરોમાં 'ભાઈબંધ' જણાયો હતો.

તારક તીર્થંકરદેવ પરમાત્મા મહાવીરને સેવા કરતો કૌશિક (ઇન્દ્ર) અને ઝેરની પિચકારી મારતો કૌશિક (સાપ) સાવ સરખા જણાયા હતા. એમનો મનોભાવ જરાક પણ ભિન્ન બન્યો ન હતો.

યોગીઓ સાવ બાળક જેવા બને છે. ઉચ્ચ કક્ષાના જ્ઞાનને પામ્યા પછી બાળકની જેમ શત્રુ, મિત્રનું અજ્ઞાન ધરાવતા થાય છે. એમને

બાહ્ય વિષયનો માત્ર પ્રતિભાસ થાય છે. કાંટા અને ગુલાબમાં કોઈ હેયતા, ઉપાદેયતાનું સંવેદન ન થતાં માત્ર જ્ઞેયભાવે જ સંવેદન કરે છે. આથી જ પરપદાર્થના સંસારમાં રહીને પણ તેઓ પરમ સુખની અનુભૂતિ કરી શકે છે.

તેમને માતામાં અને પત્નીમાં સ્ત્રી સિવાય કશું દેખાતું નથી. આથી જ તેમને માતા પ્રત્યે સ્નેહભાવ કે પત્ની પ્રત્યે કામભાવ જાગ્રત થતો નથી. તેમને ઉભયત્ર સમભાવ રહે છે.

**तोषणीयो जगन्नाथस्तोषणीयश्च सद्गुरुः ।**
**तोषणीयस्तथा स्वात्मा,किमन्यैर्बत तोषितैः ॥ ११० ॥**

**कषायविषयाक्रान्तो बहिर्बुद्धिरयं जनः ।**
**किं तेन रुष्टतुष्टेन तोषरोषौ च तत्र किम् ॥ १११ ॥**

આ જગતમાં પરમાત્મા, સદ્ગુરુ અને પોતાનો આત્મા જ પ્રસન્ન કરવા લાયક છે. બીજાઓને ખુશ કરવાની કોઈ જરૂર નથી.

વળી, આ લોક વિષય-કષાયમાં ગળાબૂડ ડૂબેલો છે, તેથી બહિર્દષ્ટિવાળો છે. તે ખુશ થાય કે નાખુશ થાય તેથી શું ફરક પડે છે ? તેની ઉપર આપણે તોષ, રોષ શા માટે કરવા જોઈએ ?

નોંધ : ગુરુને તો-તે રાગી છે એટલે-પ્રસન્ન કરી શકાય, પણ દેવને શી રીતે પ્રસન્ન કરવા ? તે તો વીતરાગ છે. અને પ્રસન્ન થવું : કૃપા કરવી એ રાગભાવ છે. દેવમાં તે શી રીતે સંભવે ?

ઈશાનુગ્રહ બત્રીસીમાં મહોપાધ્યાયજીએ આ મૂંઝવણનો જવાબ આપતાં કહ્યું છે કે, ''દેવની પ્રસન્નતા એટલે ભકતોને પ્રાપ્ત થતું સદાચારી જીવન.

કોઈ પ્રસન્ન થાય તો આપણને તેના તરફથી ઈષ્ટ મળે. દેવની આરાધના કરવાથી અશુભ-વૃત્તિઓનો ક્ષય થાય અને પુણ્યપ્રકૃતિનો બંધ થાય. આથી સુખ અને સદાચારોની પ્રાપ્તિ થાય. આ પ્રાપ્તિ 'દેવ' દ્વારા જ થઈ છે. દેવની આરાધના જ કરી ન હોત તો આ બધું ક્યાંથી મળત ? એટલે આવા લાભો જે ભકતને પ્રાપ્ત થાય તે જરૂર કહે કે મારી ઉપર દેવ પ્રસન્ન થયા. વીતરાગ એવા દેવની જ તો એ કમાલ છે કે બીજાને કાંક દેવા માટે બીજાની જેમ તેમને રાગસ્વરૂપ પ્રસન્નતા લાવવી પડતી નથી. જે તેમને ભજે છે તેના ભંડાર ભરાઈ જ જાય છે. તેની અશુદ્ધ ચિત્તસ્થિતિ નિર્મળ થવા લાગી જાય છે.

એ દેવ વીતરાગ છે છતાં, તેની સ્વરૂપશક્તિ જ એવી છે કે રાગ કર્યા વિના પણ તે રીઝ્યા હોય તેવું લાગે.

જે બાવો દુવા દઈને જ રોગીનો રોગ મટાડી શકતો હોય તેને દવાની ગોળી દેવાની શી જરૂર ?

ગ્રન્થકારશ્રી કહે છે તમે તમારા આત્માને પ્રસન્ન કરો. એ તો જ થશે જો તમે તેને સદ્‌ગતિમાં જ મોકલતા રહો. ખોટાં કામો કરશો તો એને દુર્ગતિમાં જવું પડશે. એથી એ અપ્રસન્ન અને દુ:ખી થશે.

કલિકાલસર્વજ્ઞે યોગશાસ્ત્ર ગ્રન્થના અંતિમ શ્લોકમાં એક જ

સલાહ જીવને આપી છે કે, ''તું દેવને રીઝવવાના પણ ધંધા બંધ કર. તારા આત્મદેવને જ તું રીઝવ. તેને ખૂબ પ્રસન્ન કર. એમ તું ન કરે તો દેવનાં ગીતો ગાવા દ્વારા કે તેમને પ્રસાદ ધરવા દ્વારા તું તેમને ઠગવાનું કામ કરે છે. દુનિયાના લોકોની ખુશામત કરીને તું જેમ તેમને ઠગે છે એવું જ દેવ-સેવા દ્વારા તું દેવને ઠગે છે. આ બધી ઠગબાજી બંધ કરીને હવે તારા આત્મારૂપી ભગવાનને જ પ્રસન્ન રાખ. એને મુક્તિના અનંતસુખનો માલિક બનાવ.''

ગ્રન્થકારશ્રી આગળ વધીને કહે છે કે જગત્‌ના લોકો વીતરાગ નથી : રાગી છે; એટલે તું તેમને ખુશ કરવા જઈશ તો તે પ્રસન્ન થશે ખરા. પરન્તુ તેઓ વિષયકષાયથી ભરેલા છે. તેમને જરાકમાં વાંકું પડી જતાં પળની ય વાર લાગવાની નથી. આ લોકો પળમાં તુષ્ટ તો પળમાં રુષ્ટ બની જતાં હોય છે. જેમનાં મગજ આવા ઠેકાણા વિનાનાં છે તેમની આપણી ઉપર પ્રસન્નતા થાય તો તે ય ખોટી છે. તેમાં જરા ય ખુશ થવા જેવું નથી.

જે રાગી હોય તે જ રીઝે.

જે રીઝે તેને રિસાતા વાર ન લાગે.

આના કરતાં વીતરાગ સારા. ભલે રીઝે નહિ કિન્તુ રિસાય પણ નહિ ને ? મુસીબત તો ઊભી ન જ કરે ને ? વળી, તેમના સહજ સ્વરૂપમાં જ રાગીઓને ઈષ્ટફળ દેવાની અમોઘ અને અચિન્ત્ય શક્તિ પડી છે, તો શા માટે રિસાતા સરાગ દેવોને ભજવા ? શા માટે વીતરાગને જ ભજવા નહિ ? પેલાઓના રોષ, તોષ અંગે ચિન્તા જ શા માટે કરવી ?

**असदाचारिणः प्रायो लोकाः कालानुभावतः ।**
**द्वेषस्तेषु न कर्तव्यः संविभाव्य भवस्थितिम् ॥ ११२ ॥**

કાળના પ્રભાવથી પ્રાયઃ લોકો સદાચાર સંપન્ન નથી. 'તેમની ભવસ્થિતિ જ તેવી છે.' તેમ વિચારીને તેમના પ્રત્યે દ્વેષ કરવો નહિ.

**નોંધ :** જગત્‌ના જીવો પ્રત્યે ઝટ ઝટ રાગ થવાનો સવાલ આવતો નથી. હા. તેમની સ્વભાવની વિષમતાઓ કે વિચિત્ર વર્તણૂકોને લીધે તેમના તરફ દ્વેષ થવાની પૂરી શક્યતા છે એટલે ગ્રન્થકારશ્રી આ વાતને જ પકડે છે અને જણાવે છે કે તે બિચારા જીવોની પાછળ પૂર્વભવના કુસંસ્કારો અને કુકર્મો તો પડેલા જ હતા. તેમાં વળી, હાલમાં હૂંડા અવસર્પિણીના કાળનો કુપ્રભાવ નવો જોડાયો છે. આ ત્રણ ભેગા મળીને જીવને ખૂબ જ ખોટા રસ્તે ચડાવે છે. આવી સ્થિતિમાં તે જીવો દયાપાત્ર બને છે, દ્વેષપાત્ર જરા ય નહિ.

વળી, બીજા જીવોની વિષમતાઓને શી રીતે ધિક્કારી શકાય ? જ્યારે આપણો જીવ પણ તેવો જ નપાવટ હોય, કદાચ તેથી પણ વધુ ખરાબ ભવસ્થિતિનો ભોગ બન્યો હોય.

કાચના ઘરમાં રહેલો માણસ બીજાના કાચના ઘરની નિંદા શી રીતે કરી શકે ?

ભવસ્થિતિના દૃષ્ટિબિંદુથી સ્વ અને પર બે સમાન છે. વળી, આત્માના અસલ સ્વરૂપની સમાનતા પણ બન્નેમાં સમાન છે. પછી કોણ કોને ધિક્કારે ? કોણ ચોર અને કોણ ચોકીદાર ?

યાદ રાખો, વીતરાગ દેવ પ્રત્યે સ્નેહભાવ, ભક્તિભાવ, બહુમાનભાવ થવો ખૂબ સહેલો છે. કેમ કે તેમનામાં કોઈ દોષ નથી : તે સર્વગુણસંપન્ન છે. વળી પિતાની જેમ તે ઠપકો આપતા નથી. માતાની જેમ મારતા નથી. મિત્રોની જેમ કડવી શીખ દેતા નથી. શિક્ષકની જેમ અનિચ્છનીય વાતનો અમલ કરવાની ફરજ પાડતા નથી. કદી કશું બોલતા ય નથી. આથી જ ભગવાન સહુને વહાલા લાગે તેમાં શી નવાઈ?

પણ જગતના જીવોનું શું? જે દૂરના છે તેમના પ્રત્યે શા માટે સ્નેહભાવ કરવો? જે સ્નેહીજન છે તેઓ કઠોર બને તો શા માટે નહિ તિરસ્કારવા? જે સ્વજનો છે તે સ્વાર્થ રમે તો કેમ નહિ ધિક્કારવા? આવા અનેક સવાલો થતા હોવાથી ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં જીવમાત્રને માફ કરી દેવાની પ્રેરણા કરે છે. તેમની કર્મ અંગેની, સ્વભાવ અંગેની, સંસ્કારો અંગેની વિષમતાઓ નજરમાં લાવવા કહે છે.

જે કર્મો વગેરેનો માર ખાઈ રહ્યા છે. તેમને વળી, આપણે શા માટે મારવા? એવો ગ્રન્થકારનો કહેવાનો સૂર છે.

**निःसंगो निर्ममः शान्तो निरीहः संयमे रतः ।**
**यदा योगी भवेदन्तस्तत्वमुद्भासते तदा ॥ ११३ ॥**

**જ્યારે સાધુ સંગરહિત બને, શાન્ત બને, ઈચ્છારહિત બને અને સંયમમાં લીન બને ત્યારે તે યોગી બને છે. તેવા યોગીને અંતરંગ તત્વનો ભાસ થવા લાગે છે.**

**નોંધ :** ઘરબાર ત્યાગીને અને માથું મુંડાવીને, સાધુ થવાય. યોગી નહિ.

કેટલાક સાધુઓ 'ભાટ' હોય છે. જેઓ ભકત વગેરેની ખુશામત કરીને પોતાનાં પેટ અને પટારા ભરે છે.

કેટલાક સાધુઓ ભાટ નથી હોતા પરન્તુ યોગી પણ નથી થઈ શકતા. તેઓ 'ઉપદેશક' તરીકેનું જીવન જીવે છે. એમનું ચારિત્ર જીવન સરેરાશ ઠીક હોય છે.

જે યોગી કક્ષાના (સંત કક્ષાના) સાધુ છે તેઓ પરપદાર્થોથી સાવ અનાસકત હોય છે. સંસારી સ્વજનો પ્રત્યે પણ મમત્વની માંડવાળ કરી બેઠેલા હોય છે. તેમની વિષય કષાયની આગ સાવ શાન્ત પડી હોય છે. તેઓ શાસ્ત્રાજ્ઞાઓ પ્રમાણેનું ચારિત્ર જીવન અણિશુદ્ધ જીવતા હોય છે.

આવા યોગી-સાધુને જ આત્માના કોઈ ઝળહળાટનો સાક્ષાત્કાર થાય છે. જેમાં તેમને દેહથી સાવ અલગ આત્માનું ભાન થાય છે.

**सद्वृक्षं प्राप्य निर्वाति रवितप्तो यथाऽध्वगः ।**
**मोक्षाध्वस्थस्तपस्तप्तस्तथा योगी परं लयम् ॥ ११४ ॥**

**જેમ સૂર્યના તાપથી ત્રાસેલો મુસાફર ઘેઘૂર વૃક્ષ પામીને વિશ્રાન્તિ લે છે, તેમ મોક્ષમાર્ગમાં રહેલો અને તાપથી તપેલો યોગી શ્રેષ્ઠ સમતા પ્રાપ્ત કરીને હાશકારો પામે છે.**

**નોંધ :** વૃક્ષની છાયાનો આનંદ તે મુસાફર વધુ માણી શકે જે ભયંકર સૂર્યતાપથી ત્રાસી ગયો હોય : પસીનાથી રેબઝેબ થઈ ગયો હોય.

જ્ઞાનીઓએ સંસારને દાવાનળ કહ્યો છે. આ આગમાં જે બરોબર દાઝ્યો હોય કે શેકાયો હોય તેને સમતાની ઠંડક ઉત્કૃષ્ટ રીતે અનુભવવા મળે.

વિષય અને કષાયની આગથી આખી માનવજાત સળગી રહી છે. સદ્‌ગુરુનો યોગ પામીને જેઓ મુનિજીવન સ્વીકારે છે તેમને જ સમતાનો અનુભવ થઈ શકે તેમ છે. ગ્રહસ્થના જીવનમાં એટલા બધા રાગ, દ્વેષ હોય છે, એટલી બધી કડવાશ હોય છે કે ત્યાં સમતાની અનુભૂતિ શક્ય નથી.

જે આત્માઓ પ્રચંડ પુરુષાર્થ કરીને મુનિજીવન પામે તેઓ સહજ રીતે સંસારના રગડાઓમાંથી વિશ્રાન્તિ મેળવે છે. આ પછી દેવ ભક્તિ, ગુરુસેવા, સ્વાધ્યાય અને બ્રહ્મચર્યના સેવનથી તેમનું મન બધી વાતે ખૂબ સમાધાન પામવા લાગે છે. આ સ્થિતિમાં તેમને સમતાની અનુભૂતિ થાય છે. કારમી લ્હાયમાંથી પરમ ઠંડકનો અનુભવ કેટલો આહ્‌લાદક હોય તે તો અનુભવે જ સમજાય.

**इति साम्यतनुत्राणत्रातचारित्रविग्रहः ।**
**मोहस्य ध्वजिनीं धीरो विध्वंसयति लीलया ॥ ११५ ॥**

આ રીતે સમભાવનું બખ્તર પહેરીને જેણે પોતાનાં **ચારિત્રધર્મરૂપી દેહને સુરક્ષિત કરી દીધો છે તે ધીર મહાત્મા રમતમાં મોહરાજની સેના ઉપર વિજય પ્રાપ્ત કરે છે.**

**નોંધ :** મોહનીયકર્મની અટ્‌ઠાવીસ કર્મ પ્રકૃતિઓનો ખાતમો બોલાવવાની સાધના જીવે કરવાની છે. કુલ એકસો અટ્‌ઠાવન કર્મપ્રકૃતિઓ છે. તેમાં આ અટ્‌ઠાવીસ યોદ્ધાઓ છે. આમાં મિથ્યાત્વમોહનીય તે રાજા છે તો અનન્તાનુબન્ધી કષાયો તે ચાર સેનાપતિઓ છે.

રાજા અને સેનાપતિની સાથે આ તમામ યોદ્ધાઓને ખતમ

કરવાની સાધનાને જ્ઞાનીઓ ક્ષપક શ્રેણિની ધ્યાનસ્વરૂપ સાધના કહે છે. મુક્તિપદની પ્રાપ્તિ આ સાધના વિના કદી કોઈ જીવને થઈ નથી અને ભવિષ્યમાં થવાની પણ નથી.

જેવા આ ૨૮ યોદ્ધાઓ ખતમ કે બાકીના સૈન્યમાં ભયંકર નાસ ભાગ. કેટલાક (ઘાતી કર્મો) ખતમ થાય કેટલાક (અઘાતી કર્મો) નાસતા-ભાગતા જ આપમેળે મરી જાય.

પણ આવો જ્વલંત વિજય હાંસલ કરવા માટે ચારિત્રધર્મરૂપી દેહ ઉપર બખ્તર ચડાવવું પડે; અન્યથા કામદેવ વગેરેનાં બાણો એવાં અમોઘ હોય છે કે તેની વર્ષા થતાં દેહ ચાળણીની જેમ ચળાઈ જાય.

એ બખ્તરનું નામ છે, સમભાવ : સમતા બખ્તર અત્યન્ત મજબૂત હોવું જરૂરી છે, નહિ તો દુશ્મનો તેને ખતમ કરી નાંખે.

# ચતુર્થ પ્રસ્તાવ

## શ્લોક : ૪૨

**त्यक्त्वा रजस्तमोभावौ सत्त्वे चित्तं स्थिरीकुरु ।**
**न हि धर्माधिकारोऽस्ति हीनसत्त्वस्य देहिनः ॥ ११६ ॥**

**હે જીવ! તું રજોભાવ અને તમોભાવને દૂર કરીને તારા ચિત્તને સત્ત્વભાવમાં સ્થિર કર. જેની પાસે સત્ત્વ નથી તેવા જીવને ધર્મના ક્ષેત્રમાં પ્રવેશવાનો કોઈ અધિકાર નથી.**

**નોંધ :** સત્ત્વ, રજસ્ અને તમસ્. આ ત્રણ, ચિત્તની પ્રકૃતિઓ છે.

તમસભાવ ચિત્તને ખૂબ ઉગ્ર બનાવે.

રજોભાવ ચિત્તને ચંચળ રાખે.

સત્ત્વભાવ ચિત્તને ઉત્તમ (ધીર : ગંભીર) બનાવે.

રજસ્ અને તમસ્ના આવેગમાં સંસાર ચાલે.

સત્ત્વના સ્થિરીકરણમાં મુક્તિ મળે. જેણે ધર્મ (ચારિત્રધર્મ) સાધવો હોય તેણે સાત્ત્વિક ભાવના સ્વામી બનવું જોઈએ. તેના લોહીમાં ક્ષાત્રવટની ગરમી જોઈએ. તેના આત્મામાં ઉત્તમતાની છાંટ હોવી જોઈએ.

કોઈ પણ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવવી હોય તો માણસ પાસે સાત્ત્વિકતા હોવી જોઈએ. અંતરંગ શત્રુઓ સાથે મુકાબલો કરવો;

તેમને ભોંયભેગા કરવા, ખતમ કરી નાંખવા એમાં ઉત્કૃષ્ટ કોટિનું સત્ત્વ જોઈએ.

સત્ત્વહીન માણસો નથી ઘોર તપ કરી શકતા; નથી ઉગ્ર પરીષહોને આવકારતાં. ઉપસર્ગોના સ્વપ્નમાત્રથી ધ્રૂજી ઊઠે છે.

સત્ત્વહીન સાધુઓ સુખશીલ, પ્રમાદી અને વિષયરસી હોય છે. એમનાથી તપ વગેરેમાં કશું ય વીર્ય ફોરવી શકાતું નથી. આવા આત્માઓની દોષાધીનતાને જોઈને બીજા અનેક આત્માઓ અધર્મ પામે છે, ધર્મ હારી જાય છે. આથી જ તેમને ચારિત્રધર્મના પ્રતીકરૂપ વેષ આપી શકાય નહિ. આ લોકો ધર્મપ્રભાવક બનવાને બદલે ધર્મહીલક બને છે.

સત્ત્વની ટોચ ઘોર અને ઉગ્ર તપશ્ચર્યામાં જોવા મળે. અત્યન્ત સાત્ત્વિક મહાત્માઓ તેમને જ કહી શકાય જેઓ ઉગ્ર તપ દ્વારા દેહની સુખશીલતા ઉપર કાતીલ હુમલા કરે છે. દીક્ષાજીવનની વાસ્તવિક પરિણતિનું આ જ ફળ છે.

સત્ત્વહીન માણસો કાયર હોય છે અને કાયરત હોય છે.

**हीनसत्त्वो यतो जन्तुर्बाधितो विषयादिभिः ।**
**बाढं पतति संसारे स्वप्रतिज्ञाविलोपनात् ॥ ११७ ॥**

**સત્ત્વહીન સાધુ વિષય-વાસનાદિથી પીડાય છે. તેથી પોતે લીધેલી પ્રતિજ્ઞાઓનો ભંગ કરે છે. પરિણામે ભયાનક સંસારમાં પટકાય છે.**

**નોંધ :** સાત્ત્વિક આત્મા કાંઈ કાયાથી હૃષ્ટપુષ્ટ હોવાથી અથવા બુદ્ધિના તગડા હોવાથી ન બનાય. એ માટે તો વિષયો અને કષાયો ઉપર તેણે વિજય મેળવવો પડે.

જેઓ વિષયોના પ્રલોભનોની સામે એકદમ અંજાઈને ડઘાઈ જાય છે તે બધા સત્ત્વહીન આત્મા છે.

પેલા દેડકાના પગમાં કેટલી જબરી-ભાગી છૂટવાની - ચપળતા હોય છે ? પણ સામે આવીને સ્થિર ઊભેલા, આંખોને તગતગાવતા સાપને જોઈને તે એવો ડઘાઈ જાય છે કે પોતાની ભાગી છૂટવાની શક્તિનો જરાય ઉપયોગ કરી શકતો નથી. પરિણામે બહુ સહેલાઈથી સાપ તેને પોતાના મોંમા મૂકી દે છે.

જીવમાં અનંત વીર્ય હોય છતાં પાંચ ઇન્દ્રિયોના વિષયો આવતાં જ તે સાવ નિર્વીર્ય બની જાય છે. તે વિષયોને આધીન થઈ જાય છે. એમાં ક્રોધાદિ કષાયો પણ ફરકતા રહે છે.

જીવની સત્ત્વહીનતા જ એના અનંત સંસાર પરિભ્રમણનું એકમેવ કારણ છે.

દરેક જીવે પોતાનું સત્ત્વ ફોરવવું જોઈએ. પ્રાપ્ત થયેલા માનવજીવનની અને મુનિવેષની દુર્લભતાને સતત નજરમાં રાખીને અહીં ખેલી શકાતો કર્મ સંગ્રામ પૂરી તાકાતથી ખેલી નાંખવો જોઈએ.

અન્તરાય કર્મ : તેમાં વીર્યાન્તરાય કર્મ : ના હ્રાસથી જ જીવનું ભાવવીર્ય : સત્ત્વ ઊછળે છે. આ ઘાતી કર્મ છે. એ ખૂબ ભયાનક છે. છતાં દેવની પરા ભક્તિથી અને ગુરુની ઉત્કૃષ્ટ કૃપાથી આ કર્મનો હ્રાસ થઈ શકે છે.

સત્ત્વનું બીજું નામ ઉત્સાહ છે.

ઉત્સાહ વિનાનું મુનિજીવન બેકાર પસાર થતું હોય છે. મુનિને નિત્ય સ્વાધ્યાય, સેવા, તપ, વૈયાવચ્ચ વગેરે ગુણોમાં ખૂબ પ્રગતિ કરવાનો અદમ્ય અને એકદમ ઊછળતો ઉત્સાહ હોવો જોઈએ.

તે ન હોય તો સમજી લેવું કે માનવભવ અને મુનિવેષ એળે ગયા છે.

**सावद्यं सकलं योगं प्रत्याख्यायान्यसाक्षिकम् ।**
**विस्मृतात्मा पुनः क्लीबः सेवते धैर्यवर्जितः ॥ ११८ ॥**

**સત્ત્વહીન કાયર જીવ બીજાની સાક્ષીએ સઘળા સાવદ્યયોગોની પ્રતિજ્ઞા કર્યા પછી પણ તે ભૂલીને ફરી તે સાવદ્યયોગોનું સેવન કરવા લાગે છે !!!**

**નોંધ :** કેટલાક આત્માઓ સિંહની જેમ સંસાર છોડીને સાધુ થાય છે, પણ પછી ગળીઆ બળદ જેવા બની જાય છે. બેશક, આસપાસના સંયોગો નબળા હોય તો આવું પ્રાયઃ બને ખરું, પણ જો જીવ સત્ત્વશાળી હોય તો તેની નજર આસપાસના નબળાં નિમિત્તો તરફ પડે નહિ.

નબળાં નિમિત્તોની જેમ સબળ અને સુંદર નિમિત્તો પણ આસપાસમાં કયાં નથી હોતાં ? એ જોઈને પોતાના જીવનનું ઊર્ધ્વીકરણ કરવાને બદલે નબળું પકડવાની જે વાત છે તેમાં તે જીવની સત્ત્વહીનતા મુખ્ય કારણ છે.

પાંચસોમાંથી એક સિવાયના તમામ સાધ્વીજીઓએ પોતાના ગુરુ અજ્જા સાધ્વીજીના કહેવાથી જ્યારે કાચું પાણી વાપરવાનું શરૂ કરી દીધું ત્યારે એક સાધ્વી જરાય વિચલિત થયાં નહિ. શાસ્ત્રાજ્ઞાને બરોબર વળગી રહ્યાં એના કારણે તે કેવળજ્ઞાન પામ્યાં.

વજ્રસ્વામીજી ગુરુના નાનકડા શિષ્યે ગુરુની સાથોસાથ કેવું અનશન લગાવી દીધું ? ગુરુની પહેલાં આત્મકલ્યાણ સાધી લીધું.

જૈન ઈતિહાસના તમામ મહાપુરુષો સત્ત્વથી ધગધગતા હતા. સત્ત્વહીન કોઈ ન હતું.

સત્ત્વને સાધના સાથે જ સંબંધ છે, સાધનો સાથે નહિ.

અરિહંત પરમાત્મા વગેરે પાંચની સાક્ષીએ લીધેલા પાંચ મહાવ્રતોનો ત્યાગ કરી દેવામાં સત્ત્વહીન જીવો કેટલું બધું સત્ત્વ ફોરવતા હશે? શું આ ત્યાગ કરવાની હિંમત થઈ શકે તેવી છે? શું તે જીવોને દુર્ગતિનો ય ડર નહિ લાગતો હોય? શું તેમની ઉપર ઝીંકાનારા દુઃખોના વાવાઝોડાની ય કલ્પના નહિ આવતી હોય?

મહાવ્રતોનો ભંગ એ અતિ ભયાનક કક્ષાનું પાપ છે. જેની પાસે થોડુંક પણ સત્ત્વ હોય તે આ કામ કરવાનું વિચારી પણ શકે નહિ.

આવું હલકું કામ કરનારને ગ્રન્થકારશ્રીએ નપુંસક (ક્લીબ) કહ્યો છે.

પરમાત્મા મહાવીરદેવે મેઘમુનિને આપેલા ઉપદેશમાં અગ્નિમાં પ્રવેશ કરીને જીવન પૂરું કરી દેવાની વાત કરી હતી, પણ વ્રતભંગ કરવાનો નિષેધ કર્યો હતો.

**तावद्गुरुवचः शास्त्रं तावत् तावच्च भावनाः ।**
**कषायविषयैर्यावद् न मनस्तरलीभवेत् ॥ ११९ ॥**

**જ્યાં સુધી મન, વિષયવાસનાથી કે કષાયોની પરિણતિથી ચલિત ન થાય ત્યાં સુધી જ ગુરુ વચન માન્ય રહે છે, અને શાસ્ત્રાજ્ઞાઓ તથા શુભ ભાવનાઓમાં મન રમ્યા કરે છે.**

**નોંધ :** જે ગુરુવચન, શાસ્ત્રવચન અને સોળ ભાવનાઓ જીવના તારણહાર છે તેમના પ્રત્યે પણ ત્યાં સુધી જ જીવને આદર રહે છે જ્યાં સુધી તેનું મન, વિષય-કષાયથી ચલિત થતું નથી.

આ રીતે મનનું ચલિત થવું એ તેવા તેવા અશુભ નિમિત્તોને આધીન છે. એટલે દરેક સાધક આત્માએ એવા અશુભ નિમિત્તોથી

બાર ગાઉ છેટા રહેવાની સાધનાને જરા ય ગૌણ ગણવી જોઈએ નહિ.

એક જ સેકંડનો અશુભ નિમિત્તનો સંગ આત્માની સમરસતામાં ધરતીકંપ પેદા કરી શકે છે.

આ અંગેના સૌથી અસરકારક દષ્ટાન્તોમાં સિંહ ગુફાવાસી મુનિ, રહનેમિ અને સંભૂતિ મુનિને જણાવી શકાય. તેઓ એક સેકંડમાં જ વિષયની ધરતી ઉપર પટકાઈને રગદોળાઈ ગયા હતા. એમાં ય રહનેમિજી તો તદ્‌ભવમોક્ષગામી જીવ હતા. છતાં તેમણે સંસારી-પણાની ભાભી સાધ્વી રાજીમતી પાસે દેહસુખની ખુલ્લંખુલ્લા-નિર્લજ્જ બનીને - માંગણી કરી હતી.

દેવકુમાર જેવો યુવાન વિદ્યાધર વિદ્યુન્માલિ ભંગીકન્યા - કાળી કાંણી, કૂબડી- સાથે લગ્ન કરીને તેમની સાથે ભંગીવાસમાં રહીને એક વર્ષના બ્રહ્મચર્યપાલનપૂર્વક સહિતની સાધનામાં નિષ્ફળ ગયો હતો. બે સંતાનોનો બાપ બન્યો હતો !

જો નિમિત્તો આઘા ! તો વિષયકષાયો પણ આઘા !

**कषायविषयग्रामे धावन्तमतिदुर्जयम् ।**
**यः स्वयमेव जयत्येकं स वीरतिलकः कुतः ॥ १२० ॥**

**વિષયો અને કષાયો જીતી ન શકાય તેવા દુર્જય છે. તે તરફ જીવ દોડી રહ્યો છે. જો કોઈ જીવ તેમની ઉપર વિજય મેળવી લે તો વિજયી વીર લોકોમાં તે તિલક સમાન શ્રેષ્ઠ વીર છે.**

નોંધ : ચલતા પૂરમાં તો મરેલી માછલી જ તરે.

સામા પૂરે તરવું હોય તો તે જીવતી માછલીનું કામ.

અનાદિકાળમાં નારકાદિ દુર્ગતિઓનાં દુઃખોના ઢોર માર ખાઈને જીવ સાવ નબળો પડ્યો છે. એનામાં કર્મો કે દોષોની સામે પડવાની કોઈ હિંમત સુદ્ધાં રહી નથી.

જે રીતે જે ગતિમાં જવાય ત્યાં તે બિચારો જાય છે. વાયરો લઈ જાય ત્યાં ગતિ કરતાં ઘાસના તણખલાની જેમ.

જે જીવનો કાળપરિપાક થાય, જેની નિયતિ પાકેલી હોય, જેને કર્મલઘુતા થઈ હોય, જેની ઉપર દેવ-ગુરુની મહેરબાની થઈ હોય તે જીવ જીવતી માછલીની જેમ શરૂમાં સળવળાટ કરે. પછી સામા પ્રવાહે જવાનો વિચાર કરે. પછી ધસમસતો તે તરફ જાય પણ ખરો.

વિષય- કષાયો જેવા ભયાનક આતંકવાદી સામે બાથ ભીડવાનો વિચાર કરવો અને બાથ ભીડવી એ બન્ને અતિ સાહસની વાતો છે. એમાં પરાજય થાય તોય વાંધો નહિ. એમની સામે ઝઝૂમવું, ટક્કર લેવી, બાથ ભીડવી એ જ ઘણી મોટી વાત. હાર કે જીતની વાત કરવી અસ્થાને ગણાય.

વિરાટ સાગરની સામે ભયાનક જલપ્રવાહ સાથે ધસી જતી નદી ખૂબ મહાન છે. તેણે આ હિંમત કરી તે જ તેની મહાનતા. ભલે પછી સાગરોનાં ઊછળતાં મોજાં તેને પોતાનામાં સાવ વિલીન કરી નાંખે.

વિષય-કષાયની પરિણતિઓ સાથે જે બાથ ભીડે તે આત્માનું સત્ત્વ દાદ માંગી લે તેટલું જબરજસ્ત કહેવાય.

વિવિધ રમતો, ભાષણો, યુદ્ધો વગેરેના ક્ષેત્રમાં જેઓ હિંમત કરે અને યશ પામે તે બધા વીર-પુરુષો કહેવાય. પરન્તુ તે વીરોનું

તિલક તો આ જ આત્મા કહેવાય કે જેણે આંતરશત્રુઓ સાથે બાથ ભીડી હોય.

આવા વીરતિલક પુરુષના આપણે દર્શન કરીએ તો ય ધન્ય બની જઈએ.

બધાને જીતી શકાશે, ચિત્તની અશુભ વૃત્તિઓ ઉપર વિજય પામવાનું કામ અતિ મુશ્કેલ છે. આથીસ્તો શ્રીકૃષ્ણે ચિત્તને વાયુ જેવું ચંચળ કહ્યું છે.

જો વાયુ પકડાય તો મન પકડાય.

વંદન, તે વીરતિલક મહાત્માઓને !

**धीराणामपि वैधुर्यकरै रौद्रपरीषहैः ।**
**स्पृष्टः सन् कोऽपि वीरेन्द्रः संमुखो यदि धावति ॥ १२१ ॥**

**ધીર પુરુષોને પણ અધીર કરી બેસે : ચલિત કરી નાંખે તેવા ભયાનક ઉપસર્ગો ભટકાઈ જાય ત્યારે તેમને બાથમાં લેવાની હિંમત કરે એ તો વીર નથી વીરોનો ય વીર છે.**

**નોંધ :** ચોવીસમા તીર્થંકર ભગવાન વીર એ મહાવીર કહેવાયા, કેમ કે તેમણે ઉપસર્ગો ઉપર વિજય હાંસલ કર્યો. એમણે પોતાના આન્તરશત્રુઓ ઉપર વિજય મેળવ્યો.

એમનાથી કોઈ ડરતું ન હતું એ પણ તેમનું વીરત્વ હતું.

જે દોષોનાં આક્રમણો સામે સહુ ડઘાય, પટકાય અને રહેંસાઈ જાય તે દોષોને જે ખતમ કરી નાંખે તે વીર અને મહાવીરનું કામ છે.

દીકરાના સ્નેહરાગમાં આર્દ્રકુમાર ચિત થઈ ગયા. રૂપકોશાના કામરાગે સિંહવિજેતા મુનિ હારી ગયા.

ચીંદરડીના મોહમાં સુમંગલ આચાર્ય તણાઈ ગયા. ભોજનની મીઠાશમાં મંગુ આચાર્ય ધોવાઈ ગયા.

ક્રોધના હુમલામાં બ્રહ્મદત્ત બરબાદ થયો. અહંકારના આવેગમાં કેટલાય ચૌદ પૂર્વધરો સાફ થયા.

દુ:ખ હજી સહાય, પણ દોષોને સહવાનું કામ અતિ મુશ્કેલ છે.

દુ:ખોને હજી જીતાય, પણ દોષોને જીતવાનું કામ અતિ મુશ્કેલ છે.

દુ:ખવિજેતા વીર છે.

દોષવિજેતા મહાવીર છે.

**उपसर्गे सुधीरत्वं सुभीरुत्वमसंयमे ।**
**लोकातिगं द्वयमिदं मुनेः स्याद् यदि कस्यचित् ॥ १२२ ॥**

**ઉપસર્ગોમાં પુષ્કળ ધીરતા અને અસંયમના આચરણમાં ખૂબ ડરપોકપણું - આ બે - લોકોત્તર વસ્તુઓ તો કોક મુનિમાં જ હોઈ શકે.**

**નોંધ :** અઢાર હજાર શીલ (પ્રતિજ્ઞા)ના પાલક મુનિમાં ય કદાચ ઉપસર્ગે ધીરત્વ અને અસંયમે ભીરૂત્વ ન જડે. આ બે મુનિના લોકોત્તર ગુણો છે. તે અત્યન્ત દુર્લભ છે.

પ્રતિકૂળતાઓને હસતે મોંએ સહવા જેટલી ધીરજ રાખવાનું કામ અતિ મુશ્કેલ છે. આ એવો ગુણ છે જેની સાથે મુનિપણાના ઘણા ગુણો સંકળાયેલા છે.

ડરપોકપણું એ સામાન્યતઃ ગુણ નથી, દોષ છે પરન્તુ અસંયમના વિષયમાં તે ગુણ બની જાય છે. જો સાધુ અસંયમથી ડરે નહિ; તેમાં નિષ્ઠુર હોય તો તેનું સાધુપણું ખતમ થઈ જાય.

બધી વાતે સાહસ થાય. પાપાચરણની વાતે જરા ય સાહસ કરાય નહિ. એકાન્તે વિજાતીયને મળવાનું સાહસ સિત્તેર વર્ષના વૃદ્ધ સાધુથી પણ કરી શકાય નહિ. આ બાબતમાં જેઓ ડર્યા નથી એ સાધુપણાથી ડગ્યા વિના રહ્યા નથી.

જેની પાસે મુનિનો વેષ છે એને આ બે ગુણો કેટલા બધા મહાન છે તે સમજાઈ શકશે.

**दुस्सहा विषयास्तावत् कषाया अतिदुस्सहाः ।**
**परीषहोपसर्गाश्चाधिकदुस्सहदुस्सहाः ॥ १२३ ॥**

**વિષયો દુઃસહ છે પણ કષાયો તો અતિ દુઃસહ છે. અને પરીષહો તથા ઉપસર્ગો તો એથી ય વધુ-અતિ - દુસ્સહ છે.**

**નોંધ :** પાંચ ઈન્દ્રિયોના વિષયોનો સંગ થતાં તેમને સહી લેવા એટલે તે વખતે સાવ અનાસકત રહેવું. આ કામ ખરેખર મુશ્કેલ છે, કેમ કે જીવનો અનાદિકાલીન જે સ્વભાવ છે તે જીવને વિષયોમાં આસકત કર્યા વિના રહેતો નથી.

પણ હજી આ અનાસક્તિ કેળવી શકાય ખરી, એવું ગ્રન્થકારશ્રી કહે છે. વધારે દુઃસહ ક્રોધાદિ કષાયો છે.

વિષયોની અનુકૂળતા હજી સહેવાય પણ પ્રતિકૂળતાઓને સહવા માટે જીવ તૈયાર થતો નથી.

પોતાનું ધાર્યું ન થાય એટલે જીવને ઝટ ક્રોધ આવે.

પોતાના કરતાં બીજો કોઈ ચડિયાતો ન બની જાય એટલે તે અહંભાવથી રચ્યોપચ્યો રહે. અભિમાન દ્વારા એ પરપીડન કરે.

પોતાની પોલ પકડાઈ ન જાય તે માટે તે માયાનો આશ્રય લે.

અને ભાવિ કાળના કેટલાક ભયો સવાર થતાં તે લોભદશામાં પીડાયા કરે.

વિષયોની પરિણતિ હજી ઝટ શાન્ત પડે પણ ક્રોધાદિ કષાયો ઝટ શાન્ત પડી શકતા નથી.

ગ્રન્થકારશ્રી કહે છે કે આ કષાયો પણ કદાચ સહી લેવાશે, પરન્તુ બાવીસ પરીષહો વગેરેને સસ્મિત સહવાનું કામ તો લગભગ અશક્ય છે.

આ વાત કેટલી બધી સાચી છે ? એ તો જે પરીષહાદિને સ્વીકારતો હોય તે સાધુ જ સમજી શકશે.

મચ્છરોના ભયંકર ચટકાઓ વચ્ચે સહર્ષ કાયોત્સર્ગ કરવો એ લગભગ અશકય નથી લાગતું ?

સભાન અવસ્થામાં રહીને જ મગજનું પાંચ કલાકનું ઑપરેશન કરાવવું તે લગભગ અશકય નથી લાગતું ?

એક સાથે એક હજાર ભાલા શરીરમાં વીંધીં નાંખવા વખતની નારકની વેદના અત્યન્ત અસહ્ય નથી જણાતી ?

પરિષહોમાં ય પ્રતિકૂળ પરિષહો કરતાં સ્ત્રી, સત્કાર વગેરે અનુકૂળ પરિષહો તો અત્યન્ત દુઃસહ છે.

**जगत्त्रयैकमल्लश्च कामः केन विजीयते ।**
**मुनिवीरं विना कश्चिच्चित्तनिग्रहकारणम् ॥ १२४ ॥**

ત્રણ જગતમાં જે અદ્વિતીય કક્ષાનો મલ્લ ગણાય તે કામરાજ કોનાથી જીતી શકાય ? હા. ચિત્તનો નિગ્રહ કરનાર કોઈ વીર મુનિ જ તેને જીતી શકે.

નોંધ : કવિએ ગાયું છે કે,

''કામસુભટ ગયો હારી રે, થાશું કામસુભટ ગયો હારી.''

તારક તીર્થંકરદેવાદિ કામ-મલ્લને હરાવી શક્યા. બીજા કારમી હાર પામ્યા.

કામના ઘરમાં જઈને કામનું ખૂન કરનાર તો એકમાત્ર સ્થૂલભદ્રજી થયા.

બીજા નંબરમાં બપ્પભટ્ટસૂરિજી થયા. જેના બ્રહ્મચર્ય ગુણની પરીક્ષા કરવા માટે રાજા આમે રાજનર્તકીને પુરુષવેષમાં રાતે ઉપાશ્રયે મોકલી. એણે કરેલો પડકાર સૂરિજીએ ઝીલી લીધો. બ્રહ્મરન્ધ્રમાં આત્માને અવસ્થિત કરી દીધો. બધો સ્પર્શ અને બધી ક્રિયાઓ નિર્લજ્જપણે નર્તકીએ કરી. સૂરિજીનાં રૂંવાડે ય કામનું સ્પંદનસુધ્ધાં ન થયું.

હારીને નર્તકી શરણે ગઈ. રાજાને કહ્યું, ''જગતના માનવો માખણ જેવા છે. અમારી આગ અડતાંની સાથે પીગળી જાય. તમારા ગુરુ નકરો પથ્થર છે. દેવાઙ્ગનાઓ પણ તેને લેશ માત્ર ચલિત કરવાને સમર્થ નથી.

જ્ઞાનીઓએ કન્દર્પને ખૂબ ભયાનક એટલા માટે કહ્યો છે કે તેણે

મોટમોટા મુનિવરોને ધોઈ નાંખ્યા છે. એમના અરમાનોના પાણી ઉતારી નાંખ્યા છે.

રહનેમિજી, નંદિષેણ મુનિ, વૈયાવચ્ચી નંદિષેણ, દ્રૌપદી, સુકુમાલિકા જેવા મેરુ પર્વતો જે કામના ઝંઝાવાતી પવનમાં હાલી જાય ત્યાં પાકી ગયેલા પીપળાનાં પાંદડાં જેવા બીજા જીવોની તો શી વાત થાય ?

જ્ઞાનીઓ કહે છે, જંગલના વિફરેલા વાઘને, મદોન્મત્ત બનેલા હાથીને, ક્રોધાન્ધ બનેલા ઝેરી સાપને, ધસમસતા આવતા ભૂતને જીતવો સહેલો છે, પણ 'કામ'ને જીતવો અતિ અતિ મુશ્કેલ છે.

જ્ઞાનયોગ વિના કામવિજય અશક્ય લાગે છે. હા. ભક્તિયોગથી પણ એ કાર્ય શક્ય ગણાય ખરું.

**मुनयोऽपि यतस्तेन विवशीकृतचेतसः ।**
**घोरे भवान्धकूपेऽस्मिन्पतित्वा यान्त्यधस्तलम् ॥ १२५ ॥**

**કામસંજ્ઞાથી જેમનું ચિત્ત હણાઈ જાય છે તે મુનિઓ આ ભયાનક સંસારરૂપી કૂવામાં પડીને ઠેઠ તળિયે પહોંચી જાય છે.**

**નોંધ :** કામસંજ્ઞા એ સ્પર્શનેન્દ્રિયની ઉત્તેજના છે. દરેક જીવ અનંતકાળ સુધી નિગોદમાં રહ્યો. ત્યાં તેને માત્ર સ્પર્શનેન્દ્રિય સચેત હતી. આમ, બીજી ચાર ઈન્દ્રિયો કરતાં અનંતકાળ જેટલો વધુ સમય સ્પર્શનેન્દ્રિયે અનુભવ્યો છે. આવા દીર્ઘકાલીન અનુભવના સંસ્કાર જીવમાં અતિ વધુ ગાઢ પડેલા છે. આથી તે સંજ્ઞા સૌથી વધુ ઉત્તેજિત હોય તે સમજાય તેવી વાત છે.

વળી કબૂતર, પારો, પપૈયું, દેવ-દેવી વગેરેના ભવોમાં જીવ કામસંજ્ઞામાં પ્રગાઢ રીતે ચકચૂર હોય છે. આ કારણે પણ તે સંસ્કાર અતિ ગાઢ પડે છે. હવે તેને ધર્મશાસનયુકત માનવભવ અને મુનિવેષ મળે તો ય તે સંસ્કારની ચુંગાલમાંથી છૂટવાનું કામ અતિ મુશ્કેલ બની રહે છે.

નિમિત્ત મળતાંની સાથે જીવ કામુક બની જતો હોય છે.

નિશ્ચયનયથી ભલે પહેલું મહાવ્રત સૌથી મહાન છે પરન્તુ વ્યવહારનયથી તો ચોથું બ્રહ્મચર્ય મહાવ્રત જ દુર્ધર છે. આથી જ કવિઓએ ગાયું છે.

એ વ્રત જગમાં દીવો
મેરે પ્યારે..... એ વ્રત.....

**तावद् धैर्यं महत्त्वं च तावद् तावद् विवेकिता ।**
**कटाक्षविशिखान् यावद् न क्षिपन्ति मृगेक्षणाः ॥ १२६ ॥**

**જ્યાં સુધી સ્ત્રી કટાક્ષ-બાણો ફેંકતી નથી ત્યાં સુધી જ પુરુષમાં ધૈર્ય, મહત્તા કે વિવેક રહે છે.**

**નોંધ :** કામરાજનાં પાંચ બાણો છે, પુષ્પ વગેરે.... તેમાં 'નારી' એ મહત્ત્વનું બાણ છે. એનાં કામણગારાં કટાક્ષની સામે ભાગ્યે જ કોઈ પુરુષ ટકી શકે.

ભૂતકાળમાં દુશ્મનોને મહાત કરવા માટે નારીના મોહક સૌન્દર્યનો પુષ્કળ ઉપયોગ થતો.

પુરુષ ગમે તેટલો મર્દ દેખાતો હોય, દુનિયાના ચોગાનમાં... પરંતુ 'નારી' આગળ તે સાવ ઢીલોઘેંસ થઈ જતો હોય છે.

નારીજાત કહે છે કે, ''મરદ એની દુનિયામાં, શયનખંડની ચાર દીવાલોની વચ્ચે એ કેટલો બધો નામર્દ અને લાજશરમ વિનાનો હોય છે એની અમને બધી ખબર છે.''

આ વાત એકદમ સાચી છે. પરન્તુ સબૂર ! અધ્યાત્મનું પણ એક જગત્ છે, જેમાં નરવીરો વસે છે.

રૂપકોશાને ભૂ ચાટતી કરી'તી સ્થૂલભદ્રજીએ !

આઠ આઠ અપ્સરા જેવી પત્નીઓ સામે સફળ ઝીંક લીધી હતી, જંબુકુમારે.

આઠ કન્યાઓ સાથે હસ્તમિલાપની ક્રિયાના સમયમાં જ કામરાજને ખતમ કરી નાંખ્યો હતો; ગુણસાગર શ્રેષ્ઠીએ.

બત્રીસ-પત્નીઓને પડતી મૂકીને મહાભિનિષ્ક્રમણના પંથે ડગ માંડી દીધો હતો; શાલિભદ્રે.

બાથરૂમમાં પત્નીના ટોણાનું નિમિત્ત લઈને સંસાર ત્યાગ્યો હતો, ધન્નાએ.

રાજીમતીને કકળતી રડતી મૂકીને તોરણેથી રથ પાછો વાળ્યો હતો, નેમિકુમારે.

રૂપવતી શાહજાદીઓના સુંવાળા હાથને તિરસ્કાર્યો હતો પંન્યાસ સિદ્ધિચન્દ્રજીએ અને મુનિ અભયવિજયજીએ !

કરોડપતિ બાપની લાડકી દીકરી રુક્મિણીના લસલસતા લાવણ્યને થૂ થૂ કરી નાખ્યું હતું વજ્રસ્વામીજીએ !

આવા તો ઢગલાબંધ પ્રસંગો અહીં જણાવી શકું, કામવિજેતા મહાત્માઓના !

કામે જગતને હરાવ્યું.

આ મહાત્માઓએ કામને ભૂ પીતો કરી દીધો. છતાં એ વાત નક્કી છે કે જો કામરાજના હુમલા વખતે કોઈ અસાવધ રહ્યો કે તે હુમલાને નગણ્ય સમજી લીધો તો ચૌદ પૂર્વધર મહાત્માઓના પણ છક્કા છૂટી ગયા છે. કામના એક જ કટાક્ષે તે શત શત સ્થળે વીંધાઈને જર્જરિત થયા છે.

પેલા જૈમિની ઋષિ ! ગુરુની ઉપરવટ જઈને ડાહ્યા થવા ગયા તો નારીના નજાકત રૂપમાં કેવા પલોટાઈ ગયા ? ગુરુને મોં દેખાડવું ભારે પડી ગયું.

પેલા ઘોર તપસ્વી સૌભરિ સંન્યાસી ! તળાવના તળિયે બેસીને કલાકો સુધી ધ્યાન ધરતા હતા. પણ ત્યાં મત્સ્યયુગલને મૈથુન-ક્રીડા કરતા જોઈને એક જ પળમાં કામાંધ બની ગયા હતા.

એવા તો કેટલાય વ્યાસો, ગૌતમ-ઋષિઓ, વિશ્વામિત્રો વગેરે કામના નાનકડા હુમલામાં પણ પાણી પાણી થઈ ગયા છે.

ખરી વાત કરું ? જો 'નારી'થી આઘા-સદાના આઘા-રહેવાય : કોઈ પણ નારી ક્યારે ય પાસે આવે જ નહિ એવું કાંક થાય તો જ અકામ બની રહેવાય. બાકી હું ત્યાં ગયો કે તે મને ભટકાઈ ગઈ.... એમાં તો સત્યાનાશ જ છે. બચવાનું કામ લગભગ અશક્ય છે.

સ્વાનુભવ કહે છે કે જો દેવની પરા ભક્તિ થાય તો મનમાં કામ-વાસના જાગ્રત જ ન થાય અને જો ગુરુ : મહાન ગુરુ : ની કૃપા થઈ જાય : તેની મીઠી નજર પડી જાય તો કોઈ અશુભ નિમિત્ત

સાથે સંપર્ક થાય જ નહિ. એથી 'અકામ' અવસ્થા જળવાઈ રહે.

બાકી રાડ પાડીને કહું છું કે કામવિજય આ કાળમાં અશક્ય છે : અશક્ય છે : અશક્ય છે.

એમાં વળી, જે વિગઈઓનું નિત્ય સેવન કરે છે કે નારી સાથે હસીખુશીથી વાતો કરે છે તે તો ન જ બચી શકે. કદાપિ ન બચી શકે.

**गृहं च गृहवार्त्तां च, राज्यं राज्यश्रियोऽपि च ।**
**समर्प्य सकलं स्त्रीणां चेष्टन्ते दासवज्जनाः ॥ १२७ ॥**

**ઘર, ઘરની વાત, રાજ્ય અને રાજલક્ષ્મી-બધું - સ્ત્રીને હસ્તક કરીને લોકો તેના દાસની જેમ વર્તે છે.**

**નોંધ :** આ કેટલી બધી કમનસીબીની વાત કહેવાય કે બુદ્ધિ, શક્તિ અને પુણ્યાઈમાં પ્રાયઃ ચડિયાતો પુરુષ નારીના રૂપમાં લોભાઈ પડીને બધું તેને સોંપી દે છે. અરે, રૂપ ન હોય તો ય કેટલીક વાર જાતીય વાસનાના અદમ્ય જોરને કારણે નારીનો ગુલામ બનીને રહે છે.

સમ્રાટ પૃથ્વીરાજ રાણી સંયુક્તામાં પાગલ થઈને બરબાદ થયો. દેશને પણ પાયમાલ કર્યો. આ જ કામ જવાહરલાલ નેહરુએ કર્યું. લોર્ડ માઉન્ટબેટનની પરણેતર લેડી એડ્વીનાના મોહપાશમાં ફસાયા. તેની જીદને મંજૂર રાખીને ભારત દેશના બે ટુકડા કર્યા.

ઘણા બધા રાજાઓએ આ રીતે નારીને ચરણે મસ્તક ઝુકાવ્યું છે. તેના પ્રત્યેની કાળી વાસનાથી તેના ગુલામ બન્યા છે.

એડવર્ડ આઠમાએ નારીના સ્નેહની સામે બ્રિટનનો તાજ ગુમાવ્યો હતો.

રૂપકોશાનું દેહસુખ પામવા માટે સિંહવિજેતા મુનિએ સાધુપણું ગુમાવ્યું હતું. ભર ચોમાસામાં નદીનાળા વટાવીને નેપાળ પહોંચ્યા હતા.

નારીનો દાસ એ કોનો નહિ દાસ ?

વાસનાનો ભિખારી; સર્વત્ર ભિખારી.

**सा मित्रं सैव मन्त्री च सा बन्धुः सैव जीवितम् ।**
**सा देवः सा गुरुश्चैव सा तत्वं स्वामिनी च सा ॥ १२८ ॥**

**रात्रौ दिवा च सा, सा, सा, सर्वं सर्वत्र सैव हि ।**
**एवं स्त्र्यासक्तचित्तानां क्व धर्मकरणे रतिः ॥ १२९ ॥**

**સ્ત્રી એ જ મિત્ર, તે જ મન્ત્રી, તે જ બન્ધુ, તે જ જીવન.**

**તે જ દેવ, તે જ ગુરુ, તે જ તત્ત્વ અને તે જ સ્વામીની.**

**રાતે ને દિવસે, સર્વ ઠેકાણે જે કાંઈ છે, તે તે, તે અને તે જ.**

**આ પ્રમાણે સ્ત્રીમાં જ આસકત-ચિત્તવાળા પ્રાણીઓને ધર્મ કરવામાં આનંદ ક્યાંથી હોય ?**

**નોંધ :** સાચા સંસારત્યાગીઓને સર્વત્ર 'ભગવાન' દેખાય, કામીઓને સર્વત્ર 'સ્ત્રી' દેખાય.

ગ્રન્થકારશ્રીએ અહીં કામીની મનોદશાનું આબેહૂબ વર્ણન કર્યું છે.

કામીને સર્વત્ર સ્ત્રી દેખાય.

આ મોહરાજની કેવી કમાલ છે કે તેણે જગતમાં સ્ત્રી નામનું રૂપાળું તત્ત્વ મૂકીને મર્દ ગણાતી પુરુષજાતને તેના દ્વારા દુર્ગતિ ભેગી કરી છે. કરોડો, અબજો પુરુષોને તેણે આ સ્ત્રી પાત્ર દ્વારા પાયમાલ કરી નાંખ્યા. સાધુઓ, સંન્યાસીઓ, જોગીઓ વગેરેના સંસારત્યાગને એક ક્ષણમાં નારી દ્વારા ધૂળભેગો કરી દીધો !

બચ્યા છે, માત્ર પ્રભુભકતો અને જ્ઞાનયોગીઓ !

હા. કદાચ અત્યન્ત પવિત્ર એવા માતપિતાનાં સંતાનો પણ બચે.

હા. એ વાત વિશેષમાં જણાવી દઉં કે મોહરાજની પાસે નારી સ્વરૂપ કન્દર્પ કરતાં ય એક વધુ ભયાનક તત્ત્વ છે, દર્પ : અહંકાર.

જ્યા કામ હાર્યો છે ત્યાં અભિમાન જીત્યું છે.

નજરમાં લાવો, કામવિજેતા સ્થૂલભદ્રજીને ! દર્પના એક જ તાતા તીરે ખેલ ખતમ થયો.

નજરમાં લાવો, નંદિષેણને... કામ શાન્ત હતો છતાં 'અહં' જાગી ગયો અને પળવારમાં પતન થઈ ગયું.

નજરમાં લાવો, સાધ્વી લક્ષ્મણાને... કામ હતો જ નહિ પણ અભિમાને લોથ વાળી નાંખી.

હા. ઓલી રુકિમ - સાધ્વીજીનું પણ એવું જ થયું.

હાય ! આપણા માટે તો બે ય ભૂંડા ! કન્દર્પ અને દર્પ.

**स्त्रीसमुद्रेऽत्र गम्भीरे निमग्नमखिलं जगत् ।**
**उन्मज्जति महात्माऽस्माद् यदि कोऽपि कथञ्चन ॥ १३० ॥**

**ખૂબ ઊંડાણ ધરાવતા આ સ્ત્રીરૂપી સમુદ્રમાં આખું જગત્ ડૂબી ગયેલું છે. કોઈક મહાત્મા જ આમાંથી કોઈ પણ રીતે બહાર નીકળે તો નસીબદાર.**

**નોંધ :** આ શ્લોકમાં ગ્રન્થકારશ્રી સ્ત્રી-તત્ત્વની ભયાનકતા ખૂબ વધુ જણાવે છે.

સામાન્યતઃ રસનેન્દ્રિય ભયાનક છે, પરન્તુ જાતીય વાસના એથી પણ વધુ ખતરનાક જણાવાઈ છે. એક વિદેશી ચિન્તકે સ્ટમક અને સેકસની વૃત્તિઓને ઉત્તરોત્તર ભયંકર જણાવી છે.

નારીનો દેહ દુર્ગંધીથી ભરેલો છે. પુરુષ નવ દ્વારોથી દુર્ગંધ બહાર કાઢે છે. તો નારી બાર દ્વારેથી દુર્ગંધ ફેંકે છે. આમ છતાં, તેની પાસે સહજ રીતે જે સૌન્દર્ય છે તે પુરુષને - મોટા વિદ્વાનો, મહારથી કે સત્તાધારીઓને - ચક્કરમાં નાંખી દે છે. ચામડી નીચે ધરબાયેલી બધી ગંદકી પુરુષની નજરમાંથી બહાર નીકળે છે. પુરુષ તેનામાં પાગલ બને છે.

ખરેખર તો માત્ર ચામડીનો રંગ એ જ આકર્ષણ નથી. પરન્તુ જાતીય વાસના જ જોરમાં હોય છે. એ જાગ્રત થયા વિના રહેતી નથી. જાગ્યા પછી પુરુષ ભોગ માટે ઉતાવળો થયા વિના રહી શકતો નથી. આથી એક વાર કાળી કે કદરૂપી પણ સ્ત્રી જોવા મળે તો ય ઘણા બધા પુરુષો ઉશ્કેરાઈ જતા હોય છે.

આથી જ શાસ્ત્રોમાં કહ્યું છે કે, ''સો વર્ષની દાદીમાએ પોતાના સાત વર્ષના પૌત્રના પુત્ર સાથે એક પથારીમાં સૂવું નહિ. સાધુએ પોતાની સંસારી બા કે બે વર્ષની નાનકડી સગી બેનને પણ અડવું નહિ.

જાતીય આવેગોથી બચવાનું કામ અતિ અતિ મુશ્કેલ છે. કોઈ વિરલો જ બચી શકે.

અધ્યાત્મસાર ગ્રન્થમાં કહ્યું છે કે, ''કામ એ ચંડાલ છે: અત્યન્ત નિર્દય છે. શાસ્ત્રોના પોથાનાં પોથાં ભણી જનારા પંડિતો ઉપર પણ તે તૂટી પડે છે. હા. જેની ઉપર જ્ઞાની સદ્‌ગુરુની કૃપા થઈ હોય તેને તે અડકી પણ શકતો નથી.

જો કે નર કરતાં નારીની જાતીય વાસના અષ્ટગુણ વધુ જણાવાઈ છે. પરંતુ તેને વાસના ઝટ જાગતી નથી, જાગ્યા પછી ઝટ શમતી નથી. નરને વાસના ઝટ ભડકે છે, ભડક્યા પછી ઝટ શમે છે.

જાતીય વાસનાના ભોગવટાનો સાધુ-સાધ્વીને સખ્ત નિષેધ છે. એને બીજા મહાવ્રતોની જેમ અપવાદે પણ રજા મળતી નથી. એનું મુખ્ય કારણ એ છે વાસનાના ભોગવટામાં શરીરની સૌથી મોટી શક્તિ- વીર્ય- નો નાશ થાય છે. સાધુ જીવનમાં ખૂબ કાયકષ્ટ છે. આટલું બધું કષ્ટ વીર્યવાન જ સહી શકે; વીર્યનો વ્યય કરનાર આત્મા કઠોર તપશ્ચર્યાદિ કરી શકે નહિ.

વળી, વીર્યક્ષય થતાં ઉત્સાહનો ક્ષય થાય. મુનિ જીવનમાં પ્રતિ દિવસ વિશિષ્ટ ક્ષેત્રો- તપ, સ્વાધ્યાય, પર્યટન, વૈયાવચ્ચ વગેરેમાં પદાર્પણ કરવા માટે ચિત્તનો અદમ્ય ઉત્સાહ અત્યન્ત આવશ્યક છે. નિરુત્સાહીથી તો કાચો પાપડ પણ ભાંગી શકાય નહિ.

'નારી' શબ્દથી વાસના સમજવી. નરને જેમ નારીની વાસના છે તેમ નારીને નરની વાસના હોય છે. બે ય સરખા દોષિત છે. વાસના એ નારીવાચક શબ્દ છે. એટલે વાસના શબ્દની જગાએ નારી શબ્દ પ્રયોજાય છે.

'નારી નરકની દીવડી' કહેવાય છે. તેનો અર્થ એ ન સમજવો કે નર- બધા ય સ્વર્ગના દીવડા છે.

'નારી નરકની દીવડી' એટલે વાસના નરકની દીવડી.

બેશક, નારી પાસે વાસનાની કાતીલતા વધુ હોય છે. તદુપરાન્ત, તેનું શારીરિક લાવણ્ય પણ અત્યન્ત કામણગારું હોય છે અને તેથી જ તેની આગમાં પુરુષ-પતંગિયા એકદમ લોભાઈને કૂદી પડે છે ખરા.

જેણે નિર્મળ બ્રહ્મ-વ્રત પાળવું હોય તેણે 'નારી'થી સો ગાઉ છેટા રહેવું.

જે આગને અડે તે દાઝ્યા વિના ન રહે. આ એક મહાસત્ય છે. એવું બીજું મહાસત્ય જણાવું કે જે આગને અડે નહિ તે દાઝે જ નહિ.

''સૌથી વધુ બૂરું શું ?'' એવો સવાલ રાજા ભોજે સભાસદોને પૂછ્યો. મહાકવિ કાલિદાસે જવાબ શોધવા બહુ વિચાર્યું, પણ સફળતા ન મળી. એક દી તેમની જુવાન દીકરીએ નાનકડું ત્રાગું કરીને જવાબ મેળવી આપ્યો.

તે રાતે પિતાજીને ખૂબ માદક ભોજન કરાવ્યું. પછી સોળ શણગાર સજીને સાવ એકલા બેઠેલા પિતાજીની પાસે દીકરી આવી.

તેનું અતિ મોહકરૂપ પિતાએ જોયું. એકાએક દીવા બુઝાયા. પિતાએ દીકરીને પોતાના બાહુપાશમાં ખેંચવા યત્ન કર્યો.

દીકરી બોલી ઊઠી, ''બાપુજી ! બાપુજી ! આ શું કરો છો ? હું તમારી દીકરી છું.'' અને કવિરાજ સ્વસ્થ થઈ ગયા. ખૂબ પશ્ચાત્તાપ કરવા લાગ્યા.

દીકરીએ કહ્યું, ''બાપુજી ! અતિ બૂરો છે એકાંત... હવે જવાબ જડી ગયો ને ?''

જે એકાંતમાં યોગીને રામ જડે તે એકાંતમાં ભોગીને કામ જડે.

વ્યાસ મુનિએ તદ્દન સાચી વાત કરી છે કે, સગી માવડી, બહેન કે દીકરી સાથે પણ એકાંતમાં બેસવું નહિ. કેમ કે ઇન્દ્રિયોની ઉત્તેજના ખૂબ કાતીલ હોય છે. વિદ્વાનોને પણ તે પછાડી નાંખે છે.

**दूरे दूरतरे वाऽस्तु खड्गधारोपमं व्रतम् ।**
**हीनसत्वस्य ही चिन्ता स्वोदरस्यापि पूरणे ॥ १३१ ॥**

**સત્વહીન સાધુને તલવારની ધાર ઉપર ચાલવા જેવું મહાવ્રતપાલન તો શું થવાનું છે ? એને તો પોતાનું પેટ ભરવાની જ ચિન્તા રહેતી હોય છે.**

**નોંધ :** આનંદઘનજીએ ચૌદમા ભગવંતના સ્તવનમાં કહ્યું છે કે, ''જે નટુવાઓ માંચડો બાંધીને, તેના દોરડે આડી તલવાર ગોઠવીને તેની ધાર ઉપર પગ મૂકીને ચાલી શકે છે તે બાજીગરો પણ ચારિત્ર-પાલન રૂપી તલવારની ધાર ઉપર પગ મૂકવાને સમર્થ નથી.

પરમાત્માની આજ્ઞાને અક્ષરશઃ પાળવારૂપ ચારિત્ર - જીવન અતિશય દુષ્કર છે. ભલભલા છક્કડ ખાઈ ગયા છે !

નંદિષેણ ગબડી ગયા.

અરણિક મુનિ પટકાઈ ગયા.

અષાઢાભૂતિના રામ રમી ગયા.

રહનેમિ રહેંસાઈ ગયા.

હા. શાતાવેદનીયના ઉદયરૂપ- ઔદયિકભાવનું મોજમજા કરવા માટે અને માલમલીદા ખાવા માટે મળતું ચારિત્ર જીવન (માત્ર મુનિવેષનું ધારણ) ખૂબ સુલભ છે. પરન્તુ જે વાસ્તવિક સાધુત્વ છે : જે ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમભાવથી પ્રાપ્ત થાય છે તેઃનું પાલન અતિ અતિ કઠિન છે.

આવું ચારિત્ર તે મહાત્મામાં હોઈ શકે જેમને પ્રતિકૂળતાઓમાં જ પુષ્કળ આનંદ આવતો હોય.

અનુકૂળતાઓમાં આનંદ અનુભવનારા આત્મા વેષધારી, દંભી સાધુઓ છે. આવા સાધુઓ સંસારી જીવો કરતાં ય ખૂબ વધુ ભૌતિક મોજમજા કરતા હોય છે.

સંસારે એક સ્ત્રી ! અહીં અનેક !

સંસારે એક રસોડાનું જ ભોજન ! અહીં અનેક રસોડાની મનભાવતી વાનગી !

દેખાવે રોડપતિ ! ચરણોમાં આળોટે કેટલાય કરોડપતિ ! સારું બધું ભોગવવાની ઇચ્છા સિવાય કોઈ જ ઇચ્છા નહિ. મોક્ષની નહિ, સદ્ગતિની પણ નહિ.

**यत् तदर्थं गृहस्थानां बहुचाटुशतानि सः ।**
**बहुधा च करोत्युच्चैः श्वेव दैन्यं प्रदर्शयन् ॥ १३२ ॥**

કેમ કે તે પોતાનો નિર્વાહ કરવા માટે કૂતરાની જેમ દીનતા દર્શાવતો (પૂંછડી પટપટાવતો) સેંકડો જાતની ખુશામત કરે છે.

નોંધ : સંસારી લોકો આ લોકને જ નજરમાં રાખે, માને, જીવે.

સ્ટમક અને સેક્સ એ તેમના જીવનના મુખ્ય બે ઘટકો. આની પાછળ તેમનો બધો જીવન-કાળ પસાર થાય. તેમને આ બે માટે ધનની ખૂબ જ અપેક્ષા રહે. જો સંતોષવૃત્તિ ન હોય તો પુષ્કળ ધનની અપેક્ષા રહે. પુણ્ય પહોંચે અને પુષ્કળ ધનવૈભવ મળી જાય તો તેમાં આસક્ત થવા દ્વારા ખૂંપીને બરબાદ થાય. જો પુણ્ય પહોંચે નહિ તો ઈચ્છાઓની પૂર્તિ ન થતાં પુષ્કળ આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાનમાં ફેંકાઈને ખલાસ થાય.

બે ય બાજુ ઘણા બધા રોગોની શકયતા રહે.

મૃત્યુ દ્વારા જે તમામ ઊઠેલા પ્રશ્નો પોતાના માટે ખતમ થઈ જવાના છે તે પ્રશ્નોના ઉકેલોમાં જ બિચારો સંસારી જીવ હેરાન પરેશાન થઈ જાય છે.

આવી જ સ્થિતિ માત્ર કપડાં બદલેલા (સ્વભાવ બદલેલા નહિ) સાધુની જો થાય તો તે આ ધરતી ઉપરની અત્યન્ત કરુણતા કહેવાય.

સાધુને જો આ લોકના જ 'સ્ટમક', 'સેકસ' અને ઉપરાન્ત 'ઈગો' સતાવતા હોય, અને તે પણ તેમાં જ આખું જીવન ખૂંપી જતો હોય તો તે સંસારી રહ્યો હોત તો શું ખોટું હતું ?

આ લોક માટે તો સંસાર હતો જ. બધી મોજ માણી શકાતી હતી.

તે બધાનો ત્યાગ પરલોક અને પરમલોકને નજરમાં રાખવાથી જ થયો છે. પછી સાધુ થઈને વળી આ લોકની ચિંતાઓ ! આ તો હદ થઈ ગઈ.

સાચો સાધુ તે છે, જેને પરમલોકની પ્રાપ્તિનું એક માત્ર લક્ષ છે.

મધ્યમ કક્ષાના જીવો સ્વર્ગાદિ પરલોકને નજરમાં રાખે છે.

પણ જે આ લોકને જ 'તરબતર' બનાવવાની કોશિશ સાધુવેષ પહેરીને કરે છે તે તો સાવ અધમ સાધુ છે. આવાઓએ વહેલી તકે સંસારી બની જવું જોઈએ, જેથી હરામનું (મફતનું) ખાવાનો દોષભાર તેમના માથેથી ઓછો થાય.

**त्वमार्या त्वं च माता मे त्वं स्वसा त्वं पितुःश्वसा**
**इत्यादिज्ञातिसम्बन्धान् कुरुते दैन्यमाश्रितः ॥ १३३ ॥**

**દીન બનેલો સાધુ લવારો કરે છે, "ઓહ, તું તો મારી સાસુ થાય. અરે, તું તો મારી મા. તું મારી બહેન. તું મારી ફોઈ."**

**બિચારો, આ રીતે કુટુંબના સંબંધોને યાદ કરે છે.**

**નોંધ :** જેની નજર 'આલોક'માં જ અટવાઈ છે; તેને માટે એ વાત નક્કી થાય છે કે, "તે કદાચ દેહથી ભિન્ન કોઈ આત્મા છે : તે નિત્ય છે : તેને પરલોકે જવાનું છે : ત્યાં બાંધેલાં કર્મો ભોગવવા પડશે." આમાંની કોઈ વાતમાં પાકી શ્રદ્ધા ધરાવતો નથી. આ

સિવાય પોતાનું પેટ ભરવા માટે કે પોતાને જરૂરની વસ્તુઓ કે પૈસો મેળવવા માટે તેને આવી રીતે-સંસારી સંબંધોને યાદ કરવા પડે.

જ્યારે એક આત્મા દીક્ષા લે છે ત્યારે તેના માટે બધા સંસારી સંબંધીઓ મરી ગયા બરોબર થાય. અને તે સાધુ પણ તેમના બધા માટે મરી ગયો કહેવાય. કોર્ટની ભાષામાં તેનું 'સિવિલ ડેથ' થયું કહેવાય. આથી જ સંસારીપણાનો સગો બાપ પણ મરી જાય તો તેની પાછળ તેના સાધુ બનેલા દીકરાએ કશું સ્નાનસૂતક કરવાનું હોતું નથી.

બાપાના મૃત્યુના સમાચાર સાંભળીને જેની આંખે મોહદશાના આંસુ પડી જાય તે આત્મા સાધુ જ ન કહેવાય. આવા સાધુઓને પેલા નમિરાજર્ષિનું વાક્ય સંભળાવવું જોઈએ :

मिहिलाए डज्झमाणीए न मे डज्झइ किंचण ।

**अहं त्वदीयपुत्रोऽस्मि कवलैस्तव वर्धितः ।**
**तव भागहरश्चैव जीवकस्ते तवेहकः ॥ १३४ ॥**

**एवमादीनि दैन्यानि क्लीबः प्रतिजनं मुहुः ।**
**कुरुते नैकशस्तानि कः प्रकाशयितुं क्षमः ॥ १३५ ॥**

"હું તારો દીકરો છું. તેં જ આપેલા ભોજનથી મોટો થયો છું."

"હું તમારો ધંધાકીય ભાગીદાર છું."

"હું તમારો સંસારીપણાનો નોકર છું."

"હું તમારો ચાહક છું."

**આ રીતે તે કાયર પુરુષ પ્રત્યેક મનુષ્ય પાસે વારંવાર અનેક પ્રકારની દીનતાઓને જે રીતે કરે છે તેને ખુલ્લી કરવા માટે શબ્દોનું સામર્થ્ય નથી.**

**નોંધ :** કયાં ઓલા આનંદઘનજી ! પહેરેલાં વસ્ત્રો પણ - તમામ - તેના દાતા ભગતને આપી દીધા ! કયાં ઓલા વીરાચાર્ય ! રાજા સિદ્ધરાજના રાજ-સન્માનને એક ક્ષણમાં થૂંકી નાંખ્યું !

કયાં ઓલા સિદ્ધિચન્દ્રજી ! શાહજાદી અને સત્તાની એક સાથે થનારી પ્રાપ્તિને હસી નાંખી.

અને ક્યાં ઈહલોકના કોઈ સુખની પ્રાપ્તિ માટે ભિખારીની જેમ ભટકતા કેટલાક સાધુઓ ! સગાવાદ બતાડતાં, લાગવગ લગાડતાં, મસ્કાબાજી કરતાં આ સાધુઓ પોતાની મુક્તિ અને સદ્‌ગતિને કેટલા ગાઉ છેટી કરી દેતા હશે ?

સાચા જ્ઞાનગર્ભવિરાગના અભાવમાં જે આત્મા સાધુ થતો હશે તેમની જ આવી દીન, હીન દશા થતી હશે.

સાચો સાધુ તો તે છે, જેને સંસારીપણે જે રૂપાળી સ્ત્રી, લાખોનું ધન કે વિશાળ સત્તા મળતાં હતાં તેનાથી સવાયા કે બમણા હવે-સાધુ થયા બાદ મળે ત્યારે તેની ઉપર થૂ થૂ કરતા હોય. સાચો સાધુ તે છે જેને વૈભવ-વિલાસમાં આળોટતાં ભોગલંપટ જીવોના ઠાઠઠઠારાઓને જોઈને દયા આવતી હોય કે, ''આ બિચારાઓનું પરલોકે શું થશે ? હાશ. સારું થયું કે મને મારા ગુરુદેવે સંસારમાંથી ઉગારી લીધો !

સાચા સાધુને ભોગ કે ભોજનની દીનતા કદી ન હોય. એને તો ભિક્ષા લેવા નીકળવા છતાં ન મળે તો તપોવૃદ્ધિનો આનંદ થાય.

અને ભિક્ષા મળે તો એની સંયમવૃદ્ધિ થાય.

પોતાના માલિક પાસેથી દૂધ-પાઉં મેળવવા માટે પૂંછડી પટપટાવતા ઓલા કૂતરા જેવી દશા સાચા સાધુની કદી જોવાં ન મળે.

હાય ! બિચારો ! ભોગ-ભોજન લંપટ સાધુ ! નહિ સંસારનો રહ્યો, નહિ સાધુપણાનો રહ્યો.

બિચારા બાવાના બે ય ભવ બગડ્યા.

**आगमे योगिनां या तु सैंही वृत्तिः प्रदर्शिता ।**
**तस्यास्त्रस्यति नाम्नापि का कथाऽचरणे पुनः ॥ १३६ ॥**

**આગમશાસ્ત્રમાં સાધુઓને સિંહ જેવી (અદીન) વૃત્તિ રાખવાનું જણાવાયું છે, તેનું તો વર્ણન સાંભળીને જ આ (શિથીલ) સાધુ ધ્રૂજવા લાગે છે તો તેનું આચરણ કરવાની તો વાત જ ક્યાં રહી ?**

**નોંધ :** જે જીવ સિંહની માફક ત્રાડ નાંખીને મોહરાજાને જીતવા માટે સાધુજીવનમાં ધસી ગયો છે અને મોહરાજને ખતમ કરવાના બધા દાવ પૂરજોસમાં ખેલે છે એ આત્મા સિંહવૃત્તિવાળો કહેવાય.

મોત આવી જાય તો ય એ દીનતા ન લાવે, તો નાની સૂની-ઘાયલ થવા જેવી વાતમાં - તો દીન થાય જ શેનો ?

અતિ કઠોર મુનિજીવન હોવા છતાં સાચા સાધુનું સત્ત્વ નબળું ન પડે. જેમ સિંહ ઘાસ ખાઈને જીવવાનું પસંદ ન કરે તેમ આજ્ઞા-બાહ્ય જીવન જીવવા માટે સાધુ કદી તૈયાર ન થાય. ભયંકર ઉપસર્ગોમાં તે મોતને ભેટી લે પણ નબળી વાત તે કદી કરે નહિ.

સિંહની જેમ સંસાર ત્યાગનારો સિંહની જેમ જ સાધુપણામાં વિચરે. એ કદી શિયાળ બને નહિ.

કેટલાક આત્માઓ સિંહની જેમ સંસાર તો ત્યાગે છે પરન્તુ પછી આસપાસના નબળા નિમિત્તો, વિષમ કર્મોદયો, સદ્‌ગુરુ વિયોગ વગેરેના કારણે સાવ શિયાળ જેવા ઢીલાઘેંસ થઈ જતા હોય છે. આ બિચારાઓ પોતાના આલોકને જ તરબતર કરવાની પ્રવૃત્તિમાં રાત ને દી લાગી પડે છે. એમને શિયાળ બન્યાની કોઈ નાનમ પણ લાગતી નથી કે સિંહ બનવાની વૃત્તિ પણ પુનઃ જાગ્રત થતી નથી.

**किन्तु सातैकलिप्सुः स वस्त्राहारादिमूर्च्छया ।**
**कुर्वाणो मन्त्रतन्त्रादि गृहव्याप्तिं च गेहिनाम् ॥ १३७ ॥**

**कथयंश्च निमित्ताद्यं लाभालाभं शुभाशुभम् ।**
**कोटिं काकिणिमात्रेण हारयेत् स्वं व्रतं त्यजन् ॥ १३८ ॥**

**પરન્તુ તે ભૌતિક સુખની જ અભિલાષાવાળો બનીને વસ્ત્ર, આહાર આદિની આસક્તિને પોષવા માટે દોરા, ધાગા કરે છે. ગૃહસ્થોના ઘર સંબંધિત ચિન્તા કરે છે. નિમિત્ત વગેરેને તથા લાભ-હાનિ, શુભાશુભ વગેરેને કહે છે. આમ, પોતાના વ્રતનો ત્યાગ કરતો તે એક નયા પૈસા માટે કરોડ રૂપિયા ખોઈ બેસે છે!**

**નોંધ :** પરપદાર્થમાંથી રાગ ઉઠાવી લીધા બાદ જો અંતરંગ-એવા આત્માનંદની અનુભૂતિ ન થાય તો ફરી બાહ્ય ભોગાનંદ હૈયાનો કબજો કરી લે.

જો દેવ-ગુરુ પ્રત્યે રાગ પેદા થાય નહિ તો સ્ત્રી વગેરેનો રાગ ઘૂસી ગયા વિના રહે નહિ.

ખાલી પડેલા મનમાં પ્રશસ્ત ભાવોનો પ્રવેશ થવો જોઈએ. જો તે ન બને તો તે મનનો કબજો 'શેતાન' લીધા વિના રહે નહિ.

જે ગુરુ છે તેમની આ વિષયમાં વિશેષ જવાબદારી ગણાય. જો તે ઉપર્યુક્ત કાર્ય ન કરી શકે તો આશ્રિતનું જીવન ઊથલી પડવાની શક્યતા ઘણી બધી રહે.

જે ભૌતિક સુખોનો ત્યાગ કરીને આત્મા દીક્ષા લે છે તે જ ભૌતિક સુખોની સામગ્રી-વાંઝિયાને સંતાન, ગરીબને ધન, રોગીને આરોગ્ય, પ્રેમીને પાત્ર વગેરે - મેળવી આપવાનું કામ સાધુ કરે તો તેનો સંસાર કેટલો બધો વધી જાય ?

જેની નજરમાંથી પોતાનો પરલોક હટી ગયો છે તે જ આત્મા સંસારી લોકોના સુખાદિની હાટડી ચલાવે. મુનિજીવન સરીયામ બરબાદ કરે.

આ સ્થિતિને પામેલો સાધુ આટલેથી જ અટકી શકતો નથી. એ નારી સાથેના ગાઢ સંબંધોમાં આવીને અંતિમ પતન વારંવાર પામે છે. એટલે સુધી ન પહોંચે તો ય સાંસારિક બાબતોમાં જે અઘોર સાવદ્ય સેવાતું હોય છે તેનું તીવ્ર અનુમોદના કરવા દ્વારા મહાવ્રતોનો ભૂકો બોલાવે છે.

આવા આત્માઓનું પરલોકે ભાવિ અતિશય દયનીય બને છે. કાં તેઓ તિર્યંચમાં જાય છે અથવા એકદમ હલકી કક્ષાના વાણવ્યંતર દેવ બને છે, જ્યાં 'જીવન' જેવી કોઈ વસ્તુ નથી.

પરમલોકની લગનવાળો જીવ મોક્ષ પામે; પણ સ્વર્ગાદિ સદ્ગતિ પામવા માટે ય પરલોકની ચિન્તા તો હોવી જ જોઈએ. સ્વ-પરની આલોકચિન્તા એ તો સાધુનું અધમાધમ કાર્ય છે.

**चारित्रैश्वर्यसंपन्नं पुण्यप्राग्भारभाजनम् ।**

**मूढबुद्धिर्न वेत्ति स्वं त्रैलोक्योपरिवर्त्तिनम् ॥ १३९ ॥**

**ततश्च भिक्षुकप्रायं मन्यमानो विपर्ययात् ।**

**भावनिःस्वधनेशानां ललनानि करोत्यसौ ॥ १४० ॥**

બિચારો મૂઢબુદ્ધિ ! એટલું ય સમજતો નથી કે પોતે ચારિત્રસંપન્ન છે; મહાન્ પુણ્યનો સ્વામિ છે અને ત્રણેય લોકના જીવોથી ઘણી ઊંચી કક્ષાએ બેઠેલો છે !

**વળી, બુદ્ધિ ઊંધી થતાં પોતાને ભિખારી જેવો માનતો એ સાધુ ભાવરૂપી ધન વિનાના ધનવાનોની ખુશામત કરતો રહે છે.**

**નોંધ :** હવે જેની નજરમાં માંત્ર આ લોકના ભોગસુખોની પ્રાપ્તિ જ મુખ્ય બની છે તેને ધન વિના શી રીતે ચાલે ? એથી એ ધનવાનોની પાછળ ભટકતો રહે છે. તેમની ખૂબ ખુશામત કરે છે.

સાચો સાધુ તો તે છે, જેની પાછળ ધનવાનો ફરે, અને તે ધનવાનોની જરાય પરવા કરતો ન હોય જેની પાસે આવેલા ધનભૂખ્યાઓની ધનભૂખ - તે મહાત્માનાં દર્શન, શ્રવણાદિ દ્વારા ખતમ થઈ જાય, સંસાર અકારો લાગી જાય.

જો સાધુઓ જ સંસારની હાટડી નાંખશે અને સંસારીઓનાં સંસારકાર્યો કરવા લાગશે તો તેમની જાતજાતની અશુભ વૃત્તિઓનું શમન કોણ કરશે ? એના માટે તો સાધુએ પોતાના ચારિત્રબળની ઊંચાઈને ખૂબ ઊંચે લઈ જવી પડે. તે માટે જિનાજ્ઞાના પાલન અને પક્ષપાતમાં કટ્ટર બનવું પડે.

આ કાર્ય જૈન સાધુ સિવાય કોઈ કરી શકે તેમ નથી; માટે જૈન

સાધુએ બીજી કોઈ પણ જિનાજ્ઞાબાહ્ય પ્રવૃત્તિમાં પડવું ન જોઈએ.

આઈન્સ્ટાઈન જેવો વિશ્વોત્કૃષ્ટ વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં બેઠો બેઠો કામ કરે. એને કાંઈ ખેતીના કામમાં લગાડાય ? ભલેને અનાજ દ્વારા લોકોની તાત્કાલિક પેટની આગ ઠરતી હોય !

**प्रशान्तस्य निरीहस्य सदानन्दस्य योगिनः ।**

**इन्द्रादयोऽपि ते रङ्कप्रायाः स्युः किमुतापराः ॥ १४१ ॥**

**જેની આંતરવૃત્તિઓ શાન્ત થઈ છે, જેને કોઈ સ્પૃહા નથી અને જે સદા આનંદમાં મગ્ન છે તેવા યોગી આગળ ઈન્દ્ર વગેરે પણ રંક જેવા છે તો બીજાઓની તો શી વાત કરવી ?**

**નોંધ :** મને પેલા ભારતીય સંત યાદ આવે છે જેણે સિકંદરની કાંઈક માંગવાની પ્રાર્થના સામે માંગ્યું કે, ''જરાક આઘો ખસ. મને સૂર્યનો તડકો આવે.'' બીજા સંતે કોઈ રાજાની ભરપૂર પ્રસન્નતાની સામે વાત કરી કે, ''મારી આ તુંબડી રંગાવી આપ.''

આનંદઘનજી પાસે આવેલો મહામૂલો સુવર્ણસિદ્ધિનો રસ તત્ક્ષણ ઢોળી નાંખ્યો !

કો'ક સંન્યાસીને પારસમણિ મળ્યો તો સદા માટે ઝૂંપડાના બાંબુમાં ભરાવી રાખ્યો !

જેનું અતિ પ્રસન્ન ચિત્ત પોતે જ સર્વોત્કૃષ્ટ કોટિનું ધન હોય એને વળી સુવર્ણસિદ્ધિના રસની કે પારસમણિની કિંમત શું હોય ?

યોગીઓની તો વાત ઠીક છે; પણ એવા યોગીઓની જે સાધકો ઉપર કૃપા થાય છે તે સાધકોની મસ્તી પણ આસમાનને અડી જતી

હોય છે. એમનેય મસમોટાં સામ્રાજ્યો અને તેના માલિકો થૂ કરવા જેવા લાગે છે.

અબજો રૂપિયાની સંપત્તિનો સ્વામી, છ ખંડના સામ્રાજ્યનો માલિક જે સ્વામિત્વનો આનંદ માણે તેનાથી ઘણો વધુ, પરમાત્માના દાસત્વનો આનંદ પ્રભુભકતો માણે.

ગૂર્જરેશ્વર કુમારપાળ પરમાત્માને રોજ પ્રાર્થના કરતા, ''તારા શાસનનું ભિક્ષુત્વ મને આપ. આ મારું અઢાર દેશનું માલિકીપણું તું લઈ લે.''

જેની આંતર વૃત્તિઓ અશાન્ત છે એ દુઃખી છે. જેની તે વૃત્તિઓ સ્થિરભાવે શાન્ત થઈ ગઈ છે તે આત્મા તો આ જગતનો બેતાજ બાદશાહ છે : શાહોનો પણ શાહ : શહેનશાહ છે. એને મોટા ચમરબંધીની પણ પરવા હોતી નથી.

એને દેશપાર કરાતો નથી, કેમ કે એને આખી વસુધા દેશ છે.

એને જાનથી મરાતો નથી, કેમ કે એ આત્માના અમરત્વનું ગાન ગાતો ફરે છે.

એને લૂંટી શકાતો નથી કેમ કે એનું ધન એના અન્તસ્તલમાં છે.

આવા સદાનન્દી સંતોને તો નરદેવો અને દેવદેવો પણ ઝૂકે છે.

**किं विभुत्वेन किं भोगैः किं सौन्दर्येण किं श्रिया ।**
**किं जीवितेन जीवानां दुःखं चेत् प्रगुणं पुरः ॥ १४२ ॥**

**જો આગળ ઉપર દુઃખો તૂટી જ પડવાનાં હોય તો સત્તા, ભોગો, લક્ષ્મી કે જીવનને માણવાનો અર્થ જ શું છે ?**

**નોંધ :** જે માથું ઉતારી નાંખતી ગોળીમાં એક ટકો પણ હેમરેજ થવાની શક્યતા રહેલી હોય તે ગોળી ડાહ્યો માણસ કદી ખાતો નથી. ૯૯ ટકા હેમરેજ થવાની શક્યતા નહિ હોવા છતાં ૧ ટકાનું જોખમ પણ લેવા તે તૈયાર હોતો નથી.

ડાહ્યો માણસ તે છે જે દૂરદર્શી છે. તે એવો દૂધપાક - ગમે તેવો મજેનો - તો ન જ પીએ જેમાં ઝેર મેળવ્યાથી પંદર મિનિટ બાદ મોત ત્રાટકે.

આ લોકનાં ભોગસુખો એવાં છે જેના અંજામમાં દુર્ગતિઓનાં ભયાનક દુઃખોનાં વાવાઝોડાં-દીર્ઘકાળ સુધી - ધસમસતા આવતા રહે છે.

કસાઈના પાડાને લીલા મજાના જવ ખવડાવાય, ખૂબ તગડો કરાય. પણ જ્યારે મહેમાનો આવે ત્યારે તેને કાપી નંખાય.

લીલા જવના મૂલ કેટલા મોંઘા? બગડેલા લોહી ઉપર બેસાડાતી જળો, લોહી પીને કેવી તગડી થાય ? પણ પછી કેવી ભયંકર રીતે નિચોવાય ?

ભોગસુખો કિંપાકફળ જેવા મધુર ખૂબ, પરન્તુ તેની જેમ અંજામ (મોત) અતિ ભયાનક.

ગ્રન્થકારશ્રી કહે છે કે એવા ભોગી જીવનથી નજર ફેરવી લો. એ આપાતરમ્ય છે પણ પરિણામ કટૂ છે.

ભોગસુખ ક્ષણનું, કર્મબંધ મણનો. ફલતઃ દુઃખ ટનનું. કોને પરવડે, આ ભોગસુખનો ભોગવટો ?

**नार्थ्यते यावदैश्वर्यं तावद्घायाति सम्मुखम् ।**
**यावदभ्यर्थ्यते तावत् पुनर्याति पराङ्मुखम् ॥ १४३ ॥**

**अधैर्यादविचार्येदमिच्छाव्याकुलमानसः**
**हा हा हेति तदर्थं स धावन् धावन् न खिद्यते ॥ १४४ ॥**

જ્યાં સુધી ઐશ્વર્યની ઈચ્છા હોતી નથી. ત્યાં સુધી તે ઐશ્વર્ય સામેથી આવીને પડે છે અને જ્યારે તેની ઈચ્છા થાય છે ત્યારે તે દૂર ભાગતું હોય છે.

બિચારો જીવ, અધીરતાના કારણે આ વાતનો વિચાર કર્યા વિના માત્ર ઈચ્છા જાગતાં વ્યાકુળ બનેલો તે વસ્તુ માટે દોડાદોડ કરતાં (જરા ય) થાકતો નથી.

નોંધ : ખરેખર તો બધુ 'નિયતિ' પ્રમાણે બનતું હોય છે. હજી ભાગ્ય (કર્મો)ને ફેરવી શકાય પરન્તુ નિયતિને ફેરવી શકાતી નથી.

સારાં કામ કે ઈષ્ટ કાર્ય માટે જીવ પુરુષાર્થ કરે; કેમ કે તેને ભાવિ પરિણામરૂપ નિયતિ શું છે ? તેની ખબર નથી. પરન્તુ તેણે પુરુષાર્થ કરતી વખતે એ વાતનો બરોબર ખ્યાલ રાખવાનો છે કે અન્તે તો જે મારી નિયતિ હશે તે જ થવાનું છે. એટલે મારે 'ગાંડો' - અન્યાય, અનીતિ, કપટ, હિંસા વગેરેથી યુકત-પુરુષાર્થ તો નહિ જ કરવો. મારો પુરુષાર્થ પરંપરાગત મૂલ્ય-આધારિત હોવો જોઈએ. ખોટાં કામ મારે નહિ કરવાં જોઈએ. આ પછી નિયતિ પ્રતિકૂળ જશે તો ય, ''મેં ખોટાં કામ કર્યાં નથી.'' એવું આશ્વાસન તો મને મળશે જ.

આખો સંસાર નિયતિ ઉપર છોડવો જોઈએ, જેથી અધીરાઈ, અવિચારિતા, કૃતઘ્નતા વગેરે દોષો સેવવાનો પ્રસંગ ન આવે.

આખો ધર્મમાર્ગ પુરુષાર્થ ઉપર રાખવો જોઈએ. ત્યાં 'નિયતિ'ને આગળ કરીને નિષ્ક્રિય નહિ બની રહેવું જોઈએ.

જો આ વાત વિચારાય કે ''બધું નિયતિ પ્રમાણે બરોબર બની રહ્યું છે : Everything is in order." અથવા ઈશ્વરકર્તૃત્વને સાપેક્ષ રીતે સ્વીકારીને જો આ વાત હૃદયમાં સ્થિર કરી લેવાય :

(૧) જીવ ! તું શીદ ને ચિન્તા કરે.
હરિને કરવું હોય તે કરે ..... જીવ ! તું.....

(૨) જે ગમ્યું દેવ જગદીશને
તેહ તણો ખરખરો ફોક કરવો....

તો..... ઘણી બધી પરપદાર્થ પાછળની ગાંડી દોટ અટકી જાય. આમ થતાં, ઘણા બધા આર્ત્તધ્યાનમાંથી ઊગરી જવાય.

માનવજીવનને એ રીતે બરબાદ કરવાનું જરા ય પાલવે તેવું નથી.

**स्थिरो धीरस्तु गम्भीरः संपत्सु च विपत्सु च ।**
**बाध्यते न च हर्षेण विषादेन न च क्वचित् ॥ १४५ ॥**

**જે આત્મા સ્થિરતાવાળો છે, ધીર અને ગંભીર છે, તે આત્મા સારી સ્થિતિમાં હર્ષ ઘેલો થતો નથી કે આફતના સમયમાં વિષાદથી ઘેરાતો નથી.**

**નોંધ :** સ્થૈર્ય, ધૈર્ય અને ગાંભીર્ય એ ગુણોના સમૂહમાં વિશિષ્ટ

કોટિના ગુણો છે. જેઓ આ ત્રણ ગુણોના સ્વામી છે તેમનું માનવજીવન સફળ થાય છે. કૌટુંબિક જીવનમાં 'સંપ' પામે છે. જીવનમાં 'શાન્તિ' અનુભવે છે અને ચિત્તમાં 'પ્રસન્નતા' મેળવે છે. આવા શાન્ત અને ગંભીર આત્માઓનું દ્રવ્ય આરોગ્ય પણ સારું રહે છે.

જો આ આત્માઓ મુનિજીવન પામ્યા હોય તો તેમાં ય તે જબરી સફળતા પ્રાપ્ત કરે છે.

પુણ્યના ઉદયકાળમાં અનુકૂળતાઓ મળે કે માનસન્માનાદિ મળે તો તે જરા ય ફુલાતા નથી. પાપોદયના કાળમાં પ્રતિકૂળતાઓ આવી પડે કે અપમાનાદિ થાય તો તે જરાય કરમાતા નથી.

ટૂંકમાં, સર્વ સ્થિતિમાં તેઓ સ્થિરભાવમાં રહે છે. અને સમત્વને ધારણ કરે છે.

આવી વિરલ વ્યક્તિઓના સંપર્કમાં આવતા જીવો પુષ્કળ ચિત્ત-સમાધિ પામે છે. દોષોથી મુક્ત થાય છે. પુણ્યનો સંગ્રહ કરે છે.

પુણ્યવંતા આત્માઓને જ આવી વિભૂતિઓનો સંગ થાય. તેમની કૃપા મળે. તેમની અમી નજર પડે.

**ये सिद्धा, ये च सेत्स्यन्ति सर्वे सत्त्वे प्रतिष्ठिताः**
**सत्त्वं विना हि सिद्धिर्न प्रोक्ता कुत्रापि शासने ॥ १४६ ॥**

**જે આત્માઓ ભૂતકાળમાં સિદ્ધપદને પામ્યા છે અને ભવિષ્યમાં સિદ્ધિપદ પામવાના છે તે બધા સત્ત્વભાવમાં સ્થિર હતા.**

**સત્ત્વ વિના સિદ્ધિ ? અસંભવ. કોઈ પણ ધર્મમાં આથી વિરુદ્ધ વાત જોવા મળતી નથી.**

નોધ : સામાન્ય કોટિની - લૌકિક-સફળતા પામવા માટે પણ જો સાત્ત્વિકતાની જરૂર રહે છે તો સિદ્ધપદ જેવા સર્વોત્કૃષ્ટ પદ પામવા માટે તો સત્ત્વભાવ પરાકાષ્ઠાએ જોઈએ જ ને ? આમાં કોઈનો વિવાદ નથી.

જર્મન તત્ત્વચિંતક નિત્સેએ કહ્યું છે કે, ''તમે જરા ય નબળા ન રહો. નબળા રહેવું એ જ પાપ છે : Weakling is evil."

વળી, તેણે, કહ્યું છે કે ''તમે તમારા સત્ત્વને એટલું બધું ઊંચે લઈ જાઓ કે તમારા તેવા અસ્તિત્વ માત્રથી બીજાઓ વ્યવસ્થિત રહે : Live dangerously."

વળી, તે કહે છે કે ''તમે જોરદાર પ્રતિકૂળતાઓમાં જ રહો. એથી તમારું સત્ત્વ ખૂબ ખીલી ઊઠશે. તમારું ઘર લાવારસથી ઊકળતા પહાડોની ઉપર બાંધો. ગમે તે પળે, ગમે તે પ્રતિકૂળ ઘટના માટે એકદમ તૈયાર રહો : Build your houses on volcanoz."

**एवमेव सुखेनैव सिद्ध्यन्ति यदि कौलिकाः ।**
**तद् गृहस्थादयोऽप्येते किं न सिद्ध्यन्ति कथ्यताम् ॥ १४७ ॥**

**જો કશા ય સત્ત્વ વિના-સાવ સહેલાઈથી-વામમાર્ગીઓ મોક્ષ પ્રાપ્ત કરી શકે તેમ હોય તો ગૃહસ્થો પણ કેમ મોક્ષ ન પામે ? તે કહો.**

નોંધ : ખાઈ પીને મોજ મજા કરતાં એવા સત્ત્વહીન વામપંથી સાધુઓને મોક્ષ મળી જાય તો સંસાર ભોગવતા ગૃહસ્થોને પણ મોક્ષ મળવો જોઈએ.

જેઓ ભૌતિક સુખોમાં ઘેલા બન્યા છે. તે બધા સત્ત્વહીન લોકો છે. આ લોકો ત્યાગપ્રધાન ધર્મ કદી કરી શકે તેમ નથી. તપશ્ચર્યાનો તો વિચાર કરતાં જ તેમના હાંજા ગગડી જતા હોય છે. આમ છતાં પોતાની નાસ્તિકતાને છાવરવા માટે-તેનો બચાવ કરવા માટે - તે લોકો એવું બોલતા ફરે છે કે, ''આ લોક મીઠા, તો પરલોક કોણે દીઠા...''

વામમાર્ગી લોકો સુરા અને સુંદરીના સેવનમાં જ ધર્મ જાહેર કરીને પોતાને પરમ-ધાર્મિક મનાવે છે. આ ખૂબ અધમ કક્ષાનો પંથ છે. તેઓ આ રીતે જ મોક્ષપ્રાપ્તિ જણાવે છે.

આવા લોકોની સામે આક્રોશ કરતાં જ્ઞાનીઓએ કહ્યું છે,

"ખાવત પીવત મોક્ષ જે માનત તે શિરદાર બહુ જટમાં'' (મૂર્ખાઓમાં)

મોક્ષ એટલે સર્વદોષમોક્ષ; સર્વકર્મ મોક્ષ; સર્વસંસ્કારમોક્ષ.

આ અતિ અતિ મુશ્કેલ છે. દેવાધિદેવ પરમાત્મા મહાવીરની મોક્ષ પામવા માટેની સાડા બાર વર્ષની અતિ ઘોર સાધના સાંભળતાં તો એમ લાગે કે જો આવી ઘોર સાધના કર્યા બાદ જ મોક્ષ મળવાનો હોય તો આપણા માટે મોક્ષ ક્યારેય શક્ય નથી.

પણ આશ્વાસનની એક વાત જ્ઞાનીઓએ કરી છે કે, ''જો તમે તેવી ઘોર સાધના કરીને મોક્ષ પામેલા કે મોક્ષ પામનારા અનંત પંચ પરમેષ્ઠીઓના ઉગ્ર-સત્ત્વનું ભારોભાર અનુમોદન કરો તો તમારો ઝટપટ મોક્ષ થઈ શકશે ખરો.''

પર સુકૃતોનું હાર્દિક અનુમોદન; અને સ્વદુષ્કૃતો તરફ ઘોર ધિક્કાર જો હૈયે સતત રહે તો આપણો ય મોક્ષ જરૂર થાય. તે અશક્ય રહે નહિ.

**सुखाभिलाषिणोऽत्यर्थं, ग्रस्ता ऋध्यादिगारवैः ।**
**प्रवाहवाहिनो ह्यत्र दृश्यन्ते सर्वजन्तवः ॥ १४८ ॥**

**જે ભોગસુખના અત્યન્ત ઇચ્છુક છે તે જીવો ઋદ્ધિ, રસ અને શાતાના ગારવથી ગ્રસ્ત હોય છે. એટલે જ બીજા જીવોની પાછળ તેઓ તણાતા રહેતા હોય છે.**

**નોંધ :** અનાદિકાળથી પાંચ ઇન્દ્રિયોના વિષય સુખોમાં ચકચૂર રહેલા જીવે ત્રણ સંસ્કારોને પોતાનામાં અતિ ગાઢ બનાવ્યા છે. (૧) પાંચ ઇન્દ્રિયોની તીવ્ર આસક્તિ (૨) ભોગ સમૃદ્ધિની લાલસા. (૩) દેહની અતિ સુખશીલતા.

આ ત્રણ ગાઢ સંસ્કારો કોનામાં નહિ હોય ? સાચા સંસારત્યાગી સાધુઓ જ ઊગર્યા છે. તેઓ આ ત્રણેયના પ્રવાહની સામે પૂરા સત્ત્વશાળી બનીને ધસે છે. આવું સત્ત્વ ઘણાખરા જીવોમાં નહિ હોવાથી તેઓ તો એ સંસ્કારોના પ્રવાહમાં અન્ય જીવોની સાથે તણાતા રહે છે.

બહુ ઓછા જીવોને સત્સંગ પ્રાપ્ત થાય છે. સત્સંગ થવા સિવાય રસ, ઋદ્ધિ અને શાતાના સંસ્કારોની વિપાકકટૂતા વગેરે ખ્યાલમાં આવતી નથી. એ વાત ખ્યાલમાં આવ્યા પછી તેમનો ત્યાગ કરવાનું અને એ ત્યાગને દીર્ઘકાળ સુધી ટકાવી રાખવાનું સત્ત્વ તો બહુ જ ઓછા જીવોમાં હોય છે.

દેહ અને ઇન્દ્રિયો સાથે આત્માનો ગાઢ સંબંધ અને ભોગસુખની કારમી આસક્તિમાંથી આવી સત્ત્વહીનતા પ્રગટ થતી હોય છે.

**एवमेव सुखेनैव सिद्धिर्यदि च मन्यते ।**
**तत्प्राप्तौ सर्वजन्तूनां तदा रिक्तो भवेद् भवः ॥ १४९ ॥**

**જો ભોગસુખો ભોગવતાં જ જીવનો મોક્ષ થઈ શકે છે એવું માનવામાં આવે તો સંસારના તમામ જીવોને મોક્ષ પ્રાપ્ત થઈ જાય. આમ થતાં સંસાર જીવશૂન્ય બની જાય.**

**નોંધ :** સંસારમાં ત્રણ પ્રકારના જીવો છે : (૧) ભવ્ય (૨) અભવ્ય (૩) જાતિભવ્ય.

અભવ્યમાં મોક્ષમાં જવાની પાત્રતા જ નથી. જાતિભવ્યમાં મોક્ષમાં જવાની પાત્રતા હોવા છતાં તે કદી જ્યારે પ્રત્યેકપણું જ પામી શકતો નથી ત્યારે પંચેન્દ્રિયપણું; માનવભવ, મુનિપણું વગેરે પામવાની શકયતા રહેતી નથી. આથી તે જીવની જાતિ ભવ્યની હોવા છતાં તેનો અભવ્યની જેમ ક્યારે ય મોક્ષ થતો નથી.

વળી, તમામ ભવ્ય જીવોનો ય મોક્ષ થતો નથી. હા, એટલું કહી શકાય કે જે જીવો મોક્ષ પામે છે તે નિશ્ચિતપણે ભવ્ય હોય છે.

હવે જો ભોગસુખોમાં તીવ્રતાથી આસકત જીવો મોક્ષ પામી શકે તેમ હોય તો સંસારના તમામ જીવો મોક્ષ પામી જાય. આમ થતાં સંસાર જીવશૂન્ય બની જાય, જે વાત સાવ અશક્ય છે.

આથી જ ખાઈ-પીને, ભોગવીને મોક્ષ પામવાની વાત સાવ ગલત વાત છે. મોક્ષ તો ત્યાગ, તપશ્ચર્યા, પરીષહો વગેરેમાં અત્યન્ત સત્ત્વશાળી જીવ જ પામી શકે.

કહ્યું છે :

હરિનો મારગ છે, શૂરાનો
કાયરનું નહિ કામ જો ને.

**लोकेऽपि सात्त्विकेनैव जीयते परवाहिनी ।**
**उद्धूलिकोऽपि नान्येषां दृश्यतेऽह्नाय नश्यताम् ॥ १५० ॥**

દુનિયામાં ય સાત્ત્વિક માણસો જ દુશ્મનની સેનાને જીતી શકતા હોય છે. સત્ત્વહીન માણસો તો (શત્રુથી ગભરાઈને) ભાગવા લાગે છે. એવાઓમાં કોઈ દોડવીર (ઉદ્ધૂલિક) જોરમાં દોડતો હોય તો તે ય (સત્ત્વહીન) લોકનજરે દેખાતો નથી.

નોંધ : એક સ્થળે કહ્યું છે, "**सर्वं सत्वे प्रतिष्ठितं**" ભાઈ ! બધું ય સત્ત્વમાં સમાયું છે. કોઈ કહે કે, "બધું 'ધન'માં (ધનવાનમાં) સમાયું છે" તો તે ખોટી વાત છે.

જેની પાસે સત્ત્વ છે તેને સાધનોની પણ જરૂર પડતી નથી.

**क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ।**

દુશ્મનની સેના ઉપર હુમલો કરીને જીતવાનું કાર્ય સત્વવાન્ માણસો કરી શકે. ગમે તેવો મોટો દોડવીર (ઉદ્ધૂલિક) હોય પણ જો તે ભાગતા લોકોની સાથે ભાગતો હોય તો તેને લોકો જરાય ગણકારતા નથી. જાણે કે તેને દેખતા જ નથી. જેને જગતના સૌથી મોટા દુશ્મન - કર્મ-ની ખબર પડી ગઈ છે એ આત્મા સત્ત્વશાળી હોય તો જ એ ભયાનક દુશ્મન સામે લડવાનો વિચાર કરી શકે; લડવાની હિંમત કરી શકે, લડી શકે અને લડીને વિજયવંતો પણ બની શકે.

અનંતકાળથી અનંતી કાર્મણ-સેનાઓ આત્માના અસંખ્ય પ્રદેશોનો કબજો જમાવીને બેઠો છે. આત્માના અનંત સામર્થ્યને

દબાવી દીધું છે. એને ખતમ કરી નાંખવા માટે તો પ્રચંડ પરાક્રમ કરવું જ પડે. નબળા-દૂબળાથી કર્મક્ષય થઈ શકે નહિ.

ઓલા સનત્ ચક્રીને કર્મોના કાવાદાવાની ગંધ આવી કે તરત તેણે સર્વવિરતિની તલવાર હાથમાં ઉઠાવીને સાતસો વર્ષ સુધી એકધારો જંગ ચલાવ્યો. વિજયવંતા બન્યા.

સુકોશલ અને કીર્તિધરમુનિ (પુત્ર-પિતા), ખંધકમુનિ, ગજસુકુમાલ મુનિ, સ્કંદકસૂરિજીના ૫૦૦ શિષ્યો, મેતાર્ય મુનિ વગેરે કેટલા બધા ઉગ્ર-સત્ત્વશાળી આત્માઓ હતા !

યાદ રાખો, બાહ્ય શત્રુ ઉપર વિજય મેળવવામાં જે સત્ત્વ જોઈએ તેનાથી અનંતગુણ સત્ત્વ આંતર.શત્રુ ઉપર વિજય મેળવવા જોઈએ.

સત્ત્વ દાખવો : સમત્વ પામો.

સત્ત્વ દ્વારા ઘાતી કર્મોને ખતમ કર્યા વિના તો સમત્વ પ્રાપ્ત નહિ જ થાય. સમત્વ વિના વીતરાગત્વ, સર્વજ્ઞત્વ અને સિદ્ધત્વની પ્રાપ્તિ તદ્દન અસંભવિત છે.

**लोकोत्तरान्तरङ्गस्य मोहसैन्यस्य तं विना ।**
**संमुखं नापरैः स्थातुं शक्यते नात्र कौतुकम् ॥ १५१ ॥**

**સત્ત્વ વિના લોકોત્તર કક્ષાનું જે અન્તરઙ્ગ મોહસૈન્ય છે તેની સામે ઊભા રહેવું પણ શક્ય નથી. આમાં જરાય આશ્ચર્ય પામવું નહિ.**

**નોંધ :** એક કવિએ ગાયું છે :

ન્યારી ન્યારી નિતાન્ત નઠારી હો,
ગતિ, મોહકર્મની ન્યારી....

આનંદઘનજીએ કહ્યું છે -

મૂલડો થોડો ને ભાઈ !

વ્યાજડો ઘણો રે ભાઈ, વ્યાજડો ઘણો રે...

ટૂંકી વાત એટલી જ છે કે પૂરી તાકાતથી મોહરાજની સામે તૂટી પડાય તો જ તેને જીતી શકાય.

વૈરાગ્ય કલ્પલતામાં મહોપાધ્યાયજીએ મોહરાજના સૈન્ય દ્વારા ધર્મરાજના નગરજનોને અપાતો ગેરીલા- પદ્ધતિનો દશાપાંમાર ત્રાસ વર્ણવીને જણાવ્યું છે કે એથી ધર્મરાજ હેરાન-પરેશાન થઈ ગયા. શી રીતે મોહરાજના લૂંટારું- બહારવટિયાઓની ધાડ ઉપર વિજય મેળવવો તેની ચિંતામાં પડી ગયા.

એ વખતે ધર્મબોધકર નામના મહામન્ત્રીએ દેવાધિદેવની ત્રણ પ્રકારની ઉપાસના-પદ્ધતિનો વિલક્ષણ પ્રયોગ સૂચવ્યો હતો. તમામ નાગરિકો એ ઉપાસનામાં બેસી જતાં પેલા દુશ્મનો ભાગી છૂટ્યા હતા.

પરમાત્મા (મોરલો) જો અંતરમાં પધારી જાય તો એ લાખો ઝેરી સાપોને દૂમ દબાવીને ભાગી જ છૂટવું પડે ને ?

**सर्वमज्ञस्य दीनस्य दुष्करं प्रतिभासते ।**

**सत्त्वैकवृत्तिवीरस्य ज्ञानिनः सुकरं पुनः ॥ १५२ ॥**

**અજ્ઞાની એવા દીન આત્માઓને બધું મુશ્કેલ લાગતું હોય છે. સત્ત્વ એ જ જેનું જીવન છે તેવા વીર જ્ઞાની પુરુષોને બધું સહેલું લાગતું હોય છે.**

**નોંધ :** આ શ્લોકમાં ગ્રન્થકારશ્રીએ સત્ત્વનું કારણ જ્ઞાનદશા બતાવી છે. જે માણસ પાસે આત્મા, કર્મ, પુરુષાર્થ અને પ્રારબ્ધ, પરલોક, કર્મવિપાકો અને મોક્ષ સુધીની વાસ્તવિક સમજ છે તે આત્માનું સત્ત્વ કર્મક્ષય, દુઃખક્ષય, દોષક્ષય માટે ઊછળી પડ્યા વિના રહેતું નથી.

ગમે તેવો સત્ત્વહીન અને આળસુ કોઈ માણસ હોય પણ જો તેને ખબર પડે કે તે જે મકાનમાં મેડા ઉપર સૂતો છે તે મકાનને ચારે બાજુથી આગે ઘેરી લીધું છે, મેડાનો દાદર પણ આગથી સળગી ઊઠ્યો છે - ત્યારે તે આળસુ શિરોમણિ પણ સફાળો ઊભો થઈને પહેલા માળેથી ઠેઠ નીચે ભૂસકો મારી દે કે નહિ ?

હા. જ્યાં સુધી આગની ખબર પડી નથી ત્યાં સુધી તે માણસ સાવ સત્ત્વશૂન્ય દેખાવવાનો ખરો.

આ ઉપરથી એ વાત નક્કી થઈ કે જ્ઞાની બન્યા વિના સાત્ત્વિક બની શકાતું નથી.

તો હવે એ વાત પણ જાણી લઈએ કે સદ્‌ગુરુની પ્રાપ્તિ સિવાય જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

એટલે હવે નીચે પ્રમાણેનો વિકાસ ક્રમ આપણી નજર સમક્ષ આવે છે.

(૧) ગુરુપ્રાપ્તિ, (૨) જ્ઞાનિત્વ, (૩) વિરક્તિ (૪) સાત્ત્વિકતા, (૫) સમતા, (૬) અપ્રમત્તતા, (૭) વીતરાગતા (૮) સર્વજ્ઞતા (૯) સિદ્ધત્વ.

ગુરુપ્રાપ્તિથી શરૂઆત કરીને સિદ્ધશિલામાં જઈ પહોંચવા માટેનો આ ક્રમ છે.

**द्वित्रास्त्रिचतुरा वापि यदि सर्वजगत्यपि ।**
**प्राप्यन्ते धैर्यगाम्भीर्यौदार्यादिगुणशालिनः ॥ १५३ ॥**

આખા જગતમાં જો ધીરતા, ગંભીરતા અને ઉદારતા આદિ ગુણોથી શોભતા માણસો મળે તો તે માંડ બે ત્રણ મળે અથવા ત્રણ ચાર મળે.

નોંધ : ગ્રન્થકારશ્રીને એ વાત કહેવી છે કે સાત્ત્વિકતા કેળવવા માટે જીવનમાં અધીરાઈ, છીછરાપણું વગેરે દોષો બાધક છે. ધીરતા વગેરે ગુણોના અભ્યાસ વિના જીવનમાં સત્ત્વ પ્રગટ થતું નથી.

ટૂંકમાં શક્તિમાન્, ધનવાન્, દોષવાન્ કે ભોગવાન્ માણસોમાં સત્ત્વવૃત્તિ સંભવતી નથી. આ વસ્તુ માત્ર ગુણવાન માણસોમાં જોવા મળે.

વિશિષ્ટ ગુણો ધરાવતા માણસો અતિશય ઓછી સંખ્યામાં જ પ્રાપ્ત થવાની સંભાવના છે.

**बाहुल्येन तदाभासमात्रा अपि कलौ कुतः ।**
**बुसप्रायैस्तु लोकोऽयं पूरितो भवपूरकैः ॥ १५४ ॥**

પૂર્વ શ્લોકમાં જે ગુણો કહ્યા તે ગુણોવાળા તો માણસો પ્રાયઃ ન મળે પણ તે ગુણોનો બાહ્ય આભાસ લાગતા માણસો પણ આ કલિકાલમાં મોટા પ્રમાણમાં મળી શકે તેમ નથી. કેમ કે આ વિશ્વ તો પોતાને મળેલો ભવ પૂરો કરી દેવા માટે શ્વાસ લેનારા સત્ત્વહીન જીવોથી ભરેલું છે. જાણે કે ભૂંસું ભરેલા ચાડિયાઓથી જગત ભરેલું છે.

**નોંધ :** પૂર્વે ગ્રન્થકારશ્રીએ કહ્યું હતું કે, ''વર્તમાનકાલીન લગભગ બધા જીવો મિથ્યાદૃષ્ટિ છે.''

આ જ વાત આ શ્લોકમાં બીજી રીતે તેમણે કરી છે કે :

''આખું જગત સત્ત્વહીન છે.''

સત્ત્વહીનતાનું કારણ જીવોની ભોગલંપટતા છે.

પ્રાયઃ દરેક જીવને ભોગસુખોમાં તીવ્રતમ રસ છે. આ રસ એ માત્ર રસ નથી; તે નશો છે.

દારૂ કરતાં ય ભૂંડો આ નશો છે. આ નશામાં રાત ને દી પડી રહેનારા જીવોમાં સત્ત્વ ક્યાંથી જોવા મળે ? દુનિયાભરની વાતો કરીને ઘણીબધી ચતુરાઈ દેખાડતા બુદ્ધિજીવી લોકો પણ નાનકડા ત્યાગ, તપ કે શૌર્યનું સત્ત્વ દાખવી શકતા નથી. નાનકડો પણ દોષ દફનાવવા જેટલી હિંમત ઊભી કરી શકતા નથી. ઊલટું, એ લોકો દોષોના સાવ ગુલામ હોય છે. એવી ગુલામી એમને 'મીઠી' લાગે છે. હવે દોષદહનના સત્ત્વની તો તેમની પાસે આશા જ ક્યાંથી રાખી શકાય ?

આખું વિશ્વ ભોગરસી છે. તેથી સત્ત્વહીન બન્યું છે. એમની પાસે ગંભીરતા, ધીરતા વગેરે ગુણોના આભાસની પણ આશા રાખી શકાય તેમ નથી.

બિચારા એ જીવો ! લુહારની ધમણની જેમ માત્ર શ્વાસોચ્છ્વાસ લીધા કરે છે. એમના ભાગે આ ભવ પૂરો કરવા માટે જેટલા શ્વાસ કર્મે દીધા હોય તે પૂરા કરીને પોતાનો ભવ પૂરો કરી નાંખે છે.

હાય ! એમને આ માનવભવના મૂલ સમજાયા જ ન હોય તો એ બિચારા બીજું કરે પણ શું ?

પશુ કરતાં જરાય સારી સ્થિતિ આ લોકોની જોવા મળી શકે તેમ નથી.

માનવભવ પામવા સુધી આવી ગયેલા જીવો - તળાવે આવીને તરસ્યા પાછા જવાની રીતે - પાછા દુર્ગતિમાં ચાલી ન જાય તે માટે એક જ વસ્તુની સૌપ્રથમ જરૂરિયાત છે, સદ્ગુરુના સંગની.

આ સત્સંગ જ gate way of Dharma છે.

**मानुष्यं दुर्लभं लब्ध्वा ये न लोकोत्तरं फलम् ।**
**गृह्णन्ति सुखमायत्यां पशवस्ते नरा अपि ॥ १५५ ॥**

**જેઓ દુર્લભ માનવભવ પામીને, ભવિષ્યમાં સુખ દેનારા લોકોત્તર ફળને ગ્રહણ કરતા નથી તે મનુષ્ય હોવા છતાં પણ પશુ છે.**

**નોંધ :** પૂર્વના ભવોમાં જે જીવો પશુ આદિના ખોળિયે હતા. ત્યાં જેમણે ભૂખ, ટાઢ વગેરે ખૂબ સહવારૂપ ધર્મ કર્યો. એ હલકી કક્ષાના ધર્મથી તેમણે હલકી કક્ષાનું પુણ્ય બાંધ્યું. આ પુણ્યથી જેમને માનવદેહ મળ્યો તે બધા જીવો ભીતરમાં તો પશુ જ હોય. એમનો એ માનવભવ હલકી ક્વૉલીટીનો કહેવાય.

વિશિષ્ટ રીતે, મોક્ષ પામવાના લક્ષ સાથે કે પરાર્થકરણ કરવા દ્વારા જે આત્માઓ પૂર્વ ભવોમાં પુણ્યકર્મનો બંધ કરે તે ઊંચી ક્વૉલીટીનું પુણ્ય હોય. તેનાથી મળતો માનવભવ ઊંચી ક્વોલીટીનો હોય. તેવા માનવદેહ ધારી જીવો ભીતરમાં 'માણસ' હોય, 'દેવ' પણ હોય, 'ભગવાન' પણ હોય.

માનવદેહધારીઓમાં મોટી સંખ્યાના જીવો ભીતરમાં પશુ હોવાથી તેમનું બાહ્ય જીવન દોષોથી ભરેલું હોય. તેમને મોક્ષનું લક્ષ ન હોય, સદાચારોનો પક્ષ પણ ન હોય.

આવા જીવો ભોગના લક્ષવાળા હોય, સંસારના પક્ષવાળા હોય. તેમને લાંબા સમય સુધી મોક્ષ તો નથી જ મળવાનો, પણ માનવભવ પણ નથી મળવાનો. તેમની ભોગાસક્તિઓ તેમને ફરી પશુ આદિની દુનિયામાં ધકેલી દીધા વિના રહેતી નથી. જાણે કે ત્યાંથી માનવભવમાં આવતાં રિટર્ન ટિકિટ જ કઢાવી હોય.

આવા જીવોનું પુણ્ય નિતરાં પાપાનુબન્ધવાળું હોવાને લીધે તેઓ દોષોથી ખૂબ રિબાતા હોય છે. તેઓ આ લોકમાંય દુઃખી હોય, પરલોકમાં ય દીર્ઘકાળ લગી દુઃખી હોય.

જેઓ સુખીને જોઈને સ્તબ્ધ થઈ જતા હોય અને તેવા સુખી બનવાનાં સ્વપ્નો સેવતાં હોય તે બધા હલકી ક્વૉલીટીના માણસો કહેવાય. જેઓ સદાચારીઓને જોઈને સ્તબ્ધ થતા હોય છે અને પોતાની સદાચારિતાનાં સ્વપ્નો સેવતાં હોય તે ઊંચી ક્વૉલીટીના માણસો કહેવાય.

હલકા માણસોમાં હેવાનો અને શેતાનો હોય.

ઊંચા માણસોમાં ઈન્સાન, મહાન અને ભગવાન હોય.

બીજાના સુખે દુઃખી તે શેતાન છે.

પોતાના દુઃખે દુઃખી તે હેવાન છે.

બીજાના દુઃખે દુઃખી તે ઈન્સાન છે.

પોતાના દોષે દુઃખી તે મહાન્ છે.

પરમાત્માના વિરહે દુઃખી તે ભગવાન છે.

**तत्पुनर्मोक्षदो धर्मः शीलाङ्गवहनात्मकः ।**
**प्रतिस्रोतःप्लवस्तु साध्यः सत्त्वसारैकमानसैः ॥ १५६ ॥**

**તેથી સાત્ત્વિક માણસો જ અઢાર હજાર શીલાંગરથનું વહન કરવા સ્વરૂપ મોક્ષપ્રદ એવા ધર્મને સાધે છે. એ માટે લોકપ્રવાહની સામે તરવા તૈયાર હોય છે.**

**નોંધ :** નીચેની રીતે મુનિજીવનના અઢાર હજાર યોગો થાય છે.

તે તમામનું વહન કરવું, ક્ષતિ થાય ત્યાં શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરી લેવું એનું જ નામ ધર્મ. આવો ધર્મ નજીકના જ ભવોમાં મોક્ષ આપ્યા વિના રહેતો નથી.

૩ યોગ - મન-વચન-કાયા.

૩ કરણ - કરણ-કરાવણ-અનુમોદન

૪. સંજ્ઞા - આહાર - ભય- મૈથુન-પરિગ્રહ

૫. ઈન્દ્રિય- સ્પર્શ-રસ-ગંધ-ચક્ષુ-કર્ણ

૧૦. પૃથ્વીઆદિ-પૃથ્વી-અપ-તેઉ-વાયુ-વનસ્પતિ બેઈ-તેઈ-ચઉ સંજ્ઞિ પંચે- અસંજ્ઞિ પંચે

૧૦ યતિધર્મ- ક્ષાન્તિ આર્જવ-માર્જવ મૃદુતા-અકિંચન-બ્રહ્મચર્ય તપ-શૌચ - સત્યં વગેરે.

---

૧૮૦૦૦

પાણીના પૂરના પ્રવાહે તરવું અને સામે પૂરે તરવું એમ બે પ્રકારની વૃત્તિઓ હોય છે. પહેલી આનુસ્રોતસિકી વૃત્તિ છે. બીજી પ્રાતિસ્રોતસિકી વૃત્તિ છે.

સાવ બાળ (અજ્ઞાની) જીવો પહેલી વૃત્તિને આધીન રહે છે. ભોગસુખોમાં રસવૃત્તિ એ આ વૃત્તિનું બીજું નામ છે.

જ્ઞાની કક્ષાના જીવો બીજી વૃત્તિઓને સેવે છે. યોગાવસ્થામાં લીનતા એ આ વૃત્તિનું બીજું નામ છે. ભોગપરાઙ્મુખતા પણ તેને કહી શકાય. આ જ્ઞાનીઓનો બહુ મોટો તપ છે.

સાત્ત્વિક આત્માઓ લોકહેરી પ્રમાણે ચાલતા નથી. એમની જ્ઞાનદશાને લીધે તેઓ પોતાનું કલ્યાણ બીજી વૃત્તિ દ્વારા જુએ છે.

આમાં મનનું ઘણું દમન કરવાનું હોવાથી; ભોગવૃત્તિઓનું શમન કરવાનું હોવાથી આ વૃત્તિને બહુ મોટો તપ કહેવામાં આવ્યો છે.

અજ્ઞાનીઓને જે રસ ભોગાનંદમાં હોય છે તેથી અનંતગુણ રસ જ્ઞાનીઓને બ્રહ્માનંદમાં હોય છે.

પહેલો પરપુદ્ગલના સંગમાં સુખ કલ્પે છે. બીજો આત્મરમણતાને જ સુખ કહે છે, જ્યાં પરપદાર્થના સંગનો પડછાયો પણ હોતો નથી.

પૂર્વે મેં કહ્યું હતું કે, પાણીના પ્રવાહને અનુકૂળ થઈને તરવાનું કામ મરેલી માછલી કરે. (સત્ત્વહીન માણસો કરે.) સામા પૂરે તરવાનું કામ માત્ર જીવતી માછલી (સત્ત્વશાળી માણસો) કરી શકે.

**ततः सत्त्वमवष्टभ्य त्यक्त्वा कुग्राहिणां ग्रहम् ।**
**क्रियतां भोः सुधर्मस्य करणायोद्यमः सदा ॥ १५७ ॥**

**હે લોકો ! તેથી તમે સત્ત્વનું આલંબન કરો. કદાગ્રહી લોકોના આગ્રહ (કદાગ્રહ) ભાવને ત્યાગો. અને સદ્ધર્મના પાલન માટે સદા ઉદ્યમ કરો.**

નોંધ : ગ્રન્થકારશ્રી કહે છે કે સત્ત્વ એ બહુ મોટી વસ્તુ છે. પણ સત્ત્વશાળી માણસો કદાગ્રહે ચડી જઈને કુધર્મનો માર્ગ અપનાવે તો તે ઉચિત નથી. એટલે સત્ત્વશાળી લોકોએ અભિમાનમાં આવીને કોઈ વાતનો કદાગ્રહ નહિ કરવો. અને સદ્ધર્મનો જ આશ્રય લેવો.

સત્ત્વનું જોર લાવીને કોઈ માણસ દીવાલને મૂઠી મારી દે તો હાથ ભાંગી જાય. જ્યાં ત્યાં જેમ તેમ આવેશમાં આવીને મૂઠી ઉગામાય નહિ. સાત્ત્વિક માણસોએ નમ્રપણે અને વિચારપૂર્વક દરેક કામ કરવું જોઈએ.

# પાંચમો પ્રસ્તાવ

[શ્લોક : ૪૯]

**कायेन मनसा वाचा यत्कर्म कुरुते यदा ।**
**सावधानस्तदा तत्त्वधर्मान्वेषी मुनिर्भवेत् ॥ १५८ ॥**

**इष्टानिष्टेषु भावेषु सदा व्यग्रं मनो मुनिः ।**
**सम्यङ् निश्चयतत्त्वज्ञः स्थिरीकुर्वीत सात्त्विकः ॥ १५९ ॥**

વાસ્તવિક ધર્મને (જીવનમાં) પકડનારો મુનિ મન, વચન અને કાયાથી જે કાંઈ ક્રિયા કરે ત્યારે અત્યન્ત ઉપયોગવાળો (સાવધાન) રહે.

ખૂબ સારી રીતે તત્ત્વનો જાણકાર બનેલો સાત્ત્વિક મુનિ ઈષ્ટાનિષ્ટ પદાર્થોમાં વ્યાકુળ બનતા મનને સ્વઘરમાં સ્થિર કરે.

નોંધ : વાસ્તવિક ધર્મ એ સ્વાત્મામાં છે; અન્યત્ર ક્યાંય નથી એ વાતની સમજ પડવી એ મુશ્કેલ કામ છે.

બેશક, બાહ્ય સાધનો કે જેનાથી દુર્ગતિ થાય તે અધિકરણો કહેવાય છે, તેમાં તો ધર્મ નથી જ. પરન્તુ જેનાથી સદ્‌ગતિ થવાની પૂરી શક્યતા છે તેવા ચરવળો, મૂર્તિ, ઓઘો, કટાસણું વગેરે ઉપકરણોમાં ય તાત્ત્વિક ધર્મ નથી. એમને જ ધર્મ માની લઈને પુષ્કળ ક્રિયાઓ કરનાર આત્માનો નિસ્તાર થતો નથી.

ધર્મ તો છે એના પૂરા સ્વરૂપમાં-અન્તઃકરણમાં.

ઉપકરણાત્મક ધર્મ ઉપર પ્રારંભિક અવસ્થામાં ભાર મૂકી શકાય પરન્તુ વિકાસની ઊંચી કક્ષા માટે અન્તઃકરણના ધર્મ તરફ વળવું જોઈએ. ત્યાં ધર્મ યોજવો જોઈએ.

જે મુનિ અન્તઃકરણમાં (આતમમાં) શુદ્ધતા કે સ્થિરતારૂપ ધર્મને શોધે છે તેના મન, વચન, કાયાના યોગો 'ઉપયોગ' ભાવપૂર્ણ બને છે. પ્રશસ્ત યોગથી પુણ્યકર્મનો બંધ થાય છે. પરન્તુ કર્મમાત્રનો ક્ષય તો ઉપયોગ અવસ્થાથી થાય છે. આત્માએ પોતાની ઉપયોગ અવસ્થા સતત રાખવી જોઈએ. તે મન વગેરેથી જે કાંઈ વિચારે, ઉચ્ચારે કે આચરે ત્યાં સર્વત્ર તે એકદમ સાવધાન હોય : ઉપયુક્ત હોય : અપ્રમત્ત હોય.

મુનિમાં અપ્રમત્તતાનું આગમન થાય ત્યારે જ તે સાતમા ગુણસ્થાને આરૂઢ થાય; અન્યથા છઠ્ઠા ગુણસ્થાન સુધી જ તેનો વિકાસ થાય.

**अशुभं वा शुभं वापि स्वस्वकर्मफलोदयम् ।**
**भुञ्जानानां हि जीवानां हर्ता कर्ता न कश्चन ॥१६०॥**

**પોતપોતાના કર્મોના ફલના ઉદયોને - પછી તે અશુભ હોઈને દુઃખ દેનારા હોય કે શુભ હોઈને સુખ દેનારા હોય તેમને - જીવ ભોગવતો હોય છે. આ સુખદુઃખનો કર્તા પોતે જ છે, અન્ય કોઈ નથી.**

નોંધ : ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં પરમતસંમત ઈશ્વરકર્તૃત્વનું ખંડન કરે છે.

એવો કોઈ ઈશ્વર નથી જે પોતાની ઇચ્છા પ્રમાણે જગતના જે તે જીવોને સુખ દુઃખ, જીવન મરણ, સદ્ગતિ-દુર્ગતિ આપતો હોય.

ઈશ્વર એટલે સર્વકર્મથી સર્વથા મુક્ત એવો શુદ્ધ આત્મા. તેને આવી કોઈ ઇચ્છા થવી એ તેની અશુદ્ધિ કહેવાય; જે સંભવતી નથી.

અથવા જીવ પોતે જ ઈશ્વર છે. તે જે કર્મો બાંધે છે તે ઉદયમાં આવતાં સુખદુઃખ વગેરે પામે છે. આમ, જીવ પોતે જ પોતાના સુખદુઃખ આદિનો કર્તા છે, ભોક્તા છે.

આ તત્ત્વચિંતન આપણને એ વાતની પ્રેરણા કરે છે કે હે જીવ ! જો તું સત્કર્મ કરીશ તો તું સદ્ગતિ અને સુખ પામીશ. આમાં વચ્ચે 'ઈશ્વર' જેવું કોઈ તત્ત્વ ડખલગીરી કરવાનું નથી. વળી, જો તું દુષ્કર્મો કરીશ તો તું દુઃખો અને દુર્ગતિ પામીશ. પછી તું ગમે તેટલો ઈશ્વરને વચ્ચે પડીને ઉગારવાની પ્રાર્થના કરે તેથી તારું કાંઈ વળવાનું નથી.

હા. તારા દ્વારા બંધાઈ ગયેલાં અશુભ કર્મોનાં ફળો તારે જો ભોગવવાં ન હોય તો - જો તે નિકાચિત બન્યા ન હોય તો - તું ધર્મ કરવા દ્વારા તેમને પાછા આકાશમાં ફેંકી દે. તારા આત્મા ઉપરથી ઉખેડી નાંખ. આ વાત અનિકાચિત કર્મો માટે - તેમના અબાધા-કાળ (શાન્તિકાળ)માં જરૂર શક્ય છે. તને જો તારાં કરેલાં કુકર્મોનો ઘોર પશ્ચાત્તાપ થતો હોય તો તું વિવિધ- ભક્તિ, ક્રિયાકાંડ, પ્રાયશ્ચિત્ત વિરતિ વગેરે-ધર્મોનું હાર્દિક સેવન કરવા લાગી જા.

ટૂંકમાં બધું તારા જ હાથમાં છે. બીજા ઈશ્વર વગેરે - આમાં દખલગીરી કરતા નથી.

**मृतप्रायं यदा चित्तं मृतप्रायं यदा वपुः ।**
**मृतप्रायं यदाक्षाणां वृन्दं पक्वं तथा सुखम् ॥ १६१ ॥**

**જ્યારે ચિત્ત મર્યા જેવું થઈ જાય, જ્યારે શરીર અને ઇન્દ્રિયોનું જૂથ મૃતપ્રાયઃ થઈ જાય ત્યારે જ સાચા (પરિપક્વ) સુખનો અનુભવ થાય.**

**નોંધ :** એક કવિએ ગાયું છે, ''જીવિત મરીએ, નિત પ્રભુભજન કરીએ.''

''ભાઈ ! જીવતા રહેવા સાથે મરી જઈએ અને પ્રભુ ભજન કરતા રહીએ.''

માણસ ભલે શ્વાસોચ્છ્વાસ લેવા રૂપે જીવતો રહે. પણ તેનું તન, મન અને તેની ઇન્દ્રિયો વિષય-કષાયની બાબતમાં મરી ગયેલી હોવી જોઈએ. આ બાબતમાં તેના તન મન વગેરે સાવ શાન્ત - મૃતપ્રાયઃ મડદા જેવા - બની ગયા હોવા જોઈએ. આ સ્થિતિ એ જીવની સાચા સુખની અનુભૂતિની સ્થિતિ છે. વાસનાદિકથી ઉત્તેજિત તન, મન અને ઇન્દ્રિયોનાં સુખ એ વાસ્તવિક સુખો નથી. ખૂજલી ખણવાથી ઊપડતી મીઠી ચળ જેવા તે સુખાભાસ છે.

એક માણસને મોતની સજા થઈ હતી. ઊંડા ખાડામાં ઊભો રાખીને તેની ઉપર ગોળીબાર કરવાનો હતો. અફસરે જ્યારે ગોળીઓ છોડવાનો.... એક... બે... ત્રણ બોલીને આદેશ કર્યો ત્યારે તે માણસ એકદમ ભયભીત બનીને બેભાન થઈ ગયો. સદ્નસીબે તે જ સેકંડે તેની તે સજા રદ કરવાનો આદેશ આવતાં અફસરે ગોળીબાર બંધ રખાવ્યો.

જ્યારે પેલો માણસ ભાનમાં આવ્યો ત્યારે તેને સાચી સ્થિતિનો ખ્યાલ આવ્યો. તે દિવસથી તેને સદા માટેની એવી અનુભૂતિ થતી રહી કે તે મરીને જીવેલો માણસ છે.

આમ થવાથી તેની વાસનાઓ વગેરે સાવ શાન્ત પડી ગયાં.

''હું મરી ગયેલો છું.'' એવી સભાનતાએ તેનો ઉન્માદભાવ ખતમ કરી નાંખ્યો.

આપણે સદા આ સભાનતાથી યુકત રહેવું જોઈએ.

**आजन्माज्ञानचेष्टाः स्वा निन्द्यास्ताः प्राकृतैरपि ।**
**विचिन्त्य मूढ ! वैदग्ध्यगर्वं कुर्वन्न लज्जसे ॥ १६२ ॥**

**હે મૂર્ખ ! સામાન્ય મનુષ્યો પણ નિન્દા કરે તેવી હલકી અજ્ઞાનગત ચેષ્ટાઓ – જન્મથી માંડીને આજ સુધીની – તેં કરી છે, જે તારા ખ્યાલમાં જ છે. છતાં, તું તારી પંડિતાઈ દુનિયામાં દેખાડવા નીકળ્યો છે ?**

**નોંધ :** ગ્રન્થકારશ્રીએ જીવની આંતરસ્થિતિને સાવ નિર્વસ્ત્ર કરી નાંખી છે. લગભગ દરેક જીવ અનેક પ્રકારની માનસિક અધમતાઓનો ભોગ બન્યો હોય છે. કેટલાક જીવોએ તે તે અધમતાઓને કાયામાં લાવી દેવા જેટલી નીચતા પણ આચરી છે. પોતાના પુણ્યના ઓઠા નીચે એણે એવાં કેટલાય કુકર્મો છુપાવીને કર્યાં છે. વિશ્વાસઘાત, કૃતઘ્નતા, ક્રૂરતા, વ્યભિચારિતા, હિંસક્તા, કામાન્ધતા, ક્રોધમયતા વગેરે અઢળક દોષોને જીવ અનેક વખત આ ભવમાં સેવી ચૂક્યો હોય છે.

આવી ભીતરની અંધિયારી આલમનો આ ગુંડો દુનિયામાં શાહુકાર તરીકે ફરે, ગુણવાન સજ્જન તરીકે પોતાને જણાવે તે બદલ ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં તેને ફટકાર્યો છે.

ખરેખર તો જે જીવે કર્મવશ કેટલાક દોષો સેવી દીધા હોય તો પણ તેની તેને ખૂબ શરમ આવવી જોઈએ. અધમ કુકર્મો કર્યા બદલ શરમથી માથું સદા ઝૂકેલું રહેવું જોઈએ. કોઈ તેને સન્માનિત કરે તો તે પણ તેને અંતરથી ગમતું ન હોવું જોઈએ. અંતરમાં પોતે પોતાને ધિક્કારતો હોય તેવી તેની સ્થિતિ હોવી જોઈએ.

આવું કાંઈ પણ ન થતાં જાણે પોતે કોઈ અકાર્ય કર્યું જ નથી એ રીતે મોટા સજ્જનશિરોમણિની જેમ સમાજમાં બિન્ધાસ્ત ફરતો રહે એ તો અત્યન્ત અનુચિત કહેવાય.

આવા જીવોએ કમસે કમ આટલું તો કરવું જ જોઈએ કે પોતે પોતાને 'ગુણવાન્' ન મનાવે. (ભલે 'દોષવાન્' પણ ન બતાડે.)

**निरुन्ध्याच्चित्तदुर्ध्यानं, निरुन्ध्यादयतं वचः ।**
**निरुन्ध्यात् कायचापल्यं तत्त्वतल्लीनमानसः ॥ १६३ ॥**

**તત્ત્વમાં જેનું મન તલ્લીન થયું છે તે આત્માએ ચિત્તનું દુર્ધ્યાન, વચનનો અસંયમ અને કાયાની ચપળતાનો નિરોધ કરવો જોઈએ.**

**નોંધ :** હવે જ્યારે મન તત્ત્વ તરફ વળ્યું છે ત્યારે જીવે મન, વચન અને કાયાના અસંયમ ઉપર નિયન્ત્રણ મૂકી દેવું જોઈએ.

જો નાવડીને હલેસાં મારીને પાણીના પ્રવાહમાં આગળ ધપાવવી જ છે તો તેનું લંગર ખેંચી લેવું જોઈએ.

લંગર સાથેનાં હલેસાં સાવ નિષ્ફળ જાય. જો કે તત્ત્વમાં મન લીન થવા લાગે એટલે સહજ રીતે અતત્ત્વથી મન પાછું ખેંચાઈ જ જાય.

ઓલા રબારીને અતિપ્રિય રાબમાંથી રસ સાવ ઊડી ગયો જ્યારે તેને ઘેબરનો અપૂર્વ સ્વાદ માણવા મળ્યો.

જરૂર છે, બ્રહ્માનંદની.. જો સદ્‌ગુરુકૃપાથી તે માત્ર ચખાઈ પણ જાય તો ભોગાનંદને મન થૂ થૂ કરવા લાગી જાય.

અતત્ત્વમાંથી મનને ઉઠાવીને તત્ત્વમાં વાળવું એ બહુ અઘરું કામ છે.

ઉપમિતિ કથામાં પેલા ધર્મબોધકર (ગુરુ) દ્રમક(આપણો જીવ)ને એંઠું-જૂઠું નહિ ખાવા કેટલું સમજાવે છે? તેનાથી ખરડાયેલા ચપ્પણિયાને ધોઈને સાફ કરવા કેટલો બોધ આપે છે ? પણ દ્રમક ક્યાં માન્યો ? તેની અવળ-મતિને કારણે છેવટે તેને તે એંઠામાં પરમાન્ન (ધર્મ) દેવું પડ્યું. અને એ રીતે દ્રમકને પરમાન્નનો સ્વાદ અને તેના લાભોનો અનુભવ કરાવ્યો.

હા. એટલું થયા બાદ તે જાતે જ એંઠું સાફ કરી દેવા કેવો તૈયાર થઈ ગયો !

જો, એક વાર 'બ્રહ્મ સત્યં' સમજાઈ જાય તો 'જગત્ મિથ્યા' લાગવું જરા ય મુશ્કેલ પડે તેમ નથી.

एस अट्ठे, एस परमट्ठे થયા પછી अनट्ठे થવામાં વાર લાગતી નથી.

**दिनातिवाहिकां कष्टां दृष्ट्वां बन्धादिदुःखिनाम् ।**
**रुद्धमेकान्तमौनाभ्यां तपंश्चित्तं स्थिरीकुरु ॥ १६४ ॥**

**કેદી વગેરે દુ:ખી જીવો કેટલા બધા કષ્ટપૂર્વક દિવસો પસાર કરે છે ? હે જીવ ! તું પણ તપ કરવાપૂર્વક એકાન્તવાસ અને મૌનસેવનપૂર્વક તારા ચિત્તને સ્થિર કરવાનો પ્રયત્ન કર.**

**નોંધ :** માનવકેદીઓ કે પશુઓને કેટલું બધું સહેવું પડે છે ? તેમના મનને તે નાપસંદ હોય તો ય તેમનું કશું ચાલતું નથી. મન તેમ કરવાની ઘણી ના પાડે તો ય મનને મનાવીને - મારીને ય બધું સહવું પડે છે.

આ વાત કરીને ગ્રન્થકારશ્રી સાધક આત્માને પ્રેરણા કરે છે કે તારે પણ તારા મનને કાં શાસ્ત્રોક્ત રીતે મારવું જોઈએ; (દમન કરવું જોઈએ.) અથવા તેને મનાવવું જોઈએ, અથવા તેનું ઊર્ધ્વીકરણ કરવું જોઈએ.

અનાદિકાળના અવળા સંસ્કારોને કારણે મન આ બધું કરવા જરા ય તૈયાર નથી પણ માંકડા જેવા તેને વશ કરવું જ રહ્યું.

મનનું વશીકરણ એ આધ્યાત્મિક જગતની સૌથી વધુ કઠિન સાધના છે. એટલે જ આનંદઘનજી મહારાજે પરમાત્માને પ્રાર્થના કરતાં કહ્યું છે કે હે પ્રભુ ! અત્યન્ત દુરારાધ્ય એવા મનને આપે કબજામાં લીધું છે.

હવે આપ મારા મનને પણ કબજામાં લાવી દો તો ખરા.''

ગ્રન્થકારશ્રીએ તપ, મૌન અને એકાન્તવાસ દ્વારા મનને કબજામાં લાવવાનું જણાવ્યું છે.

તપને કારણે, વિગઈઓના સેવનથી ઉત્પન્ન થતો ઉન્માદ મનમાં થતો નથી.

મૌન વ્યય પામતી આત્મશક્તિને બચાવી આપે છે.

એકાન્તવાસ બાહ્ય જગતના બધા સંબંધો કાપવામાં અત્યન્ત મદદ કરે છે.

જે આત્માને હવે 'મોક્ષ' જ પામવાની ધૂન લાગી છે તે આત્મા અનેક ગ્રન્થોનું વાંચન કે સદ્‌ગુરુમુખે શ્રવણ કરવા દ્વારા આવા અમૂલ્ય ચિંતનો પ્રાપ્ત કરે છે, અને તે વાતોને પોતાના જીવનમાં સત્વર ઉતારી દે છે.

**मुनिना मसृणं शान्तं, प्राञ्जलं मधुरं मृदु ।**
**वदता तापलेशोऽपि त्याज्यः स्वस्य परस्य च ॥ १६५ ॥**
**कोमलाऽपि सुसाम्यापि वाणी भवति कर्कशा ।**
**अप्राञ्जलास्फुटात्यर्थं विदग्धा चर्विताक्षरा ॥१६६ ॥**

**મુનિએ એવું કોમળ, શાન્ત, સરળ, મધુર અને સ્નિગ્ધ વચન બોલવું જોઈએ કે જેથી પોતાને કે પરને લેશ પણ સંક્લેશ (અસમાધિ)ન થાય.**

**તેની કોમળ અને સરસ વાત પણ કર્કશ તો ન જ હોવી જોઈએ. વળી અહંકારવાળી, અસ્પષ્ટ અને વારંવાર બોલાઈને કંટાળાજનક પણ તેની વાણી ન હોવી જોઈએ.**

**નોંધ :** વાણીના અસંયમથી ઘણાબધા ઉત્પાતો વ્યવહારમાં ઊભા થાય છે, જે છેવટે અંતરની સમાધિ ઉપર ઘા કરે છે.

''આંધળાના દીકરા આંધળા જ હોય ને ?'' એવા એક કઠોર, કર્કશ, અને ક્રૂરતાભર્યા દ્રૌપદીના વાક્યમાંથી લાખો માનવોનો સંહાર કરતું મહાભારતનું યુદ્ધ પેદા થયું.

સ્વ-પરના ચિત્તમાં અસમાધિ થવા દેવી ન હોય તો વાણી ઉપર સંપૂર્ણ સંયમ ધારણ કરવો જોઈએ.

સમાધિ જ સદ્ગતિ, મુક્તિનું એકમેવ કારણ છે. તેને તો રક્ષવી જ રહી.

**औचित्यं ये विजानन्ति सर्वकार्येषु सिद्धिदम् ।**
**सर्वप्रियंकरा ये च ते नरा विरला जने ॥ १६७ ॥**
**औचित्यं परमो बन्धुरौचित्यं परमं सुखम् ।**
**धर्मादिमूलमौचित्यं औचित्यं जनमान्यता ॥ १६८ ॥**

**સર્વ કાર્યોમાં સિદ્ધિ અપાવતા ઔચિત્યધર્મને જેઓ જાણે છે** અને જેઓ સર્વનું પ્રિય કરે છે તેવા મનુષ્યો આ લોકમાં વિરલ હોય છે.

**ઔચિત્ય એ પરમબંધુ છે. પરમસુખ છે. ધર્માદિકનું મૂળ છે. લોકમાન્યતાનું પ્રબળ કારણ છે.**

**નોંધ :** માર્ગાનુસારિતાના સાવ પ્રાથમિક ગુણમાં ઔચિત્ય-સેવન કહેલ છે. પુણ્યાનુબંધી પુણ્યકર્મના સ્વામીનું બાહ્ય લક્ષણ, 'સર્વત્ર ઔચિત્યસેવી' કહ્યું છે. ક્યા કાળમાં, ક્યા વિષયમાં શું કરવું ઉચિત છે ? એવી સમજણ તો ઘણા પાસે હોય છે પણ તેનો અમલ કરવાનું તેઓને મુશ્કેલ બને છે. જો સર્વત્ર ઔચિત્યનું સેવન થાય તો જીવનકાળમાં કોઈ દુશ્મન બને નહિ. અથવા દુશ્મન પણ મિત્ર બની ગયા વિના રહે નહિ.

સર્વત્ર ઔચિત્યસેવનથી જ સર્વપ્રિય બનાય.

બીજાનાં કામ કરનારો માણસ સહુને પ્રિય બને તેમાં કાંઈ

આશ્ચર્ય નથી.

ગ્રન્થકારશ્રી એમ કહેવા માંગે છે કે અનુચિત એવા મન, વચન, કાયાના યોગોથી ઘણાબધા સંકલેશો પેદા થાય છે અને અન્યોની સાથે સંઘર્ષો પણ થાય છે. આ બે ય આપણી પ્રગતિમાં મોટી રુકાવટ કરનારાં તત્ત્વો છે. જેણે મોક્ષ પામવો છે તેણે સર્વત્ર ઔચિત્યસેવી બનીને અત્યન્ત લોકપ્રિય બનવું, જેથી સંકલેશો અને સંઘર્ષો ઉદ્ભવે જ નહિ.

બેશક, ઔચિત્યસેવન એ નાનોસૂનો ગુણ નથી કે ઝટપટ પ્રાપ્ત થઈ જાય.

ગુરુકૃપા વિના તેની પ્રાપ્તિ શક્ય નથી.

**कर्मबन्धदृढश्लेषं सर्वस्याप्रीतिकं सदा**
**धर्मार्थिना न कर्त्तव्यं वीरेण जटिनी यथा ॥ १६९ ॥**

**અશુભ કર્મનો દઢ બંધ કરાવનાર, બીજાને અપ્રગતિ થાય તેવું કોઈ પણ કાર્ય નહિ કરવું. પરમાત્મા મહાવીરદેવે તાપસને જેમ અપ્રીતિ થવા દીધી ન હતી.**

**નોંધ :** ધર્મ તે છે જે બીજાને દુઃખી કે પાપી કરાવવામાં નિમિત્ત ન બને. બીજાને અપ્રીતિ થાય તેવું કાર્ય ધર્માર્થી જીવે કરવું જોઈએ નહિ. અપ્રીતિ એ આર્ત્તધ્યાનસ્વરૂપ છે. આ રીતે અન્યને અશુભ કર્મબંધ કરાવાય નહિ.

ધર્મીનું આચરણ એવું હોય જેનાથી સ્વ-પર સહુ- પ્રસન્ન થાય.

કેટલીક વાર ધર્માચરણ કરતાં ઘરના માણસોને તીવ્ર અપ્રસન્નતા થાય છે. આવા સમયે ધર્માત્માએ કોઈ એવું

સમાધાનકારી વલણ અપનાવવું પડે જે ઘરમાં ધર્મના નામે અશાંન્તિ, ઝઘડો ઊભો ન કરે.

પરમાત્મા મહાવીરદેવનું પ્રથમ ચાતુર્માસ દુઈજ્જંત નામના તાપસના આશ્રમમાં હતું. ૧૫ દિવસ પસાર થયા બાદ પોતાના નિમિત્તથી તાપસને અપ્રીતિ થાય તેવી ઘટના બનતાં પ્રભુએ તરત - ચાલુ ચોમાસામાં - તે સ્થળનો ત્યાગ કર્યો.

ત્યાર બાદ આ અંગે તેઓશ્રીએ અભિગ્રહ પણ કર્યો. **नाप्रीतिमद् गृहे वासः ।**

શૌચ માટે ગયેલા મુનિઓ ઉપાશ્રયમાં પ્રવેશ કરતાં નિષ્કારણ પગ ન ધુએ. આથી જો ત્યાં રહેલા શૌચવાદીઓને એમના પ્રત્યે અપ્રીતિ થતી હોય તો તેના નિવારણ માટે પગ ધોવાની જ્ઞાનીઓએ આજ્ઞા કરી છે.

મેલાંઘાણ કપડાં સાથે અજૈન પંડિતજી પાસે પાઠ લેવાથી જો તેમને અપ્રીતિ થતી હોય તો પાઠ લેવાના વખત પૂરતાં ધોયેલાં કપડાં મુનિએ વાપરવાની જ્ઞાનીઓએ આજ્ઞા કરી છે.

શય્યાતરની અપ્રીતિના નિવારણ માટે તેના ઘરના અગ્રાહ્ય પણ ગોળ વગેરે લેવા પડે છે.

**बीजभूतं सुधर्मस्य सदाचारप्रवर्तनम् ।**
**सदाचारं विना स्वैरिण्युपवासनिभो हि सः ॥ १७० ॥**

**સદાચારમાં પ્રવૃત્તિ એ સદ્ધર્મનું બીજ છે. સદાચાર વિનાનો ધર્મ તે વ્યભિચારિણી સ્ત્રીના ઉપવાસ જેવો - હાંસીપાત્ર છે.**

**નોંધ :** આચાર, વિચાર અને ઉચ્ચાર 'સારા' રહે એ કાંઈ મોટો

ધર્મ નથી. એ તો ધર્મનો પાયો છે. માણસમાં રહેલી માનવતા છે. દુરાચારિતા એ માણસમાં રહેલી પશુતા છે.

ધર્મનું આચરણ એ માણસમાં રહેલી દિવ્યતા છે.

જે 'અંદર' જેવો હોય તેવો મર્યા પછી થાય.

ભીતરનો પશુ (દુરાચારી જીવ) મરીને પશુ થાય.

ભીતરનો માણસ (સદાચારી જીવ) મરીને માણસ થાય.

ભીતરનો દેવ (ધાર્મિક જીવ) મરીને દેવ થાય.

જે પશુથી ય ભૂંડો હોય તે મરીને નારક થાય.

જો કોઈ આત્મા ધર્મક્રિયાઓ તથા તપશ્ચર્યા વગેરે ખૂબ કરે : ચોક્કસ રીતે કરે પણ તેના આચારો સારા ન હોય, વિચારો હલકા હોય અને ઉચ્ચારોમાં ગાળો વગેરે બોલતો હોય તો તેની ધાર્મિકતાને ગ્રન્થકારશ્રીએ વ્યભિચારિણી સ્ત્રીના તપધર્મ જેવી કહી છે.

આવા અમાનવીય રીતરસમવાળા ધાર્મિક માણસોના વર્તનને જોઈને લોકો તેના ધર્મની નિંદા કરતા હોય છે. તેના દેવ-ગુરુની પણ મશ્કરી કરતા હોય છે. આ રીતે ધર્મહીલનામાં નિમિત્ત બનનારો તે ધાર્મિક માણસ દીર્ઘકાળ સુધી સંસારમાં ભટકાવતા કર્મનો બંધ કરી બેસે છે.

ધર્મ જીવંત હોવો જોઈએ. જીવંત ધર્મ તેને કહેવાય જેને જોઈને બીજાને તે ધર્મ કરવાનું મન થઈ જાય.

અહીં તો તેથી સાવ ઊંધું બને છે. આ ઉપરથી સમજાશે કે જેમ ધાર્મિકતા વિનાની માનવતા સારી નથી, તેમ માનવતા વિનાની ધાર્મિકતા પણ સારી નથી.

**मूर्त्तो धर्मः सदाचारः सदाचारोऽक्षयो निधिः ।**
**दृढं धैर्यं सदाचारः सदाचारः परं यशः ॥ १७१ ॥**

**સદાચાર એ સાક્ષાત્ ધર્મ છે. તે અક્ષય ખજાનો છે. એ સ્થિર રહેનારું ધૈર્ય છે.એ શ્રેષ્ઠ યશ છે.**

નોંધ : સવાલ થશે કે ગ્રન્થકારશ્રીએ સદ્‌વિચારનો ઉલ્લેખ સદાચારની સાથે કેમ ન કર્યો ?

એનો જવાબ એ છે કે જે બાહ્ય-કાયિક-આચારોમાં સારો છે, તેના વિચારો સહજ રીતે સારા રહેવાની પૂરી શક્યતા છે.

આંખેથી રૂપવતી નારી દેખાય તો જ મનમાં તેના વિકારો જાગે.

મનની લગામ તનના આચારો છે. આથી જ આચારને પ્રથમ ધર્મ કહ્યો છે.

વળી, બાળ જીવો જે ધર્મ પામતા હોય છે તે ગુરુજનોના બાહ્યાચારથી ધર્મ પામે છે.

આચાર સારો હોય તો બીજા જીવોને તે જોઈને નુકસાન થવાનો સવાલ જ આવતો નથી.

જેમનું મન સાવ પવિત્ર બન્યું છે. તેવા સંતો અને જેઓ સાવ વીતરાગ બની ગયા છે તેવા સર્વજ્ઞ ભગવંતો પણ બાહ્ય આચારોને એટલા જ માટે પાળે છે કે તે જોઈને બીજાઓ પણ આચાર પાળે.

બાહ્ય આચાર સારો પળાય તો વિચાર સારા જ રહે.

વિચાર સારા રહે તો ચપટીમાં મોક્ષ મળે. ત્યાં સુધી કહી શકાય કે વિચારો ખરાબ રહેતા હોય તોપણ દરેક માણસે 'આચાર' તો સારા જ રાખવા જોઈએ. કેમકે એનાથી વાતાવરણમાં ખૂબ પવિત્રતા જળવાઈ રહે છે.

**लोभमुन्मूलयन्मूलादप्रमत्तो मुनिः सदा ।**
**क्षायोपशमिके भावे स्थितोऽनुत्सुकतां व्रजेत् ॥ १७२ ॥**

**ક્ષાયોપશમિક ભાવમાં રમતા અપ્રમત્ત મુનિએ લોભને મૂળમાંથી ઉખેડીને સદા ઉત્સુકતા છોડવી જોઈએ.**

**નોંધ :** મુખ્યત્વે મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય એટલે ક્રોધાદિ દોષોનો હ્રાસ થાય અને ક્ષમા વગેરે ગુણો પ્રગટ થાય.

સમ્યગ્દર્શન ચતુર્થ ગુણસ્થાને પ્રાપ્ત થાય છે. ત્યાંથી જીવને ક્ષાયોપશમિક ભાવના ક્ષમાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે.

આવી ધન્ય સ્થિતિમાં વિચરતા મુનિને માટે ગ્રન્થકારશ્રી કહે છે કે તેણે આસક્તિ (લોભ) નો ત્યાગ કરવો જોઈએ.

પરપદાર્થોને પ્રાપ્ત કરવાની આસક્તિ ચિત્તમાં રહે તો તે પદાર્થો ક્યારે પ્રાપ્ત થશે ? તેની અધીરાઈ (ઉત્સુકતા) રહે જ.

આ ઉત્સુકતા એ ઈષ્ટસંયોગ-ચિંતન નામનું આર્ત્તધ્યાન છે. મુનિએ આવા આર્ત્તધ્યાનનો ત્યાગ કરવા માટે તમામ પરપદાર્થોની આસક્તિ છોડવી જોઈએ. હા. દેહ પણ પરપદાર્થ છે, તેના પણ સારા આરોગ્ય વગેરેની આસક્તિ રાખવી જોઈએ નહિ.

જો દેહની આસક્તિ છૂટી જાય તો બીજા ધન વગેરે પદાર્થો- જે આત્માથી દેહ કરતાં તો ઘણા દૂર છે - તેમની આસકિત છૂટી જતાં વાર ન લાગે.

આસક્તિ ગઈ, ઉત્સુકતા ગઈ એટલે ચિત્તમાં સતત ધર્મધ્યાનની દશા શરૂ થઈ.

મુનિ સદા ધર્મધ્યાની હોય.

**संसारसरणिर्लोभो लोभः शिवपथाचलः ।**
**सर्वदुःखखनिर्लोभो लोभो व्यसनमन्दिरम् ॥ १७३ ॥**

**शोकादीनां महाकन्दो लोभः क्रोधानलानिलः ।**
**मायावल्लिसुधाकुल्या मानमत्तेभवारुणी ॥ १७४ ॥**

લોભ એ -

સંસારનો માર્ગ છે. મોક્ષમાર્ગમાં આડો પડેલો પર્વત છે. સર્વ દુઃખોની ખાણ છે. કષ્ટોનું મંદિર છે. શોકાદિ દુઃખોને પેદા કરતો મહાકન્દ છે. ક્રોધાગ્નિને પ્રજ્વલિત કરતો પવન છે. માયા-વેલડીને વધારતી અમૃતની નીક છે. માનરૂપી મદોન્મત હાથીને પાગલ કરવા મદિરા સમાન છે.

**નોંધ :** લોભ એટલે ગૃદ્ધિ : આસક્તિ.

આસક્તિ સકળ ગુણો અને સઘળા સુખોનો વિનાશ કરે છે માટે કહ્યું છે, **लोभः सर्वविनाशाय ।**

એક જગાએ આસક્તિને માટીનો ભીનો ગોળો કહ્યો છે, જેને ભીંત સાથે અફળાવાય તો તરત ચોંટી જાય. ના. સૂકો માટીનો ગોળો ક્યાંય ચોંટે નહિ.

ચોંટવું એ જ પાપ છે, સકળ દુઃખો અને દુર્ગતિનું મૂળ છે.

અનાસકત રીતે સંસારસુખ ભોગવનારા જીવની દુર્ગતિ થતી નથી.

જેને ભોગસુખ ભોગવવા છતાં તેમાં મજા (આસક્તિ) નથી તેને તે ભોગસુખના ભોગવટાની સજા નથી.

કોઈ પણ ભોગસુખ સદા રહેનારું નથી. એ દુઃખમિશ્રિત છે,

એ કર્મે દીધેલું હોઈને પરાધીન છે. આટલો જ વિચાર જીવને સુખમાં અનાસકત બનાવવા માટે સમર્થ છે.

ધર્મને સાચા અર્થમાં જે આત્મા પામ્યો હોય તેનું આ લક્ષણ છે કે તે ક્યાંય ભોગસુખે લીન ન હોયઃ ખૂંપેલો : ચોંટેલો ન હોય.

શાસ્ત્રમાં એવી કથા આવે છે જેમાં રોજ ખાવા છતાં ઉપવાસી અને સ્ત્રીસંગે રહેવા છતાં બ્રહ્મચારી એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આની પાછળ અનાસક્તિનો મહિમા જણાવાયો છે.

અહીં 'આસક્તિ' શબ્દથી 'તીવ્ર આસક્તિ' સમજવી. સામાન્ય કક્ષાની રાગદશારૂપ આસકિત તો વર્ત્તમાનકાલીન તમામ આત્માઓમાં હોય જ. પણ તેટલા માત્રથી તેમની દુર્ગતિ થતી નથી. આવી પાતળી આસકિતને સંજ્વલન કષાયના ઘરની આસકિત કહેવામાં આવે છે.

જે અનાસકત છે તે કાયપાતી હોઈ શકે : અર્થાત્ તેની કાયા ભોગસુખે ખરડાય ખરી : પરન્તુ તે ચિત્તપાતી ન હોય. તેવા વખતે પણ તેની ચિત્તવૃત્તિ તેનાથી અલિપ્ત હોય. આવો આત્મા પોતાને, 'થર્ડ પાર્ટી' બનાવીને ભોગનો પદાર્થ અને કાયા વચ્ચેની ચેષ્ટાને માત્ર દ્રષ્ટા બનવારૂપે જોયા કરતો હોય.

**त्रिलोक्यामपि ये दोषास्ते सर्वे लोभसंभवाः ।**
**गुणास्तथैव ये केऽपि ते सर्वे लोभवर्जनात् ॥ १७५ ॥**

**ત્રણેય લોકમાં જે કોઈ દોષો છે તે બધા લોભ : આસક્તિથી પેદા થયેલા છે. તેમ જે કોઈ ગુણો છે તે બધા આસક્તિના ત્યાગથી પેદા થયેલા છે.**

નોંધ : જેને ડાયાબિટીસ થયો હોય તેને જે રોગો હોય તે મટે જ નહિ અને તેને શક્તિ (લોહી વગેરે) ભરાય નહિ. આસકિત એટલે ડાયાબિટીસ.

શરીરમાં બેઠેલો ભરાડી ચોર. તે ખુલ્લંખુલ્લા ગંભીર રોગ ન ગણાતો હોય તો ય તે બધા રોગનો બાપ છે.

જેના જીવનમાં પરપદાર્થમાંથી કોઈ એકાદ પદાર્થની પણ ગાઢ આસકિત છે તે આત્માના ક્રોધાદિ દોષો (રોગો) દૂર થઈ શકતા નથી અને તેનામાં ક્ષમાદિ ગુણો પ્રગટ થઈ શકતા નથી.

કોઈ આત્મા માનવભવને સફળ કરવા ઈચ્છતો હોય તો તે માત્ર ધાર્મિક ક્રિયાકાંડ ખૂબ કરે કે તે ખૂબ તપશ્ચર્યાઓ કરે તેથી ન ચાલે. તેણે સૌ પ્રથમ અનાસકત (નિર્લોભ) બનવું જોઈએ. એકાદ પણ પદાર્થમાં ગાઢ આસક્તિ ન રાખવી જોઈએ.

આસકિત એ વાસણને લાગેલી ખટાશ છે. એ વાસણમાં નાંખેલું દૂધ જેમ ફાટી જાય તેમ આસક્ત આત્મામાં જે કાંઈ ધર્મ પ્રસરે તે બધો બરબાદ થઈ જય.

એટલે જ સૌપ્રથમ અનાસકત બનો : પદાર્થમાત્ર પ્રત્યે વિરકત બનો.

વૈરાગ્ય દશા એ જ ધર્મનો પાયો છે.

**नैरपक्ष्यादनौत्सुक्यमनौत्सुक्याच्च सुस्थता ।**
**सुस्थता च परानन्दस्तदपेक्षां क्षयेद् मुनि : ॥ १७६ ॥**

**કોઈ પણ વસ્તુની અપેક્ષા છોડી દેવાથી ઉત્સુકતાનો (અધીરાઈ)નો નાશ થાય છે. ઉત્સુકતાનો નાશ થવાથી સ્વસ્થતા પ્રગટે છે. આ સ્વસ્થતા એ જ શ્રેષ્ઠ આત્માનંદ છે, માટે મુનિએ સહુ પ્રથમ અપેક્ષાનો નાશ કરવો જોઈએ.**

**નોંધ :** Desire to be desireless. અપેક્ષા એક જ રાખો કે, ''મને જીવનમાં કોઈ પણ વસ્તુની અપેક્ષા ન રહે.''

અપેક્ષા રહે એટલે તે પૂરી થવા અંગે અધીરાઈ થાય. જો પુણ્ય કાચું પડે અને અપેક્ષા પૂરી ન થાય તો આવેશ આવ્યા વિના રહે નહિ.

જીવનના એંસી ટકા દુઃખો - અપેક્ષા, અધીરાઈ અને આવેશની વૃત્તિઓમાંથી ઊભા થાય છે.

આ તો હાથે કરીને પેટ ચોળીને શૂળ ઉપાડવા જેવું થાય છે.

અપેક્ષા એ ચળ છે. એને ખણવાથી રોગ વધતો જાય છે. પરિણામે વધુ અહિત થાય છે.

જો ખણવાનો રોગ મટી જાય તો આરોગ્ય પ્રાપ્તિનું અવર્ણનીય સુખ અનુભવાય. આનું નામ સ્વસ્થતા.

અપેક્ષાઓ રાખીને જીવ પરઘર (પરપદાર્થો)માં ચાલી જાય છે. જેને કોઈ અપેક્ષા નથી તે સ્વઘર(આત્મા)માં સ્થિર થાય છે. સ્વઘરમાં સ્થિર રહેવું એના જેવો બીજો કોઈ આનંદ નથી.

જો આ વાત મગજમાં જચતી હોય તો અપેક્ષાઓ કાં છોડી દેવી જોઈએ અથવા યથાશક્ય સાવ ઘટાડી નાંખવી જોઈએ.

જેના વિના જીવન-ગુજારો થાય જ નહિ તેટલાની જ અપેક્ષા રાખો.

પણ તેમાં સગવડતાઓ કે મોજ વિલાસોનો ઉમેરો કરશો તો પથારો એટલો બધો વધી જશે કે તેના ભાર નીચે તમે જ ચગદાઈ જશો.

ખૂબ કરકસર = ખૂબ ઓછી અપેક્ષા = ખૂબ ઓછાં પાપ = ખૂબ ઓછા ધનની જરૂરિયાત = દિવ્ય જીવન : દિવ્યચિંતન : દિવ્ય આનંદ.

રાજાએ ઓલા કપિલ બ્રાહ્મણની ૧ા તોલા સોનાની માંગણીથી આગળ વધવાની વાત કરી. પેલો પાંચ તોલા, પચાસ તોલા, પાંચ મણ, પાંચસો મણ..... એમ અપેક્ષા વધારતો જ ગયો. પણ એનો જ્યારે અન્ત જ ન જણાયો ત્યારે તે ત્રાસી ગયો.

તેણે અપેક્ષા ઘટાડવાનું શરૂ કર્યું. વળી સવા તોલાએ આવી ગયો. જેમ જેમ તે ઘટતો ગયો. 'શૂન્ય' તરફ નજીક આવતો ગયો તેમ તેને 'હાશ' 'હાશ' થવા લાગ્યું. તેને કોઈ અવાચ્ય અંતરંગ આનંદની અનુભૂતિ થવા લાગી. છેલ્લે સવા તોલાની પણ અપેક્ષા છોડી. એકદમ 'હાશ' થઈ ગયું.

આ 'શૂન્ય'માં તેને 'પૂર્ણ' આનંદની અનુભૂતિ થતાં તે ચિંતનમાં ચડ્યો. પરપદાર્થની રતિની અસારતાનું ભાન પરાકાષ્ઠાએ પહોંચતા વીતરાગ દશાની પ્રાપ્તિ થઈ.

બ્રાહ્મણ કપિલ ભગવાન કપિલ થઈ ગયો. માટે અપેક્ષા ડાકણને ગળે વળગવા દેવી ન જોઈએ. તે ખતમ કરી નાંખવી જોઈએ.

**अधर्मो जिह्मता यावद् धर्मः स्याद्यावदार्जवम् ।**
**अधर्मधर्मयोरेतद् द्वयमादिमकारणम् ॥ १७७ ॥**

જ્યાં સુધી વક્રતા (કપટ) છે ત્યાં સુધી અધર્મ છે, જ્યાં સુધી સરળતા છે ત્યાં સુધી ધર્મ છે. અધર્મ અને ધર્મનાં આ બે મુખ્ય કારણો છે.

**નોંધ :** ''જ્યાં સરળતા છે ત્યાં ધર્મ છે.'' આ વાત ઉત્તરાધ્યયન સૂત્રમાં એ રીતે કહી છે કે જીવનમાં થયેલા પાપોના તીવ્ર પશ્ચાત્તાપ વિના આત્માની શુદ્ધિ થતી નથી. અશુદ્ધ આત્માનો ક્યારે ય મોક્ષ થતો નથી.

હૈયે જો સરળતા હોય તો જ તે આત્મા પોતાનાં પાપોની શુદ્ધિ કોઈ સદ્ગુરુ પાસે કરી શકે.

હૈયે જો સરળતા હોય તો જ તે આત્માને સદ્ગુરુ બોધ દેવા લાયક સમજીને હૃદયસ્પર્શી બોધ આપે, અને તે બરોબર ઝિલાય.

હૈયે જો સરળતા હોય તો જ જીવનમાં ધર્મ પમાય.

વક્ર આત્મા માટે આ બધી સંભાવનાઓ રહેતી નથી.

વક્રતાના કારણ તરીકે જીવદળની ભારેકર્મિતાને કહી શકાય.

**सुखमार्जवशीलत्वं सुखं नीचैश्च वर्त्तनम् ।**
**सुखमिन्द्रियसंतोषः सुखं सर्वत्र मैत्र्यकम् ॥ १७८ ॥**

સરળ સ્વભાવ તે સુખ છે. નમ્ર વર્તન તે સુખ છે. ઇન્દ્રિયોના વિષયોમાં સન્તોષ તે સુખ છે. સર્વત્ર મૈત્રીભાવ તે સુખ છે.

નોંધ : સંસારમાં રહીને પણ કોઈ માણસે સુખી થવું હોય તો તેણે શું કરવું? તે વાત ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં બતાવી છે.

(૧) તેણે એકદમ સરળ સ્વભાવી બનવું. કોઈ પણ જાતના માયા-કપટ કરવાં નહિ. મનમાં જુદું, વાણીમાં વળી જુદું અને કાયામાં સાવ જુદું એ કપટનું લક્ષણ છે.

દો, તીન, પાંચની પત્તાની રમતમાં જેમ પોતાના હાથમાં રહેલા પત્તાં, બીજાથી છુપાવવાં પડે છે તેવું ગુપ્ત અને ભેદી જીવન જીવવું એ વક્રતા છે.

(૨) સુખી થવા ઇચ્છુક માણસે અભિમાનનો સદંતર ત્યાગ કરવો જોઈએ. અહંકાર એ બહુ મોટો દોષ છે. બીજાઓમાં પોતાને અપ્રિય બનાવનારો આ દોષ છે. માણસમાંથી જો અહં ખતમ થાય તો તે ભગવાન છે.

**અહં રે અહં તું જાને મરી,**
**પછી મારામાં બાકી રહે તે હરિ.**

(૩) સન્તોષ એ સુખનું સર્વોત્કૃષ્ટ ચરણ છે. આ વાત હમણાં જ વિચારી છે કે અપેક્ષાઓ જેમ બને તેમ ઘટાડી નાંખવી.

કોન્ફ્યુશ્યસ પાસે માત્ર કમંડલુ હતું. પણ તેણે જ્યારે જોયું કે તળાવમાંથી પાણી પીવા માટે કૂતરાને તેની પણ જરૂર નથી એટલે તેણે તે ય ફેંકી દીધું.

(૪) સહુ સાથે સ્નેહભાવ રાખવો. સ્નેહભાવ એ ધરતી ઉપર ઊતરતું સ્વર્ગ છે. આ ગુણના સ્વામીને જીવન જીવવાની ખૂબ મજા આવતી હોય છે. એના તરફ કોઈને દ્વેષ ન થાય, સહુનો પ્રતિભાવ પણ સ્નેહ જ હોય પછી તો શી વાત કરવી?

**सन्तुष्टं, सरलं, सोमं, नम्रं तं कूरगडुकम्,**
**ध्यायन् मुनिं सदा चित्ते, को न स्याच्चन्द्रनिर्मलः ॥ १७९ ॥**

**સન્તુષ્ટ, સરલ, સૌમ્ય (કોઈ સાથે ઉગ્ર નહિ: સર્વત્ર સ્નેહી) તથા નમ્ર એવા કૂરગડુક મુનિનું સદા ચિત્તમાં ધ્યાન કરનાર ક્યો આત્મા ચન્દ્ર સમ નિર્મળ ન થાય ?**

**નોંધ :** પૂર્વોક્ત શ્લોકમાં જે ચાર ગુણો ગ્રન્થકારશ્રીએ જણાવ્યા તે ચારે ય નો સમન્વય કૂરગડુ મુનિમાં જણાવ્યો.

ગ્રન્થકારશ્રી કહે છે કે જે તમારે જોઈતું હોય, તે જેની પાસે હોય તેનું તમે ધ્યાન કરો તો તે તમને મળી જાય.

જો તમને સરળતા, નમ્રતા, સ્નેહભાવ અને સન્તોષ - આ ચાર - ગુણો જોઈતા હોય તો તે ચારેય ગુણો જ્યાં ભેગા થયા છે તે કૂરગડુ મુનિને ધ્યાનમાં લો. તેમની ખૂબ અનુમોદના કરો. તમારા આ ગુણાનુરાગ દ્વારા તે ગુણો તમારામાં સંક્રાન્ત થઈ જશે.

દોષમુકત થઈને ગુણવાન બનવું એ તો લાખો ભવોની સાધના માંગે. પણ ગુણાનુરાગ એવી વસ્તુ છે કે તેના દ્વારા આ સિદ્ધિ બહુ જલદી મળી શકે છે.

નાનકડી પરોપજીવી વનસ્પતિ બીજા મોટા વૃક્ષના મૂળને વીંટળાઈને રહે છે તો તેમાંથી તેને સૂર્યપ્રકાશ, ભેજ વગેરે બધું પ્રાપ્ત થઈ જાય છે. તે મેળવવા માટે તેને મોટા વૃક્ષ બનવાનું હોય તો તે શક્ય નથી.

ગુણી ન બનાય તો ગુણાનુરાગી બનો.

દુષ્કૃતો ન ત્યજાય તો તેમનો ઘોર તિરસ્કાર કરો. આ છે આત્મવિકાસની શોર્ટકટ.

**सुकुमारसुरूपेण शालिभद्रेण भोगिना ।**
**तथा तप्तं तपो ध्यायन् न भवेत्कस्तपोरतः ॥ १८० ॥**

સુકુમાર, રૂપસંપન્ન, ભોગી એવા શાલિભદ્રે કેવું અપૂર્વ તપ કર્યું ? જો તેમનું ચિન્તન કરાય તો કયો ચિન્તક તપસ્વી ન બની જાય ?

**નોંધ :** મહાત્મા શાલિભદ્રજીએ દીક્ષા લઈને અતિ ઘોર તપ કર્યું હતું. એમનું શરીર સાવ ક્ષીણ કરી નાંખ્યું હતું.

એક કવિએ તેની ઉપર આબેહૂબ કલ્પનાઓ કરી છે.

(૧) કોણ કહે છે કે શાલિભદ્ર શરીરે કાળા પડી ગયા છે ? અરે, એ તો અંદરનાં કાળાં કર્મો - બધાં - બહાર આવી ગયાં છે !

(૨) શાલિભદ્રજીનો દેહ સાવ પાતળો - નેતરની સોટી જેવો નથી થઈ ગયો. તે સિંહે મોહરાજરૂપી હાથીને ચીરી નાંખવા માટેની લાંબી ફાળ ભરીને તૈયારી કરી છે. જાડો સિંહ શિકાર ઉપર હુમલો કરે ત્યારે પાતળો જ દેખાય ને ?

(૩) તે ચાલે છે ત્યારે હાડકાં કડ.. કડ.... કડ... અવાજ નથી કરતાં પણ આ દેહરૂપી રથ મોક્ષ-નગર તરફ સડસડાટ દોડી રહ્યો છે ત્યારે કિચૂડ- કિચૂડ કિચૂડ અવાજ કરે છે.

અતિશય ભોગી ! કેવો બની ગયો, ઉત્કૃષ્ટ યોગી ? છેલ્લે તો હદ કરી નાંખી.... વૈભારગિરિની ધગધગતી શિલા ઉપર અનશન કરી દીધું !

માતા ભદ્રા છેલ્લા બે શબ્દ બોલવા કરગરી. ખાલી નજર નાંખવા કહ્યું પણ ના... એ તો યોગનિદ્રામાં પોઢી ગયો હતો.... સાંભળ્યું છે જ કોણે ?

આવા તપસ્વીનું ધ્યાન ધરનારો પોતે તપસ્વી થઈ જાય તેમાં કશું આશ્ચર્ય નથી.

**किं न चेतयसे मूढ ? मृत्युकालेऽप्युपस्थिते ।**
**विषयेषु मनो यत्ते, धावत्येव निरङ्कुशम् ॥ १८१ ॥**
**जीविते गतशेषेऽपि विषयेच्छां वियोज्य ते ।**
**चेत् तपः प्रगुणं चेतस्ततः किञ्चिद् न हारितम् ॥ १८२ ॥**

**હે મૂઢ આત્મન્! તારો મૃત્યુકાળ નજીક આવી ગયો છે છતાં તું કેમ સમજતો નથી? મને લાગે છે કે તારું મન (હજી પણ) વિષયો તરફ નિરંકુશપણે દોડી રહ્યું છે.**

**જીવિત લગભગ પૂરું થવા આવ્યું છે છતાં જો તારું ચિત્ત વિષયેચ્છા ત્યાગીને તપ કરવા ઉલ્લસતું હોય તો હજી પણ કશું ખોટું નથી.**

**નોંધ :** ભર્તૃહરિએ કહ્યું છે, ''तृष्णा न जीर्णा वयमेव जीर्णा । એમ કહેવાય છે કે વય વીતી ગયા બાદ કામવિકારો ઝાઝા રહેતા નથી. (वयसि गते कः कामविकारः) પરન્તુ ઘણા લોકો આ વાતને ખોટી ઠરાવતા જોવા મળે છે. પેલા રાજા યયાતિની જેમ ઘડપણમાં ય વાસનાઓ સાવ જુવાન જેવી દેખવા મળે છે.

ગ્રન્થકારશ્રી આવા જીવોને સખ્ત ઠપકાની ભાષામાં કહે છે કે, ''વિષયો પ્રત્યેની કાળી આસક્તિ જ માણસને વૃદ્ધાવસ્થામાં ય ધર્મ કરવામાં અટકાવ કરે છે. પણ જો કોઈ માણસને છેલ્લે છેલ્લે પણ પોતાના ભોગાન્ધ જીવન ઉપર નફરત છૂટી ગઈ હોય તો તેણે તપ કરવો વગેરે તરફ લક્ષ આપવું જોઈએ.

પનિહારીનું આખું દોરડું કૂવામાં ઊતરી ગયું હોય તોપણ જો એક વેંત જેટલું દોરડું પણ હાથમાં સલામત હોય તો આખું દોરડું પાછું આવે છે, વધારામાં ભરપૂર પાણી મેળવાય છે.

છેલ્લે છેલ્લે ગોશાલક જાગ્યો તો પળવારમાં સમકિત પામ્યો. મોક્ષ નક્કી કરી લીધો !

**कूटजन्मावतारं स्वं पापोपायैश्च संकुलम् ।**
**व्यर्थं नीत्वा बताद्यापि धर्मे चित्तं स्थिरीकुरु ॥ १८३ ॥**

**ઓ જીવ ! કૂડ, કપટ અને પાપો કરીને આ જન્મને તેં વ્યર્થ ગુમાવ્યો છે. પણ હજીય તું તારા મનને ધર્મમાં સ્થિર કર.**

નોંધ : મહામુસીબતે મળેલો માનવભવ અજ્ઞાનદશા કે આસક્તિને કારણે જીવો વ્યર્થ કરી નાંખતા હોય છે. અનેક પ્રકારના દોષો ઉત્તેજિત થવાથી, તેમને આધીન બનવાના કારણે આ માનવભવ કચરો બની જાય છે.

જીવે આ ભૂલ અનંતી વાર કરી છે. આથી જ તેનું ભવભ્રમણ મટતું નથી. વિષયસુખોની લાલસા એટલી બધી કારમી રહી છે કે તેનાથી તે પાછો હટી શકતો નથી.

ગ્રન્થકારશ્રી આ બધું જાણે છે એટલે જ એવા જીવોની ખૂબ દયા ખાવા સાથે તેઓ કહે છે કે, ''જે બન્યું તે બની ગયું. પણ હજી ય ધર્મમાં મનને લગાવો. અને છેલ્લે છેલ્લે પણ હારની બાજીને જીતમાં પલટાવી નાંખો.''

મોટો કોઈ ધર્મ ન થઈ શકે તો સેવાઈ ગયેલા અધર્મો તરફ ધિક્કાર કરતા રહો. તે પાપોની તમે ખૂબ નિન્દા કરો. અને સદ્ગુરુની પાસે હાર્દિક પ્રાયશ્ચિત્ત કરો.

જો આટલું જ થશે તો ય અવળું ઘૂમતું ભાગ્યચક્ર સવળું થઈ જશે. ફરીથી માનવભવ પ્રાપ્ત થશે, જેમાં આજે પડેલા પશ્ચાત્તાપરૂપ ધર્મબીજનું મોટું ઝાડ ઊગી જશે, જેના માથે મોક્ષનું ફળ બેસશે.

**अनन्तान् पुद्गलावर्तान्नात्मन्नेकेन्द्रियादिषु ।**
**भ्रान्तोऽसि च्छेदभेदादिवेदनाभिरभिद्रुतः ॥ १८४ ॥**

**साम्प्रतं तु दृढीभूय सर्वदुःखदवानलम् ।**
**व्रतदुःखं कियत्कालं सह मा मा विषीद भोः ॥ १८५ ॥**

**હે આત્મન્! એકેન્દ્રિયાદિ યોનિઓમાં અનન્ત પુદ્‌ગલપરાવર્ત્તો પર્યન્ત તું રખડ્યો છે. ત્યાં છેદન-ભેદન આદિ વેદનાઓ તેં સહી છે. હવે મક્કમ બનીને સર્વદુઃખોને બાળી દેવા માટે દાવાનળ જેવાં વ્રતોના કષ્ટને થોડાક કાળ માટે તું સહી લે. તેમાં વિષાદ ન કર.**

**નોંધ :** ગ્રન્થકારશ્રી જીવને તેના ભયાનક દુઃખોથી ભરેલા-વીતી ગયેલા-અનન્તકાળની યાદ દેવડાવે છે. જીવની ક્યારેય તેવી ઈચ્છા ન હતી કે એવા ભયાનક દુઃખોની યાતનાને સહે. પણ કર્મસત્તાએ બલાત્કાર કરીને જાણે તેને કારમી દુઃખોની આગમાં વારંવાર ઝીંક્યો છે.

ગ્રન્થકારશ્રી જીવને કહે છે, ''ઓ જીવ ! તું હવે સંયમજીવનનો સ્વીકાર કર. બેશક, ત્યાં પણ લોચ, વિહાર, ભિક્ષા વગેરેનાં દુઃખો તો છે જ, પરન્તુ તેં જે અનંત દુઃખો સહ્યાં છે તેની સામે આ કાંઈ જ નથી. આ તો સોયનું દુઃખ છે. હજી પણ જો તું તેનાથી ડરીને ઇન્કાર કરીશ તો ફરી પાછી એ શૂળીની સજાઓ તારે ભોગવવાની રહેશે.

કાં સોય ? કાં શૂળી.

બેમાંથી એક તો નિશ્ચિત.

તો શું સ્વીકારવામાં ડહાપણ ?''

ગ્રન્થકારશ્રી જે વાતો રજૂ કરે છે એ, ''આ તડ અને આ ફડ'' જેવી ધડાધડ હોય છે. બિન્ધાસ્ત હોય છે. બહુ જ અસંદિગ્ધ શબ્દોમાં હોય છે. એમની નજરમાં પ્રત્યેક 'તત્ત્વ' કેટલું બધું સ્પષ્ટ રમતું હશે તે તેમનાં વિધાનો ઉપરથી સમજાય છે.

**उपदेशादिना किञ्चित् कथञ्चित् कार्यते परः ।**
**स्वात्मा तु स्वहिते योक्तुं मुनीन्द्रैरपि दुष्करः ॥ १८६ ॥**

**બીજા જીવને ઉપદેશ દઈને કોઈ પણ રીતે કાંઈક પણ ધર્મ હજી કરાવી શકાય; પણ પોતાની જાતને હિતમાં જોડવી કે અહિતથી છોડાવવી એ તો મહામુનિઓ માટે પણ મુશ્કેલ બનતું હોય છે.**

**નોંધ :** શિખામણ એ એવી વસ્તુ છે કે તે દેવી સહેલી છે, લેવી બહુ અઘરી છે.

બીજાને બોધ દેવામાં 'અહંકાર' પોષાતો હોવાથી તેમાં બહુ ફાવટ રહેતી હોય છે. જાતની બાબતમાં અહંકાર પોષાતો નથી. વળી, કાયાને કષ્ટ આપવું પડે છે એટલે જીવ પોતાને હિતમાં જોડવામાં પાછો પડે છે.

ગ્રન્થકારશ્રીની આ વાત સ્વાનુભવે એકદમ સાચી લાગે છે. વ્યાખ્યાનકારો, લેખકો, ગુરુઓ, વડીલોને આ જ કારણે જલસા થઈ જાય છે. તેમને માન ખૂબ મળે અને પોતાને કરવાનું કશું ન હોય.

**यदा दुःखं सुखत्वेन दुःखत्वेन सुखं यदा ।**
**मुनिर्वेत्ति तदा तस्य मोक्षलक्ष्मीः स्वयंवरा ॥ १८७ ॥**

**જ્યારે મુનિને દુઃખમાં સુખ અનુભવાય અને સુખમાં દુઃખની અનુભૂતિ થાય ત્યારે તેણે જાણવું કે મોક્ષલક્ષ્મી સામેથી ચાલી આવીને તેના ગળામાં વરમાળા નાંખી દેવાની છે.**

**નોંધ :** પુણ્યના ઉદયે અનુકૂળતાઓ આવીને પડે ત્યારે જેને ત્રાસ થાય; પાપના ઉદયે પ્રતિકૂળતાઓનાં વાવાઝોડાં ધસી આવે ત્યારે જેનું મોં હસુ હસુ થાય છે ત્યારે મોક્ષ સાવ નજીકમાં છે એ વાત નક્કી થાય.

જીવ અનાદિકાળથી અનુકૂળતાનો અર્થી છે, પ્રતિકૂળતાનો દ્વેષી છે. એ સ્થિતિના શીર્ષાસનમાં જ મોક્ષ છે.

મચ્છરો ચટકા મારે અને મન બોલી ઊઠે, ''બહુ મજા પડી ગઈ. ખૂબ કર્મક્ષય થશે.''

જ્યારે ધરા તપીને લાલચોળ થઈ હોય અને પગનાં ટેરવાં પણ મૂકી શકાય તેમ ન હોય ત્યારે બરોબર પગલાં દબાવીને ચલાય અને મન હસી પડીને કહે, ''પગ શું બળે છે ? મારાં કર્મો બળે છે. બળો, બળો, તમે કર્મો ! તમારો હવે બળીને ખાખ થયે જ છૂટકો છે.''

ગજસુકુમાળ, ખંધક મુનિ, અગ્નિકાપુત્ર આચાર્ય, મેતાર્ય મુનિ, કીર્તિધર અને સુકોશલ મુનિ વગેરે મહામુનિઓ હતા, કેમ કે તેમણે સુખમાં દુઃખનો અને દુઃખમાં સુખનો એકાન્તે અનુભવ કર્યો હતો.

કંડરિક મુનિ, સિંહગુફાવાસી મુનિ, મંગુ આચાર્ય વગેરે અનાદિકાલીન્ સંસ્કારોને આધીન થયા તો સંયમ જીવનથી પતિત થઈ ગયા.

સંસારનાં સુખોને જ ભૂંડાં માને, દુઃખોને સારાં માને તે આત્મા સમકિતી કહેવાય. ધર્માત્મા કહેવાય. ભલે કદાચ તે સુખ ત્યાગી ન શકે, અને દુઃખને ભેટી પણ ન શકે.

**सर्वं वासनया दुःखं सुखं वा परमार्थतः ।**
**म्लायत्यस्त्रेक्षणेऽप्येको हतोऽप्यन्यस्तु तुष्यति ॥ १८८ ॥**

**પરમાર્થથી સુખ યા દુઃખ એ બધું મનની કલ્પનાથી છે. કેમ કે એક વ્યક્તિ શસ્ત્રને જોતાં જ ગભરાય છે. જ્યારે બીજી વ્યક્તિ શસ્ત્રથી હણાવવા છતાં આનંદ પામે છે.**

**નોંધ :** માંદા પડવું એ નોકરિયાત વગેરે માણસને ત્રાસરૂપ થાય છે કેમ કે તેથી પગાર કપાય અને દવાદિકનો ખર્ચો આવે, જ્યારે એ જ માંદા પડવું નાદાન બાળકને આનંદ-રૂપ થાય છે કેમ કે તેને શાળાએ જવાનું બંધ રહે છે.

ભસતો કૂતરો શેઠની ઊંઘ બગાડી ગયો એટલે શેઠ ખૂબ ગુસ્સે થયા. પણ જ્યારે શેઠને ખબર પડી કે કૂતરાએ ભસવા દ્વારા ચોરોને ભગાડ્યા છે ત્યારે એના ભસવામાં રાજી થયા.

જો સુખ અને દુઃખ - આ રીતે - મનની જ કલ્પનાઓને આધીન હોય તો દુઃખના સમયમાં સુખની કલ્પના કેમ ન કરવી ? જેથી ત્રાસને બદલે આનંદ અનુભવાય.

દુઃખોને સમાધિપૂર્વક સહવાથી અપૂર્વ કર્મક્ષય થાય છે. આ વાત નજરમાં લવાય તો દુઃખનું આગમન આનંદ માટે થઈ જાય.

ધન આવવાથી આખું કુટુંબ વિલાસી બનીને બગડે છે એવી કલ્પનાથી ધનના આગમનનું સુખ દુઃખમાં ફેરવી શકાય છે. એમ થતાં ધનનો ઉન્માદ જાગતો નથી.

**सुखमग्नो यथा कोऽपि लीनः प्रेक्षणकादिषु ।**
**गतं कालं न जानाति तथा योगी परेऽक्षरे ॥ १८९ ॥**

**સુખમાં મગ્ન થયેલો કોઈ માણસ જેમ નાટક જોવામાં લીન બની જાય છે, અને ત્યારે કેટલો સમય પસાર થઈ ગયો તે જણાતો નથી તેમ પરમાત્મામાં લીન થયેલા યોગીને કેટલો સમય પસાર થઈ ગયો તેની ખબર પડતી નથી.**

નોંધ : અનુકૂળતામાં કલાક એક ક્ષણ જેવો લાગે છે. પ્રતિકૂળતામાં એક ક્ષણ કલાક જેટલી લાગે છે. (આનું નામ સ્યાદ્વાદ.)

જ્યાં ભોગીઓને એકેકી ક્ષણ કલાક જેવી ત્રાસરૂપ લાગતી હોય છે ત્યાં યોગીઓ કલાકોના કલાકો સુધી આનંદમય અવસ્થાની અનુભૂતિ કરતા હોય છે.

સંસારીનું સુખ સંયોગજન્ય હોય છે. યોગીઓનો આનંદ સ્વાભાવિક હોય છે. યોગીઓને થતા આનંદનું વર્ણન તેઓ શબ્દોમાં કરી શકતા નથી.

એ જ નથી સમજાતું કે જ્યારે સંસારીનું સુખ વિનાશી (અશાશ્વત) દુઃખમિશ્રિત (અસ્વચ્છ) અને કર્માધીન (અ-સ્વાધીન)

છે. ત્યારે તેમાં સુખની અનુભૂતિ શી રીતે થાય ?

હા... પશુ જેવા કૂતરાને થાય. એના ગળે પટ્ટો લાગેલો હોય તોય માલિકે દીધેલાં દૂધ-બ્રેડ ખાતાં તે આનંદથી પૂંછડી પટપટાવે ! પણ 'માણસ'નું આમ કેમ ?

હા. સમજાયું. કૂતરો અજ્ઞાની છે, માણસ પણ જો અજ્ઞાની હોય તો બેમાં કોઈ ફરક ન જ પડે.

વળી, માણસને ય આ વાતનું જ્ઞાન થાય તો પણ તે કૂતરાની જેમ વર્તે જો તેને અનાદિકાલીન કુસંસ્કારોની તાણ (વાઈ) આવતી હોય તો.

**मृगमित्रो यदा योगी वनवाससुखे रतः ।**
**तदा विषयशर्मेच्छा मृगतृष्णा विलीयते ॥ १९० ॥**

**જ્યારે યોગી, પશુઓનો મિત્ર બની જાય છે ત્યારે તેને વનવાસમાં પણ આનંદ આવે છે. તે આનંદને લીધે તેની ભોગાનંદરૂપી મૃગતૃષ્ણા શાન્ત પડી જાય છે.**

**નોંધ :** ગમે તેમ તોય વિષયસુખ એ કોઈ આત્માનું પોતાના ઘરનું સુખ તો નથી જ. જો જીવને તેનાથી અત્યન્ત ચડિયાતું આત્માનું સુખ અનુભવવા મળે તો પેલા વિષયસુખને તે જરૂર છોડી દે. એ સુખ વસ્તુતઃ સુખ નથી. સુખાભાસ છે.

ઝાંઝવાના જળ જેવું એ મિથ્યા છે. પણ જ્યાં સુધી હરણને સાચા જળની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે આ આભાસિક જળ પાછળ દોડ્યા જ કરે ને ? જો તેને સાચું જળ કોઈ આપી દે તો પેલા આભાસિક

જળને તે છોડી જ દે.

બ્રહ્મચર્યના પાલનથી કેટલો બધો આનંદ (આરોગ્યાદિનો આનંદ પણ) છે તે જો જીવ અનુભવે તો પેલો અબ્રહ્મનો આનંદ તે છોડી જ દે. એમાં તેને કોઈ આસક્તિ ન રહે.

આથી જ જ્યાં સુધી વિશિષ્ટ જ્ઞાનદશાની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આસક્તિનાં સાધનો (સ્ત્રી, કુટુંબ વગેરે)ને બદલી નાંખવા જોઈએ. અન્યત્ર (દેવ, ગુરુ, જપ વગેરે તરફ) આસક્તિ ઊભી કરવી જોઈએ.

બાળકને પીપરમીંટ છોડાવવા માટે બિસ્કિટ દેખાડાય છે તેમ ન ઊઠતી ભેંસને ઘાસનો લીલો પૂળો દૂર દેખાડાય છે તેમ.

**वने शान्तः सुखासीनो निर्द्वन्द्वो निष्परिग्रहः ।**
**प्राप्नोति यत्सुखं योगी सार्वभौमोऽपि तत्कुतः ॥ १९१ ॥**

**શાન્ત, સુખી, દ્વન્દ્વમુકત, અપરિગ્રહી એવો યોગી જે આત્માનંદ પામે તે તો ચક્રવર્તીને પણ ક્યાંથી હોય ?**

**નોંધ :** ચક્રવર્તીનો જે આનંદ છે તે ખૂજલી ખણ્યાનો આનંદ છે. જ્યારે યોગીનો આનંદ ખૂજલી વિનાના સુંદર આરોગ્યનો આનંદ છે. પહેલો આનંદ દુઃખજનક, દુઃખમિશ્રિત હોઈને વસ્તુતઃ આનંદ જ નથી. આનંદ તો સુંદર મજાના આરોગ્યનો જ હોઈ શકે.

એમ તો ભૂંડને ગટરના ગંદા પાણીમાં જ વાસ્તવિક આનંદ ભાસે છે, ભરવાડને રાબડીમાં જ આનંદ ભાસે છે. શરાબીને શરાબમાં આનંદ ભાસે છે. પણ વસ્તુતઃ તે બધા આનંદો આનંદાભાસ છે.

**जन्मभूत्वात् पुलिन्दानां वनवासे यथा रतिः ।**
**तथा विदिततत्वानां यदि स्यात् किमतः परम् ॥ १९२ ॥**

**જેમ ભીલ વગેરે લોકોને પોતાની જન્મભૂમિ હોવાના કારણે વનવાસમાં આનંદ મળે છે તેમ તત્ત્વના જ્ઞાની યોગીને પણ જો વનવાસમાં આનંદ આવી જાય તો તેને બીજું જોઈએ પણ શું ?**

**નોંધ :** જડ-અજ્ઞાની છતાં ભીલને એકાન્ત; અપરિગ્રહ, વિલાસશૂન્યતા, વગેરેવાળા વનવાસમાં આનંદની અનુભૂતિ થાય તો એકદમ જ્ઞાની મહાત્માઓને તો ત્યાં આનંદ થાય જ ને ?

જો આ રીતે 'બાહ્ય' બધો સંપર્ક તેમનો છૂટી જાય તો તે અંગેના ઇષ્ટસંયોગ, અનિષ્ટ-વિયોગાદિ સ્વરૂપ આર્ત્તધ્યાન ખતમ થઈ જાય. પછી તે યોગી વનમાં જ વધુ ને વધુ આનંદિત હોય. ભોગી અને યોગી વચ્ચે બહુ મોટો ફરક છે. ભોગીને યોગીની વન-કુટિરમાં રહેતાં જેમ ત્રાસ છૂટી જાય છે તેમ યોગીને પણ ભોગીઓના મહાલયોની રહેણીકરણીમાંથી ઉત્પન્ન થતી વિલાસની બૂથી ત્રાસ છૂટી જતો હોય છે.

માછણને માછલી ભરવાના ટોપલાને ઓશીકું બનાવ્યા વિના ઊંઘ જ ન આવે.

વર્ષોના કેદીને ઘરે જઈને કેદીનાં કપડાં પહેર્યા વિના રાતે પડખાં ઘસવાં પડે.

આ બધો ટેવનો સવાલ છે. વિષયોમાં આનંદ માણવાની ટેવ તો આ ભવની નથી; અનંત ભવોની છે. એટલે તેમાંથી છૂટવાનું કામ અતિ મુશ્કેલ છે. પણ જ્ઞાનદશાથી તે ય સાધ્ય છે ખરું.

બાકી તો પંખીને માછલી માટે ખૂબ વિચાર આવે કે તે શી રીતે પાણીમાં જીવી શકે ? માછલીને પંખી માટે વિચાર આવે કે તે શી રીતે આકાશે ઊડી શકે ?

**एको गर्भे स्थितो जात एक एको विनङ्क्ष्यसि ।**
**तथापि मूढ ! पत्न्यादीन् किं ममत्वेन पश्यसि ॥ १९३ ॥**

**તું એકલો જ ગર્ભે રહ્યો, એકલો જ જન્મ પામ્યો, એકલો જ મરીશ. હાય ! તો ય હે મૂર્ખ જીવ ! તું તારી પત્ની, બાળકો વગેરે ઉપર મમત્વ શી રીતે રાખે છે ?**

**નોંધ :** જીવને કોઈનું શરણ નથી. તે સાવ એકલો છે, અસહાય છે. આમ છતાં, તે બીજાઓની ઉપર મારાપણાનો સંબંધ કરે છે. આનું કારણ મમત્વભાવનો આનંદ છે.

નાનકડું પણ ઝૂંપડું, કાળો પણ દીકરો, ફાટેલું પણ વસ્ત્ર, વગેરે વસ્તુ જયારે પોતાની હોય છે ત્યારે તેનાથી તેટલો જ આનંદ થાય છે જેટલો પાંચ કરોડના બંગલાના માલિકને, રૂપાળા સંતાનના બાપને કે પચાસ હજાર રૂપિયાના ઘરેણાના માલિકને થાય છે.

અહીં વસ્તુ કરતાં 'મમતા' નું મહત્ત્વ છે. પોતાપણાનો ખ્યાલ જીવને ગલગલિયાં કરે છે. હૂંફ આપે છે.

સંસારત્યાગી શ્રમણ પાસે કશાનું મમત્વ નથી. તે પચાસ લાખ રૂપિયાના મકાનમાં બાર માસ રહે તો ય તેનું મમત્વ તેને થતું નથી. અરે ! દેહ ઉપર પણ તે મમત્વ રાખતો નથી. આ બહુ જબરી આ જગતની અજાયબી છે.

શ્રમણનું મમત્વ માત્ર આત્મગુણો પ્રતિ હોય છે. આથી જ સંયોગનાં આભાસિક સુખોમાં, અને વિયોગનાં દુઃખોમાં શ્રમણ લેવાઈ જતો નથી, ફસાતો નથી. મમત્વોથી ઊભરાયેલી આ ધરતી ઉપર જ આવા નિર્મમત્વી શ્રમણો વસે છે ! કેવી કમાલ !

**पापं कृत्वा स्वतो भिन्नं कुटुम्बं पोषितं त्वया ।**
**दुःखं सहिष्यसे स्वेन भ्रान्तोऽसि हा महान्तरे ॥ १९४ ॥**

**હે જીવ ! પાપો કરીને તેં તારાથી ભિન્ન એવા કુટુંબને પોષ્યું. હવે તે પાપોના ફળરૂપ દુઃખ તું જાતે સહીશ ! હાય ! કેવા મોટા ચક્રાવામાં તું ફસાયો છે ?**

**નોંધ :** ઘરમાં બા શાક સમારે તો તેને જમવાના આનંદમાં બધા ભાગીદારી કરે. પણ જો શાક સમારતાં બાની આંગળીને છરી વાગી જાય તો લોહી નીકળ્યાનું દુઃખ એકલી બાને ભોગવવું પડે.

પાપનું ય આવું છે. તેના ફળરૂપ દુઃખમાં કોઈ કુટુંબીજન ભાગીદાર થતું નથી.

આથી જ કાલસૌરિક કસાઈના દીકરા સુલસે બાપીકો ધંધો કરવાની બાને સાફ ના પાડી હતી. પોતાના પગમાં ભાલો ખોસી દઈને લોહીલુહાણ બન્યો ત્યારે તેનું તે દુઃખ કોઈ લઈ શકયું ન હતું.

**चलं सर्वं क्षणाद् वस्तु दृश्यतेऽथ न दृश्यते ।**
**अजरामरवत् पापं, तथापि कुरुषे कथम् ॥ १९५ ॥**

**દુનિયાની બધી વસ્તુ ચંચળ છે. જરાકમાં દેખાય ત્યાં વિલીન થઈ જાય. આમ છતાં તેને શાશ્વતી માનીને, તે માટે તું શા માટે પાપો કરે છે ?**

**નોંધ :** નીલકમલ દલ બિન્દુ જીવન
શ્યામ ગગનઘન ચપલા જીવન
ઉષઃકાલની લાલી જીવન.
સાગરમાં છે બિન્દુ જીવન.

આવા ક્ષણિક સંસારના નાશવંત પદાર્થો પામવા માટે ઢગલે ઢગલા પાપ કરવાં. તે ભોગવવામાં ઢગલે ઢગલા પુણ્યકર્મનો ક્ષય થઈ જાય તે વધારામાં.

ઉપરાન્ત, મૃત્યુ થતાંની સાથે નારકાદિ ગતિઓમાં મહાભયંકર વેદનાઓ દીર્ઘકાળ સુધી માથે ટીચાય.

ક્ષણનું સુખ, મણનું કર્મ, ટનનું દુ:ખ. હાય ! શે પોષાય તે સુખભોગ ?

**सप्तधातुमये श्लेष्ममूत्राद्यशुचिपूरिते ।**
**शरीरकेऽपि पापाय कोऽयं शौचाग्रहस्तव ॥ ११६ ॥**

ઓ જીવ ! સાત ધાતુથી ભરેલા, લીંટ, કફ, મૂત્ર, વગેરેથી ભરેલા શરીરને ચોખ્ખું રાખવાનો આગ્રહ તું શા માટે રાખે છે ?

નોંધ : કવિએ ગાયું છે :

**ક્યા તન માંજતા રે,**
**એક દિન મિટ્ટીમેં મિલ જાના....**

પુરુષના દેહમાં ભરચક પડેલી ગંદકી નવ દ્વારોથી અને નારીની તે ગંદકી બાર દ્વારોથી બહાર નીકળ્યા કરે છે.

ગમે તેટલી સારી ચીજ દેહ-કારખાનામાં નાંખો, બધુંય ગંદુ થઈને બહાર !

ગમે તેટલા પફ-પાઉડર કરો ! ગંધાતો પસીનો સદા બહાર !

હાય ! તો શા માટે તેને ધોયા કરવામાં માનવજીવનનો ઘણો બધો કિંમતી સમય બરબાદ કરવો જોઈએ ?

**शारीरमानसैर्दुःखैर्बहुधा बहुदेहिनः ।**
**संयोज्य साम्प्रतं जीव ! भविष्यसि कथं स्वयम् ॥१९७॥**

**હે આત્મન્ ! ઘણા જીવોને ઘણી રીતે તું શારીરિક અને માનસિક દુઃખો સાથે જોડે છે.**

**હાય ! તો દુઃખ દેનારા તારું ભાવિ શું ?**

**નોંધ :** જે તમે આપો તે પામો.
સુખ દઈને સુખ પામો.
દુઃખ દઈને દુઃખ પામો.
જીવન દઈને જીવન પામો.
મોતની લ્હાણી કરીને મોત પામો.

જો વિષયસુખોનો ભોગવટો કરવા જતાં અગણિત જીવોને યાતનાઓ પમાડવાની હોય તો તે ભોગી જીવને અનંત યાતનાઓ ભોગવવી જ પડે. જો તેણે તેમાંથી મુક્તિ મેળવવી હોય તો બીજાઓને યાતના દીધા વિના સુખ ભોગવવાનો રસ્તો તેણે અપનાવવો જોઈએ.

હા... એ છે ચારિત્ર-માર્ગ.

**धर्मं न कुरुषे मूर्ख ! प्रमादस्य वशंवदः ।**
**कल्ये हि त्रास्यते कस्त्वां, नरके दुःखविह्वलम् ॥ १९८ ॥**

**હે મૂર્ખ ! પ્રમાદને વશ પડેલો તું અત્યારે ધર્મ (ત્યાગ, તપ વગેરે) કરતો નથી તો પછી નરકમાં દુઃખથી ત્રાસી ગયેલા તને કાલે કોણ બચાવશે ?**

**નોંધ :** અનંતી માતા થઈ ગઈ. એમાંની એક પણ માતા નારકમાં ચીસો પાડતાં અને ધ્રુસકે આંસુ સારતા જીવને આશ્વાસન દેવા માટે પણ હાજર થનાર નથી. આ ભાવિ અતિશય ભયાનક ગણાય. ક્ષણના સુખની સામે આટલી મોટી સજા શી રીતે કબૂલ રખાય ?

આટલા બધાં ભયાનક દુઃખમાંથી મુક્તિ પામવા માટે જે ધર્મ કરવાનો છે તે તો સાવ ઓછો છે. એના તપ, ત્યાગનાં કષ્ટો દુર્ગતિનાં દુઃખોની સામે સાગરમાં બિન્દુ જેટલા છે.

નાનકડો પણ ધર્મ દીવાસળીના ગંધક જેવડો ! પણ તેની તાકાત પાંચ લાખ ટન રૂની ગંજી બાળી નાંખવાની કે આખું ગામ બાળી નાંખવાની.

**कन्धराबद्धपापाश्मा भवाब्धौ यद्यधोगतः ।**
**क्व धर्मरज्जुसंप्राप्तिः पुनरुच्छलनाय ते ॥ १९९ ॥**

**જો તું ગળામાં પાપરૂપી પથ્થર બાંધીને ભવસાગરના તળિયે જતો રહીશ તો બહાર આવવા માટે તને ધર્મરૂપી દોરડું શી રીતે મળશે ?**

**નોંધ :** પાપકર્મ બાંધવાની સાથે પાપના અધ્યવસાયોની (પરિણતિની) તીવ્રતા પ્રમાણે પાપનો અનુબંધ પડે છે. આ પાપ-અનુબંધ એ પાપકર્મ-બંધ કરતાં વધુ ખતરનાક છે. પાપબંધ ઉદયમાં આવે, એટલે જીવ દુઃખની સજા ભોગવે, પણ વાત પૂરી થઈ જતી નથી. એ વખતે પાપ-અનુબંધ નવા પાપકર્મો બંધાવે. આમ, સંસાર આગળને આગળ વધતો જાય.

એટલે સહુ પ્રથમ પાપના બંધની ચિન્તા ન કરતાં પાપના અનુબંધોને તોડવાની વધુ ચિન્તા કરવી. એ માટે મુખ્યત્વે દુષ્કૃતોની ગર્હા ખૂબ કરવી. પર-સુકૃતોની અનુમોદના હાર્દિક કરવી.

**दुःखकूपेऽत्र संसारे सुखलेशभ्रमोऽपि यः ।**
**सोऽपि दुःखसहस्रेणानुविद्धोऽतः कुतः सुखम् ॥ २०० ॥**

**દુ:ખના કૂવા જેવા આ સંસારમાં સુખના લેશનો જે ભ્રમ થાય છે તે પણ હજારો દુ:ખોથી વીંટાયેલ છે. તેથી સંસારમાં સુખ ક્યાંથી લાવવું?**

**નોંધ :** જગતમાં ગમે તેટલો પુણ્યવાન - સુખી જીવ હોય પણ તેને કોઈ ને કોઈ દુ:ખ તો હોય જ છે. એ એક જ દુ:ખ તેનાં બધાં સુખોને નકામું કરી નાંખે છે. જાણે કે ઝેરમિશ્રિત દૂધપાક.

ક્રૂમના કહેવાતા સુંદર બૂટ પહેરીને વટથી રોડ ઉપર ચાલ્યો જતો માણસ ભીતરમાં દુ:ખી છે, જો તે બૂટમાં ચાર કાંકરા રહી ગયા હોય. કેમ કે તે તેને વાગ્યા જ કરતા હોય છે.

દસ બદામનો બૂટકો એક સાથે મોંમા મુકાય. તે વખતે તેમાંની એકાદ બદામ જો કડવી આવી ગઈ તો બાકીની મીઠી બદામોની મીઠાશનું સુખ ખતમ થઈ જાય છે.

ગુલાબની સુગંધ લેવા ઉતાવળે મોં ગુલાબને ધરતાં જો આસપાસના કાંટા મોંમાં ભરાઈ જાય તો ગુલાબની સુગંધ માણવાની મજા પળવારમાં ખતમ થાય છે.

વળી, પ્રત્યેક સુખ સાથે બે દુ:ખો તો સામાન્ય રીતે મિશ્રિત થયેલાં જ હોય છે : (૧) અતૃપ્તિનું (૨) ઈર્ષ્યાનું.

સુખભોક્તાને સદાની તૃપ્તિ થતી હોતી નથી. પોતાનાથી વધુ સુખ જે બીજાઓને મળ્યું છે ત્યાં ઈર્ષ્યાની આગ પેદા થયા વિના રહેતી નથી. આ બેના કારણે સ્વર્ગના દેવો પણ ભરપૂર સુખ વચ્ચે અત્યન્ત દુ:ખી હોય છે.

**दुःखितानखिलान् जन्तून् पश्यतीह यथा यथा ।**
**तथा तथा भवस्यास्य विशुद्धात्मा विरज्यति ॥ २०१ ॥**

**વિશુદ્ધ આત્મા જેમ જેમ દુઃખી જીવોને જુએ છે તેમ તેમ આ સંસારથી તે વિરક્ત થતો જાય છે.**

**નોંધ :** જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, તાપ, સંતાપ, દગાફટકા, વિશ્વાસઘાત, હિંસા, ચોરી, વગેરે દુઃખો અને દોષોથી ખદબદી ઊઠેલા જીવો તરફ જો નજર કરવામાં આવે તો ગમે તેવા સુખથી યુક્ત આ સંસાર જણાતો હોય તોપણ તેનાથી ભરપૂર વૈરાગ્ય થઈ જાય. આ રીતે તમામ તારક તીર્થંકરદેવના આત્માઓ છેલ્લેથી ત્રીજા ભવે સંસારથી વિરક્ત થયા છે. એવા દુઃખભરપૂર, દોષભરપૂર સંસારથી મોક્ષ પામવા માટે ચારિત્રના માર્ગે ડગ માંડી ચૂક્યા છે.

મીરા, અખો, સુકોશલ, લક્ષ્મણ, રામ, હનુમાન, વગેરે ઘણા બધા આત્માઓએ આ સંસારમાં કારમું દુઃખદર્શન કર્યું અને તેમણે વિરક્ત બનીને સંસાર ત્યાગી દીધો.

અલબત્ત, કેટલાક સમ્યગ્દૃષ્ટિ દેવો પણ દેવલોકથી વિદાય થતી વેળા પ્રિયજનોના યુગલનું કરુણથી પણ અતિ કરુણ રુદન વગેરે આંખેઆંખ જુએ ત્યારે તેમને સંસારથી વૈરાગ્ય તો થઈ જાય પરન્તુ તેઓ વિરતિધર્મનો સ્વીકાર કરી શકે નહિ. આ સૌભાગ્ય માત્ર માનવભવના માનવોનું છે.

કેવા કમનસીબ છે તે માનવો; જે સંસારમાં સ્ત્રી આદિથી લાતો ખાવા છતાં સંસારથી વિરાગ પામતા નથી અને પાપકર્મોને ત્યાગતા નથી.

**संसारावर्तनिर्मग्नो घूर्णमानो विचेतनः ।**
**अध एव जनो याति निकटेऽपि तटे हहा ॥ २०२ ॥**

**तिर्यग्गोऽयं यथा च्छिन्दन् नद्याः स्यात् पारगः सुधीः ।**
**भवस्यापि तथोत्सर्गापवादकुशलो मुनिः ॥ २०३ ॥**

**ખેદની વાત છે કે સંસાર(નદી)ના ચક્કરમાં ડૂબેલો પ્રાણી કિનારો પાસે હોવા છતાં પણ ગોથાં ખાતો બેભાન બનીને નીચે જ ચાલ્યો જાય છે.**

**પરન્તુ જેમ નદીમાં તિર્ચ્છું ગમન કરતો અને નદીના પાણીને કાપતો કુશલ પુરુષ નદીના પારને પામે છે, તેમ ઉત્સર્ગ અને અપવાદમાં કુશલ મુનિ પણ સંસારનો પાર પામે છે.**

**નોંધ :** ચાર ગતિના સંસારમાં માત્ર માનવગતિથી જ મોક્ષ પ્રાપ્ત થતો હોવાથી માનવગતિને પામેલો જીવ સંસારરૂપી સાગરના કિનારા પાસે આવી ગયેલો ગણાય. પણ બિચારો કિનારા પાસેના ઓછા પાણીમાં ય તળિયે જતો રહે છે : ડૂબી જાય છે. ફરી પાછો દુર્ગતિના ચક્કરોમાં ફસાય છે.

પેલો કિલ્લામાં ફસાયેલો અંધજન ! દીવાલને ચડી ચડીને આગળ વધીને દરવાજો પામવા ઈચ્છતો હતો. પણ જ્યારે દરવાજો પાસે આવતો ત્યારે જ દીવાલને છોડી દેતો. આમ થતાં, દરવાજા દ્વારા બહાર નીકળવાનું શક્ય બનતું નહિ.

કેટલાક જીવો તો માનવગતિમાં મુનિજીવન પણ પામે છે. અને તો ય પાછા પટકાય છે. હા ક્યારેક તો અનંતકાળ માટે.

ગ્રન્થકારશ્રી કહે છે કે જે જીવને આ રીતે કિનારા પાસે પહોંચતાં જ ડૂબી જવાનું બને તે જીવ પાણીમાં ને પાણીમાં તિર્છો તરતો જઈને પાર પામી શકે છે ખરો. આ રીતે જો ઉત્સર્ગમાર્ગેથી ગબડી પડેલા જીવો, અપવાદમાર્ગનું સેવન અનાસક્તભાવે કરતા રહીને પુનઃ ઉત્સર્ગ માર્ગે આવતા રહે તો તેઓ પાર પામી શકે ખરા. પરન્તુ આમાં તેમની પુષ્કળ બુદ્ધિચાતુરીની જરૂર પડે ખરી.

**एभिः सर्वात्मना भावैर्भावितात्मा शुभाशयः ।**
**कामार्थविमुखः शूरः सुधर्मैकरतिर्भवेत् ॥ २०४ ॥**

**સુંદર અન્તઃકરણવાળા વીરપુરુષે આ ગ્રન્થમાં બતાવેલા ભાવોથી સંપૂર્ણ રીતે પોતાના આત્માને ભાવિત કરીને અને અર્થ તથા કામથી પરાઙ્મુખ બનીને શુદ્ધ ધર્મમાં જ સંપૂર્ણ લીન બની જવું જોઈએ.**

**નોંધ :** ગ્રન્થકારશ્રી જે છેલ્લો ઉપદેશ આપે છે તે કોઈ વીરપુરુષ હોવો જરૂરી છે. તેમણે 'વીરપુરુષ' શબ્દનો ઉપયોગ કરીને આ વાત જણાવી છે. તેઓનું એ કહેવું છે કે આ ગ્રન્થમાં આપેલા ઉપદેશને કાચાપોચા મનવાળાં લોકો જીવનમાં ઉતારી શકે તેમ નથી. જેઓ મોક્ષ લક્ષ પ્રત્યે એકાગ્ર બન્યા છે અને તે મોક્ષ પામવા માટે જે કાંઈ કરવું પડે તે બધું કરી છૂટવા જોગું જેમનું વીર્ય ઊછળી પડ્યું છે તે જ લોકો સાધનાના માર્ગે ડગ માંડી શકે.

આ માટે પહેલાં આ ગ્રન્થમાં બતાવેલા પદાર્થો-સંસારની અસારતા, વિષયોની ભયાનકતા, કષાયોની કાતીલતા, જાતીય વાસનાઓની નિર્ગુણતા, ધનની નાશવંતતા વગેરે-ને આત્મામાં

ભાવિત કરવા જોઈએ. આ રીતે સંસારથી આત્માનો સંબંધ સાવ છૂટો પડી જાય તે પછી જ ધર્મમાર્ગે દોટ મૂકી શકાય.

પૂર્વભૂમિકા તૈયાર કર્યા વિનાનું બધું નકામું છે. એ રીતે તો અનંતી વાર ધર્મના માર્ગે દોટ મૂકી પણ ક્યારે ય મોક્ષ પ્રાપ્ત થયો નહિ.

હવે એ ભૂલ સુધારી લેવી જોઈએ, જેથી આ ભવમાં પૂર્વ-ભૂમિકા તૈયાર થાય અને નજીકના ૫-૭ માનવભવોમાં સુધર્મની શુદ્ધ આરાધના કરવા દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય.

**इति तत्वोपदेशौघक्षालितामलमानसः ।**
**निर्द्वन्द्व उचिताचारः सर्वस्यानन्ददायकः ॥ २०५ ॥**

**स्वस्वरूपस्थितः पीत्वा योगी योगरसायनम् ।**
**निःशेषक्लेशनिर्मुक्तं प्राप्नोति परमं पदम् ॥ २०६ ॥**

**આ પ્રમાણે તત્ત્વોપદેશના સમૂહથી સ્વચ્છ થયેલા મન, રાગાદિ દ્વન્દ્વથી રહિત, ઔચિત્યના સેવી, સર્વને આનંદદાતા, પોતાના રૂપમાં સ્થિત એવો યોગી યોગ-રસાયનનું પાન કરીને સર્વ ક્લેશોથી સર્વથા મુક્ત એવા મોક્ષને પામે છે.**

**નોંધ :** ગ્રન્થકારશ્રીએ આ શ્લોકોમાં ઉપસંહાર કરતાં મોક્ષનું સ્મરણ કરીને અંતિમ મંગલ કર્યું છે. તેઓશ્રીએ પોતાનો નામનિર્દેશ ક્યાંય કર્યો નથી.

ગ્રન્થકારશ્રીને.... કોટિ કોટિ વાર વન્દન.

**દાનવીરો ! બીજા તપોવનમાં આપનું મોટું ઔદાર્ય દાખવો.**

**રૂ. એક લાખ (દર વર્ષે ૩૩ હજાર રૂ.) નું દાન આપીને તપોવનના પ્રવેશદ્વારની સામે ઊભા થનારા વિરાટ-મારબલ ઉપર જીવનદાતા તરીકે આપનું નામ લખાવો.**

**આપનું દાન કલમ ૮૦-G મુજબ કરમુક્ત રહેશે.**
**'જીવન જાગૃતિ ટ્રસ્ટ' એ નામથી આપનો ચેક કે ડ્રાફ્ટ નીચેના સરનામે મોકલો.**

જી.પ્ર. સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશાપોળ,
રિલીફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૫૩૫૫૮૨૩, ૫૩૫૬૦૩૩

## કમલ પ્રકાશન (અમદાવાદ) મુખ્યત્વે બે વિભાગમાં કામ કરી રહ્યું છે :
## ૧. પુસ્તક વિભાગ - ૨. માસિક વિભાગ

## પુસ્તક વિભાગ

આજ સુધીમાં પૂજ્ય પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીનાં કોડીબંધ પુસ્તકો અમે બહાર પાડી ચૂક્યા છીએ. કેટલાંક પુસ્તકોની તો ચારથી પાંચ આવૃત્તિઓ પણ અમે પ્રગટ કરી છે. ગુજરાતી ભાષામાં પ્રગટ થઈ ચૂકેલાં પુસ્તકોને હવે હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદિત કરીને પ્રગટ કરવાનું કાર્ય પણ ચાલી રહ્યું છે.

આ પુસ્તકો મુખ્યત્વે જૈનદર્શનને યાવત્ ગૌરવવંતી આર્યસંસ્કૃતિને જગતની સમક્ષ અર્વાચીન ભાષામાં રજૂ કરે છે.

અમારાં બધાંય કાર્યો સારી રીતે ચાલતાં જ રહે અને વેગ પકડતાં રહે એ માટે અમને ઘણા મોટા આર્થિક સહકારની આવશ્યકતા છે. દાનવીરો તરફથી અમને સુંદર સહકાર મળી રહે તે માટે અમે **કમલ પ્રકાશન ટ્રસ્ટને પબ્લિક ટ્રસ્ટ બનાવ્યું છે.** અમે એ માટે સુંદર યોજના પણ કરી છે, જે નીચે મુજબ છે :

| દાન | પદ | લાભ |
|---|---|---|
| રૂ. ૩૦૦૧ | **શ્રુતભક્ત :** | સંસ્થાનાં ભૂત-ભાવિ તમામ **પ્રાપ્ય પ્રકાશનો** ભેટ મળશે. |
| રૂ. ૨૦૦૧ | **શ્રુતાનુરાગી :** | સંસ્થાનાં ભૂત-ભાવિ તમામ **પ્રાપ્ય પ્રકાશનો** ભેટ મળશે. |

ઉપર્યુક્ત તમામ દાતાઓની નામાવલી સંસ્થા તરફથી પ્રગટ થનારાં (સિરીઝ સિવાયનાં) પુસ્તકોમાં માત્ર પ્રથમ આવૃત્તિમાં સંસ્થાના કુટુંબીજન તરીકે આવશે.

દાનવીરો ! **"કમલ પ્રકાશન ટ્રસ્ટ"** ના નામથી આપની રકમ આજે જ ચેક, ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી મોકલી અમને આપનો અમૂલ્ય સહકાર આપશો એવી આશા રાખીએ છીએ.

*** પુસ્તક વિભાગમાં જ્ઞાન ખાતાની રકમ લેવામાં આવે છે.**

# પુસ્તક વિભાગમાં અમારા કુટુંબીજનો

## : શ્રુત-સમુદ્ધારક :

(૧)શ્રી શાંતીદાસ ખેતસી ચેરીટિબલ ટ્રસ્ટ - મુંબઈ (૨) સ્વ કપૂરચંદ નરભેરામ સુતરીયા - મદ્રાસ (૩) શ્રી રામજી શામજી વીરાણી અને શ્રીમતી સમરત રામજી વીરાણી ટ્રસ્ટ, રાજકોટ (૪) શ્રી પ્રવીણકુમાર દલીચંદ - મુંબઈ (૫) શ્રી જે. આર. શાહ - મુંબઈ (૬) શ્રી જીવતલાલ પ્રતાપશી - અમદાવાદ (૭) હીરસૂરીશ્વરજી જગદગુરુ શ્વે. મૂ. પૂ. ત. જૈન સંઘ ટ્રસ્ટ - મુંબઈ (૮) શ્રી સંભવનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ વિજયવાડા ( આંધ્ર)

## : શ્રુતરક્ષક :

(૧) શ્રી વીશાશ્રીમાળી તપાગચ્છીય જ્ઞાનદિ ધાર્મિક ફંડ ખાતું - જામનગર (૨) પૂજ્ય સાધ્વીશ્રી કંચનશ્રીજી મ. સા. ના ઉપદેશથી નવસારીમાં શ્રાવિકાબેનોના ઉપાશ્રયના જ્ઞાનખાતામાંથી - નવસારી (૩) પોપટબેન ભૂરમલજી C/o નયનમલ ભૂરમલજી - મુંબઈ (૪) શ્રી દાદર આરાધના ભવન જૈન પૌષધશાળા ટ્રસ્ટ - મુંબઈ (૫) શ્રી રૂષભ સંભવ જૈન શ્વે. સંઘ - અહમદનગર (૬) પ. પૂ. નિર્જરાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી રાજ એપાર્ટમેન્ટમાં આરાધના કરનાર બહેનો તરફથી, C/o મહેન્દ્રકુમાર નાથાલાલ - અમદાવાદ.

## : શ્રુતભક્ત :

(૧) શ્રી ગુજરાતી જૈન શ્વેતામ્બર તપાગચ્છ સંઘ - કલકત્તા (૨) શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ - લીંબડી (૩) શ્રીમતી લીલમબેન મણિલાલ - મુંબઈ (૪) શ્રી ઝવેરી બ્રધર્સ - ચુડા (૫) શ્રી કાન્તીલાલ ચીમનલાલ કોલસાવાળા - અમદાવાદ (૬) રૂબી કોચ બિલ્ડર્સ પ્રા. લિ. મુંબઈ (૭) શ્રી સુદામડા શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ - સુદામડા (૮) શ્રી નયનમલ ભુરમલ જૈન - મુંબઈ (૯) શ્રી જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ સંઘ - ભૂજ (૧૦) શ્રી જમનાલાલ ખુશાલદાસ વોરા સહાયક નિધિ હ. લાલદાસ જમનાદાસ - મુંબઈ (૧૧) શ્રી પાર્શ્વનાથ ભગવાનની પેઢી - નવસારી, હ. મુનિશ્રી કીર્તિસેન વિજયજી મ. ની પ્રેરણાથી (૧૨) શ્રી શીતલનાથ

